# ગુજરાત પંચાયત અધિનિયમ - ૧૯૯૩

| અ. નં. | પ્રકરણ | વિગત |
|---|---|---|
| ૧ | પ્રકરણ-૧ | પ્રારંભિક |
| ૨ | પ્રકરણ-૨ | જુદા જુદા સ્વરોની પંચાયતોની સ્થાપના |
| ૩ | પ્રકરણ-૩ | પંચાયતોના સભ્યોની ચૂંટણી બાબત ચૂંટણી સંબંધમા તકરારો વગેરે |
| ૪ | પ્રકરણ-૪ | પંચાયતોના અધ્યક્ષસ્થાન લેનાર અધિકારીઓ અને પંચયતોના પ્રશ્નોને લગતી જોગવાઇઓ |
| ૫ | પ્રકરણ-૫ | પંચાયતોના કામકાજનું સંચાલન, તેની વહીવટી સત્તા અને ફરજો, તેનાં મિલકત અને ફંડ તથા હિસાબો વગેરે બાબત. |
| ૬ | પ્રકરણ-૬ | કોઇ અધિનિયમ હેઠળ કેટલાંક કાર્યો પંચાયતોને સોંપવા સંબંધી જોગવાઇ |
| ૭ | પ્રકરણ-૭ | વિકાસ યોજનાઓ અને અમુક યોજનાઓના અમલીકરણના સંબંધમાં પંચાયતોને સત્તા અને જવાબદારીઓની સોંપણી સબંધી જોગવાઇઓ. |
| ૮ | પ્રકરણ-૮ | ઢોર પુરવાના ડબ્બા |
| ૯ | પ્રકરણ-૯ | કરવેરા |
| ૧૦ | પ્રકરણ-૧૦ | કર, ફી, ઉપકર અને બીજા લેણાંની વસૂલાત |
| ૧૧ | પ્રકરણ-૧૧ | પંચાયતોને આર્થિક સહાય |
| ૧૨ | પ્રકરણ-૧૨ | નાણાં કમિશન |
| ૧૩ | પ્રકરણ-૧૩ | સેવાઓને લગતી જોગવાઇઓ |
| ૧૪ | પ્રકરણ-૧૪ | નિયંત્રણ |
| ૧૫ | પ્રકરણ-૧૫ | નગર પંચાયતોને ગામ પંચાયતમાં ફેરવવા માટે અને પંચાયતોના એકત્રીકરણ અને વિભાજન માટેની જોગવાઇઓ |
| ૧૬ | પ્રકરણ-૧૬ | પ્રકીર્ણ જોગવાઇઓ |

## પ્રકરણ-૧ લું

## પ્રારંભિક

૧ ટૂંકી સંજ્ઞા, વ્યાપ્તિ, આરંભ

૨ વ્યાખ્યા

# સન ૧૯૯૩નો ગુજરાત અધિનિયમ ક્રમાંક ૧૮[1*]

## [ ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ ]

[૨૬મી ઓગસ્ટ, ૧૯૯૩]

**ગુજરાત રાજ્યમાં પંચાયતને લગતો કાયદો એકત્રિત કરી સુધારવા બાબત અધિનિયમ.**

સંવિધાન (તોંતેરમાં સુધારા) અધિનિયમ, ૧૯૯૨થી પંચાયતને લગતો ભાગ-૯ સંવિધાનમાં દાખલ કરવામાં આવ્યો છે;

અને સદરહુ ભાગ-૯ને અનુરૂપ ગુજરાત રાજ્યમાં પંચાયતને લગતો કાયદો લાવવો ઈષ્ટ છે.

આથી ભારતના ગણરાજ્યના ચુંમાળીસમાં વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે :-

### પ્રકરણ ૧લું

### પ્રારંભિક

ટૂંકી સંજ્ઞા, વ્યાપ્તિ અને આરંભ.

૧. (૧) આ અધિનિયમ 'ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩' કહેવાશે.

(૨) તે સમગ્ર ગુજરાત રાજ્યને લાગુ પડે છે.

(૩) આ કલમ તરત જ અમલમાં આવશે; અને આ અધિનિયમની બાકીની સઘળી જોગવાઈઓ અથવા તે પૈકી કોઈ જોગવાઈ, રાજ્ય સરકાર રાજપત્રમાં જાહેરનામું પ્રસિધ્ધ કરીને નક્કી કરે તે જિલ્લામાં અને તે તારીખે તે વર્ગની પંચાયતોના સંબંધમાં અમલમાં આવશે; અને જુદા જુદા વર્ગની પંચાયતો, જુદા જુદા જિલ્લાઓ અને જુદી જુદી જોગવાઈઓના સંબંધમાં, જુદી જુદી તારીખો નક્કી કરી શકાશે.

વ્યાખ્યા.

૨. આ અધિનિયમમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય, તો -

(૧) ''મકાન''માં માનવ વસવાટ માટે વપરાતું અથવા બીજા ગમે તે હેતુ માટે વપરાતું કોઈ ઝુંપડું, છાપરી અથવા બીજા વાડાનો સમાવેશ થાય છે અને તેમાં ભીંત, વરંડા, જડિત ચોતરા, ઊભણી, ઊંબરા, અને તેવા બીજાનો પણ સમાવેશ થાય છે;

(૨) ''ઢોર'' એટલે બળદ, આખલો, વાછરડી, ગાય અને તેના બચ્ચાં, હાથી-હાથણી, ઉંટ-ઉંટડી, ભેંસ, ઘોડા, ઘોડી, ખસી ઘોડો, ટટ્ટુ, વછેરા, વછેરી, ખચ્ચર, ગધેડા, ડુક્કર, ઘેંટા, મેંઢી, મેંઢા, ઘેંટાના બચ્ચાં, બકરાં, બકરીઓ અને બકરીના બચ્ચાં, અને તેમાં તે બધાનો સમાવેશ થાય છે;

સન ૧૯૪૯નો મુંબઈનો ૫૯મો.

(૩) ''શહેર'' એટલે મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯માં વ્યાખ્યા કર્યા પ્રમાણેનું શહેર;

(૪) ''યોગ્ય સત્તાધિકારી'' એટલે રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામું પ્રસિધ્ધ કરીને, સદરહુ જાહેરનામામાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવી આ અધિનિયમની જોગવાઈઓ મુજબ અને તેવી પંચાયતોના સંબંધમાં, યોગ્ય સત્તાધિકારીનાં કાર્યો બજાવવાને નીમે તે સરકારી અધિકારી, પંચાયત અથવા સત્તાધિકારી;

**સ્પષ્ટીકરણ.**- આ ખંડના હેતુઓ માટે, સરકારી અધિકારીમાં, કલમો ૧૩૬, ૧૬૧ અથવા ૨૩૨ હેઠળ પંચાયતમાં નિમાયેલા સરકારી અધિકારીનો સમાવેશ થાય છે;

(૫) ''જિલ્લો'' એટલે જેના ઉપર કલમ ૬ હેઠળ જિલ્લા પંચાયતનો અધિકાર ન હોય તેવા વિસ્તાર સિવાય, જમીન મહેસૂલ અધિનિયમ હેઠળ વખતોવખત રચવામાં આવેલો જિલ્લો;

(૬) ''જિલ્લા વિકાસ અધિકારી'' એટલે આ અધિનિયમના હેતુઓ માટે રાજ્ય સરકાર જિલ્લા વિકાસ અધિકારી તરીકે નીમે તે અધિકારી;

---

૧. ઉદ્દેશો અને કારણો માટે જુઓ (અંગ્રેજીમાં) સન ૧૯૯૩નું છઠ્ઠી ઓગસ્ટનું ગુજરાત રાજપત્ર, અસાધારણ ભાગ ૪ પાન.

* આ અધિનિયમને રાજ્યપાલ દ્વારા સન ૧૯૯૩ના ઓગષ્ટ મહિનાની ૨૬મી તારીખના રોજ અનુમતિ આપવામાં આવી હતી.

(૭) ''જિલ્લા પંચાયત'' એટલે આ અધિનિયમ હેઠળ રચવામાં આવેલી જિલ્લા પંચાયત;

(૮) ''કારખાનું'' એટલે કારખાના અધિનિયમ, ૧૯૪૮માં વ્યાખ્યા કર્યા પ્રમાણેનું કારખાનું; સન ૧૯૪૮નો ૬૩મો.

(૯) ''નાણા કમિશન'' એટલે, સંવિધાનની કલમ ૨૪૩-ટના ખંડ (૧) હેઠળ રચાયેલ નાણા કમિશન;

(૧૦) ''સામાન્ય ચૂંટણી'' એટલે પંચાયતની રચના અથવા પંચાયતની મુદ્દત પૂરી થયા પછી, તેની પુનર્રચના કરવા અથવા અન્યથા આ અધિનિયમ હેઠળ કરેલી ચૂંટણી;

(૧૧) ''જમીન''માં જે જમીન ઉપર બાંધકામ કરવામાં આવ્યું હોય અથવા પાણીથી ઘેરાયેલી હોય તેવી જમીનનો સમાવેશ થાય છે;

(૧૨) ''જમીન મહેસુલ અધિનિયમ'' એટલે ગુજરાત રાજ્યમાં અમલમાં હોય તેવો મુંબઇ જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯; સન ૧૮૭૯નો મુંબઈનો ૫મો.

(૧૩) [1][ * * * * * * *]

(૧૪) ''પંચાયત'' એટલે ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત અથવા જિલ્લા પંચાયત;

(૧૫) ''પંચાયતના કાર્યોના યાદી'' એટલે અનુસૂચિઓ ૧, ૨ અને ૩માં જણાવેલી બાબતોની યાદી;

(૧૬) ''ઠરાવેલું'' એટલે નિયમો દ્વારા ઠરાવેલું;

(૧૭) ''જાહેર રસ્તો'' એટલે --

(ક) જેના ઉપર લોકોને આવવા જવાનો હક હોય, અથવા

(ખ) પંચાયત ફંડ અથવા બીજા જાહેરફંડમાંથી જેને સપાટ કર્યો હોય, જેના ઉપર ફરસબંધી કરી હોય, કાંકરી પૂરી હોય, જેમાંથી પાણીના નિકાલની ગોઠવણ કરી હોય, ગટર કરી હોય અથવા જેની મરામત કરી હોય, અથવા

(ગ) જેને પંચાયતે આ અધિનિયમની જોગવાઇઓ હેઠળ જાહેર રસ્તા તરીકે જાહેર કર્યો હોય અથવા જે આ આધિનિયમની જોગવાઇઓ હેઠળ જાહેર રસ્તો બને,

તેવો કોઇ પણ રસ્તો;

(૧૮) ''મહેસૂલી જિલ્લો'' અથવા ''મહેસૂલી તાલુકો'' એટલે જમીન મહેસૂલ અધિનિયમ હેઠળ રચાયેલો કોઇ જિલ્લો અથવા યથા પ્રસંગ, કોઇ તાલુકો અથવા મહાલ;

(૧૯) ''નિયમો'' એટલે આ અધિનિયમ હેઠળ કરેલા અથવા કરેલા ગણાતા નિયમો;

(૨૦) ''અનુસૂચિત જાતિઓ'' એટલે ભારતના સંવિધાનની કલમ ૩૪૧ હેઠળ, ગુજરાત રાજ્યના સંબંધમાં અનુસૂચિત જાતિઓ તરીકે ગણાતી જ્ઞાતિ, જાતિ, કે આદિજાતિ અથવા તેવી જ્ઞાતિ, જાતિ, કે આદિજાતિના ભાગો અથવા તેની અંદરના જૂથો;

(૨૧) ''અનુસૂચિત આદિજાતિઓ'' એટલે ભારતના સંવિધાનની કલમ ૩૪૨ હેઠળ ગુજરાત રાજ્યના સંબંધમાં, અનુસૂચિત આદિજાતિઓ તરીકે ગણાતી આદિજાતિ કે આદિજાતિ કોમ અથવા આદિજાતિ અથવા આદિજાતિ કોમના ભાગો કે તેની અંદરના જૂથો;

(૨૨) ''સેક્રેટરી'' એટલે આ અધિનિયમ હેઠળ નિમાયેલો અથવા નિમાયેલો ગણાતો પંચાયતનો સેક્રેટરી;

(૨૩) ''રાજ્ય ચૂંટણી કમિશન'' એટલે સંવિધાનની કલમ ૨૪૩-ડના ખંડ (૧)માં ઉલ્લેખેલ રાજ્ય ચૂંટણી કમિશન;

---

૧. સન ૨૦૦૧ના ૧૨મા અધિનિયમની કલમ ૨થી કલમ ૨નો ખંડ (૧૩) કમી કરેલ છે.

(૨૪) ''શેરી'' એટલે જનતા માટે કાયમ અથવા કામચલાઉ ખુલ્લો કોઇ રસ્તો, પગવાટ, ચૌટું, ચોક, પગથી અથવા માર્ગ, પછી તે રાહદારી હોય કે ન હોય;

(૨૫) ''તાલુકો'' એટલે જેના ઉપર કલમ ૬ હેઠળ તાલુકા પંચાયતનો અધિકાર ન હોય તેવા વિસ્તાર સિવાયનો જમીન મહેસુલ અધિનિયમ હેઠળ વખતોવખત રચવામાં આવેલો તાલુકો;

(૨૬) ''તાલુકા વિકાસ અધિકારી'' એટલે આ અધિનિયમના હેતુઓ માટે રાજ્ય સરકાર, તાલુકા વિકાસ અધિકારી તરીકે નીમે તે અધિકારી;

(૨૭) ''તાલુકા પંચાયત'' એટલે આ અધિનિયમ હેઠળ રચાયેલી તાલુકા પંચાયત;

(૨૮) ''કર'' એટલે આ અધિનિયમ હેઠળ નાખી શકાય એવો કોઇ કર, ઉપકર, દર, અથવા બીજો વેરો, પરંતુ તેમાં ફીનો સમાવેશ થતો નથી;

(૨૯) ''વાહન''માં બાઇસિકલનો, ટ્રાઇસિકલનો, મોટરકારનો અને જાહેર રસ્તા ઉપર વાપરવામાં આવતાં અથવા વાપરી શકાય તેવાં પૈડાંવાળા દરેક વાહનોનો સમાવેશ થાય છે;

(૩૦) ''ગ્રામ પંચાયત'' એટલે આ અધિનિયમ હેઠળ રચાયેલ ગામ પંચાયત;

(૩૧) ''વોર્ડ'' એટલે, કલમ ૧૬ હેઠળ જે વિસ્તારમાં ગામનું વિભાજન કરવામાં આવ્યું હોય તે વિસ્તાર;

(૩૨) પંચાયતની મુદતના સંબંધમાં હોય તે સિવાય, ''વર્ષ'' એટલે રાજ્ય સરકારે, રાજપત્રમાં જાહેરનામું પ્રસિધ્ધ કરીને, બીજી તારીખ નિર્દિષ્ટ કરી હોય તે સિવાય, એપ્રિલ મહિનાની ૧લી તારીખે શરૂ થતું વર્ષ;

(૩૩) ''ગ્રામ સભા'', ''પંચાયત વિસ્તાર'', ''વસતી'' અને ''ગામ'' એ શબ્દોનો અર્થ, સંવિધાનના ભાગ-૯માં અનુક્રમે તેમનો જે અર્થ આપ્યો છે તે જ થશે.

# પ્રકરણ-૨ જું

## જુદા જુદા સ્તરોની પંચાયતોની સ્થાપના

### (ક) પંચાયતોની સ્થાપના અને તેમની હકૂમતનો વિસ્તાર

૩ જુદા જુદા સ્તરોની પંચાયતોની સ્થાપના

૪ ગ્રામસભા

૫ જુદા જુદા વર્ગોની પંચાયતોનું સંસ્થાપન

૬ પંચાયતોની પોતાની વચ્ચે તાબેદારી અને તેમના સત્તા, કાર્યો અને ફરજો.

૭ ગ્રામના વર્ગીકરણની ભલામણ

૮ પંચાયત સંગઠન અને રાજય સરકારે પંચાયતો ઉપર નિયંત્રણ રાખવા બાબત.

### (ખ) પંચાયતોની રચના અને તેમની મુદ્દત

૯ ગ્રામ પંચાયતોની રચના

૧૦ તાલુકા પંચાયનોની રચના

૧૧ જિલ્લા પંચાયતોની રચના

૧૨ જિલ્લા અથવા તાલુકા પંચાયતના મુખ્ય મથકો

૧૩ પંચાયતોની મુદ્દત અને તેની પુનર્રચના કરવા બાબત .

## પ્રકરણ ૨ જું

## જુદા જુદા સ્તરોની પંચાયતોની સ્થાપના

### (ક) પંચાયતોની સ્થાપના અને તેમની હકૂમતનો વિસ્તાર.

૩. આ અધિનિયમના હેતુઓ સારૂ, દરેક જિલ્લામાં - *જુદા જુદા સ્તરોની પંચાયતોની સ્થાપના.*

(૧) દરેક ગામ માટે ગામ પંચાયત.

(૨) દરેક તાલુકા માટે તાલુકા પંચાયત અને

(૩) દરેક જિલ્લા માટે જિલ્લા પંચાયત,

રહેશે.

૪. આ અધિનિયમથી અથવા તે હેઠળ ઠરાવવામાં આવ્યા હોય તેવાં કાર્યો બજાવવા સારૂ ગ્રામ માટે ગ્રામ સભા રહેશે. *ગ્રામ સભા.*

૫. (૧) ગ્રામ પંચાયત "... ... ... ... ની ગ્રામ પંચાયત" એ નામનું સંસ્થાપિત મંડળ રહેશે. *જુદા જુદા વર્ગોની પંચાયતોનું સંસ્થાપન.*

(૨) તાલુકા પંચાયત "... ... ... ... ની તાલુકા પંચાયત" એ નામનું સંસ્થાપિત મંડળ રહેશે.

(૩) જિલ્લા પંચાયત "... ... ... ... ની જિલ્લા પંચાયત" એ નામનું સંસ્થાપિત મંડળ રહેશે.

(૪) પેટા-કલમ (૧), (૨) અથવા (૩)માં જણાવેલી દરેક પંચાયતને, શાશ્વત ઉત્તરાધિકાર રહેશે અને તેનું સામાન્ય સીલ રહેશે અને તેના સંસ્થાપિત નામથી તે દાવો માંડી શકશે અને

તેના ઉપર દાવો માંડી શકાશે, અને આ અધિનિયમની જોગવાઇઓને અધીન રહીને, તે જંગમ અને સ્થાવર, એ બંને પ્રકારની મિલકત, પછી તે જે વિસ્તાર ઉપર તેને અધિકાર હોય તે વિસ્તારની હદની અંદર કે બહાર આવેલી હોય તો પણ, તે સંપાદન કરી ધરાવી શકશે, તેને પ્રાપ્ત થઈ હોય અથવા તેણે સંપાદન કરેલી હોય અથવા તેણે બાંધેલી હોય તેવી કોઇ જંગમ અથવા સ્થાવર મિલકત પટે આપી શકશે, વેચી શકશે અથવા બીજી રીતે સ્વત્વાર્પિત કરી શકશે, નિયમો દ્વારા ઠરાવેલી રીતે અને જામીનગીરી સહિત મર્યાદા અને બીજી જરૂરિયાતોને અધીન રહીને, તેના ફંડના તારણ પર લોનો ઉભી કરી શકશે અને આ અધિનિયમના હેતુઓ માટે જરૂરી કરાર તથા બીજું બધું કરી શકશે.

**સ્પષ્ટીકરણ :-** કોઇપણ પંચાયત, યોગ્ય સત્તાધિકારીની પૂર્વમંજૂરીથી, વળતર આવે તેવી અસ્કયામતો ઉભી કરે ત્યારે,એવી અસ્કયામતો ઉભી કરવાનું, આ અધિનિયમના હેતુઓ સારૂ કરેલું હોવાનું ગણાશે.

**પંચાયતોની પોતાની વચ્ચે તાબેદારી અને તેમનાં સત્તા, કાર્યો અને ફરજો.**

૬. (૧) ગ્રામ પંચાયતને, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતના અધિકારીને અધીન રહીને, જે વિસ્તાર માટે તે રચવામાં આવે તે વિસ્તાર પર આ અધિનિયમના હેતુઓ સારૂ અધિકાર રહેશે.

(૨) જિલ્લા પંચાયતને અને જિલ્લા પંચાયતના અધિકારને અધીન રહીને, તાલુકા પંચાયતને, જે વિસ્તાર માટે તે પંચાયત રચવામાં આવે તે વિસ્તારનો જેટલો ભાગ, જે તે સમયે અમલમાં હોય તેવા કોઇ કાયદા મુજબ રચાયેલા શહેર, મ્યુનિસિપલ બરો, નાનો શહેરી વિસ્તાર, જાહેર કરેલો વિસ્તાર અથવા કેન્ટોનમેન્ટની હદની અંદર જે તે સમયે આવેલો હોય તેટલા ભાગ સિવાયના સદરહુ વિસ્તાર પર આ અધિનિયમના હેતુઓ સારૂ અધિકાર રહેશે :

પરંતુ જિલ્લા પંચાયતને અથવા યથાપ્રસંગ, તાલુકા પંચાયતને, પણ જે વિસ્તાર માટે તે રચવામાં આવી હોય તે વિસ્તારની બહારના, જે વિસ્તારને રાજ્ય સરકાર રાજપત્રમાં જાહેરનામું પ્રસિધ્ધ કરીને, નિર્દિષ્ટ કરે તે વિસ્તાર ઉપર તેવા હેતુઓ સારૂ અધિકાર રહેશે.

(૩) રાજ્ય સરકારના અને યોગ્ય સત્તાધિકારીના નિયંત્રણને અધીન રહીને—

(ક) ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતના તાબા નીચે રહેશે, અને

(ખ) તાલુકા પંચાયત, જિલ્લા પંચાયતના તાબા નીચે રહેશે.

(૪) રાજ્ય સરકાર અને યોગ્ય સત્તાધિકારીના નિયંત્રણને અધીન રહીને, જિલ્લા પંચાયતે, તાલુકા પંચાયતે, અને ગ્રામ પંચાયતે, આ અધિનિયમ અથવા જે તે સમયે અમલમાં હોય તેવા બીજા કોઈ કાયદાની રૂએ અથવા તે હેઠળ ઠરાવવામાં આવી હોય તેવી સત્તા વાપરવી, તેવા કાર્યો અને ફરજો બજાવવા અને તેમને એવી જવાબદારી અને અધિકાર રહેશે.

**ગ્રામના વર્ગીકરણની ભલામણ.**

૭. (૧) ઠરાવવામાં આવે તેવી તપાસ કર્યા પછી, યોગ્ય સત્તાધિકારી, મહેસૂલી ગામના અથવા મહેસૂલી ગામોના સમૂહના બનેલાં અથવા મહેસૂલી ગામનો ભાગ બનતા મુવાડાના બનેલાં સ્થાનિક વિસ્તારની વસ્તી, પંદર હજાર કરતાં વધારે ન હોય તો, સંવિધાનની કલમ ૨૪૩ના ખંડ (જી) હેઠળ, ગામ નિર્દિષ્ટ કરવા માટે આવા સ્થાનિક વિસ્તારની ભલામણ કરી શકશે.

(૨) યોગ્ય સત્તાધિકારી, સંબંધિત તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત અથવા ગ્રામ પંચાયત (જો તે અગાઉ રચાયેલ હોય તો તેની) સાથે વિચાર વિનિમય કર્યા પછી, કોઈપણ સમયે, સંવિધાનની કલમ ૨૪૩ના ખંડ (જી) હેઠળ પોતાની સત્તા વાપરવા માટે રાજ્યપાલને કોઈપણ સ્થાનિક વિસ્તારનો કોઈપણ ગામમાં સમાવેશ કરવાની અથવા તેવા વિસ્તારને બાકાત રાખવાની અથવા અન્યથા કોઈપણ ગામની હદોમાં ફેરફાર કરવાની ભલામણ કરી શકશે અથવા કોઈપણ સ્થાનિક વિસ્તાર ગામ તરીકે બંધ કરવાની ભલામણ કરી શકશે.

૮. (૧) ગુજરાત રાજ્યનું પંચાયત સંગઠન, ગામ પંચાયતો, તાલુકા પંચાયતો, જિલ્લા પંચાયતો અને ગ્રામસભાઓનું બનશે.

પંચાયત, સંગઠન અને રાજ્ય સરકારે પંચાયતો ઉપર નિયંત્રણ રાખવા બાબત.

(૨) રાજ્ય સરકાર, પ્રત્યક્ષ રીતે અથવા તે હેતુ સારૂ, પોતે, સામાન્ય અથવા ખાસ હુકમ દ્વારા નીમે તે અધિકારી અથવા અધિકારીઓ મારફત પંચાયતો ઉપર પોતાનું નિયંત્રણ રાખશે.

## (ખ) પંચાયતોની રચના અને તેમની મુદત

૯. (૧) ગ્રામ પંચાયત, પેટા-કલમ (૪)માં જોગવાઈ કર્યા પ્રમાણેના સભ્યોની બનશે.

ગ્રામ પંચાયતોની રચના.

(૨) ગ્રામ પંચાયતના સભ્યો, ગામના લાયકાત ધરાવતા મતદારોમાંથી ચૂંટવામાં આવશે.

(૩) (ક) ગ્રામ પંચાયતને સરપંચ અને ઉપ-સરપંચ રહેશે.

(ખ) સરપંચ, ગામના લાયકાત ધરાવતા મતદારો દ્વારા પોતાનામાંથી ગુપ્ત મતદાનથી ચૂંટવામાં આવશે.

(ગ) ઉપ-સરપંચ, ગ્રામ પંચાયતના સભ્યો પોતાનામાંથી ચૂંટશે.

(૪) ત્રણ હજાર કરતાં વધુ ન હોય તેટલી વસતીવાળા ગામની ગ્રામ પંચાયત, સાત સભ્યોની બનશે, અને ગામ પંચાયતની બાબતમાં, ગામની વસતી ત્રણ હજાર કરતાં વધુ હોય ત્યારે, ત્રણ હજાર કરતાં વધુ દરેક એક હજાર અથવા તેના ભાગ માટે, સદરહુ સાતની સંખ્યામાં બેનો વધારો કરવો જોઈશે :

(૫) (ક) (૧) રાજ્ય સરકારે રાજ્યમાંની દરેક ગ્રામ પંચાયતમાં અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓ માટે બેઠકો અનામત રાખવી જોઈશે અને એવી રીતે અનામત રાખેલી બેઠકોની સંખ્યાનું, તે પંચાયતમાંની બેઠકોની કુલ સંખ્યા જોડેનું પ્રમાણ, શક્ય હોય ત્યાં સુધી, તે ગામમાં અનુસૂચિત જાતિઓ અથવા યથાપ્રસંગ, તે ગામમાં અનુસૂચિત આદિજાતિની વસતીનું પ્રમાણ, તે ગામની કુલ વસતી જોડે જેટલું હોય તેટલું રહેશે, અને આવી બેઠકો તે ગામના જુદા જુદા વોર્ડોમાં ઠરાવેલી રીતે વારાફરતી રાજ્ય ચૂંટણી કમિશને ફાળવવી જોઈશે.

(૨) રાજ્ય સરકારના અભિપ્રાય મુજબ, ગામમાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોની વસતી હોય ત્યારે, રાજ્ય સરકારે, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગો માટે, ગ્રામ પંચાયતમાંની બેઠકોની કુલ સંખ્યાના એક દશાંશ બેઠકો, અનામત રાખવી જોઈશે અને આવી બેઠકો તે ગામમાંના, જુદા જુદા વોર્ડોને ઠરાવેલી રીતે વારાફરતી રાજ્ય ચૂંટણી કમિશન દ્વારા ફાળવવી જોઈશે.

(ખ) ખંડ (ક) હેઠળ અનામત રાખેલ બેઠકોની કુલ સંખ્યાના એક તૃતીયાંશ બેઠકો, રાજ્ય સરકારે, અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અથવા યથાપ્રસંગ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની સ્ત્રીઓ માટે અનામત રાખવી જોઈશે.

(ગ) ગ્રામ પંચાયતમાંની બેઠકોની કુલ સંખ્યાના એક તૃતીયાંશ બેઠકો (અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિ અને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની સ્ત્રીઓ માટે અનામત રાખેલી બેઠકોની સંખ્યા સહિત) રાજ્ય સરકારે સ્ત્રીઓ માટે અનામત રાખવી જોઈશે અને આવી બેઠકો ગામમાંના જુદા જુદા વોર્ડોને ઠરાવેલી રીતે વારાફરતી રાજ્ય ચૂંટણી કમિશને ફાળવવી જોઈશે.

૧૦. (૧) તાલુકા પંચાયત પેટા-કલમ (૪)માં જોગવાઈ કર્યા પ્રમાણે ચૂંટાયેલા સભ્યોની બનશે.

તાલુકા પંચાયતોની રચના.

(૨) તાલુકા પંચાયતના ચૂંટાયેલા સભ્યો, તાલુકાના લાયકાત ધરાવતા મતદારોમાંથી ચૂંટવા જોઈશે.

(૩) તાલુકા પંચાયતને તેના ચૂંટાયેલા સભ્યોએ તેમના પોતાનામાંથી ચૂંટેલ પ્રમુખ અને ઉપપ્રમુખ રહેશે.

(૪) એક લાખ કરતા વધુ ન હોય તેટલી વસતીવાળા તાલુકાની તાલુકા પંચાયત, પંદર સભ્યોનું બનશે અને તાલુકા પંચાયતની બાબતમાં, તાલુકાની વસતી એક લાખ કરતાં વધુ હોય ત્યારે એક લાખ કરતાં વધુ હોય તેવા દરેક પચ્ચીસ હજાર અથવા તેના ભાગ માટે સદરહુ પંદરની સંખ્યામાં બેનો વધારો કરવો જોઈશે.

(૫)(ક)(૧) રાજ્ય સરકારે, રાજ્યમાંની દરેક તાલુકા પંચાયતમાં અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓ માટે બેઠકો અનામત રાખવી જોઈશે અને એવી રીતે અનામત રાખેલી બેઠકોની સંખ્યાનું, તે પંચાયતમાં સીધી ચૂંટણીથી ભરવાની બેઠકોની કુલ સંખ્યા જોડેનું પ્રમાણ, શક્ય હોય ત્યાં સુધી તાલુકામાં અનુસૂચિત જાતિઓની અથવા યથાપ્રસંગ, તાલુકામાં અનુસૂચિત આદિજાતિની વસતીનું પ્રમાણ તે તાલુકાની કુલ વસતી જોડે જેટલું હોય, તેટલું રહેશે અને આવી બેઠકો તે તાલુકામાંની જુદા જુદા પ્રાદેશિક મતદાર મંડળોમાં ઠરાવેલી રીતે વારાફરતી રાજ્ય ચૂંટણી કમિશને ફાળવવી જોઈશે.

(૨) રાજ્ય સરકારે, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો માટે તાલુકા પંચાયતની બેઠકોની કુલ સંખ્યાના એક દશાંશ બેઠકો, અનામત રાખવી જોઈશે અને આવી બેઠકો તે તાલુકામાંના જુદા જુદા પ્રાદેશિક મતદાર મંડળોને ઠરાવેલી રીતે રાજ્ય ચૂંટણી કમિશને વારાફરતી ફાળવવી જોઈશે.

(ખ) ખંડ (ક) હેઠળ અનામત રાખેલ બેઠકોની કુલ સંખ્યાના એક તૃતીયાંશ બેઠકો, રાજ્ય સરકારે, અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અથવા યથા પ્રસંગ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની સ્ત્રીઓ માટે અનામત રાખવી જોઈશે.

(ગ) તાલુકા પંચાયતમાં સીધી ચૂંટણીથી ભરવાની બેઠકોની કુલ સંખ્યાની એક તૃતીયાંશ બેઠકો (અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિ અને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની સ્ત્રીઓ માટે અનામત રાખેલી બેઠકોની સંખ્યા સહિત) રાજ્ય સરકારે, સ્ત્રીઓ માટે અનામત રાખવી જોઈશે અને આવી બેઠકો તાલુકામાંના જુદા જુદા પ્રાદેશિક મતદાર મંડળોને ઠરાવેલી રીતે વારાફરતી રાજ્ય ચૂંટણી કમિશને ફાળવવી જોઈશે.

(૬) તાલુકા અથવા તેના ભાગમાંના કોઈપણ મતદાર મંડળમાંથી ચૂંટાયેલા ગુજરાત વિધાનસભાના સભ્યો આવી તાલુકા પંચાયતમાં કાયમી નિમંત્રિતો ગણાશે. પણ આવા નિમંત્રિતોને તાલુકા પંચાયતની બેઠકોમાં મત આપવાનો હક રહેશે નહિઃ

પરંતુ વ્યકિત, ગુજરાત વિધાનસભાનો સભ્ય હોતો બંધ થાય ત્યારે, તે તાલુકા પંચાયતનો કાયમી નિમંત્રિત હોતો બંધ થશે.

**સ્પષ્ટીકરણ :–** શંકાના નિવારણ માટે, આથી સ્પષ્ટ કરવામાં આવે છે કે, કાયમી નિમંત્રિતના દરજ્જાનો અર્થ ભારતના સંવિધાનની કલમ ૨૪૩-ગના ખંડો (૩) અને (૪)માં ઉલ્લેખેલ તાલુકા પંચાયતનો સભ્ય છે એમ કરવો નહિ.

જિલ્લા પંચાયતોની રચના.

**૧૧.** (૧) જિલ્લા પંચાયત, પેટા-કલમ (૪)માં જોગવાઈ કર્યા પ્રમાણે, ચૂંટાયેલા સભ્યોની બનશે.

(૨) જિલ્લા પંચાયતના ચૂંટાયેલા સભ્યો, જિલ્લાના લાયકાત ધરાવતા મતદારોમાંથી ચૂંટાયેલા હોવા જોઈશે.

(૩) જિલ્લા પંચાયતને, તેના ચૂંટાયેલા સભ્યોએ તેમના પોતાનામાંથી ચૂંટેલ પ્રમુખ અને ઉપપ્રમુખ રહેશે.

(૪) ચાર લાખ કરતા વધુ ન હોય તેવી વસતી ધરાવતા જિલ્લાની જિલ્લા પંચાયત, સત્તર સભ્યોની બનશે અને જિલ્લા પંચાયતની બાબતમાં, જિલ્લાની વસતી ચાર લાખ કરતાં વધુ હોય ત્યારે, ચાર લાખ કરતાં વધુ દરેક એક લાખ અથવા તેના ભાગ માટે સદરહુ સત્તરની સંખ્યામાં બેનો વધારો કરવો જોઈશે.

(૫)(ક)(૧) રાજ્ય સરકારે, રાજ્યમાંની દરેક જિલ્લા પંચાયતમાં અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓ માટે બેઠકો અનામત રાખવી જોઈશે અને એવી રીતે અનામત રાખેલી બેઠકોની સંખ્યાનું, તે પંચાયતમાંની સીધી ચૂંટણીથી ભરવાની બેઠકોની કુલ સંખ્યા જોડેનું પ્રમાણ, શક્ય હોય ત્યાં સુધી જિલ્લામાં અનુસૂચિત જાતિઓની અથવા યથાપ્રસંગ, જિલ્લામાં અનુસૂચિત આદિજાતિની વસતીનું પ્રમાણ તે જિલ્લામાની કુલ વસતી જોડે જેટલું હોય, તેટલું રહેશે. અને આવી બેઠકો તે જિલ્લામાંના જુદા જુદા પ્રાદેશિક મતદાર મંડળોને ઠરાવેલી રીતે વારાફરતી રાજ્ય ચૂંટણી કમિશને ફાળવવી જોઈશે. (૨) જિલ્લા પંચાયતમાંની બેઠકોની કુલ સંખ્યાની એક દશાંશ બેઠકો, રાજ્ય સરકારે, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો માટે અનામત રાખવી જોઈશે અને આવી બેઠકો તે જિલ્લામાંના જુદા જુદા પ્રાદેશિક મતદાર મંડળોને ઠરાવેલી રીતે વારાફરતી રાજ્ય ચૂંટણી કમિશને ફાળવવી જોઈશે.

(ખ) ખંડ (ક) હેઠળ અનામત રાખેલ બેઠકોની કુલ સંખ્યાની એક તૃતીયાંશ બેઠકો, રાજ્ય સરકારે, અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અથવા યથાપ્રસંગ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની સ્ત્રીઓ માટે અનામત રાખવી જોઈશે.

(ગ) જિલ્લા પંચાયતમાં સીધી ચૂંટણીથી ભરવાની બેઠકોની કુલ સંખ્યાની એક તૃતીયાંશ બેઠકો (અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની સ્ત્રીઓ માટે અનામત રાખેલી બેઠકોની સંખ્યા સહિત) રાજ્ય સરકારે, સ્ત્રીઓ માટે અનામત રાખવી જોઈશે અને આવી બેઠકો, જિલ્લામાંના જુદા જુદા પ્રાદેશિક મતદાર મંડળોને ઠરાવેલી રીતે વારાફરતી રાજ્ય ચૂંટણી કમિશને ફાળવવી જોઈશે.

(૬) જિલ્લા અથવા તેના ભાગમાંના કોઈપણ મતદાર મંડળમાંથી ચૂંટાયેલા ગુજરાત વિધાનસભાના સભ્યો, જિલ્લા પંચાયતમાં કાયમી નિમંત્રિતો ગણાશે, પણ આવા નિમંત્રિતોનો જિલ્લા પંચાયતની બેઠકોમાં મત આપવાનો હક રહેશે નહિઃ

પરંતુ વ્યક્તિ, ગુજરાત વિધાનસભાની સભ્ય હોતી બંધ થાય ત્યારે, જિલ્લા પંચાયતની કાયમી નિમંત્રિત હોતી બંધ થશે.

**સ્પષ્ટીકરણ :–** શંકાના નિવારણ માટે, આથી સ્પષ્ટ કરવામાં આવે છે કે, કાયમી નિમંત્રિતના દરજ્જાનો અર્થ ભારતના સંવિધાનની કલમ ૨૪૩-ગના ખંડો (૩) અને (૪)માં ઉલ્લેખેલ જિલ્લા પંચાયતનો સભ્ય છે એમ કરવો નહિ.

**જિલ્લા અથવા તાલુકા પંચાયતોના મુખ્ય મથકો.**

**૧૨.** (૧) જિલ્લા અને તાલુકા પંચાયતના મુખ્ય મથક, રાજ્ય સરકાર, હુકમ કરીને, લેખિતમાં આદેશ કરે તેવા જિલ્લામાંના અથવા યથાપ્રસંગ, તાલુકામાંના સ્થળે રહેશે.

(૨) જિલ્લામાંના અથવા તાલુકાના મુખ્ય મથકો શહેર અથવા મ્યુનિસિપલ બરોમાં આવેલા હોય, તો આવા શહેર અથવા મ્યુનિસિપલ બરોની હદમાંના વિસ્તાર યથાપ્રસંગ, જિલ્લા અથવા મ્યુનિસિપલ બરોમાં સમાવિષ્ટ કરવામાં આવ્યો ન હોય તે છતાં, યથાપ્રસંગ જિલ્લાની જિલ્લા પંચાયત અથવા તાલુકાની તાલુકા પંચાયત, યથાપ્રસંગ, એવા શહેર અથવા મ્યુનિસિપલ બરોમાં મિલકત ધરાવતી હોય તો તે કાયદેસર ગણાશે.

**પંચાયતોની મુદત અને તેની પુનર્રચના કરવા બાબત.**

**૧૩.** (૧) દરેક પંચાયત, આ અધિનિયમ હેઠળ તેનું વહેલું વિસર્જન કરવામાં આવ્યું હોય તે સિવાય, તેની પહેલી બેઠક માટે નક્કી કરેલી તારીખથી પાંચ વર્ષ સુધી ચાલુ રહેશે અને તેથી વધુ નહિ.

(૨) પંચાયતની રચના કરવા માટેની ચૂંટણી–

(ક) પેટા-કલમ (૧)માં નિર્દિષ્ટ કરેલ તેની મુદત પૂરી થાય તે પહેલાં,

(ખ) તેના વિસર્જનની તારીખથી છ મહિનાની મુદત પૂરી થાય તે પહેલાં,

પૂરી કરવી જોઈશે:

પરંતુ વિસર્જિત પંચાયત જે મુદત માટે ચાલુ રહી હોત તેવી બાકીની મુદત છ મહિના કરતા ઓછી હોય ત્યારે, આવી મુદત માટે પંચાયત રચવા માટે આ પેટા-કલમ હેઠળ કોઈ ચૂંટણી કરવાનું જરૂરી ગણાશે નહિ.

(૩) પંચાયતની મુદત પૂરી થાય તે પહેલાં તેનું વિસર્જન થયે રચાયેલ પંચાયત, જે મુદત માટે વિસર્જિત પંચાયતનું એવી રીતે વિસર્જન કરવામાં આવ્યું ન હોત, તો પેટા-કલમ (૧) હેઠળ ચાલુ રહેત તેટલી બાકીની મુદત માટે જ ચાલુ રહેશે.

## પ્રકરણ-૩ જું

### પંચાયતોના સભ્યોની ચૂંટણી બાબત, ચૂંટણી સંબંધમાં તકરારો વગેરે


૧૪ વ્યાખ્યા

૧૫ ચૂંટણી

ચૂંટણીને લગતી જોગવાઇઓ

૧૬ મતદાર વિભાગો

૧૭ દરેક મતદાન વિભાગ માટે મતદારોની યાદી

૧૮ મતદારોની યાદી તૈયાર કરવા બાબત.

૧૯ મતદારો તરીકે નોંધાવા માટે લાયક વ્યકિતઓ.

૨૦ મતદારોની યાદી.

૨૧ કોઇ વ્યકિતનું નામ એકથી વધુ મતદાર વિભાગ માટેની મતદારયાદીમાં દાખલ નહીં કરવા બાબત.

૨૨ કોઇ વ્યકિતનું નામ એકથી વધુવાર મતદાર યાદીમાં દાખલ નહિ કરવા બાબત.

૨૩ મતદારોની યાદી અમલમાં રહેવાની મુદ્દત

૨૪ પંચાયતનો સ્ટાફ પૂરો પાડવા બાબત.

૨૫ દીવાની કોર્ટોની હકૂમત ઉપર પ્રતિબંધ

૨૬ ખોટા એકરારો કરવા બાબત.

૨૭ મતદારોની યાદી તૈયાર કરવા, વગેરે સંબંધી હોદ્દાકીય ફરજોનો ભંગ

૨૮ મત આપવાની અને ચૂંટવાની લાયકાત ધકારવતી વ્યકિતઓ.

૨૯ એકી સાથે અથવા બે જગ્યાના સભ્યપદ ઉપર નિયંત્રણ.

૩૦ ગેરલાયકાતો

૩૧ ચૂંટણીના કાયદેસરપણાનો નિર્ણય, જજ દ્વારા તપાસ અને કાર્યરીતિ.

૩૨ સભ્યો તરીકે ચાલુ રહેવા માટે અસમર્થતા.

૩૩ ચૂંટણી ગેરકાયદેસર હોય, તો નવી ચૂંટણી કરવા બાબત.

૩૪ ચૂંટણી માટે પંચાયત સ્ટાફની સેવા મેળવવાની રાજય ચૂંટણી કમિશનની સત્તા.

## ચૂંટણી સંબંધીત ગુના

૩૫ મતદાન મથકમાં અથવા તેની નજીકમાં પ્રચાર કરવા ઉપર પ્રતિ બંધ.

૩૬ મતદાન મથકમાં આથવા તેની નજીકમાં શિસ્તહીન વર્તન બદલ શિક્ષા.

૩૭ મતદાન મથકે ગેરવર્તણૂક બદલ શિક્ષા

૩૮ મતદાનની ગુપ્તતા જાળવવા બાબત.

૩૯ અધિકારીઓ વગેરેએ, ચૂંટણી વખતે ઉમેદવારો માટે કામ કરવું નહિ અથવા મતદાન ઉપર અસર થાય એવું કશું કરવું નહિ.

૪૦ ચૂંટણી સંબંધિત અધિકારીની રૂએની ફરજોનો ભંગ.

૪૧ મતદાન મથકેથી મતપત્રો લઇ જવાં તે ગુનો ગણાશે.

૪૨ બીજા ગુનાઓ અને તે બદલની શિક્ષા.

૪૩ અમુક ગુનાઓમાં ફરિયાદ.

ચૂંટણીના હેતુઓ સારૂ જગાઓ, વાહનો વગેરેનું હંગામી સંપાદન.

૪૪ ચૂંટણીના હેતુઓ સારૂ જગાઓ, વાહનો વગેરેનું હંગામી સંપાદન.

૪૫ વળતર આપવા બાબત.

૪૬ માહિતી મેળવવાની સત્તા.

૪૭ જગા વગેરેમાં દાખલ થવાની તથા તેનું નિરીક્ષણ કરવાની સત્તા.

૪૮ હંગામી સંપાદન કરેલ જગા ખાલી કરાવવા બાબત.

૪૯ હંગામી સંપાદનમાંથી જગા છૂટી કરવા બાબત.

૫૦ હંગામી સંપાદનને લગતા કોઇ હુકમનું ઉલ્લંઘન કરવા બદલ શિક્ષા.

## પ્રકરણ ૩જું

## પંચાયતોના સભ્યોની ચૂંટણી બાબત ચૂંટણી સંબંધમાં તકરારો વગેરે

**૧૪.** આ પ્રકરણમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય, તો– વ્યાખ્યા.

(ક) ''વિધાનસભા'' એટલે ગુજરાત વિધાનસભા.

સન ૧૯૫૦નો ૪૩મો. (ખ) ''કેન્દ્રિય અધિનિયમ'' એટલે લોક પ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૦.

(ગ) ''લાયક ઠરાવતી તારીખ'' એટલે જે વર્ષમાં, પંચાયતની રચના અથવા પુનર્રચના કરવા માટે સભ્યોની સામાન્ય ચૂંટણીના હેતુ માટે મતદારોની યાદી, યથાપ્રસંગ, કલમ ૧૮ હેઠળ તૈયાર કરવામાં આવી હોય અથવા કલમ ૨૩ના પરંતુક હેઠળ સુધારવામાં આવી હોય તે વર્ષના જાન્યુઆરી મહિનાની ૧લી તારીખ.

**૧૫.** (૧) પંચાયતના સભ્યોની ચૂંટણી, રાજ્ય ચૂંટણી કમિશન તે અર્થે નક્કી કરે તેવી તારીખે કરવામાં આવશે: ચૂંટણી.

પરંતું :

૧. પંચાયતની પાંચ વર્ષની મુદત પૂરી થયાને કારણે આવી પંચાયતની પુનર્રચના કરવામાં આવે તો, આવી તારીખ, સદરહુ મુદત પૂરી થાય તે પહેલાં, બે મહિના કરતાં વહેલી હોવી જોઈએ નહિ અથવા પંદર દિવસ કરતાં મોડી હોવી જોઈએ નહિ.

૨. પંચાયતનું વિસર્જન કરવાને કારણે આવી પંચાયતની પુનર્રચના કરવામાં આવે તો, વિસર્જિત પંચાયત જે મુદત સુધી ચાલુ રહી હોય તેવી બાકીની મુદત છ મહિના અથવા છ મહિનાથી વધુ હોય ત્યારે, આવી તારીખ, પંચાયતના વિસર્જનની તારીખ પછી બે મહિના કરતાં મોડી હોવી જોઈએ નહિ.

૩. પંચાયતનું વિસર્જન કરવાને કારણે આવી પંચાયતની પુનર્રચના કરવામાં આવે તો, વિસર્જિત

પંચાયત જે મુદત સુધી ચાલુ રહી હોત તેવી બાકીની મુદત છ મહિના કરતાં ઓછી હોય ત્યારે, આવી ઓછી મુદત પૂરી થાય તે પહેલાં બે મહિના કરતાં વહેલી હોવી જોઈએ નહીં અથવા પંદર દિવસ કરતાં મોડી હોવી જોઈએ નહિ, સિવાય કે, રાજ્ય સરકારની મંજૂરી, ભવિષ્યલક્ષી અથવા પાછલી તારીખથી આપવામાં આવી હોય.

(૨) આવી ચૂંટણી, ઠરાવેલી રીતે કરવી જોઈએ.

(૩) આવી ચૂંટણીની દેખરેખ, માર્ગદર્શન અને નિયંત્રણ અને તેનું સંચાલન, રાજ્ય ચૂંટણી કમિશનમાં નિહિત થશે.

(૪) ચૂંટાયેલા સભ્યોના નામો, રાજ્ય ચૂંટણી કમિશને ઠરાવેલી રીતે પ્રસિદ્ધ કરવા જોઈશે.

## ચૂંટણીને લગતી જોગવાઈઓ

મતદાર વિભાગો.

**૧૬.** (૧) કોઈ ગ્રામ પંચાયતના સભ્યોની ચૂંટણીના હેતુઓ માટે, કોઈ ગામને કલમ ૯ની પેટા-કલમ (૪)માં તે ગામની ગામ પંચાયતના સંબંધમાં નિર્દિષ્ટ કરેલ સભ્યોની કુલ સંખ્યા જેટલા એક સભ્યવાળા વોર્ડોમાં રાજ્ય ચૂંટણી કમિશન એવી રીતે વિભાજિત કરશે કે બને ત્યાં સુધી, તમામ વોર્ડોની વસતી સરખી જ રહે; અને દરેક વોર્ડમાંથી એક સભ્યને ચૂંટવામાં આવશે.

(૨) કોઈ તાલુકા પંચાયતના સભ્યોની ચૂંટણીના હેતુઓ માટે, કોઈ તાલુકાને કલમ ૧૦ની પેટા-કલમ (૪)માં તે તાલુકાના તાલુકા પંચાયતના સંબંધમાં નિર્દિષ્ટ કરેલી, ચૂંટાયેલા સભ્યોની કુલ સંખ્યા જેટલા એક સભ્યવાળા પ્રાદેશિક મતદાર મંડળોમાં રાજ્ય ચૂંટણી કમિશન એવી રીતે વિભાજીત કરશે કે બને ત્યાં સુધી, બધા પ્રાદેશિક મતદાર મંડળોની વસતી સરખી જ રહે અને દરેક પ્રાદેશિક મતદાર મંડળમાં બને ત્યાં સુધી કોઈ ગામના સમગ્ર વોર્ડોમાં સમાવેશ થાય તે રીતે તેની હદ નક્કી કરવામાં આવે અને એવા દરેક મતદાર મંડળમાંથી એક સભ્યને ચૂંટવામાં આવશે.

(૩) કોઈ જિલ્લા પંચાયતના સભ્યોની ચૂંટણીના હેતુઓ માટે, કોઈ જિલ્લાને, કલમ ૧૧ની પેટા-કલમ (૪)માં તે જિલ્લાની જિલ્લા પંચાયતના સંબંધમાં નિર્દિષ્ટ કરેલ ચૂંટાયેલા સભ્યોની કુલ સંખ્યા જેટલા એક સભ્યવાળા પ્રાદેશિક મતદાર મંડળોમાં રાજ્ય ચૂંટણી કમિશન એવી રીતે વિભાજીત કરશે કે તમામ પ્રાદેશિક મતદાર મંડળોની વસતી, બને ત્યાં સુધી, સરખી જ રહે અને દરેક પ્રાદેશિક મતદાર મંડળમાં, બને ત્યાં સુધી કોઈ તાલુકાના સમગ્ર પ્રાદેશિક મતદાર મંડળોનો સમાવેશ થાય તે રીતે તેની હદ નક્કી કરવામાં આવે; અને એવા દરેક મતદાર મંડળમાંથી એક સભ્યને ચૂંટવામાં આવશે.

(૪) કલમ ૧૩ હેઠળ પંચાયતની મુદત પૂરી થાય તે તારીખ પહેલાં બે મહિના કરતાં મોડા નહિ તેવા કોઈ સમયે અને કલમ ૧૩ હેઠળ તેની મુદત પૂરી થઈ હોય તે સિવાય, અન્યથા, આ અધિનિયમની જોગવાઈઓ હેઠળ રચવાની અથવા ફરી રચવાની પંચાયતની બાબતમાં, યથાપ્રસંગ, તે રચવાની હોય અથવા ફરી રચવાની હોય તે પહેલા કોઈપણ સમયે,–

(ક) કોઈ ગ્રામ પંચાયત માટેની સામાન્ય ચૂંટણીના હેતુ માટે સંબંધિત ગામના કોઈ વોર્ડની હદમાં, કારણોની લેખિત નોંધ કરીને, ફેરફાર કરે,

(ખ) કોઈ તાલુકા અથવા જિલ્લા પંચાયત માટેની સામાન્ય ચૂંટણીઓના હેતુ માટે, સંબંધિત તાલુકા અથવા જિલ્લાના કોઈ પ્રાદેશિક મતદાર મંડળની હદમાં, કારણોની લેખિત નોંધ કરીને ફેરફાર કરે,

તો તે, રાજ્ય ચૂંટણી કમિશન માટે કાયદેસર ગણાશે.

(૫) પેટા-કલમ (૧) હેઠળ રચવામાં આવેલો દરેક વોર્ડ અને પેટા-કલમો (૨) અને (૩) હેઠળ રચવામાં આવેલું દરેક પ્રાદેશિક મતદાર મંડળ, પેટા-કલમ(૪) હેઠળ કોઈ ફેરફાર કરેલ હોય તો, તેને અધીન રહીને, મતદાર વિભાગ બનશે.

દરેક મતદાર વિભાગ માટે મતદારોની યાદી.

**૧૭.** દરેક મતદાર વિભાગ માટે મતદારોની યાદી રહેશે, જે રાજ્ય ચૂંટણી કમિશનરની દેખરેખ, માર્ગદર્શન અને નિયંત્રણ હેઠળ કલમો ૧૮ થી ૨૨ની જોગવાઈઓ અનુસાર તૈયાર કરી જાળવવી જોઈશે.

મતદારોની યાદી તૈયાર કરવા બાબત.

**૧૮.** કલમ ૧૩ હેઠળ પંચાયતની મુદત પૂરી થાય તે પહેલાં બે મહિના કરતાં મોડું ન હોય તેવા કોઈપણ સમયે અને કલમ ૧૩ હેઠળ તેની મુદત પૂરી થઈ હોય તે સિવાય, આ અધિનિયમની જોગવાઈઓ હેઠળ રચવાની અથવા પુનર્રચના કરવાની હોય તેવી પંચાયતની બાબતમાં, રાજ્ય ચૂંટણી કમિશન રાજ્ય સરકારને પરામર્શ કર્યા

પછી, નક્કી કરે તેવા કોઈપણ સમયે, આવી પંચાયતની રચના કરવા માટે, અથવા, યથા પ્રસંગ, પુનઃરચના કરવા માટે સભ્યોની સામાન્ય ચૂંટણી કરવાના હેતુ માટે કલમ ૧૬ હેઠળ નક્કી કર્યા પ્રમાણે આવી પંચાયતના સબંધમાં અને આવી યાદી તૈયાર કરી હોય તેવા સમયે અમલમાં હોય તેવા દરેક મતદાર વિભાગ માટે મતદારોની યાદી તૈયાર કરવી જોઈશે.

**૧૯.** કેન્દ્રિય અધિનિયમ હેઠળ ગુજરાત વિધાનસભાની મતદાર યાદીના સબંધિત ભાગમાં નોંધાવા માટે હકદાર દરેક વ્યકિત, કલમ ૧૮ હેઠળ તૈયાર કરવાની મતદાર વિભાગો માટેની મતદાર યાદીમાં મતદાર તરીકે નોંધવા હક્કદાર રહેશે. **મતદારો તરીકે નોંધવા માટે લાયક વ્યકિતઓ.**

**૨૦.** (૧) સંબંધિત મતદાર વિભાગમાં સમાવિષ્ટ કરેલ હોય તેવા ગુજરાત વિધાનસભાના મતદાર વિભાગના ભાગ માટે, તે સમયે અમલમાં હોય તેવા કેન્દ્રિય અધિનિયમની જોગવાઈઓ હેઠળ તૈયાર કરેલ વિધાનસભા મતદાર યાદી, પેટા-કલમ (૩) હેઠળ સુધારવાને, કમી કરવાને અથવા ઉમેરવાને અથવા તેમાં પેટા-કલમ (૫) હેઠળ કોઈ નામ દાખલ કરવાને તે અધીન રહીને, તે મતદાર વિભાગો માટેની મતદારોની યાદી ગણાશે. **મતદારોની યાદી.**

(૨) રાજ્ય ચૂંટણી કમિશન આ અર્થે નિર્દિષ્ટ કરે તેવા રાજ્ય સરકારના અધિકારીએ, (જેનો આમાં હવે પછી ''નિર્દિષ્ટ અધિકારી'' તરીકે ઉલ્લેખ કર્યો છે તેણે) કમીશનની દેખરેખ, માર્ગદર્શન અને નિયંત્રણને અધીન રહીને, દરેક મતદાર વિભાગ માટે મતદાર યાદી રાખવી જોઈશે; ઠરાવેલી રીતે યાદી પ્રસિધ્ધ કરવી જોઈશે.

(૩) આ અર્થે તેણે કરેલી અરજી ઉપરથી અથવા પોતાની મેળે નિર્દિષ્ટ અધિકારીને એવી ખાતરી થાય કે મતદારોની યાદી, યાદીમાં કોઈ ભૂલને કારણે ગુજરાત વિધાનસભાની મતદાર યાદીના સબંધિત ભાગથી ભિન્ન છે, તો તેને સદરહુ મતદાર યાદીને અનુરૂપ બનાવવા માટે તે યાદી સુધારશે અને તે હેતુ માટે તે, તે યાદીમાંની કોઈ નોંધ સુધારી શકશે, કમી કરી શકશે અથવા ઉમેરો કરી શકશે.

(૪) લાયક ઠરાવતી તારીખ પછી, કેન્દ્રીય અધિનિયમ હેઠળ ગુજરાત વિધાનસભાની મતદાર યાદીના સબંધિત ભાગમાં રજિસ્ટર થવાને હકદાર બને તેવી કોઈપણ વ્યકિત, યાદીમાં પોતાનું નામ સમાવિષ્ટ કરવા માટે નિર્દિષ્ટ અધિકારીને અરજી કરી શકશે.

(૫) પોતાને જરૂરી લાગે તેવી તપાસ કર્યા પછી, નિર્દિષ્ટ અધિકારીને એવી ખાતરી થાય કે અરજદાર, કેન્દ્રીય અધિનિયમ હેઠળ ગુજરાત વિધાનસભાની મતદાર યાદીના સબંધિત ભાગમાં રજિસ્ટર થવાને હકદાર છે, ત્યારે તેણે અરજદારનું નામ, મતદારોની યાદીમાં દાખલ કરવાનો આદેશ આપવો જોઈશેઃ

પરંતુ અરજદાર આ અધિનિયમ હેઠળ અથવા ત સમયે અમલમાં હોય તેવા બીજા કોઈપણ કાયદા હેઠળ મત આપવાને ગેરલાયક હોય તો આવો કોઈ આદેશ આપી શકશે નહી.

(૬) મતદાર વિભાગ માટેની મતદાર યાદીમાંની કોઈ નોંધનો કોઈ સુધારો, કમી કરવાનું અથવા વધારો કરવાનું, પેટા-કલમ (૩) હેઠળ કરી શકાશે નહિ અને તે યાદીમાં નામ દાખલ કરવા માટેનો કોઈપણ આદેશ, રાજ્ય ચૂંટણી કમિશન સામાન્ય અથવા ખાસ હુકમથી, આ અર્થે નિર્દિષ્ટ કરે તેવી તારીખ અને મતદાર વિભાગમાંની કોઈપણ સબંધિત ચૂંટણી પૂરી થયાની તારીખ વચ્ચેની મુદત દરમિયાન પેટા-કલમ (૫) હેઠળ આપી શકાશે નહિ.

**સ્પષ્ટીકરણ** :- આ કલમમાં, ''લાયક ઠરાવતી તારીખ'' એ શબ્દપ્રયોગોનો અર્થ કેન્દ્રીય અધિનિયમની કલમ ૧૪ના ખંડ (ખ)માં જે અર્થ આપ્યો છે તે જ થશે.

(૭) મતદાર યાદી, આ કલમ હેઠળ આખરી રીતે તૈયાર કરવામાં આવ્યા પછી, ઠરાવેલી રીતે પ્રસિધ્ધ કરવી જોઈશે અને તે આખરી રીતે પ્રસિધ્ધ થયે તરત જ અમલમાં આવશે.

**૨૧.** કોઈ વ્યકિત, તે જ પંચાયતના એક કરતાં વધુ મતદાર વિભાગો માટેની મતદારોની યાદીમાં પોતાનું નામ દાખલ કરવા હકદાર રહેશે નહિ. **કોઈ વ્યકિતનું નામ એક થી વધુ મતદાર વિભાગ માટેની મતદાર યાદીમાં દાખલ નહિ કરવા બાબત.**

**કોઈ વ્યકિતનું નામ એકથી વધુવાર મતદારોની યાદીમાં દાખલ નહિ કરવા બાબત.**

૨૨. કોઈ વ્યકિત, કોઈ મતદાર વિભાગ માટેની મતદારોની યાદીમાં, પોતાનું નામ, એકથી વધુ વાર દાખલ કરાવવા માટે હકદાર રહેશે નહિ.

**મતદારોની યાદી અમલમાં રહેવાની મુદત.**

૨૩. કલમ ૨૦ની પેટા-કલમ (૭) હેઠળ પ્રસિધ્ધ થયેલ અને અમલમાં હોય તેવી કોઈ મતદાર વિભાગ માટેની મતદારોની યાદી, આ કલમના પરંતુક હેઠળ કોઈ સુધારા કરવામાં આવે તેને અધીન રહીને, તે મતદાર વિભાગ માટેની નવી મતદારોની યાદી તૈયાર કરવામાં, પ્રસિધ્ધ કરવામાં અને અમલમાં આવે નહિ ત્યાં સુધી અમલમાં રહેશે.

પરંતુ રાજ્ય ચૂંટણી કમિશન, રાજ્ય સરકાર સાથે વિચાર વિનિમય કર્યા પછી, કારણોની લેખિત નોંધ કરીને આદેશ આપી શકશે કે કોઈ મતદાર વિભાગની એવી યાદી, તે મતદાર વિભાગને ફાળવેલી બેઠકમાં પ્રસંગોપાત ખાલી પડતી જગા ભરવા માટેની કોઈ પેટા ચૂંટણી પહેલા, લાયક ઠરાવની તારીખના સંદર્ભમાં ઠરાવેલી રીતે સુધારી શકાશે.

**પંચાયતોનો સ્ટાફ પુરો પાડવા બાબત.**

૨૪. દરેક પંચાયતે, તે પંચાયતના સબંધમાં, કોઈ મતદાર વિભાગ માટેની મતદારોની યાદી તૈયાર કરવા અને સુધારવા અને ચૂંટણી કરવા અંગે કોઈ ફરજો બજાવવા માટે, રાજ્ય ચૂંટણી કમિશનને, જરૂરી લાગે તેટલો સ્ટાફ તેને પૂરો પાડવો જોઈએ.

**દીવાની કોર્ટોની હકૂમત ઉપર પ્રતિબંધ.**

૨૫. કોઈ દીવાની કોર્ટને,—

(ક) કોઈ વ્યકિત પોતાનું નામ મતદારોની યાદીમાં દાખલ કરવા માટે હકદાર છે કે નહિ તે સબંધી કોઈ પ્રશ્ન વિચારવાની કે તેનો નિર્ણય કરવાની; અથવા

(ખ) આવી કોઈપણ યાદી તૈયાર કરવા, રાખવા અથવા સુધારવા સબંધી રાજ્ય ચૂંટણી કમિશને અથવા તેના અધિકાર હેઠળ લીધેલ કોઈપણ પગલાંની અથવા આપેલ કોઈ નિર્ણયની કાયદેસરતા પડકારવાની, હકૂમત રહેશે નહિ.

**ખોટા એકરારો કરવા બાબત.**

૨૬. જો કોઈ વ્યકિત—

(ક) મતદારોની યાદી તૈયાર કરવા, તપાસવા અથવા સુધારવા સબંધી, અથવા

(ખ) મતદારોની યાદીમાં કોઈ નોંધ દાખલ કરવા કે તેમાંથી તે કાઢી નાખવા સબંધી, ખોટું હોય અને ખોટું હોવાનું પોતે જાણતી હોય કે માનતી હોય અથવા સાચું હોવાનું પોતે માનતી ન હોય તેવું લેખિત નિવેદન કે એકરાર કરે, તો તેને એક વર્ષ સુધીની કેદની અથવા દંડની અથવા તે બંનેની શિક્ષા કરવામાં આવશે.

**મતદારોની યાદી તૈયાર કરવા, વગેરે સબંધી હોદ્દાકીય ફરજોનો ભંગ.**

૨૭. (૧) મતદારોની યાદી તૈયાર કરવા, તપાસવા અથવા સુધારવા સબંધી અથવા કોઈ નોંધ તે યાદીમાં દાખલ કરવા કે તેમાંથી કાઢી નાખવા કોઈ હોદ્દાકીય ફરજ, જેને આ અધિનિયમ દ્વારા અથવા તે હેઠળ બજાવવી પડતી હોય તેવા કોઈ સરકારી નોકર, પંચાયતનો નોકર અથવા બીજી કોઈ વ્યકિત, વાજબી કારણ વિના, એવી હોદ્દાકીય ફરજનો ભંગ થતો હોય તેવું કાર્ય કે કાર્યલોપ માટે દોષિત થાય, તો તેને પાંચસો રૂપિયા સુધીના દંડની શિક્ષા કરવામાં આવશે.

(૨) ઉપર્યુકત આવા કોઈ કાર્ય કે કાર્યલોપ સબંધમાં નુકશાની બદલ એવા કોઈ અધિકારી કે બીજી વ્યકિત સામે કોઈ દાવો કે બીજી કાનૂની કાર્યવાહી થઈ શકશે નહિ.

(૩) રાજ્ય સરકારના અથવા રાજ્ય ચૂંટણી કમિશનના હુકમ અથવા તેના અધિકાર હેઠળ કરવામાં આવેલી ફરિયાદ ઉપરથી હોય તે સિવાય, કોઈ કોર્ટ, પેટા-કલમ (૧) હેઠળ શિક્ષાને પાત્ર ગુનાની વિચારણા કરી શકશે નહિ.

**મત આપવાની અને ચૂંટવાની લાયકાત ધરાવતી વ્યકિતઓ.**

૨૮. (૧) જે વ્યકિતનું નામ મતદારોની યાદીમાં હોય તે દરેક વ્યકિત, આ અધિનિયમ હેઠળ અથવા જે તે સમયે અમલમાં હોય તેવા બીજા કોઈ કાયદા હેઠળ ગેરલાયક હોય તે સિવાય, આવી યાદી જે મતદાર વિભાગને લગતી તે મતદાર વિભાગના સભ્યની ચૂંટણી વખતે મત આપવાને લાયક ગણાશે.

(૨) (ક) જે વ્યકિત એકવીસ વર્ષની ઉંમરની થઈ હોય અને તેનું નામ મતદારોની યાદીમાં હોય તે દરેક વ્યકિત, આ અધિનિયમ હેઠળ અથવા જે તે સમયે અમલમાં હોય તેવા બીજા કાયદા હેઠળ ગેરલાયક ઠરી હોય તે સિવાય, કોઈપણ મતદાર વિભાગમાંથી ચૂંટાવાને લાયક ગણાશે.

(ખ) જે વ્યક્તિનું નામ, ગામની મતદારોની યાદીમાં દાખલ કર્યું ન હોય તે વ્યક્તિ તેના કોઈપણ મતદાર વિભાગમાંથી ચૂંટાવાને લાયક ગણાશે નહિ.

(ગ) કોઈ વ્યક્તિ ગેરલાયક ઠરી ન હોય તો, મતદારોની યાદી, કોઈ વ્યક્તિ કોઈપણ ચૂંટણીમાં, યથાપ્રસંગ, મત આપવાને અથવા ચૂંટાવાને લાયક છે કે નહિ તે બાબતનો આ કલમ હેઠળ નિર્ણય કરવાના હેતુ સારૂ નિર્ણાયક પુરાવો ગણાશે.

**૨૯.** (૧) કોઈ વ્યક્તિ, આ અધિનિયમથી સ્પષ્ટ રીતે અધિકૃત કરવામાં આવ્યું હોય તે સિવાય, બે અથવા વધારે પંચાયતોની સભ્ય થઈ શકશે નહિ. એકી સાથે અથવા બે જગાના સભ્યપદ ઉપર નિયંત્રણ.

(૨) કોઈ વ્યક્તિ એક પંચાયતની સભ્ય હોય, તો પણ બીજી પંચાયતના સભ્ય થવા માટે ઉમેદવાર તરીકે ઉભા રહેવાનો ઈરાદો રાખે, તે વ્યક્તિ પેટા-કલમ (૧)માં ગમે તે મજકૂર હોય તે છતાં, આવા સભ્ય થવા માટે ઉમેદવાર તરીકે રહી શકશે:

પરંતુ જે બેઠક માટે તે ઉમેદવાર તરીકે ઉભી રહી હોય તે બેઠક માટે તેને પસંદ કરવામાં આવે તો, તેની અગાઉ ધરાવેલી બેઠક જે તારીખે તેને એવી રીતે પસંદ કરવામાં આવે તે તારીખથી ખાલી પડશે, સિવાય કે આવી ધરાવેલી બેઠક બીજી પંચાયતની હોય અને તે પંચાયતની મુદત, તેને એવી રીતે પસંદ કરવામાં આવે તે તારીખથી ચાર મહિનાની મુદતમાં પૂરી થવાની હોય.

(૩) જો કોઈ વ્યક્તિ એકી સાથે બે અથવા વધારે પંચાયતોના સભ્ય તરીકે પસંદ કરાયેલી હોય, તો તે વ્યક્તિએ જે તારીખે અથવા તારીખોએ તેને એવી રીતે પસંદ કરવામાં આવી હોય તે તારીખથી અથવા તારીખોથી બેમાંથી જે મોડી હોય તે તારીખથી પંદર દિવસની અંદર, પંચાયતો પૈકી જે પંચાયતમાં તે સેવા કરવા માગતી હોય તે પંચાયતના યોગ્ય સત્તાધિકારીને જાણ કરવી અને તેમ થયે જે પંચાયતમાં તે સેવા કરવા માંગતી હોય તે પંચાયત સિવાયની બીજી બેઠક ખાલી કરવી પડશે.

(૪) પેટા-કલમ (૩) હેઠળ કરેલી જાણ, છેવટની ગણાશે અને તે પાછી ખેંચી શકાશે નહિ.

(૫) ઉપર્યુક્ત મુદતની અંદર પેટા-કલમ (૪)માં ઉલ્લેખેલ જાણ કરવામાં આવે નહિ, તો યોગ્ય સત્તાધિકારીએ કઈ બેઠક તે રાખશે તે નક્કી કરવું જોઈશે અને તેમ થયે જે બાકીની બેઠકોમાંથી તેને પસંદ કરવામાં આવી હોય તે બેઠકો ખાલી પડશે.

**૩૦.** (૧) નીચેની વ્યકિતઓમાંથી કોઈ વ્યકિત પંચાયતની સભ્ય થઈ શકશે નહિ અથવા તેવા સભ્ય તરીકે ચાલુ રહી શકશે નહિઃ– ગેરલાયકાતો.

(ક) જેને આ અધિનિયમની શરૂઆત પહેલા અથવા તે પછી, –

(૧) નાગરિક હક રક્ષણ અધિનિયમ, ૧૯૫૫ હેઠળ અથવા મુંબઈ નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ હેઠળ કોઈ ગુના માટે દોષિત ઠરાવી હોય, સિવાય તે દોષિત ઠર્યા પછી પાંચ વર્ષની મુદત અથવા કોઈ ખાસ દાખલામાં રાજ્ય સરકાર છૂટ આપે તેવી ઓછી મુદત વીતી હોય; અથવા

સન ૧૯૫૫નો ૨૨મો. સન ૧૯૪૯નો મુંબઈનો ૨૫મો.

(૨) બીજા કોઈ ગુના માટે દોષિત ઠરાવી હોય અને છ મહિનાથી ઓછી ન હોય તેવી કેદની શિક્ષા થઈ હોય, સિવાય કે તેને છોડી મૂક્યા પછી પાંચ વર્ષની અથવા રાજ્ય સરકાર કોઈપણ ખાસ દાખલામાં છૂટ આપે તેવી ઓછી મુદત વીતી હોય; અથવા

(ખ) જેને કોઈ સત્તા ધરાવતી કોર્ટે અસ્થિર મગજની ઠરાવી હોય; અથવા

(ગ) જેને નાદાર ઠરાવવામાં આવી હોય અને જેણે પોતાનો છૂટકારો મેળવ્યો ન હોય; અથવા

(ઘ) જેને આ અધિનિયમની કોઈપણ જોગવાઈ હેઠળ કોઈ પંચાયતમાં અથવા ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૬૧ હેઠળ આ અધિનિયમના આરંભ પહેલાં કોઈપણ પંચાયતમાં તેણે ધરાવેલા કોઈ હોદ્દા પરથી દૂર કરવામાં આવી હોય અને એ રીતે દૂર કરવામાં આવ્યાની તારીખથી પાંચ વર્ષની મુદત વીતી ન હોય, સિવાય કે તેને એવી રીતે હોદ્દા પરથી દૂર કરવાના કારણે ઉદ્‌ભવતી ગેરલાયકાતમાંથી રાજ્ય સરકારે, રાજપત્રમાં જાહેર કરેલા હુકમથી મુકત કરવામાં આવી હોય, અથવા

(ચ) જેને આ અધિનિયમની કોઈ જોગવાઈ હેઠળ હોદ્દો ધરાવવા માટે ગેરલાયક ઠરાવી હોય અને જે મુદત માટે તેને એવી રીતે ગેરલાયક ઠરાવી હોય હતી તે મુદત પૂરી થઈ ન હોય; અથવા

(છ) જે કોઈ પંચાયતથી આપી શકાય એવો અથવા તેની વ્યવસ્થા હેઠળ હોય એવો પંચાયતના પ્રમુખ અથવા ઉપપ્રમુખનો અથવા પંચાયતની કોઈપણ સમિતિના અધ્યક્ષના હોદ્દા સિવાયનો કોઈપણ વેતનવાળો હોદ્દો અથવા લાભવાળી જગા ધરાવતો હોય, તે જ્યારે એવો હોદ્દો અથવા જગા ધારણ કરતો હોય ત્યારે, અથવા

(જ) પંચાયતના હુકમથી કરેલા કોઈ કામમાં અથવા પંચાયત સાથેના, પંચાયતે કરેલા અથવા તેના વતી કરેલા કોઈ કરારમાં અથવા પંચાયતની અથવા પંચાયત હેઠળની નોકરીમાં, તે અથવા પોતાના ભાગીદાર મારફત, પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે કશો હિસ્સો અથવા હિતસંબંધ ધરાવતી હોય; અથવા

(ઝ) કોઈપણ પંચાયતના કોઈ અધિકારી અથવા નોકરને ધીરેલી અથવા તેની પાસેથી ઉછીની લીધેલી નાણાંની લોનની લેવડદેવડમાં તે અથવા પોતાના ભાગીદાર મારફત પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે કશો હિસ્સો અથવા હિતસંબંધ ધરાવતી હોય; અથવા

(ટ) પંચાયત અથવા તેના તાબા હેઠળની કોઈ પંચાયતની પાસેથી લેણી નીકળતી કોઈ પ્રકારની બાકી રકમ અથવા આ અધિનિયમના પ્રકરણ ૧૦ અનુસાર તેની પાસેથી વસૂલ કરવાની કોઈ રકમ, આ અર્થે કરેલા નિયમોનુસાર તેના ઉપર ખાસ નોટિસ બજાવવામાં આવ્યા પછી ત્રણ મહિનાની અંદર ભરવાનું ચૂકે; અથવા

(ઠ) જે સરકારનો નોકર અથવા કોઈપણ સ્થાનિક સંસ્થાનો નોકર હોય; અથવા

(ડ) જેણે સ્વેચ્છાપૂર્વક કોઈ વિદેશી રાજ્યની નાગરિકતા પ્રાપ્ત કરી હોય અથવા કોઈ વિદેશી રાજ્ય પ્રત્યેની નિષ્ઠા અથવા સંલગ્નતાનો તેનો સ્વીકાર ચાલુ હોય; અથવા

(ઢ) જે આ અધિનિયમની બીજી કોઈપણ જોગવાઈ હેઠળ ગેરલાયક થઈ હોય અને તે જે મુદત માટે આવી રીતે ગેરલાયક બની હોય તે મુદત વીતી ન હોય.

**સ્પષ્ટીકરણ ૧ :–** જે કોઈ વ્યક્તિ,

(ક) કોઈ જોઈન્ટ સ્ટોક કંપની અથવા જે તે સમયે અમલમાં હોય તેવા કોઈ કાયદા હેઠળ રજિસ્ટર થયેલી મંડળી, કોઈ પંચાયત સાથે કરાર કરે અથવા તેવી કંપની અથવા મંડળીને કોઈ પંચાયત કામે રાખે અથવા આવી પંચાયત વતી કામે રાખવામાં આવે તે જોઈન્ટ સ્ટોક કંપનીમાં અથવા તે મંડળીમાં હિસ્સો અથવા હિતસંબંધ ધરાવતી હોય; અથવા

(ખ) કોઈ પંચાયતના કામકાજને લગતી જાહેરખબર આપવામાં આવે તેવા કોઈપણ વર્તમાનપત્રમાં હિસ્સો અથવા હિતસંબંધ ધરાવતી હોય; અથવા

(ગ) કોઈ પંચાયતે કાઢેલી અથવા તેના વતી કાઢવામાં આવેલી લોનનું ડિબેન્ચર ધરાવતી હોય અથવા તેમાં બીજી રીતે સંબંધ ધરાવતી હોય; અથવા

(ઘ) કોઈ પંચાયત વતી કાયદા વ્યવસાયી તરીકે રોકવામાં આવેલી હોય; અથવા

(ચ) જેમાંની ગણોતની રકમ, ગામ પંચાયત માટે તાલુકા પંચાયત અથવા તેના પોતાના કેસમાં તાલુકા પંચાયતે અથવા જિલ્લા પંચાયતે મંજૂર કરી હોય તેવા સ્થાવર મિલ્કતના કોઈ પટામાં અથવા સ્થાવર મિલકતના કોઈ વેચાણ કે ખરીદીમાં અથવા એવા પટા, વેચાણ કે ખરીદી માટેના કોઈ કરારમાં કોઈ હિસ્સો અથવા હિતસંબંધ ધરાવતી હોય; અથવા

(છ) પોતે નિયમિત રીતે વેપાર કરતી હોય તેવી કોઈ ચીજનું પંચાયતને પ્રસંગોપાત વેચાણ કરવામાં અથવા તો પંચાયત પાસેથી કોઈ ચીજ ખરીદવામાં, કોઈપણ વર્ષમાં વધુમાં વધુ એક હજાર રૂપિયા સુધીની કિંમતનો હિસ્સો અથવા હિતસંબંધ ધરાવતી હોય; અથવા

(જ) પંચાયતની અથવા તેની હેઠળ નોકરીમાં હોય અથવા પંચાયતે અથવા તેના વતી નોકરીમાં રાખી હોય તે વ્યક્તિનો સગો થતો હોય,

તે વ્યક્તિ તેટલા જ કારણે કોઈ પંચાયતની સભ્ય થવા માટે ખંડ (જ) હેઠળ ગેરલાયક ગણાશે નહિ.

**સ્પષ્ટીકરણ ૨ :–** ખંડ (ટ)ના હેતુ સારૂ.-

(૧) કોઈ વ્યક્તિ ઉમેદવારોની ઉમેદવારી માટે ઠરાવેલા દિવસ પહેલા, આ પેટા કલમના ખંડ (ટ)માં ઉલ્લેખેલી રકમ અથવા બાકી રકમ તેણે ભરી દીધી હોય, તો ગેરલાયક ગણાશે નહિ;

(૨) અવિભક્ત હિન્દુ કુટુંબની કોઈપણ વ્યક્તિએ અથવા રિવાજ મુજબ જે વ્યક્તિઓની સંપત્તિ અથવા નિવાસસ્થાનમાં સંયુક્ત હોય તેવા સમૂહ અથવા એકમમાં હોય તેવી વ્યક્તિએ, પંચાયતને આ પેટા-કલમના ખંડ (ટ)માં ઉલ્લેખેલી બાકી રકમ અથવા આપવામાં કરેલી કસૂર, આવા અવિભક્ત હિંદુ કુટુંબની સઘળી વ્યક્તિઓ અથવા યથાપ્રસંગ, આવા સમૂહ અથવા એકમની સઘળી વ્યક્તિઓને ગેરલાયક ઠરાવે છે એમ ગણાશે.

સન ૧૮૭૪નો મુંબઈનો ૩જો.

**સ્પષ્ટીકરણ ૩ :–** ખંડ (ઠ)ના હેતુ સારૂ બીજાની જગાએ કામ કરતો હોય તેવો મહેસૂલી અથવા પોલીસ પટેલ અથવા મુંબઈનો વંશ પરંપરાના હોદ્દાઓ બાબતના અધિનિયમ, ૧૮૭૪ અથવા જે તે સમયે અમલમાં હોય તેવા બીજા તેને મળતા કાયદા હેઠળ બીજાની જગાએ કામ કરતો હોય તેવો મહેસૂલી કે પોલીસ પટેલ, સરકારનો નોકર ગણાશે.

સન ૧૯૮૬નો ગુજરાતનો ૨૩મો.

(૨) જે કોઈ વ્યકિત પોતાના હોદ્દાની મુદત દરમિયાન કોઈપણ સમયે, ગુજરાતના પક્ષાન્તર બદલ સ્થાનિક સત્તામંડળોના સભ્યોને ગેરલાયક ઠરાવવા માટે જોગવાઈ કરતા અધિનિયમ, ૧૯૮૬ હેઠળ તાલુકા પંચાયત અથવા યથાપ્રસંગ, જિલ્લા પંચાયતના સભ્ય થવા માટે ગેરલાયક ઠરી હોય તે વ્યકિત, એવા સભ્ય તરીકે હોદ્દો ધરાવતી બંધ થશે.

**ચૂંટણીના કાયદેસરપણાનો નિર્ણય, જજ દ્વારા તપાસ અને કાર્યરીતિ.**

**૩૧.** (૧) જે ચૂંટણીના સંબંધમાં વાંધો ઉઠાવવામાં આવ્યો હોય તે ચૂંટણીમાં હરિફાઈ કરનાર કોઈ વ્યકિતએ અથવા તેમાં મત આપવાને લાયક હોય તેવી વ્યકિતએ પંચાયતના સભ્યની કોઈ ચૂંટણીના કાયદેસરપણા વિશે વાંધો ઉઠાવ્યો હોય તો, આવી વ્યકિત ચૂંટણીનું પરિણામ જાહેર થયાની તારીખ પછી પંદર દિવસની અંદર, કોઈપણ સમયે, સિવિલ જજ (જુનિયર ડિવિઝન) ને અને જો આવા સિવિલ જજ (જુનિયર ડિવિઝન) ન હોય તો આવા વાંધાનો નિર્ણય કરવા માટે જે વિસ્તારની અંદર ચૂંટણી કરવામાં આવી હોય અથવા ચૂંટણી કરવી જોઈએ તે વિસ્તારમાં સામાન્ય હકૂમત ધરાવતા સિવિલ જજ (સિનિયર ડિવિઝન) ને (જેનો આમાં હવે ''જજ'' તરીકે ઉલ્લેખ કર્યો છે તેને) અરજી કરી શકશે.

(૨) કોઈ અરજદાર પોતાની ચૂંટણી અરજીમાં નીચેના ખંડોમાં જણાવેલી વ્યકિતઓ સિવાયની વ્યકિતઓને પ્રતિવાદીઓ તરીકે સામેલ કરવી નહિ, એટલે કેઃ-

(ક) અરજદાર ચૂંટાઈ આવેલા સઘળા ઉમેદવારોની અથવા તે પૈકી કોઈપણ ઉમેદવારની ચૂંટણીના કાયદેસરપણા અંગે વાંધો ઉઠાવવા ઉપરાંત એવી દાદ માંગે કે તેને પોતાને અથવા બીજા કોઈ ઉમેદવારને યોગ્ય રીતે ચૂંટવામાં આવ્યા છે, ત્યારે અરજદાર સિવાયના સઘળા હરીફ ઉમેદવારો અને આવી કંઈપણ વધુ દાદ માંગી ન હોય ત્યારે સઘળા ચૂંટાઈ આવેલા ઉમેદવારો, અને

(ખ) જેની સામે કોઈપણ ભ્રષ્ટાચાર અંગેના આક્ષેપો ચૂંટણી અરજીમાં કરવામાં આવ્યા હોય તેવો બીજો કોઈપણ ઉમેદવાર.

(૩) તેમ થયે જજે તપાસ અને તેને જરૂરી જણાય તેવી તપાસ કરીને જાહેર થયેલા પરિણામને બહાલ રાખતો અથવા તેને સુધારતો અથવા ચૂંટણીને રદ કરતો હુકમ તે કરી શકશે.સદરહુ તપાસના હેતુઓ સારૂ, સદરહુ જજ દીવાની કોર્ટની સઘળી સત્તા વાપરી શકશે અને તેનો નિર્ણય નિર્ણાયક ગણાશે.

(૪) જો કલમ ૨૭૪ હેઠળ કરેલા કોઇ નિયમો અમલમાં મૂકવાની જે અધિકારી અથવા અધિકારીઓ પર ફરજ નાખવામાં આવી હોય તેવા અધિકારી અથવા અધિકારીઓની કેવળ ભૂલને કારણે અથવા ભ્રષ્ટાચારથી કરવામાં આવી ન હોય એવા કોઇ અનિયમસરપણાને અથવા અવિધિસરતાને કારણે ચૂંટણીના કાયદેસરપણા બાબત વાંધો ઉઠાવવામાં આવે, તો જજે તે ચૂંટણી રદ કરવી નહિ.

**સ્પષ્ટીકરણ :-** આ પેટા-કલમમાં " ભૂલ " એ શબ્દમાં, આ અધિનિયમના અથવા તે હેઠળ કરેલા નિયમોના ભંગથી અથવા એવી જોગવાઇઓની અમલ કરવામાં થયેલી કસૂરથી અથવા એવી જોગવાઇઓના અપાલનથી ચૂંટણીના પરિણામને વસ્તુતઃ અસર થઈ હોય, તે ભંગ, કસૂર અથવા અપાલનનો સમાવેશ થતો નથી.

(૫) પેટા-કલમ (૧) મુજબ મળેલી તમામ ચૂંટણી અરજીઓમાં,-

(ક) એક જ મતદાર વિભાગનું પ્રતિનિધિત્વ ધરાવતા સભ્યોની ચૂંટણીના કાયદેસરપણા સામો વાંધો ઉઠાવવામાં આવ્યો હોય તે સઘળી અરજીઓ એક સાથે સાંભળવી, અને

(ખ) એક જ મતદાર વિભાગનું પ્રતિનિધિત્વ ધરાવવા માટે ચૂંટાયેલા એકજ સભ્યની ચૂંટણીના કાયદેસરપણા સામે વાંધો ઉઠાવવામાં આવ્યો હોય, તે સઘળી અરજીઓ એક સાથે સાંભળવી.

સન ૧૯૦૮નો ૫મો.

(૬) દીવાની કાર્યરીતિ અધિનિયમ, ૧૯૦૮માં ગમે તે મજકૂર હોય તે છતાં, જજે,-

(ક) કોઇપણ અરજીનું સમાધાન કરવા માટે અથવા તે પાછી ખેંચી લેવા માટે, અથવા

(ખ) કોઇપણ પ્રતિપાદનમાં કોઇપણ વ્યકિતને ફેરફાર કરવાની અથવા તેમાં સુધારો કરવાની પરવાનગી આપવી નહિ, સિવાય કે તેને એમ ખાતરી થાય કે સમાધાન માટેની અથવા પાછી ખેંચી લેવા માટેની તે અરજી અથવા તેના ફેરફાર અથવા સુધારા માટેની અરજી શુદ્ધબુધ્ધિપૂર્વક કરવામાં આવી છે અને તે છૂપી સંતલસથી કરેલ નથી.

(૭) (ક) આવી તપાસ કરવામાં આવે તે ઉપરથી જજને એમ જણાય કે ઉમેદવારે ચૂંટણીના હેતુ સારૂ પેટા-કલમ-૮ના અર્થ મુજબ ભ્રષ્ટ આચરણ કર્યું છે, તો તેણે તે ઉમેદવારને તે ચૂંટણીના અને કલમ ૩૩ હેઠળ કરવામાં આવે તેવી નવી ચૂંટણીના હેતુ સારૂ, ગેરલાયક જાહેર કરવો જોઇશે અને આવો ઉમેદવાર, જો ચૂંટાયો હોય તો તેની ચૂંટણીને રદ કરવી જોઇશે.

(ખ) ખંડ (ક) લાગુ પડતો ન હોય તેવા કોઇ દાખલામાં બે અથવા વધારે ઉમેદવારો વચ્ચે ચૂંટણીના કાયદેસરપણા વિષે તકરાર ઉભી થઇ હોય, તે જજે, દરેક ઉમેદવારની તરફેણમાં નોંધાયેલા મતોની બારીક તપાસ અને ગણતરી કર્યા પછી જે ઉમેદવારની તરફેણમાં વધારેમાં વધારે માન્ય મતો નોંધાયા હોય, તે ઉમેદવારને યોગ્ય રીતે ચૂંટાયેલો જાહેર કરવો જોઇશે:

પરંતુ આવી ગણતરીના હેતુ સારૂ, જો જજને એમ જણાય કે કોઇપણ જાણીતી અથવા અજાણી વ્યકિતએ મત આપવા અથવા મેળવવા ભ્રષ્ટ આચરણ કર્યું હતું તો કોઇપણ મતને માન્ય ગણવો નહિં :

વધુમાં, આવી ગણતરી પછી, કોઇ ઉમેદવારની વચ્ચે સરખા મતો હોવાનું જણાય અને એક મતનો ઉમેરો કરવાથી ઉમેદવારો પૈકી કોઇપણ એક ઉમેદવાર ચૂંટાયેલો જાહેર થવાને હક્કદાર રહેશે, તો જજ નક્કી કરે તેવી રીતે, તેમની હાજરીમાં ચીઠ્ઠી નાખીને પસંદ કરેલા તે ઉમેદવાર અથવા યથાપ્રસંગ ઉમેદવારોની તરફેરણમાં મળેલા હોવાનું જણાતા માન્ય મતોની કુલ સંખ્યામાં એક વધારાનો મત ઉમેરવો જોઇશે.

(૮) જે કોઇ વ્યકિત,

(ક) કોઇ મતદારને ઉમેદવારની તરફેણમાં મત આપવા અથવા મત આપવાથી અલગ રહેવા માટે લલચાવવાના હેતુથી કોઇ વ્યકિતને કંઇપણ નાણાં અથવા કિંમતી અવેજ આપવા જણાવે અથવા આપે અથવા અંગત લાભનું કંઇપણ વચન આપે અથવા ઈજા કરવાની ધમકી આપે, અથવા

(ખ) કોઈ વ્યકિતને ચૂંટણીમાં ઊભી રહેવા અથવા ઊભી નહિ રહેવા અથવા તેમાંથી ખસી જવા અથવા ખસી ન જવા માટે લલચાવવાના હેતુથી કોઈપણ વ્યકિતને, કંઈપણ નાણાં અથવા કિંમતી અવેજ આપવા જણાવે અથવા અંગત લાભનું વચન આપે અથવા ઈજા કરવાની કોઈ ધમકી આપે, અથવા

(ગ) (પોતે, પોતાના કુટુંબની વ્યકિતઓ અથવા પોતાના એજન્ટ સિવાયના) કોઈ મતદારને કોઈપણ મતદાનમથકે લઈ જવા અથવા ત્યાંથી લાવવા માટે કોઈ વાહન અથવા જલયાન પૈસા આપીને અથવા બીજી રીતે ભાડે રાખે અથવા મેળવે, તે વ્યકિતએ ભ્રષ્ટ આચરણ કરેલું ગણાશે:

પરંતુ કોઈ મતદાર અથવા કેટલાક મતદારો પોતાને અથવા તેમને તેવા કોઈ મતદાન મથકે જવા અથવા ત્યાંથી આવવાના હેતુ સારૂ પોતાના સંયુક્ત ખર્ચે કોઈ વાહન અથવા જલયાન ભાડે રાખે તે કૃત્ય, જો તેવું ભાડે રાખેલ વાહન અથવા જલયાન યાંત્રિક શકિતથી ચાલતું ન હોય તેવું વાહન અથવા જલયાન હોય, તો આ ખંડ હેઠળ ભ્રષ્ટ આચરણ છે એમ ગણાશે નહિ :

વધુમાં, કોઈ મતદાર તેવા કોઈ મતદાનમથક ઉપર જવાના અથવા ત્યાંથી આવવાના હેતુ સારૂ પોતાને ખર્ચે જાહેર વાહન વ્યવહારનું વાહન આવા જલયાન અથવા કોઈપણ ટ્રામગાડી અથવા રેલવેના ડબ્બાને ઉપયોગમાં લે, તો તે કૃત્ય આ ખંડ મુજબ ભ્રષ્ટ આચરણ છે એમ ગણાશે નહિ.

**સ્પષ્ટીકરણ ૧** : - જો કોઈ ભ્રષ્ટ આચરણ, ઉમેદવારની જાણ અને સંમતિથી કરવામાં આવ્યું હોય અથવા ચૂંટણીનાં સબંધમાં આવા ઉમેદવારે આપેલા સામાન્ય અથવા ખાસ અધિકાર મુજબ કામ કરતી વ્યકિતએ તે કર્યું હોય, તો એવા ઉમેદવારે કર્યું છે એમ ગણાશે.

**સ્પષ્ટીકરણ ૨** : - ''અંગત લાભનું વચન''માં પંચાયત સમક્ષ વિચારણા કરવા માટે જે કોઈ ખાસ બાબત આવે તે બાબતની તરફેણમાં અથવા તેની વિરૂધ્ધમાં મત આપવાના વચનનો સમાવેશ થતો નથી, પણ તેને અધીન રહીને, તે વ્યકિતના પોતાના અથવા જે વ્યકિતમાં હિત ધરાવતી હોય તેવી વ્યકિતના લાભ માટેના વચનનો સમાવેશ થાય છે.

**સ્પષ્ટીકરણ ૩** : - ''વાહન'' એ શબ્દ પ્રયોગનો અર્થ, યાંત્રિક શકિતથી ચાલતુ હોય અથવા બીજી રીતે ચાલતું હોય અને બીજા વાહનોને ખેંચવા માટે વપરાતું હોય અથવા બીજી રીતે વપરાતું હોય તેવું માર્ગ વાહન વ્યવહારમાં હેતુ સારૂ વપરાતું અથવા વાપરી શકાય એવું વાહન થાય છે.

**૩૨.** (૧) (ક) પંચાયતનો જે કોઈ સભ્ય એવી રીતે ચૂંટાયો હોય, તે સભ્ય તેની ચૂંટણી કરવાનાં સમયે, કલમ ૩૦માં જણાવેલી ગેરલાયકાતો પૈકી કોઈપણ ગેરલાયકાતને પાત્ર હોય તો તે, **સભ્યો તરીકે ચાલુ રહેવા માટે અસમર્થતા.**

(ખ) પંચાયતનો કોઈ સભ્ય જે મુદત માટે ચૂંટવામાં આવ્યો હોય તે મુદત દરમિયાન, કલમ ૩૦માં જણાવેલી ગેરલાયકાતો પૈકી કોઈપણ ગેરલાયકાત વ્હોરે તો તે સભ્ય તરીકે ચાલુ રહેવા માટે અસમર્થ થશે અને તેનો હોદ્દો ખાલી પડશે.

(૨) ઉપરના દરેક પ્રસંગે હોદ્દો ખાલી પડ્યો છે, કે કેમ તે સંબંધી પ્રશ્નનો નિર્ણય યોગ્ય સત્તાધિકારીએ કરવો જોઈશે. યોગ્ય સત્તાધિકારી આવા પ્રશ્ન સંબંધી પોતાનો નિર્ણય કોઈ વ્યકિતએ કરેલી અરજી પરથી આપી શકશે અથવા આવો અધિકારી પોતાની મેળે આવો નિર્ણય આપી શકશે. જગા ખાલી પડી છે એવો યોગ્ય સત્તાધિકારી નિર્ણય કરે ત્યાં સુધી, તે સભ્ય તરીકે ચાલુ રહેવા માટે પેટા-કલમ(૧) હેઠળ અસમર્થ થશે નહિ. યોગ્ય સત્તાધિકારીના નિર્ણયથી નારાજ થયેલી કોઈ વ્યકિત, આવા નિર્ણયની તારીખથી પંદર દિવસની મુદતની અંદર, રાજ્ય સરકારને અપીલ કરી શકશે અને આવી અપીલમાં રાજ્ય સરકારે કરેલા હુકમો છેવટના ગણાશે:

પરંતુ કોઈ સભ્યને જે કહેવું હોય તે કહેવાની વાજબી તક આપ્યા સિવાય, યોગ્ય સત્તાધિકારી આ પેટા-કલમ હેઠળ તેની વિરૂદ્ધ કોઈ હુકમ કરી શકશે નહિ.

**૩૩.** કોઈપણ સભ્યની ચૂંટણી કલમ ૩૧ હેઠળ રદ થઈ હોય અથવા કલમ ૩૨ હેઠળ તેનો હોદ્દો ખાલી પડે, તો તેવી રીતે ખાલી પડેલા હોદ્દા માટે શક્ય તેટલી જલદી આ અધિનિયમની જોગવાઈઓ અનુસાર નવી ચૂંટણીઓ કરવી જોઈશે. **ચૂંટણી ગેરકાયદેસર હોય, તો નવી ચૂંટણી કરવા બાબત.**

**૩૪.** દરેક પંચાયતે, ચૂંટણીના સંબંધમાં કોઈ ફરજો બજાવવા માટે રાજ્ય ચૂંટણી કમિશનને જરૂરી લાગે તેટલા પંચાયતના સ્ટાફના સભ્યો તે કમિશનને આપવાના રહેશે અને એવા દરેક સભ્યે એવી ચૂંટણીના સંબંધમાં તે કમિશન અથવા સત્તા ધરાવતા અધિકારી તેને આપે તે આદેશોનું પાલન કરવું જોઈએ. **ચૂંટણી માટે પંચાયત સ્ટાફની સેવા મેળવવાની રાજ્ય ચૂંટણી કમિશનની સત્તા.**

## ચૂંટણીને સંબંધી ગુના

**૩૫.** (૧) કોઈ મતદાન મથકમાં જે તારીખ અથવા તારીખોએ કોઈ વ્યકિતએ, મતદાન મથકની અંદર અથવા મતદાન મથકની એકસો મીટરના અંતરમાં આવેલા કોઈ જાહેર અથવા ખાનગી સ્થળની અંદર નીચેના કાર્યો કરવા નહિ.– **મતદાન મથકમાં અથવા તેની નજીકમાં પ્રચાર કરવા ઉપર પ્રતિબંધ.**

(ક) મતો માટે પ્રચાર કરવાનું;

(ખ) કોઈ મતદારના મત માટે માંગણી કરવાનું;

(ગ) ચૂંટણી વખતે મત નહિ આપવા માટે કોઈ મતદારને સમજાવવાનું;

(ઘ) કોઈપણ અમુક ઉમેદવાર માટે મત નહિ આપવા કોઈપણ મતદારને સમજાવવાનું;

(ચ) ચૂંટણી સંબંધી (સરકારી નોટિસ સિવાયની બીજી) કોઈપણ નોટિસ અથવા નિશાની પ્રદર્શિત કરવાનું.

(૨) જે કોઈ વ્યકિત, પેટા-કલમ (૧)ની જોગવાઈઓનું ઉલ્લંઘન કરે, તેને ગુનો સાબિત થયેથી, એક હજાર રૂપિયા સુધીના દંડની શિક્ષા થશે.

(૩) આ કલમ હેઠળ શિક્ષા થઈ શકે તેવો ગુનો, પોલીસ અધિકારનો ગણાશે.

**૩૬.** (૧) કોઈ વ્યકિતએ, કોઈ મતદાન મથકમાં જે તારીખો અથવા તારીખોએ મત લેવાતા હોય તે તારીખ અથવા તારીખોએ, મતદાન મથકે મત આપવા માટે આવતી વ્યકિતને ત્રાસ થાય અથવા મતદાન મથક પર ફરજ બજાવતા અધિકારીઓ અને બીજી વ્યકિતઓનાં કામમાં દખલગીરી થાય એ રીતે,– **મતદાન મથકમાં અથવા તેની નજીકમાં શિસ્તહીન વર્તણૂંક બદલ શિક્ષા.**

(ક) મતદાન મથકની અંદર અથવા તેના દરવાજા આગળ અથવા તેની પડોશમાંના કોઈપણ જાહેર અથવા ખાનગી સ્થળે, મેગાફોન અથવા લાઉડસ્પીકર જેવું માનવ અવાજ વિસ્તારવા માટેનું અથવા ફરીથી ઉત્પન્ન કરવા માટેનું સાધન વાપરવું નહિ અથવા ચલાવવું નહિ, અથવા

(ખ) મતદાન મથકની અંદર અથવા તેના દરવાજા આગળ અથવા તેની પડોશમાંના કોઈ જાહેર અથવા ખાનગી સ્થળે ઘાંટા પાડવા નહિ અથવા બીજી રીતે શિસ્તહિન વર્તવું નહિ.

(૨) જે કોઈ વ્યકિત, પેટા-કલમ (૧)ની જોગવાઈઓનું ઉલ્લંઘન કરે અથવા જાણીબૂઝીને તેમાં મદદ અથવા મદદગારી કરે તેને ગુનો સાબિત થયેથી, એક હજાર રૂપિયા સુધીના દંડની શિક્ષા થશે.

(૩) મતદાન મથકના મતદાન મથક અધિકારીને એમ માનવાને કારણ હોય કે, કોઈ વ્યકિત આ કલમ મુજબ શિક્ષા થઈ શકે તેવો ગુનો કરે છે અથવા તેવો ગુનો તેણે કર્યો છે, તો એવી વ્યકિતને પકડવાનો કોઈ પોલીસ અધિકારીને તે આદેશ કરી શકશે અને તેમ થયે પોલીસ અધિકારીએ તેને પકડવી જોઈશે.

(૪) કોઈ પોલીસ અધિકારી, પેટા-કલમ (૧)ની જોગવાઈઓનું ઉલ્લંઘન થતું અટકાવવા માટે વાજબી રીતે જરૂરી હોય તેવા પગલાં લઈ શકશે અને વાજબી હોય તેટલું બળ વાપરી શકશે અને આવા ઉલ્લંઘન માટે વાપરવામાં આવેલું કોઈપણ સાધન તે પકડી શકશે.

મતદાન મથકે ગેરવર્તણૂક બદલ શિક્ષા.

**૩૭.** (૧) મતદાન મથકે મતદાન માટે નક્કી કરેલા સમય દરમિયાન જે કોઈ વ્યકિત ગેરવર્તણૂક કરે અથવા મતદાનમથક અધિકારીના કાયદેસર આદેશો માનવાને ચૂકે, તેને મતદાનમથક અધિકારી, અથવા ફરજ પર હોય તેવો કોઈ પોલીસ અધિકારી અથવા આવા મતદાનમથક અધિકારીએ આ અર્થે અધિકૃત કરેલી વ્યકિત, મતદાન મથકમાંથી દૂર કરી શકશે.

(૨) પેટા-કલમ (૧)થી મળેલી સત્તા, મતદાન મથકે મત આપવા માટે બીજી રીતે જેને હક હોય તેવા કોઈપણ મતદારને, તે મથકે મત આપવાની તક મળતી અટકે એ રીતે વાપરવી નહિ.

(૩) મતદાન મથકમાંથી એવી રીતે દૂર કરવામાં આવેલી વ્યકિત તે મતદાન મથકમાં મતદાનમથક અધિકારીની પરવાનગી સિવાય ફરી દાખલ થાય, તો, તેને ગુનો સાબિત થયેથી, એક હજાર રૂપિયા સુધીના દંડની શિક્ષા થશે.

(૪) પેટા-કલમ (૩) હેઠળ શિક્ષા થઈ શકે તેવો ગુનો પોલીસ અધિકારનો ગણાશે.

મતદાનની ગુપ્તતા જાળવવા બાબત.

**૩૮.** (૧) ચૂંટણી ગુપ્ત મતદાનથી થાય ત્યારે, ચૂંટણીમાં મત નોંધવા અથવા ગણવા અંગેની કંઈપણ ફરજ બજાવતા દરેક અધિકારીએ, કારકુને, એજન્ટ અથવા બીજી વ્યકિતએ, મતદાનની ગુપ્તતા જાળવવી જોઈશે, અને તે જાળવવામાં મદદ કરવી જોઈશે, અને (કોઈપણ કાયદાથી અથવા તે હેઠળ કોઈ અધિકૃત હેતુ સારૂ હોય તે સિવાય) એવી ગુપ્તતાનો ભંગ થાય થાય એવી કોઈપણ માહિતી કોઈપણ વ્યકિતને આપવી નહિ.

(૨) જે વ્યકિત, પેટા-કલમ (૧)ની જોગવાઈઓનું ઉલ્લંઘન કરે, તેને ગુનો સાબિત થયેથી, ત્રણ મહિનાની મુદત સુધીની કેદની અથવા દંડની અથવા બંને શિક્ષા થશે.

અધિકારીઓ વગેરેએ, ચૂંટણી વખતે ઉમેદવારો માટે કામ કરવું નહિ અથવા મતદાન ઉપર થાય એવું કશું કરવું નહિ.

**૩૯.** (૧) જે કોઈ વ્યકિત ચૂંટણી વખતે, ચૂંટણી અધિકારી અથવા મતદાન મથક અધિકારી અથવા મતદાન અધિકારી હોય અથવા ચૂંટણીના સંબંધમાં કોઈપણ ફરજ બજાવવા માટે ચૂંટણી અધિકારી અથવા મતદાન મથક અધિકારીએ નીમેલા કોઈ અધિકારી અથવા કારકુન હોય તેણે, ચૂંટણીનાં સંચાલન અથવા તેની વ્યવસ્થામાં ઉમેદવારની ચૂંટાવાની સંભાવના વધારવા માટે (તેનો મત આપવા સિવાયનું બીજું) કોઈ કૃત્ય કરવું નહિ.

(૨) ઉપર જણાવેલી વ્યકિતએ, તેમજ પોલીસ દળની વ્યકિતએ નીચે પ્રમાણેનો પ્રયત્ન કરવો નહિઃ—

(ક) કોઈ વ્યકિતને કોઈ ચૂંટણીમાં તેનો મત આપવા સમજાવવાનો, અથવા

(ખ) કોઈ વ્યકિતને કોઈ ચૂંટણીમાં તેનો મત આપતા વાપરવાનો, અથવા

(ગ) કોઈ ચૂંટણીમાં કોઈ વ્યકિતના મતદાન ઉપર કોઈપણ રીતે અસર પાડવાનો.

(૩) જે કોઈ વ્યકિત, પેટા-કલમ (૧)ની જોગવાઈઓનું ઉલ્લંઘન કરે તેને ગુનો સાબિત થયેથી, છ મહિનાની મુદત સુધીની કેદની અથવા દંડની અથવા બંને શિક્ષા થશે.

ચૂંટણી સંબંધી અધિકારીની રૂએની ફરજનો ભંગ.

**૪૦.** (૧) આ કલમ લાગુ પડતી હોય તેવી કોઈ વ્યકિત, પોતાના હોદ્દાની રૂએની ફરજનો ભંગ થાય એવા કોઈ કૃત્ય અથવા એવા કોઈ કાર્યલોપ બદલ દોષિત હોય તેને, તેને ગુનો સાબિત થયેથી, બે હજાર રૂપિયા સુધીના દંડની શિક્ષા થશે.

(૨) ઉપર જણાવેલા કોઈપણ કૃત્ય અથવા કાર્યલોપના સંબંધમાં આવી કોઈ વ્યકિત સામે નુકસાની મેળવવા માટે કોઈ દાવો અથવા બીજી કાનૂની કાર્યવાહી થઈ શકશે નહિ.

(૩) આ કલમ જેને લાગુ પડે છે તે વ્યકિતઓ, તે ચૂંટણી અધિકારીઓ મતદાન મથક અધિકારીઓ, મતદાન અધિકારીઓ અને મતદારોની યાદીની જાળવણી અંગેની, ઉમેદવારીપત્રો સ્વીકારવા અથવા તે પાછા ખેંચી લેવા અંગેની અથવા ચૂંટણીમાં મત નોંધવા અથવા તેની ગણતરી કરવા અંગેની ફરજ બજાવવાને નીમવામાં આવેલી બીજી કોઈપણ વ્યકિતઓ છે; અને "અધિકારની રૂએ ફરજ" એ શબ્દ પ્રયોગનો અર્થ આ કલમના હેતુઓ સારૂ તદ્દનુસાર કરવો, પણ તેમાં આ અધિનિયમની રૂએ અથવા તે હેઠળ હોય તે સિવાય બીજી રીતે મૂકવામાં આવેલી ફરજોનો સમાવેશ થાય છે.

૪૧. (૧) જે કોઈ વ્યકિત, કોઈપણ ચૂંટણી વખતે, કોઈ મતપત્ર કપટથી મતદાન મથકની બહાર લઈ જાય અથવા લઈ જવાની કોશિશ કરે અથવા તેવું કોઈપણ કૃત્ય કરવામાં જાણીબૂઝીને મદદ કરે અથવા મદદગારી કરે તેને ગુનો સાબિત થયેથી, એક વર્ષની મુદત સુધીની કેદની અથવા બે હજાર રૂપિયા સુધીના દંડની અથવા તે બંને શિક્ષા થશે. મતદાન મથકમાંથી મતપત્રો લઈ જવાં તે ગુનો ગણાશે.

(૨) કોઈ મતદાન મથકના મતદાન મથક અધિકારીને એમ માનવાને કારણ હોય કે, કોઈ વ્યકિત પેટા-કલમ (૧) હેઠળ શિક્ષા થઈ શકે તેવો ગુનો કરે છે અથવા તેણે તેવો ગુનો કર્યો છે, તો તેવો અધિકારી, તેવી વ્યકિત મતદાનમથક છોડે તે પહેલા, તેને ગિરફતાર કરી શકશે અથવા પોલીસ અધિકારીને તેને ગિરફતાર કરવાનો આદેશ આપી શકશે અને તેવી વ્યકિતની ઝડતી લઈ શકશે અથવા પોલીસ અધિકારી દ્વારા તેની ઝડતી લેવડાવી શકશે:

પરંતુ જ્યારે કોઈ સ્ત્રીની ઝડતી લેવાનું જરૂરી હોય, ત્યારે તેવી ઝડતી શિષ્ટતા પરત્વે ચોક્કસ ધ્યાન રાખીને બીજી સ્ત્રી દ્વારા લેવડાવવી જોઈએ.

(૩) ગિરફતાર કરેલી વ્યકિત પાસેથી ઝડતી લેતી વખતે મળી આવેલું કોઈપણ મતપત્ર, મતદાનમથક અધિકારીએ સુરક્ષા માટે પોલીસ અધિકારીને સોંપી દેવું જોઈશે અથવા પોલીસ અધિકારીએ ઝડતી લીધી હોય, ત્યારે આવા અધિકારીની સુરક્ષામાં રાખવું જોઈશે.

(૪) પેટા-કલમ (૧) હેઠળ શિક્ષા થઈ શકે તેવો ગુનો, પોલીસ અધિકારનો ગણાશે.

૪૨. (૧) કોઈપણ ચૂંટણીમાં કોઈ વ્યકિત, જો– બીજા ગુનાઓ અને તે બદલ ની શિક્ષા.

(ક) કોઈપણ ઉમેદવારીપત્રને કપટપૂર્વક વિરૂપ કરે અથવા કપટપૂર્વક તેનો નાશ કરે; અથવા

(ખ) ચૂંટણી અધિકારીએ ચોડેલી અથવા તેણે આપેલા અધિકાર હેઠળ ચોડવામાં આવેલી કોઈપણ યાદી, નોટિસ અથવા બીજો દસ્તાવેજ કપટપૂર્વક વિરૂપ કરે, તેનો નાશ કરે અથવા તે કાઢી નાખે; અથવા

(ગ) કોઈપણ મતપત્ર અથવા કોઈપણ મત પરની સત્તાવાર નિશાની કપટપૂર્વક વિરૂપ કરે અથવા કપટપૂર્વક તેનો નાશ કરે; અથવા

(ઘ) યોગ્ય અધિકાર સિવાય કોઈપણ વ્યકિતને કોઈપણ મતપત્ર આપે; અથવા

(ચ) કોઈપણ મતપેટીમાં જે મતપત્ર નાખવાને તેને કાયદાથી અધિકૃત કરી હોય તે મતપત્ર સિવાય બીજી કોઈપણ વસ્તુ કપટથી નાખે; અથવા

(છ) તે સમયે ચૂંટણીના હેતુઓ માટે ઉપયોગમાં હોય તેવી કોઈપણ મતપેટી અથવા મતપત્રોનો યોગ્ય અધિકાર સિવાય નાશ કરે, તે લઈ લે, ઉઘાડે અથવા બીજી રીતે તેમાં દખલ કરે; અથવા

(જ) કપટપૂર્વક અથવા યથાપ્રસંગ, યોગ્ય અધિકાર સિવાય, પૂર્વવર્તી કૃત્ય કરવાની કોશિશ કરે અથવા તેવું કોઈપણ કૃત્ય કરવામાં જાણીબૂઝીને મદદ કરે અથવા મદદગારી કરે,

તો તે ગુના બદલ દોષિત થશે.

(૨) આ કલમ હેઠળ ગુના બદલ દોષિત હોય તેવી કોઈપણ વ્યક્તિને,–

(ક) જો તે મતદાન મથકે ચૂંટણી અધિકારી અથવા મતદાન મથક અધિકારી હોય અથવા ચૂંટણીના સંબંધમાં હોદ્દાની રૂએની ફરજ પર રોકવામાં આવેલો બીજો કોઈપણ અધિકારી અથવા કારકુન હોય, તો તેને ગુનો સાબિત થયેથી, બે વર્ષની મુદત સુધીની કેદની અથવા દંડની અથવા તે બંને શિક્ષા થશે;

(ખ) જો તે બીજી કોઈપણ વ્યકિત હોય તો તેને, ગુનો સાબિત થયેથી, છ મહિનાની મુદત સુધીની કેદની અથવા દંડની અથવા બંને શિક્ષા થશે.

(૩) આ કલમના હેતુઓ સારૂ, જે કોઈપણ વ્યકિતની ફરજ, ચૂંટણી અથવા મતગણતરી કરવાના કામ સહિત ચૂંટણીના કોઈ ભાગના સંચાલનમાં ભાગ લેવાની હોય અથવા તેવી ચૂંટણી અંગેના વપરાયેલા મતપત્રો અને બીજા દસ્તાવેજો માટે ચૂંટણી પછી જવાબદાર રહેવાની હોય તે વ્યકિત હોદ્દાની રૂએ ફરજ પર છે એમ ગણાશે. પરંતુ ''અધિકારની રૂએની ફરજ''એ શબ્દ પ્રયોગમાં, આ અધિનિયમથી અથવા તે હેઠળ હોય તે સિવાય બીજી રીતે નાંખવામાં આવેલી કોઈપણ ફરજનો સમાવેશ થતો નથી.

(૪) પેટા-કલમ (૨) ના ખંડ (ખ) હેઠળ શિક્ષા થઈ શકે તેવો ગુનો, પોલીસ અધિકારનો ગણાશે.

અમુક ગુનાઓમાં ફરિયાદ.

**૪૩.** કોઈપણ કોર્ટે કલમ ૩૯ હેઠળ અથવા કલમ ૪૦ હેઠળ અથવા કલમ ૪૨ની પેટા-કલમ (૨)ના ખંડ (ક) હેઠળ શિક્ષા થઈ શકે તેવો ગુનો, રાજ્ય ચૂંટણી કમિશનના હુકમથી અથવા તેના અધિકારની રૂએ ફરિયાદ કરવામાં આવી હોય તે સિવાય, વિચારણામાં લેવો નહિ.

## ચૂંટણીના હેતુઓ સારૂ જગ્યાઓનું હંગામી સંપાદન

ચૂંટણીના હેતુઓ સારૂ જગાઓ, વાહનો વગેરેનું હંગામી સંપાદન.

**૪૪.** (૧) રાજ્ય સરકારે (આ અધિનિયમ હેઠળની ચૂંટણીના સંચાલન માટે) આ અર્થે અધિકૃત અધિકારીને (જેનો આમાં હવે પછી, ''હંગામી સંપાદન અધિકારી'' તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે તેને) એમ જણાય કે આ અધિનિયમ હેઠળની ચૂંટણીના સંબંધમાં,–

(ક) મતદાનમથક તરીકે ઉપયોગ કરવા સારૂ અથવા મત લેવાઈ ગયા પછી મતપેટીઓ રાખવા સારૂ કોઈ જગાની જરૂર છે અથવા પડવાનો સંભવ છે, અથવા

(ખ) કોઈ વાહન, જલયાન અથવા પશુનો કોઈ મતદાન મથકે અથવા મતદાન મથકથી મતપેટીઓ લાવવા લઈ જવાના અથવા એવી ચૂંટણી ચાલતી હોય તે દરમિયાન વ્યવસ્થા જાળવવા માટે પોલીસ દળની વ્યકિતઓને લાવવા લઈ જવાના અથવા એવી ચૂંટણીના સંબંધમાં કોઈપણ ફરજ બજાવવા માટે કોઈ અધિકારી અથવા બીજી વ્યકિતને લાવવા લઈ જવાના હેતુઓ સારૂ જરૂર છે અથવા જરૂર પડવાનો સંભવ છે,

તો હંગામી સંપાદન અધિકારી, લેખિત હુકમ દ્વારા એવી જગાનું અથવા યથાપ્રસંગ, એવા વાહન, જલયાન અથવા પશુનું હંગામી સંપાદન કરી શકશે અને હંગામી સંપાદન કરવાના સંબંધમાં તેને જરૂરી અથવા ઈષ્ટ જણાય તેવા વધુ હુકમો કરી શકશેઃ

પરંતુ જે કોઈ વાહન, જલયાન અથવા પશુનો ઉપયોગ, કોઈ ઉમેદવાર અથવા તેનો એજન્ટ એવા ઉમેદવારની ચૂંટણી સાથે સંબંધ ધરાવતા કોઈ હેતુ સારૂ કાયદેસર રીતે કરતો હોય તે વાહન, જલયાન અથવા પશુનું હંગામી સંપાદન, તેવી ચૂંટણી વખતે મતદાન પૂરું ન થાય ત્યાં સુધી, આ પેટા-કલમ હેઠળ કરી શકાશે નહિ.

(૨) આવું હંગામી સંપાદન, હંગામી સંપાદન અધિકારી જેમને મિલકતનો માલિક અથવા કબજેદાર ગણતો હોય તેવી વ્યકિતઓના નામના લેખિત હુકમથી કરવામાં આવશે, અને એવો હુકમ જેના નામનો કાઢવામાં આવ્યો હોય તે વ્યકિત ઉપર આ અધિનિયમ હેઠળ રાજ્ય સરકારે કરેલા નિયમોથી ઠરાવેલી રીતે તે બજાવવામાં આવશે.

(૩) પેટા-કલમ (૧) હેઠળ કોઈ મિલકતનું હંગામી સંપાદન કરવામાં આવે, ત્યારે તેવા હંગામી સંપાદનની મુદત, તે પેટા-કલમમાં જણાવેલા કોઈ હેતુ સારૂ જે મુદત માટે આવી મિલકતની જરૂર હોય તે મુદત કરતાં વધારે હોવી જોઈએ નહિ.

(૪) આ કલમમાં,–

(ક) ''જગા'' એટલે કોઈપણ જમીન, મકાન અથવા મકાનનો ભાગ અને તેમાં ઝૂંપડી, છાપરાં અથવા બીજા બાંધકામનો અથવા તેના કોઈપણ ભાગનો સમાવેશ થાય છે.

(ખ) ''વાહન'' એટલે યાંત્રિક શકિતથી ચાલતું હોય અથવા બીજી રીતે ચાલતું હોય તેવું માર્ગ વાહન વ્યવહારના હેતુ સારું વપરાતું અથવા વાપરી શકાય એવું કોઈ વાહન.

વળતર આપવા બાબત.

**૪૫.** (૧) કલમ ૪૪ અનુસાર હંગામી સંપાદન અધિકારી કોઈ જગાનું હંગામી સંપાદન કરે, ત્યારે પંચાયતે હિતસંબંધ ધરાવતી વ્યકિતઓને વળતર આપવું અને હંગામી સંપાદન અધિકારીએ, નીચેની બાબતો ધ્યાનમાં લઈને, નીચેની રકમ નક્કી કરવી, એટલે કે–

(૧) તે જગાના સબંધમાં ભરવાનું ભાડું અથવા તેવું કોઈ ભાડું ભરવાનું ન હોય, તો તે લત્તામાં આવેલી તેવી જગા માટે ભરવાનું ભાડું;

(૨) જગાનું હંગામી સંપાદન કરવાના પરિણામે હિતસંબંધ ધરાવતી વ્યક્તિને પોતાના નિવાસ અથવા ધંધાની જગા ફેરવવાની ફરજ પડે તો તેવા ફેરફારને આનુષાંગિક વાજબી ખર્ચ હોય તો તે:

પરંતુ તેવી રીતે નક્કી કરેલી વળતરની રકમથી નારાજ થયેલી કોઈપણ હિતસંબંધ ધરાવતી વ્યક્તિ, આ બાબત લવાદને સોંપવા માટે હંગામી સંપાદન કરનાર અધિકારીને રાજ્ય સરકારે કરેલા નિયમોથી ઠરાવેલા વખતની અંદર અરજી કરે, ત્યારે આપવાના વળતરની રકમ, આ અર્થે હું હંગામી સંપાદન અધિકારીએ નીમેલા લવાદ જેટલી નક્કી કરે તેટલી હોવી જોઈએ:

વધુમાં, વળતરની રકમ મેળવવાના ઈલાખા બાબત અથવા વળતરની રકમની ફાળવણી બાબત કોઈ તકરાર હોય, ત્યારે તે તકરાર આ અર્થે હંગામી સંપાદન અધિકારીએ નીમેલા લવાદને નિર્ણય કરવા માટે હંગામી સંપાદન અધિકારીએ મોકલી આપવી અને તેવા લવાદના નિર્ણય અનુસાર ને નક્કી કરવી.

**સ્પષ્ટીકરણ.**—આ પેટા-કલમમાં ''હિતસંબંધ ધરાવતી વ્યક્તિ''એ શબ્દોનો અર્થ જે વ્યક્તિ હંગામી સંપાદનની તરત જ પહેલાં કલમ ૪૪ હેઠળ હંગામી સંપાદન કરેલ જગાનો ખરેખરો કબજો ધરાવતી હોય તે વ્યક્તિ એવો થાય છે, અથવા જ્યારે કોઈ વ્યક્તિ આવો ખરેખરો કબજો ધરાવતી ન હોય, ત્યારે આવી જગાનો માલિક, એવો થાય.

(૨) કલમ ૪૪ અનુસાર, હંગામી સંપાદન કરનાર અધિકારી કોઈ વાહન, જલયાન અથવા પશુનું હંગામી સંપાદન કરે, ત્યારે પંચાયતે તેના માલિકને વળતર આપવું જોઈશે અને એવી વળતરની રકમ, તેવા વાહન, જલયાન અથવા પશુને ભાડે લેવા માટે તે લત્તામાં જે ભાડાં અથવા દરો પ્રવર્તતા હોય તે ભાડાં અથવા દરોના ધોરણે હંગામી સંપાદન અધિકારીએ નક્કી કરવા જોઈશે:

પરંતુ તેવી રીતે નક્કી કરેલી વળતરની રકમ નારાજ થયેલો તેવા વાહન, જલયાન અથવા પશુનો માલિક આ બાબત લવાદને સોંપવા માટે હંગામી સંપાદન અધિકારીને રાજ્ય સરકારે કરેલા નિયમોથી ઠરાવેલા સમયની અંદર અરજી કરે ત્યારે આપવાની વળતરની રકમ, આ અર્થે હંગામી સંપાદન અધિકારીએ નીમેલા લવાદ જેટલી નક્કી કરે તેટલી હોવી જોઈએ:

વધુમાં, હંગામી સંપાદનની તરત જ પહેલા વાહન અથવા જલયાન, ભાડાં ખરીદીના કરારની રૂએ માલિક સિવાયની બીજી વ્યક્તિના કબજામાં હોય, ત્યારે હંગામી સંપાદનના સંબંધમાં આ પેટા-કલમ હેઠળ કુલ વળતર તરીકે આપવાની નક્કી થયેલી રકમની ફાળવણી તે વ્યક્તિ અને તે માલિક કબૂલ થાય તેવી રીતે તેમની વચ્ચે કરવી અને કબૂલાતના અભાવે, હંગામી સંપાદન અધિકારીએ આ અર્થે નીમેલા લવાદ નક્કી કરે તેવી રીતે કરવી જોઈશે.

**૪૬.** હંગામી સંપાદન અધિકારી, કલમ ૪૪ હેઠળ કોઈપણ મિલકતનું હંગામી સંપાદન કરવાના હેતુથી અથવા કલમ ૪૫ હેઠળ આપવાનું વળતર નક્કી કરવાના હેતુથી હુકમ કરીને, કોઈપણ વ્યક્તિને આવી મિલકતને લગતી, હુકમમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવી તેના કબજામાંની માહિતી, હુકમમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવા સત્તાધિકારીને પૂરી પાડવાનું ફરમાવી શકશે. માહિતી મેળવવાની સત્તા.

**૪૭.** (૧) હંગામી સંપાદન અધિકારીએ આ અર્થે અધિકૃત કરેલી કોઈપણ વ્યક્તિ, કોઈપણ જગા, વાહન, જલયાન અથવા પશુ સંબંધી કલમ ૪૪ હેઠળ હુકમ કરવો કે કેમ અને જો કરવો તો કઈ રીતે તે નક્કી કરવાના હેતુ સારૂ અથવા તે કલમ હેઠળ કરેલ કોઈપણ હુકમનું પાલન થાય તેમ કરવાના હેતુથી આવી જ જગામાં દાખલ થઈ શકશે અને આવી જગા તથા તેમાંના કોઈપણ વાહન, જલયાન અથવા પશુનું નિરીક્ષણ કરી શકશે. જગા વગેરેમાં દાખલ થવાની તથા તેનું નિરીક્ષણ કરવાની સત્તા.

(૨) આ કલમમાં ''જગા'' અને ''વાહન'' એ શબ્દપ્રયોગોનો અર્થ કલમ ૪૪માં કરવામાં આવ્યો છે તે જ થાય છે.

**૪૮.** (૧) કલમ ૪૪ હેઠળ કરેલા કોઈપણ હુકમનું ઉલ્લંઘન કરીને, કોઈપણ હંગામી સંપાદન કરેલ જગાનો કબજો ચાલુ રાખનાર કોઈપણ વ્યક્તિ પાસેથી હંગામી સંપાદન અધિકારીએ, આ અર્થે સત્તા આપેલ કોઈપણ અધિકારી, તે જગ્યા સંક્ષિપ્ત રીતે ખાલી કરાવી શકશે. હંગામી સંપાદન કરેલ જગા ખાલી કરાવવા બાબત.

(૨) એવી રીતે સત્તા આપેલ કોઈપણ અધિકારી જાહેરમાં આવતી ન હોય તેવી કોઈપણ સ્ત્રીને નીકળી જવાની વાજબી ચેતવણી અને સગવડ આપ્યા પછી, કોઈપણ તાળુ અથવા સાંકળ કાઢી નાખી શકશે અથવા ખોલી શકશે અથવા કોઈ મકાનનું કોઈપણ બારણું તોડીને ઉઘાડી શકશે અથવા આવી રીતે ખાલી કરાવવા માટે જરૂરી હોય એવું બીજું કોઈપણ કૃત્ય કરી શકશે.

હંગામી સંપાદનમાંથી જગા છૂટી કરવા બાબત.

**૪૯.** (૧) કલમ ૪૪ હેઠળ હંગામી સંપાદન કરેલી જગાને હંગામી સંપાદનમાંથી છૂટી કરવાની હોય, ત્યારે જગાનું હંગામી સંપાદન કરવામાં આવ્યું હોય તે વખતે, જે વ્યક્તિ પાસેથી તેનો કબજો લેવામાં આવ્યો હોય તે વ્યક્તિને અથવા આવી વ્યક્તિ ન હોય, તો હંગામી સંપાદન અધિકારીએ જેને આવી જગાના માલિક તરીકે ગણી હોય તે વ્યક્તિને તેનો કબજો સોંપવા અને આવો કબજો આ રીતે સોંપવાથી હંગામી સંપાદન અધિકારી આ રીતે કબજો સોંપવાના સંબંધમાં, સઘળી જવાબદારીમાંથી સંપૂર્ણપણે મુકત થશે, પણ તેનાથી આ રીતે જગાનો કબજો જે વ્યક્તિને સોંપી દેવામાં આવે તે વ્યક્તિની વિરુદ્ધ જગાના સંબંધમાં, કાયદા અનુસાર જેનો અમલ કરાવવાનો બીજી કોઈ વ્યક્તિને હક હોય તેવા તેના હકોને બાધ આવશે નહિ.

(૨) કલમ ૪૪ હેઠળ હંગામી સંપાદન કરેલી જગાનો કબજો પેટા-કલમ (૧) હેઠળ જે વ્યક્તિને આપવાનો હોય તે વ્યક્તિ મળી શકે નહિ અથવા તે કઈ વ્યક્તિ છે તે નિશ્ચિત રૂપમાં સત્વરે જાણી શકાય તેમ ન હોય અથવા તેના વતી જમીનોનો કબજો સ્વીકારવાને સત્તા આપેલો એજન્ટ અથવા બીજી કોઈ વ્યક્તિ ન હોય ત્યારે, હંગામી સંપાદન અધિકારીએ આવી જગા હંગામી સંપાદનમાંથી છૂટી કરવામાં આવી છે એવું જાહેર કરતી એક નોટિસ એવી જગામાં સહેલાઈથી દેખાઈ આવે એવા ભાગ ઉપર ચોંટાડવી તથા તે નોટિસ રાજપત્રમાં પ્રસિદ્ધ કરવી.

(૩) પેટા-કલમ (૨)માં ઉલ્લેખેલી નોટિસ, રાજપત્રમાં પ્રસિદ્ધ કરવામાં આવે ત્યારે, એવી નોટિસમાં નિર્દિષ્ટ કરેલી જગા, આવી રીતે નોટિસ પ્રસિદ્ધ થયાની તારીખે અને તે તારીખથી હંગામી સંપાદનને પાત્ર હોતી બંધ થશે અને તેનો કબજો મેળવવાની જે વ્યક્તિને હક હોય તેને તે સોંપી દેવામાં આવી છે તેમ ગણાશે; અને આવી જગાના સંબંધમાં હંગામી સંપાદન અધિકારી અથવા પંચાયત કોઈપણ વળતર અથવા બીજા દાવા માટે સદરહુ તારીખ પછી કોઈપણ મુદત માટે જવાબદાર રહેશે નહિ.

હંગામી સંપાદનને લગતા કોઈ હુકમનું ઉલ્લંઘન કરવા બદલ શિક્ષા.

**૫૦.** જો કોઈ વ્યક્તિ, કલમ ૪૪ હેઠળ અથવા કલમ ૪૬ હેઠળ કરેલા કોઈપણ હુકમનું ઉલ્લંઘન કરે, તેને ગુનો સાબિત થયેથી એક વર્ષની મુદત સુધીની કેદની અથવા દંડની અથવા તે બંને શિક્ષા થશે.

## પ્રકરણ-૪ થું

### પંચાયતોનું અધ્યક્ષસ્થાન લેનાર અધિકારીઓ અને પંચાયતોના સભ્યોને લગતી જોગવાઇઓ.

### ભાગ-૧

### ગ્રામ પંચાયતો


૫૧ પંચાયતની પહેલી બેઠક અને સરપંચ અને ઉપ સરપંચની ચૂંટણી

૫૨ નિવૃત્ત થતા સરપંચ વગેરેના હોદ્દાનો ચાર્જ સોંપવાની ફરજ.

૫૩ ગામ પંચાયતના સભ્યોની અને તેના સરપંચ વગેરેના હોદ્દાની મુદ્દત.

૫૪ સભ્યો, સરપંચ, ઉપસરપંચનું રાજીનામું.

૫૫ સરપંચ, ઉપરસરપંચના કારોબારી કાર્યો.

૫૬ અવિશ્વાસનો પ્રસ્તાવ

૫૭ હોદ્દા પરથી દૂર કરવા બાબત.

૫૮ ગેરહાજર રહેવાની રજા.

૫૯ સરપંચ અને ઉપસરપંચને હોદ્દા પરથી મોકૂફ કરવા બાબત.

૬૦ અમુક સભ્યોની ફરીથી ચૂંટાવા માટે પાત્રતા

૬૧ ખાલી જગાઓ ભરવા બાબત.

૬૨ પંચાયત અને સમિતિનાં કાર્યો અને કાર્યવાહીઓ તેના સભ્યોની ગેરલાયકાતો વગેરેથી દૂષિત નહિ થવા બાબત.


### ભાગ-૨

### તાલુકા પંચાયતો


૬૩ પંચાયતની પહેલી બેઠક અને પ્રમુખ તથા ઉપ પ્રમુખની ચૂંટણી.

૬૪ નિવૃત્ત થતા પ્રમુખ વગેરેના હોદ્દાનો ચાર્જ સોંપવાની ફરજ.

૬૫ પ્રમુખને તથા ઉપપ્રમુખને માનદ્ વેતન, ભથ્થાં વગેરે અને સભ્યોને મુસાફરી ભથ્થું આપવા બાબત.

૬૬ રજા કે ગેરહાજરી દરમ્યાન પ્રમુખને માનદ્ વેતન આપવા બાબત.

૬૭ સભ્યો, પ્રમુખ તથા ઉપ પ્રમુખને માનદ્ વેતન આપવા બાબત.

૬૮ રાજીનામું.

૬૯ પ્રમુખ અને ઉપપ્રમુખના સત્તા અને કાર્યો.

૭૦ અવિશ્વાસનો પ્રસ્તાવ.

૭૧ હોદ્દા પરથી દૂર કરવા બાબત.
૭૨ ગેરહાજર રહેવાની રજા.
૭૩ પ્રમુખ અથવા ઉપપ્રમુખને હોદ્દા પરથી મોકૂફ કરવા બાબત.
૭૪ અમુક સભ્યોની ફરીથી ચૂંટાવા માટે પાત્રતા.
૭૫ ખાલી જગ્યાઓ ભરવા બાબત.
૭૬ પંચાયતના અને સમિતિનાં કાર્યો અને કાર્યવાહીઓ, તેના સભ્યોની ગેરલાયકાતો, વગેરેથી દૂષિત નહિ થવા બાબત.

ભાગ-૩

જિલ્લા પંચાયતો

૭૭ જિલ્લા પંચાયતની પહેલી બેઠક અને પ્રમુખ તથા ઉપપ્રમુખની ચૂંટણી
૭૮ નિવૃત્ત થતા પ્રમુખ વગેરેની ચાર્જ સોંપવાની ફરજ.
૭૯ પ્રમુખ અને ઉપપ્રમુખને માનદ્ વેતન અને ભથ્થાં વગેરે આપવા બાબત અને સભ્યોને મુસાફરી ભથ્થું આપવા બાબત.
૮૦ રજા કે ગેરહાજરી દરમ્યાન પ્રમુખને માનદ્ વેતન આપવા બાબત અને સભ્યોને મુસાફરી ભથ્થું આપવા બાબત.
૮૧ જિલ્લા પંચાયતના સભ્યોના અને પ્રમુખ તથા ઉપપ્રમુખની હોદ્દાની મુદ્દત
૮૨ રાજીનામું
૮૩ પ્રમુખ અને ઉપપ્રમુખના સત્તા અને કાર્યો.
૮૪ અવિશ્વાસનો પ્રસ્તાવ.
૮૫ હોદ્દા પરથી દૂર કરવા બાબત.
૮૬ ગેરહાજર રહેવાની રજા.
૮૭ પ્રમુખ અથવા ઉપપ્રમુખને હોદ્દા પરથી મોકૂફ કરવા બાબત.
૮૮ અમુક સભ્યોની ફરીથી ચૂંટાવા માટે પાત્રતા.
૮૯ ખાલી જગ્યાઓ ભરવા બાબત.
૯૦ પંચાયતના અને સમિતિનાં કાર્યો અને કાર્યવાહીઓ, તેના સભ્યોની ગેરલાયકાતો, વગેરેથી દૂષિત નહિ થવા બાબત.

## પ્રકરણ ૪થું

## પંચાયતોના અધ્યક્ષસ્થાન લેનાર અધિકારીઓ અને પંચાયતોના સભ્યોને લગતી જોગવાઈઓ

### ભાગ-૧

### ગ્રામ પંચાયતો

પંચાયતની પહેલી બેઠક અને સરપંચ અને ઉપસરપંચની ચૂંટણી.

**૫૧.** (૧) ગ્રામ પંચાયતની રચના કરવામાં આવ્યે અથવા કલમ ૧૩ હેઠળ અથવા આ અધિનિયમની બીજી કોઈ જોગવાઈ હેઠળ તેની પુનઃરચના કરવામાં આવ્યે, પંચાયતના સભ્યોમાંથી, ઉપસરપંચની ચૂંટણી કરવા માટે તેની પહેલી બેઠક બોલાવવાની રહેશે.

(૨) (ક) રાજ્યમાં ગામ પંચાયતના સરપંચનો હોદ્દો રાજ્ય સરકારે, અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓ માટે અનામત રાખવો જોઈશે અને તેવી રીતે અનામત રાખેલ રાજ્યમાં ગ્રામ પંચાયતના સરપંચના હોદ્દાની સંખ્યાનું, રાજ્યમાં ગામ પંચાયતના સરપંચના હોદ્દાની કુલ સંખ્યા જોડેનું પ્રમાણ, શક્ય હોય ત્યાં સુધી, રાજ્યમાં અનુસૂચિત જાતિની અથવા રાજ્યમાં અનુસૂચિત આદિજાતિની વસ્તીનું પ્રમાણ, રાજ્યની કુલ વસ્તી જોડે જેટલું હોય તેટલું રહેશે. રાજ્યમાંની ગ્રામ પંચાયતના સરપંચના હોદ્દાના દસ ટકા હોદ્દા, રાજ્ય સરકારે, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો માટે અનામત રાખવા જોઈશે.

(ખ) (૧) ખંડ (ક) હેઠળ અનામત રાખેલી રાજ્યમાંની ગ્રામ પંચાયતના સરપંચના હોદ્દાની કુલ સંખ્યાના એક તૃતિયાંશ હોદ્દા, અને

(૨) એવી રીતે અનામત રાખેલ ન હોય તેવી રાજ્યમાં ગ્રામ પંચાયતના સરપંચના હોદ્દાની કુલ સખ્યાના એક તૃતિયાંશ હોદ્દા,

રાજ્ય સરકારે, સ્ત્રીઓ માટે અનામત રાખવા જોઈશે.

(૩) પેટા-કલમ (૨) હેઠળ અનામત રાખેલ હોદ્દાની સંખ્યા રાજ્ય સરકારે, રાજ્યમાંની જુદી જુદી ગ્રામ પંચાયતને ઠરાવેલી રીતે વારા ફરતી ફાળવવી જોઈશે.

(૪) જે તારીખે સામાન્ય ચૂંટણીમાં ચૂંટાયેલા સભ્યોના નામો, કલમ ૬૫ હેઠળ પ્રસિધ્ધ કરવામાં આવે તે તારીખથી ચાર અઠવાડિયાની અંદર, યોગ્ય સત્તાધિકારી ઠરાવે તેવી તારીખે બેઠક ભરવી જોઇશે :

પરંતુ ઉપર્યુક્ત ચાર અઠવાડિયાની મુદતની અંદર કોઇ તારીખ ઠરાવવામાં ન આવે તો, યોગ્ય સત્તાધિકારીએ, રાજ્ય સરકારને અથવા રાજ્ય સરકારે અધિકૃત કરેલ અધિકારી અથવા સત્તાધિકારીને સદરહુ હકીકત જણાવવી અને રાજ્ય સરકાર અથવા, યથાપ્રસંગ, સદરહુ અધિકારી અથવા સત્તાધિકારી નિર્દિષ્ટ કરે તેવી તારીખે બેઠક ભરવી જોઇએ.

(૫) ગ્રામ પંચાયતની બાબતમાં, સરપંચની ચૂંટણી થાય નહિ ત્યારે અથવા ચૂંટાયેલ સરપંચ હોદ્દો લેવા માંગતો ન હોય ત્યારે, આવી ગ્રામ પંચાયતની પહેલી બેઠકનું અધ્યક્ષસ્થાન યોગ્ય સત્તાધિકારી આ અર્થે હુકમ કરીને, નીમે તેવા અધિકારી લેશે એવા અધિકારીને ઠરાવવામાં આવે તે સત્તા રહેશે અને તેવી કાર્યરીતિને તે અનુસરશે, પણ તેમને મત આપવાનો હક રહેશે નહિ.

(૬) ગ્રામ પંચાયતની પહેલી બેઠકમાં, ઉપસરપંચની ચૂંટણી સિવાયનું બીજું કશું કામકાજ કરી શકાશે નહિ.

(૭) આ કલમ હેઠળની ચૂંટણીમાં મતો સરખા પડે તો ચૂંટણીનું પરિણામ, અધ્યક્ષસ્થાન લેનાર અધિકારીની હાજરીમાં, તે નક્કી કરે તેવી રીતે ચિઠ્ઠી નાંખીને નક્કી કરવામાં આવશે.

(૮) આ કલમની પૂર્વવર્તી જોગવાઇઓ હેઠળ ચૂંટણીના કાયદેસરપણા બાબત તકરાર ઉપસ્થિત થાય તે પ્રસંગે તે તકરાર ચૂંટણીના પરિણામની જાહેરાતની તારીખથી ત્રીસ દિવસની મુદતની અંદર યોગ્ય સત્તાધિકારીને નિર્ણય માટે મોકલવી જોઇશે. યોગ્ય સત્તાધિકારીનો નિર્ણય છેવટનો ગણાશે અને એવા કોઇ નિર્ણયના સંબંધમાં કોઇ દાવો અથવા બીજી કાર્યવાહી કોઇ કોર્ટમાં થઇ શકશે નહિ.

**નિવૃત્ત થતા સરપંચ વગેરેના હોદ્દાનો ચાર્જ સોંપવાની ફરજ.**

**૫૨.** (૧) નવા સરપંચ કે ઉપસરપંચની ચૂંટણી થયેથી, નિવૃત્ત થતાં સરપંચ અથવા યથાપ્રસંગ, ઉપસરપંચની ફરજ રહેશે કે તેણે પોતાના હોદ્દાનો ચાર્જ તેને સોંપી દેવો અને પંચાયતની માલિકીના અને પોતાના હવાલામાંના દફતર અને મિલકત તેને સોંપી દેવા.

(૨) પેટા-કલમ (૧) ની જોગવાઇઓ, નિવૃત્ત થતાં સભ્યને તેના હોદ્દાનો ચાર્જ સોંપવાની બાબતમાં, જરૂરી ફેરફાર સાથે લાગુ પડશે.

**ગ્રામ પંચાયતના સભ્યોની અને તેના સરપંચ, વગેરેના હોદ્દાની મુદત.**

**૫૩.** આ અધિનિયમમાં બીજી રીતે ઠરાવ્યું ન હોય તો

(ક) ગ્રામ પંચાયતના સભ્યોના હોદ્દાની મુદત,

(ખ) ગ્રામ પંચાયતના સરપંચ તથા ઉપસરપંચના હોદ્દાની મુદત, પંચાયતની મુદત જેટલી રહેશે.

**સભ્યો, સરપંચ અથવા ઉપ-સરપંચનું રાજીનામું.**

**૫૪.** (૧) (ક) સરપંચ યોગ્ય સત્તાધિકારીને લેખિત રાજીનામું આપીને પોતાના હોદ્દાનું રાજીનામું આપી શકશે પણ યોગ્ય સત્તાધિકારી રાજીનામું સ્વીકારે નહિ ત્યાં સુધી, અમલમાં આવશે નહિ.

(ખ) ઉપસરપંચ, પંચાયતને લેખિત રાજીનામું આપીને પોતાના હોદ્દાનું રાજીનામું આપી શકશે, પણ પંચાયત રાજીનામું સ્વીકારે નહિ ત્યાં સુધી અમલમાં આવશે નહિ.

(૨) પંચાયતનો બીજો કોઇ સભ્ય, સરપંચને રાજીનામું આપીને પોતાના હોદ્દા પરથી રાજીનામું આપી શકશે અને એવું રાજીનામું , સરપંચ જે તારીખે સ્વીકારે તે તારીખથી અમલમાં આવશે.

(૩) કોઇ રાજીનામા અંગે કોઇ તકરાર ઉપસ્થિત થાય તો, રાજ્ય સરકાર, સામાન્ય કે ખાસ હુકમથી, તે અર્થે નીમે તેવા અધિકારીને નિર્ણય માટે એ તકરાર લખી મોકલવી પડશે અને અધિકારીનો નિર્ણય આખરી ગણાશે :

પરંતુ રાજીનામુ અમલમાં આવ્યાની તારીખથી ત્રીસ દિવસની મુદત પૂરી થયા પછી, એવી કોઇ તકરાર સ્વીકારી શકાશે નહીં.

**સરપંચ, અથવા ઉપસરપંચના કારોબારી કાર્યો.**

**૫૫.** (૧) આ અધિનિયમની રૂએ અથવા તે હેઠળ સ્પષ્ટપણે અન્યથા ઠરાવ્યું ન હોય, તો આ અધિનિયમની જોગવાઇઓ તથા ગ્રામ પંચાયતે પસાર કરેલા ઠરાવો અમલમાં લાવવાના હેતુ સારૂં કારોબારી સત્તા ગ્રામ પંચાયતના સરપંચને પ્રાપ્ત થશે, જેઓ આ અધિનિયમથી અથવા તે હેઠળ પંચાયતની ઉપર નાંખેલી ફરજો યોગ્ય રીતે બજાવવા સારૂં પ્રત્યક્ષ રીતે જવાબદાર રહેશે. સરપંચની ગેરહાજરીમાં ઉપસરપંચ, નિયમોથી બીજી રીતે ઠરાવવામાં આવે તે સિવાય, તેની સત્તા વાપરશે તથા તેની ફરજો બજાવશે.

(૨) પૂર્વવર્તી જોગવાઇઓની સામાન્યતાને બાધ આવ્યા સિવાય--

(ક) સરપંચે--

(૧) પંચાયતની બેઠકોનું અધ્યક્ષસ્થાન લેવું અને તેનું નિયમન કરવું જોઇશે;

(૨) પંચાયતના સઘળા અધિકારીઓ અને નોકરોએ કરેલાં કાર્યો અને લીધેલાં પગલાં ઉપર દેખરેખ રાખવી અને તેનું નિયંત્રણ કરવું જોઇશે;

(૩) કોઇપણ એક પ્રસંગે પચાસ રૂપિયા સુધીનો આકસ્મિક ખર્ચ કરી શકશે;

(૪) નાણાં આપવાનો અધિકાર આપવા, ચેક લખી આપવા અને રિફંડ આપવા સહિત, પંચાયતના ફંડનો વહીવટ ચલાવવો જોઇશે;

(૫) પંચાયતના ફંડની સલામત કસ્ટડી માટે જવાબદાર રહેવું જોઇશે;

(૬) આ અધિનિયમથી અથવા તે હેઠળ જરૂરી સઘળાં પત્રકો અને રિપોર્ટો તૈયાર રખાવવા જોઇશે;

(૭) આ અધિનિયમથી અથવા તે હેઠળ કરેલા નિયમોથી તેને સોંપવામાં આવે અથવા તેના ઉપર નાંખવામાં આવે તેવી બીજી સત્તા વાપરવી અને તેવાં બીજા કાર્યો બજાવવાં જોઇશે.

(ખ) ઉપસરપંચે,--

(૧) સરપંચની ગેરહાજરીમાં, પંચાયતની બેઠકોનું અધ્યક્ષસ્થાન લેવું અને તેનું નિયમન કરવું જોઇશે;

(૨) સરપંચ, વખતોવખત તેમને સોંપે તેવી સરપંચની સત્તા વાપરવી અને તેવી તેમની ફરજો બજાવવી જોઇશે;

(૩) પંદર દિવસથી વધારે મુદત માટે ગામમાંથી સરપંચ સતત ગેરહાજર હોય અથવા સરપંચ અશક્ત થયો હોય તેવા દાખલામાં, સરપંચની સત્તા વાપરવી અને તેની ફરજો બજાવવી જોઇશે.

(૩) સરપંચ અને ઉપસરપંચ, એ બન્નેની ગેરહાજરીમાં, તે પ્રસંગ માટે અધ્યક્ષ તરીકે બેઠક પસંદ કરે તેવા હાજર રહેલા સભ્યો પૈકી કોઇપણ એક સભ્યે પંચાયતની દરેક બેઠકનું અધ્યક્ષસ્થાન લેવું જોઇશે;

(૪) પેટા-કલમ (૨) ના ખંડ (ઘ) માં ગમે તે મજકૂર હોય તે છતાં, સરપંચની અને યથાપ્રસંગ, પંચાયતે તે અર્થે અધિકાર આપેલા પંચાયતના બીજા બે સભ્યો પૈકી કોઇપણ એક સભ્યની સહી સિવાય, પંચાયતના ફંડમાંથી કંઇપણ નાણાં ઉપાડી શકાશે નહિ.

અવિશ્વાસનો પ્રસ્તાવ.

**૫૬.** (૧) સરપંચ અથવા ઉપસરપંચ સામે અવિશ્વાસનો પ્રસ્તાવ રજુ કરવા માંગતો કોઇ સભ્ય, સંબંધિત પંચાયતને, ઠરાવેલા નમૂનામાં તેની નોટિસ આપી શકશે. જો તે નોટિસને સંબંધિત પંચાયતના કુલ સંખ્યાના સભ્યોની બધી સંખ્યાના સભ્યોએ ટેકો આપ્યો હોય, તો તે પ્રસ્તાવ રજુ કરી શકાશે.

(૨) સરપંચની અથવા યથાપ્રસંગ, ઉપસરપંચની બાબતમાં, પ્રસ્તાવ, પંચાયતના સભ્યોની કુલ સંખ્યાના બે તૃતિયાંશથી ઓછી ન હોય તેટલી બહુમતીથી પસાર કરવામાં આવ્યો હોય ત્યારે, સરપંચે અથવા યથાપ્રસંગ, ઉપ-સરપંચે રાજીનામું આપ્યું હોય અને રાજીનામું વહેલું અમલમાં આવ્યું હોય તે સિવાય, પ્રસ્તાવ પસાર કર્યાની તારીખથી ત્રણ દિવસની મુદત પછી તે હોદ્દો ધરાવતા બંધ થશે; અને તેમ થયે, તેમણે ધરાવેલો હોદ્દો, ખાલી થયેલો છે એમ ગણાશે.

(૩) આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમોમાં ગમે તે મજકૂર હોય તે છતાં, સરપંચ અથવા યથાપ્રસંગ, ઉપસરપંચ જે બેઠકમાં તેમની વિરુધ્ધ અવિશ્વાસનો પ્રસ્તાવ ચર્ચવામાં આવે તે બેઠકનું અધ્યક્ષસ્થાન લેવું નહિ; પણ તેમને બોલવાનો અથવા (મત આપવાના હક સહિત) બીજી રીતે આવી બેઠકની કાર્યવાહીમાં ભાગ લેવાનો હક રહેશે.

(૪) સરપંચ અને ઉપસરપંચ, બન્નેના હોદ્દા એક સાથે ખાલી પડે, ત્યારે તાલુકા વિકાસ અધિકારી આ માટે અધિકૃત કરે તે અધિકારી, અને સરપંચની ચૂંટણી થતાં સુધી તમામ સત્તા વાપરશે અને તેમના તમામ કાર્યો અને ફરજો બજાવશે, પણ તેમને પંચાયતની કોઇ બેઠકમાં મત આપવાનો હક રહેશે નહિ.

(૫) (ક) કલમ ૯૧ અથવા ૯૫માં ગમે તે મજકૂર હોય તે છતાં; આ કલમ હેઠળ અવિશ્વાસનો પ્રસ્તાવ હાથ

ધરવા માટે પંચાયતની બેઠક, આવા પ્રસ્તાવની નોટિસ પંચાયતને મળી હોય તે તારીખથી પંદર દિવસની મુદતની અંદર બોલાવવી જોઇશે;

(ખ) સરપંચ આવી બેઠક બોલાવે નહિ, તો પંચાયતના સેક્રેટરીએ તરત જ યોગ્ય સત્તાધિકારીને તે વિષેનો રિપોર્ટ કરવો જોઇશે અને તેમ થયે, યોગ્ય સત્તાધિકારીએ તે રિપોર્ટ મળ્યાની તારીખથી પંદર દિવસની મુદતની અંદર પંચાયતની બેઠક બોલાવવી જોઇશે.

હોદ્દા પરથી દૂર કરવા બાબત.

**૫૭.** (૧) પંચાયતનો કોઇ સભ્ય, સરપંચ અથવા યથાપ્રસંગ ઉપસરપંચ, પોતાની ફરજો બજાવવામાં ગેરવર્તણૂક માટે અથવા શરમજનક વર્તણૂક માટે દોષિત થયો હોય અથવા પોતાની સત્તાનો દુરૂપયોગ કરે અથવા આ અધિનિયમ મુજબ પોતાની ફરજો અને કાર્યો બજાવતી વખતે વારંવાર કસૂર કરે અથવા આ અધિનિયમ મુજબ પોતાની ફરજો બજાવવામાં અસમર્થ થયો હોય તો, યોગ્ય સત્તાધિકારી યથાપ્રસંગ, આવા સભ્યને, સરપંચ અથવા ઉપસરપંચને જે કંઇ કહેવું હોય તે કહેવાની તક આપ્યા પછી અને તે અર્થે પંચાયતને યોગ્ય નોટિસ આપ્યા પછી અને પોતાને જરૂરી જણાય તેવી તપાસ કર્યા પછી, તેને હોદ્દા પરથી દૂર કરી શકશે. તેવી રીતે દૂર કરાયેલા સરપંચ અથવા યથાપ્રસંગ, ઉપસરપંચને યોગ્ય સત્તાધિકારીના સ્વવિવેક અનુસાર પંચાયતના સભ્ય તરીકે પણ દૂર કરી શકાશે.

(૨) જે કોઇ વ્યક્તિઓ, સભ્ય, સરપંચ અથવા ઉપસરપંચ તરીકે પોતાના હોદ્દાનું રાજીનામું આપ્યું હોય અથવા તે બીજી રીતે આવો કોઇ હોદ્દો ધરાવતી બંધ થઇ હોય અને પેટા-કલમ (૧) માં નિર્દિષ્ટ કરેલી ગેરવર્તણૂક બદલ દોષિત થઇ હોય અથવા પોતાની ફરજો બજાવવા અસમર્થ થઇ હોય તે વ્યક્તિને, યોગ્ય સત્તાધિકારી પેટા-કલમ (૧)માં ઠરાવેલી કાર્યરીતિ અનુસર્યા પછી, પાંચ વર્ષ કરતાં વધુ ન હોય તેટલી મુદત સુધી ગેરલાયક ઠરાવી શકશે;

પરંતુ જે તારીખે સદરહુ વ્યક્તિ રાજીનામું આપે અથવા આવો હોદ્દો ધરાવતી બંધ થઇ હોય તે તારીખથી છ મહિનાની અંદર, આ પેટા-કલમ હેઠળ આવું પગલું લેવું જોઇશે.

(૩) પેટા-કલમ (૧) અથવા (૨) હેઠળ યોગ્ય સત્તાધિકારીના હુકમથી નારાજ થયેલ વ્યક્તિ આવા હુકમની જાણ થયાની તારીખથી ત્રીસ દિવસની મુદતની અંદર, રાજ્ય સરકારને અપીલ કરી શકશે.

ગેરહાજર રહેવાની રજા.

**૫૮.** (૧) ગ્રામ પંચાયતના જે કોઇ સભ્ય; પોતાના હોદ્દાની મુદત દરમિયાન--

(ક) પંચાયતે તેને ગેરહાજર રહેવા માટે ચાર મહિનાથી વધુ ન હોય એટલી રજા આપી હોય તે સિવાય, ગામમાંથી લાગલગાટ ત્રણ મહિના કરતાં વધારે વખત માટે ગેરહાજર હોય, અથવા

(ખ) સદરહુ પંચાયતની રજા વગર પંચાયતની બેઠકોમાંથી લાગલગાટ ચાર મહિના સુધી પોતે ગેરહાજર રહ્યો હોય,

તે સભ્ય તરીકે બંધ થશે અને તેની જગા ખાલી પડશે અને તેમ થયે, પંચાયતે તેને જગા ખાલી પડી છે તેવી ખબર જેમ બને તેમ તેને જલ્દી આપવી જોઇશે.

(૨) આ કલમ હેઠળ કોઇ જગા ખાલી પડી છે અથવા ખાલી પડી નથી કે કેમ એ બાબતની કોઇ તકરારના નિર્ણય માટે યોગ્ય સત્તાધિકારીને મોકલી આપવી અને તેનો નિર્ણય છેવટનો ગણાશે:

પરંતુ જે તારીખે પંચાયતે ખાલી પડેલી જગા સંબંધી પેટા-કલમ (૧) હેઠળ સભ્યને જાણ કરી હોય તે તારીખથી પંદર દિવસ પૂરા થયા પછી, આવી બાબત મોકલવામાં આવે, તો તેનો સ્વીકાર કરવો નહિ.

(૩) જે સભ્ય, ઉપસરપંચ હોય તે સભ્યને, પેટા-કલમ (૧) હેઠળ રજા આપવામાં આવી હોય, ત્યારે એવી રીતે ગેરહાજર રહેલાં ઉપસરપંચની જે શરતોથી ચૂંટણી કરવામાં આવી હતી તે શરતોને અધીન રહીને, જે મુદત માટે આવી રજા આપવામાં આવી હોય તે મુદત દરમિયાન ઉપસરપંચની સઘળી ફરજો બજાવવા માટે અને તેની સઘળી સત્તા વાપરવા માટે બીજા સભ્યની ચૂંટણી કરવી જોઇશે.

સરપંચ અને ઉપસરપંચને હોદ્દા પરથી મોકૂફ કરવા બાબત.

**૫૯.** (૧) જિલ્લા વિકાસ અધિકારી, ગ્રામ પંચાયતના જે સરપંચ અથવા ઉપસરપંચ સામે નૈતિક અધઃપતનવાળા કોઇ ગુનાના સંબંધમાં કોઇ ફોજદારી કાર્યવાહી કરવામાં આવી હોય અથવા જેને કોઇ ગુના માટે ઇન્સાફ દરમિયાન જેલમાં અટકમાં રાખવામાં આવ્યો હોય અથવા જે કલમ ૩૦ હેઠળ પંચાયતના સભ્ય તરીકે ચાલુ રહેવા માટે ગેરલાયક ન ઠરાવે તેવી કેદની શિક્ષા ભોગવતો હોય અથવા જેને તે સમયે અમલમાં હોય તેવા નિવારક અટકાયતને લગતા કોઇ કાયદા હેઠળ અટકમાં રાખવામાં આવ્યો હોય તેવા સરપંચ અથવા ઉપસરપંચને હોદ્દા પરથી મોકૂફ કરી શકશે.

(૨) કોઈ સરપંચ અથવા ઉપસરપંચને પેટા-કલમ (૧) હેઠળ હોદ્દા પરથી મોકૂફ રાખવામાં આવ્યો હોય, ત્યારે એવી રીતે હોદ્દા પરથી મોકૂફ રાખવામાં આવેલ સરપંચ અથવા ઉપસરપંચની જે શરતોથી ચૂંટણી કરવામાં આવી હોય તે શરતોને અધીન રહીને, જે મુદત માટે આવી રીતે હોદ્દા પરથી મોકૂફ રાખવાનું ચાલુ હોય તે મુદત દરમિયાન, સરપંચ અથવા ઉપસરપંચની સઘળી ફરજો બજાવવા માટે અને તેની સઘળી સત્તા વાપરવા માટે ગામ પંચાયતના બીજા સભ્યની ચૂંટણી કરવી જોઇશે.

(૩) પેટા-કલમ (૧) હેઠળ પસાર કરેલા હુકમ વિરુધ્ધ રાજ્ય સરકારને અપીલ થઇ શકશે. આવી અપીલ હુકમની તારીખથી ત્રીસ દિવસની મુદતની અંદર કરવી જોઇશે.

**૬૦.** ગામ પંચાયતના જે સભ્યોનો હોદ્દો, કલમ ૩૨ હેઠળ અથવા કલમ ૫૮ હેઠળ ખાલી થયો હોય, તે સભ્યની ગેરલાયકાત અથવા અસમર્થતા બંધ થઇ હોય, તો તે ફરીથી ચૂંટાવાને પાત્ર થશે. **અમુક સભ્યોની ફરીથી ચૂંટાવા માટે પાત્રતા.**

**૬૧.** (૧) પંચાયતના કોઈ સરપંચ અથવા ઉપસરપંચ અથવા સભ્યની જે જગા ખાલી પડી હોય અને જેના માટે જ યોગ્ય સત્તાધિકારીને ઠરાવેલી રીતે નોટિસ આપવામાં આવી હોય, તેવી કોઇ ખાલી જગાઓ, કોઇ સરપંચ,ઉપસરપંચ અથવા યથાપ્રસંગ સભ્યની ચૂંટણી કરીને પૂરવી જોઇશે અને તેવા સરપંચ અથવા ઉપસરપંચે અથવા સભ્યે જે સરપંચ અથવા ઉપસરપંચ અથવા સભ્યની જગામાં તેની ચૂંટણી કરવામાં આવી હોય તે સરપંચ અથવા ઉપસરપંચે અથવા સભ્યે જગા ખાલી પડી ન હોત તો જેટલી મુદત સુધી હોદ્દો ધરાવત, તેટલી જ મુદત સુધી હોદ્દો ધરાવશે: **ખાલી જગાઓ ભરવા બાબત.**

પરંતુ જો કોઇ સભ્યની જગા કલમ ૧૩ હેઠળ પંચાયતની મુદત પૂરી થતી હોય તે તારીખ પહેલાં ચાર મહિનાની અંદર ખાલી પડી હોય, તો તે પૂરવી નહિ.

(૨) પેટા-કલમ (૧) હેઠળ ગામ પંચાયતના સરપંચ અથવા ઉપસરપંચની ચૂંટણી માટેની બેઠક, યોગ્ય સત્તાધિકારી પોતે નક્કી કરે તેવી તારીખે બોલાવવી જોઇશે અને જે રીતે કલમ ૫૧ હેઠળ સરપંચ અથવા ઉપસરપંચની ચૂંટણી કરવામાં આવે તે જ રીતે ચૂંટણી કરવી જોઇશે અને તે કલમની જોગવાઇઓ શક્ય હોય તેટલે, સુધી આવી ચૂંટણીના સંબંધમાં લાગુ પડશે.

**૬૨.** (૧) સભ્ય, સરપંચ અથવા ઉપસરપંચ અથવા આ અધિનિયમ હેઠળ રચાયેલ સમિતિના અધ્યક્ષ અથવા સભ્ય તરીકે કાર્ય કરતી કોઇ પણ વ્યક્તિની ગેરલાયકાતથી અથવા તેની ચૂંટણીમાં કોઇ ખામીથી અથવા પ્રથમ સામાન્ય બેઠકનું અધ્યક્ષસ્થાન લેનાર અધિકારીની નિમણૂકમાંની કોઇ ખામીથી, યથાપ્રસંગ પંચાયતના અથવા આવી કોઇ સમિતિના જે કોઇપણ કાર્ય અથવા કાર્યવાહીમાં આવી વ્યક્તિએ ભાગ લીધો હોય તે કાર્ય અથવા કાર્યવાહીમાં સામેલ હોય તેવી વ્યક્તિઓ પૈકી મોટા ભાગની વ્યક્તિઓને જે જે પ્રસંગે કામ કરવાનો હક હોય તે તે પ્રસંગે દોષિત થાય છે એમ ગણાશે નહિ. **પંચાયતના અને સમિતિના કાર્ય અને કાર્યવાહીઓ તેના સભ્યોની ગેરલાયકાતો વગેરેથી દોષિત નહિ થવા બાબત.**

(૨) પંચાયતનો અથવા આ અધિનિયમ મુજબ નીમેલી સમિતિનો કોઇ ઠરાવ, કોઇપણ સભ્ય પર નોટિસ બજાવવામાં થયેલ કોઇપણ અનિયમસરપણાને લીધે ગેરકાયદેસર થાય છે એમ ગણાશે નહિં, પરંતુ પંચાયત અથવા સમિતિની કાર્યવાહીને અથવા અનિયમસરપણાને લીધે બાધ આવે તે રીતે અસર થયેલી હોવી જોઇશે નહિ.

(૩) વિરૂધ્ધનું સાબિત ન થાય ત્યાં સુધી, પંચાયતની અથવા આ અધિનિયમ હેઠળ રચાયેલી સમિતિની જે કોઇ બેઠકની કાર્યવાહીના સંબંધમાં, આ અધિનિયમ અનુસાર કાર્યનોંધ કરવામાં આવી હોય તેના પર સહી કરવામાં આવી હોય, તે બેઠક યોગ્ય રીતે બોલાવવામાં અને ભરવામાં આવી હતી એમ ગણાશે; અને બેઠકના તમામ સભ્યો, યોગ્ય લાયકાત ધરાવે છે એમ ગણાશે; અને કાર્યવાહી કોઇ સમિતિની કાર્યવાહી હોય ત્યારે, આવી સમિતિ, યોગ્ય રીતે રચવામાં આવી છે અને કાર્યનોંધમાં ઉલ્લેખેલી બાબતોનો નિકાલ કરવાની તેને સત્તા હતી એમ ગણાશે.

(૪) કોઇ પંચાયતમાં અથવા તેની સમિતિમાં કોઇ જગા ખાલી પડી હોય તે દરમિયાન, ચાલુ સભ્યો, જાણે એ જગા ખાલી પડી નથી એ પ્રમાણે કામ કરી શકાશે.

## ભાગ ૨

## તાલુકા પંચાયત

**૬૩.** (૧) તાલુકા પંચાયતની રચના કરવામાં આવે એટલે અથવા કલમ ૧૩ અથવા આ અધિનિયમની બીજી કોઇ જોગવાઇઓ હેઠળ તેની પુર્નરચના કરવામાં આવે એટલે, તેના ચૂંટાયેલા સભ્યોમાંથી પ્રમુખ અથવા ઉપપ્રમુખની ચૂંટણી માટે તેની પહેલી બેઠક બોલાવવી. **પંચાયતની પહેલી બેઠક અને પ્રમુખ તથા ઉપપ્રમુખની ચૂંટણી.**

(૨) (ક) રાજ્યમાં તાલુકા પંચાયતના પ્રમુખનો હોદ્દા, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિઓ માટે રાજ્ય સરકારે અનામત રાખવા જોઇશે અને એવી રીતે અનામત રાખેલ રાજ્યમાંની તાલુકા પંચાયતના પ્રમુખના

હોદ્દાની સંખ્યાનું, રાજ્યમાંની તાલુકા પંચાયતના પ્રમુખના હોદ્દાની કુલ સંખ્યા જોડેનું પ્રમાણ, શક્ય હોય ત્યાં સુધી, રાજ્યમાં અનુસૂચિત જાતિઓ અથવા રાજ્યમાંની અનુસૂચિત આદિજાતિઓની વસતીનું પ્રમાણ, રાજ્યમાંની કુલ વસતી જોડે જેટલું હોય તેટલું રહેશે. રાજ્યમાંની તાલુકા પંચાયતના પ્રમુખના હોદ્દાના દસ ટકા હોદ્દા રાજ્ય સરકારે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો માટે અનામત રાખવા જોઇશે.

(ખ) (૧) ખંડ (ક) હેઠળ અનામત રાખેલ રાજ્યમાંની તાલુકા પંચાયતના પ્રમુખના હોદ્દાની કુલ સંખ્યાના એક તૃતીયાંશ હોદ્દા, અને

(૨) એવી રીતે અનામત રાખેલ ન હોય તો, રાજ્યમાંની તાલુકા પંચાયતના પ્રમુખની હોદ્દાની કુલ સંખ્યાના એક તૃતીયાંશ હોદ્દા,

રાજ્ય સરકારે સ્ત્રીઓ માટે અનામત રાખવા જોઇશે.

(૩) પેટા-કલમ (૨) હેઠળ અનામત રાખેલ હોદ્દાની સંખ્યા, રાજ્યમાં, જુદી જુદી તાલુકા પંચાયતોને ઠરાવેલી રીતે રાજ્ય સરકાર વારાફરતી ફાળવશે.

(૪) સામાન્ય ચૂંટણીમાં ચૂંટાયેલા સભ્યોનાં નામો, કલમ ૧૫ હેઠળ પ્રસિધ્ધ કરવામાં આવે તે તારીખથી ચાર અઠવાડિયાની અંદર, યોગ્ય સત્તાધિકારી નક્કી કરે તેવી તારીખે બેઠક ભરવી જોઇશે:

પરંતુ ઉપર્યુક્ત ચાર અઠવાડિયાની મુદતની અંદર કોઇ તારીખ ઠરાવવામાં ન આવે તો, યોગ્ય સત્તાધિકારીએ રાજ્ય સરકારને અથવા રાજ્ય સરકારે અધિકૃત કરેલા અધિકારી અથવા સત્તાધિકારીને આ હકીકત જણાવવી અને રાજ્ય સરકાર અથવા યથાપ્રસંગ, સદરહુ અધિકારી અથવા સત્તાધિકારી નિર્દિષ્ટ કરે તેવી તારીખે બેઠક ભરવી જોઇશે.

(૫) પ્રથમ બેઠકનું અધ્યક્ષસ્થાન યોગ્ય સત્તાધિકારી હુકમ કરીને તે અર્થે નક્કી કરે તેવા અધિકારીએ લેવું જોઇશે. આવા અધિકારીને ઠરાવેલી સત્તા રહેશે અને તેણે ઠરાવવામાં આવે તેવી કાર્યરીતિને અનુસરવું જોઇશે પણ તેને મત આપવાનો અધિકાર રહેશે નહિ.

(૬) પ્રમુખ તથા ઉપપ્રમુખની ચૂંટણી સિવાયનું કોઇ કામકાજ બેઠકમાં, કરવું નહિ.

(૭) આ કલમ હેઠળની ચૂંટણીમાં મતો સરખા પડે તો, ચૂંટણીનું પરિણામ, અધ્યક્ષસ્થાન લેનાર અધિકારીની હાજરીમાં, તે નક્કી કરે તેવી રીતે ચિઠ્ઠી નાંખીને નક્કી કરવામાં આવશે.

(૮) આ કલમની પૂર્વવર્તી જોગવાઇઓ હેઠળ ચૂંટણીના કાયદેસરપણા બાબત તકરાર પડે ત્યારે, તે તકરાર ચૂંટણીના પરિણામની જાહેરાતની તારીખથી ત્રીસ દિવસની મુદતની અંદર, યોગ્ય સત્તાધિકારીને નિર્ણય માટે મોકલવી જોઇશે. યોગ્ય સત્તાધિકારીનો નિર્ણય છેવટનો ગણાશે અને એવા નિર્ણયના સંબંધમાં કોઇપણ દાવો અથવા બીજી કોઇ કાર્યવાહી કોઇપણ કોર્ટમાં થઇ શકશે નહિ.

**નિવૃત્ત થતા પ્રમુખ વગેરેના હોદ્દાનો ચાર્જ સોંપવાની ફરજ.**

**૬૪.** (૧) નવા પ્રમુખ અથવા ઉપપ્રમુખની ચૂંટણી થયેથી નિવૃત્ત થતા યથાપ્રસંગ, પ્રમુખ કે ઉપપ્રમુખની ફરજ એવી રહેશે કે તેણે, પોતાના હોદ્દાનો ચાર્જ તેને સોંપી દેવો જોઇશે અને પંચાયતની માલિકીનાં અને પોતાની કસ્ટડીમાંના દફતર અને મિલકત તેને સ્વાધીન કરવાં જોઇશે.

(૨) પેટા-કલમ (૧)ની જોગવાઇઓ નિવૃત્ત થતા સભ્યને, તેના હોદ્દાનો ચાર્જ સોંપવાની બાબતમાં જરૂરી ફેરફાર સાથે લાગુ પડશે.

**પ્રમુખને તથા ઉપપ્રમુખને માનદ્વેતન, ભથ્થાં વગેરે અને સભ્યોને મુસાફરી ભથ્થું આપવા બાબત.**

**૬૫.** (૧) આ અધિનિયમની જોગવાઇઓને અધીન રહીને, તાલુકા પંચાયતે તેના પ્રમુખને, ઠરાવવામાં આવે તેટલું માનદ્ વેતન આપવું જોઇશે.

(૨) (ક) પ્રમુખ પોતાના હોદ્દાની સમગ્ર મુદત દરમિયાન અને ત્યાર પછી તરતના પંદર દિવસની મુદત સુધી, પંચાયતના મુખ્ય મથકમાં અથવા રાજ્ય સરકારની પૂર્વમંજૂરીથી તાલુકામાંના બીજા કોઇ સ્થળે આવેલું નિવાસસ્થાન ભાડું આપ્યા સિવાય વાપરવાને અથવા આવાં નિવાસસ્થાનને બદલે, રાજ્ય સરકાર સામાન્ય અથવા ખાસ હુકમથી નક્કી કરે તેવા દરે મકાન ભથ્થું મેળવવાને હકદાર થશે.

(ખ) આ પેટા-કલમ હેઠળ પૂરા પાડેલાં નિવાસસ્થાનના નિભાવના સંબંધમાં, પ્રમુખ પાસેથી અંગત રીતે કોઇપણ ચાર્જ લેવામાં આવશે નહિ.

(૩) પ્રમુખની રજા અથવા ગેરહાજરી દરમિયાન, ઉપપ્રમુખને ઠરાવવામાં આવે તેવાં માનદ્વેતન તથા ભથ્થાં આપવામાં આવશે નહિ.

(૪) પંચાયતના પ્રમુખ, ઉપપ્રમુખ અને સભ્યો સરકારી કામકાજ માટે પ્રવાસ કરતા હોય,ત્યારે તેઓ ભવિષ્ય લક્ષી અથવા પાછલી તારીખથી કરેલા નિયમો દ્વારા નક્કી કરવામાં આવે તેવા દરે અને તેવી શરતોએ મુસાફરી ભથ્થું મેળવવાને હક્કદાર થશે.

રજા કે ગેરહાજરી દરમિયાન, પ્રમુખને માનદ્‌વેતન આપવા બાબત.

**૬૬.** (૧) પેટા-કલમ (૨)ની જોગવાઇઓને અધીન રહીને, જ્યારે કોઇ તાલુકા પંચાયતના પ્રમુખ પંદર દિવસ કરતાં વધારે મુદત માટે સતત ગેરહાજર રહે અથવા રજા ઉપર હોય, ત્યારે તેઓ એવી મુદત માટે કલમ ૬૫ની પેટા-કલમ (૧) હેઠળ કંઇપણ માનદ્ વેતન મેળવવા હકદાર થશે નહિ.

(૨) માંદગીના કારણે પ્રમુખ ગેરહાજર રહે અને રાજ્ય સરકાર સામાન્ય અથવા ખાસ હુકમોથી નિર્દિષ્ટ કરે તેવા તબીબી અધિકારીએ એવી માંદગી માટે યોગ્ય રીતે પ્રમાણપત્ર આપ્યું હોય ત્યારે, જો એવી ગેરહાજરીની મુદત કોઇ વર્ષ દરમિયાન, નેવું દિવસ કરતાં વધતી ન હોય, તો તેવી મુદત દરમિયાન કલમ ૬૫ની પેટા-કલમ (૧) હેઠળ પ્રમુખ માનદ્ વેતન મેળવવા હકદાર થશે.

(૩) સરકારી કામકાજ અંગેના પ્રવાસ માટેની પ્રમુખની ગેરહાજરીને, પેટા-કલમ (૧) માંનો કોઇપણ મજકૂર લાગુ પડશે નહિ.

સભ્યો, પ્રમુખ તથા ઉપ-પ્રમુખના હોદ્દાની મુદત.

**૬૭.** આ અધિનિયમમાં અન્યથા ઠરાવ્યું ન હોય તો, તાલુકા પંચાયતના સભ્યો, પ્રમુખ અને ઉપપ્રમુખના હોદ્દાની મુદત પંચાયતની મુદત જેટલી રહેશે.

રાજીનામું.

**૬૮.** (૧) પ્રમુખ યોગ્ય સત્તાધિકારીને લેખિતમાં રાજીનામું આપીને પોતાના હોદ્દાનું રાજીનામું આપી શકશે. પણ આવું રાજીનામું યોગ્ય સત્તાધિકારીએ સ્વીકાર્યું ન હોય ત્યાં સુધી, તેનો અમલ થશે નહીં.

(૨) ઉપપ્રમુખ પંચાયતને લેખિતમાં રાજીનામું આપીને પોતાના હોદ્દાનું રાજીનામું આપી શકશે પણ એવું રાજીનામું પંચાયતે સ્વીકાર્યું ન હોય ત્યાં સુધી, તેનો અમલ થશે નહિ.

(૩) પંચાયતનો બીજો કોઇ સભ્ય, પ્રમુખને પોતાનું રાજીનામું મોકલીને રાજીનામું આપી શકશે અને એવું રાજીનામું મળે તે તારીખથી અમલમાં આવશે.

(૪) કોઇ રાજીનામા અંગે કોઇપણ તકરાર ઊભી થાય તો, રાજ્ય સરકાર સામાન્ય અથવા ખાસ હુકમથી તે અર્થે નીમે તેવા અધિકારીને નિર્ણય માટે તે લખી મોકલવી જોઇશે અને એવા અધિકારીનો નિર્ણય આખરી ગણાશે:

પરંતુ રાજીનામું અમલમાં આવ્યાની તારીખથી ત્રીસ દિવસની મુદત પૂરી થયા પછી, એવી કોઇપણ તકરાર સ્વીકારી શકાશે નહિ.

પ્રમુખ અને ઉપપ્રમુખની સત્તા અને ફરજો.

**૬૯.** (૧) (ક) પ્રમુખે--

(૧) તાલુકા પંચાયતની બેઠકો બોલાવવી, આવી બેઠકોનું અધ્યક્ષસ્થાન લેવું અને તેનું સંચાલન કરવું જોઇશે;

(૨) પંચાયતના દફતરો તે તપાસી શકશે;

(૩) આ અધિનિયમની રૂએ અથવા તે હેઠળ તેના પર નાંખેલી સઘળી ફરજો બજાવવી જોઇશે અને તેને સોંપેલી સઘળી સત્તા વાપરવી જોઇશે;

(૪) પંચાયતના આર્થિક અને કારોબારી વહીવટ પર દેખરેખ રાખવી જોઇશે અને તે સાથે સંબંધ ધરાવતા જે સઘળા પ્રશ્નો માટે પંચાયતના હુકમો મેળવવાનું તેને જરૂરી લાગે તેવા પ્રશ્નો પંચાયત સમક્ષ રજૂ કરવા જોઇશે; અને

(૫) પંચાયતના અથવા તેની કોઇપણ સમિતિના ઠરાવો અથવા નિર્ણયોનો અમલ કરાવવા માટે તાલુકા વિકાસ અધિકારી પર વહીવટી દેખરેખ રાખવી જોઇશે.

(ખ) પ્રમુખ, તાકીદના પ્રસંગોએ, જે કોઇપણ કામ કરવા માટે અથવા મોકૂફ રાખવા માટે અથવા બંધ કરવા માટે અથવા જે કોઇપણ કાર્ય કરવા માટે પંચાયતની અથવા તેના કોઇપણ સત્તાધિકારીની મંજૂરીની જરૂર હોય અને જે કામ અથવા કાર્ય તેના અભિપ્રાય પ્રમાણે લોકોના ઉપયોગ અથવા તેમના સલામતી માટે તાત્કાલિક કરવાના જરૂર હોય તેવું કોઇપણ કામ કરવાનો અથવા મોકૂફ રાખવાનો અથવા બંધ કરવાનો અથવા તેવું કોઇપણ કાર્ય કરવાનો આદેશ આપી શકશે. અને તેવું કામ કરવાનું અથવા તેવું કાર્ય કરવાનું ખર્ચ તાલુકા ફંડમાંથી આપવું એવો આદેશ આપી શકશે :

પરંતુ આ પેટા-કલમ હેઠળ લીધેલાં પગલાં અને તેના માટેનાં કારણો, કારોબારી સમિતિની અથવા કોઇ સ્થાયી સમિતિની, તેની આગામી બેઠકમાં તેણે તરત જણાવવાં જોઇશે.

(૨) ઉપપ્રમુખે--

(ક) પ્રમુખની ગેરહાજરીમાં પંચાયતની બેઠકોનું અધ્યક્ષસ્થાન લેવું જોઇશે;

(ખ) રાજ્ય સરકારે, આ અર્થે કરેલા નિયમોને અધીન રહીને, પ્રમુખ વખતોવખત, પોતાની જે સત્તા અને ફરજો લેખિત હુકમથી તેને સોંપે તે સત્તા વાપરવી જોઇશે અને તે ફરજો બજાવવી જોઇશે;

(ગ) પ્રમુખની ચૂંટણી થાય ત્યાં સુધી અથવા પ્રમુખ ગેરહાજર હોય તે દરમ્યાન, પ્રમુખની સત્તા વાપરવી અને તેવી ફરજો બજાવવી જોઇશે.

**૭૦.** (૧) પ્રમુખ અથવા ઉપપ્રમુખ સામે અવિશ્વાસનો પ્રસ્તાવ રજૂ કરવા માગતો કોઇ સભ્ય, પંચાયતને ઠરાવેલા નમૂનામાં તેની નોટિસ આપી શકશે. જો તે નોટિસને ઠરાવવામાં તેટલી સંખ્યાના સભ્યોએ ટેકો આપ્યો હોય, તો તે પ્રસ્તાવ રજૂ કરી શકશે. અવિશ્વાસનો પ્રસ્તાવ.

(૨) જો પ્રસ્તાવ પંચાયતના સભ્યોની કુલ સંખ્યાના બે તૃતીયાંશથી ઓછી ન હોય તેવી બહુમતીએ પસાર કર્યો હોય, તો યથાપ્રસંગ, પ્રમુખે અથવા ઉપપ્રમુખે અગાઉ રાજીનામું આપ્યું હોય તે સિવાય, જે તારીખે પ્રસ્તાવ પસાર કરવામાં આવ્યો હોય તે તારીખથી ત્રણ દિવસની મુદત પછી, યથાપ્રસંગ, પ્રમુખ અથવા ઉપપ્રમુખ હોદ્દો ધરાવતો બંધ થશે અને તેમ થયે આવા પ્રમુખે અથવા ઉપપ્રમુખે ધરાવેલો હોદ્દો ખાલી પડ્યો છે એમ ગણાશે.

(૩) આ અધિનિયમમાં અથવા તે હેઠળ કરેલા નિયમોમાં ગમે તે મજકૂર હોય તે છતાં, પ્રમુખે અથવા ઉપ-પ્રમુખે જે બેઠકમાં તેની વિરુધ્ધનો અવિશ્વાસનો પ્રસ્તાવ ચર્ચવામાં આવે તેવી બેઠકમાં અધ્યક્ષસ્થાન લેવું નહિ, પણ (મત આપવાના હક સહિત) તેને બોલવાનો અથવા બીજી રીતે આવી બેઠકની કાર્યવાહીમાં ભાગ લેવાનો હક રહેશે.

(૪) (ક) કલમ ૧૨૨માં ગમે તે મજકૂર હોય તે છતાં, આ કલમ હેઠળ અવિશ્વાસના પ્રસ્તાવની વિચારણા કરવા માટે પંચાયતની બેઠક, એવા પ્રસ્તાવની નોટિસ પંચાયતને જે તારીખે મળે તે તારીખથી પંદર દિવસની મુદતની અંદર બોલાવવી જોઇશે.

(ખ) પંચાયતના પ્રમુખ એવી બેઠક બોલાવે નહિ, તો પંચાયતના સેક્રેટરીએ યોગ્ય સત્તાધિકારીને તે વિષે રિપોર્ટ કરવો અને તેમ થયે યોગ્ય સત્તાધિકારીએ રિપોર્ટ મળ્યાની તારીખથી પંદર દિવસની મુદત અંદર, પંચાયતની બેઠક બોલાવવી જોઇશે.

**૭૧.** (૧) કોઇ પંચાયતનો કોઇ સભ્ય અથવા તેના પ્રમુખ અથવા ઉપપ્રમુખ, પોતાની ફરજ બજાવવામાં ગેરવર્તણૂક ચલાવવા બદલ અથવા શરમજનક વર્તણૂક ચલાવવા બદલ દોષિત થયા હોય અથવા પોતાની સત્તાનો દુરુપયોગ કરે અથવા આ અધિનિયમ હેઠળ પોતાની ફરજો અને કાર્યો બજાવતી વખતે વારંવાર કસૂર કરે અથવા આ અધિનિયમ હેઠળ પોતાની ફરજો બજાવવામાં અસમર્થ થયો હોય, તો યોગ્ય સત્તાધિકારી આવા સભ્ય, પ્રમુખ અથવા ઉપપ્રમુખને જે કંઇ કહેવું હોય તે કહેવાની વાજબી તક આપ્યા પછી અને પંચાયતને તે અર્થે યોગ્ય નોટિસ આપ્યા પછી અને પોતાને યોગ્ય લાગે તેવી તપાસ કર્યા પછી તેને હોદ્દા પરથી દૂર કરી શકશે. એવી રીતે દૂર કરાયેલા, યથાપ્રસંગ, પ્રમુખ અથવા ઉપપ્રમુખને યોગ્ય સત્તાધિકારીના સ્વવિવેક અનુસાર, પંચાયતના સભ્ય તરીકે પણ દૂર કરી શકાશે. હોદ્દા પરથી દૂર કરવા બાબત.

(૨) જે કોઇ વ્યક્તિએ સભ્ય, પ્રમુખ અથવા ઉપપ્રમુખ તરીકે પોતાના હોદ્દાનું રાજીનામું આપ્યું હોય અથવા બીજી રીતે એવો કોઇ હોદ્દો ધરાવતી બંધ થઇ હોય અને પેટા-કલમ (૧)માં નિર્દિષ્ટ કરેલ ગેરવર્તણૂક બદલ દોષિત થઇ હોય અથવા પોતાની ફરજો બજાવવાને અસમર્થ થયેલ હોય તેવી વ્યક્તિને, યોગ્ય સત્તાધિકારી પેટા-કલમ (૧)માં નિર્દિષ્ટ કરેલી કાર્યરીતિ અનુસર્યા પછી, પાંચ વર્ષ કરતાં વધુ ન હોય તેટલી મુદત સુધી ગેરલાયક ઠરાવી શકશે:

પરંતુ જે તારીખે સદરહુ વ્યક્તિએ રાજીનામું આપ્યું હોય અથવા એવો હોદ્દો ધરાવતી બંધ થઇ હોય તે તારીખથી છ મહિનાની અંદર, આવું પગલું લેવું જોઇએ.

(૩) પેટા-કલમ (૧) અથવા (૨) હેઠળ યોગ્ય સત્તાધિકારીના હુકમથી નારાજ થયેલ કોઇ વ્યક્તિ, આવા હુકમની જાણ થયાની તારીખથી ત્રીસ દિવસની મુદતની અંદર ઠરાવેલા સત્તાધિકારીને અપીલ કરી શકશે.

ગેરહાજર રહેવાની રજા.

**૭૨.** (૧) પંચાયતનો જે કોઇ સભ્ય, પોતાના હોદ્દાની મુદત દરમિયાન,—

(ક) પંચાયતે તેને ગેરહાજર રહેવા માટે ચાર મહિનાથી વધુ ન હોય તેટલી રજા આપી હોય તે સિવાય, તાલુકામાંથી લાગલગાટ ત્રણ મહિના કરતાં વધારે વખત માટે ગેરહાજર હોય, અથવા

(ખ) સદરહુ પંચાયતની રજા વગર પંચાયતની લાગલગાટ ચાર બેઠકોમાં પોતે ગેરહાજર રહ્યો હોય, તે, સભ્ય તરીકે બંધ થશે અને તેનો હોદ્દો ખાલી પડશે અને તેમ થયે પંચાયતે જગા ખાલી પડી છે તેવી ખબર તેને જેમ બને તેમ જલદી આપવી જોઇશે ;

(૨) આ કલમ હેઠળ કોઇ જગા ખાલી પડી છે કે પડી નથી એ બાબતની તકરાર, નિર્ણય માટે યોગ્ય સત્તાધિકારીને મોકલી આપવી જોઇશે અને તેનો નિર્ણય છેવટનો ગણાશે:

પરંતુ પંચાયતે જે તારીખે ખાલી પડેલી જગા સંબંધી પેટા-કલમ (૧) હેઠળ તે સભ્યને જાણ કરી હોય તે તારીખથી પંદર દિવસ પૂરા થયા પછી, આવી બાબત મોકલવામાં આવે, તો તેનો સ્વીકાર કરી શકાશે નહીં.

(૩) જે સભ્ય ઉપપ્રમુખ હોય તે સભ્યને પેટા-કલમ (૧) હેઠળ રજા આપવામાં આવી હોય ત્યારે, એવી રીતે ગેરહાજર રહેલા ઉપપ્રમુખની જે શરતોથી ચૂંટણી કરવામાં આવી હતી તેવી શરતોને અધીન રહીને, જે મુદત માટે આવી રજા આપવામાં આવી હોય તેવી મુદત દરમિયાન ઉપપ્રમુખની સઘળી ફરજો બજાવવા માટે અને તેની સઘળી સત્તા વાપરવામાં માટે બીજા સભ્યની ચૂંટણી કરવી જોઇશે.

પ્રમુખ અથવા ઉપપ્રમુખને હોદ્દા પરથી મોકૂફ રાખવા બાબત.

**૭૩.** (૧) યોગ્ય સત્તાધિકારી, જે પ્રમુખ અથવા ઉપપ્રમુખ સામે નૈતિક અધઃપતનવાળા કોઇ ગુનાના સંબંધમાં કોઇ ફોજદારી કાર્યવાહી કરવામાં આવી હોય અથવા જેને કોઇ ગુના માટે ઇન્સાફ દરમિયાન જેલમાં અટકમાં રાખવામાં આવ્યો હોય અથવા જે કલમ ૩૦ હેઠળ પંચાયતના સભ્ય તરીકે ચાલુ રહેવા માટે ગેરલાયક ન ઠરાવે તેવી કેદની શિક્ષા ભોગવતો હોય અથવા જેને તે સમયે અમલમાં હોય તેવા નિવારક અટકાયતને લગતા કોઇ કાયદા હેઠળ અટકમાં રાખવામાં આવ્યો હોય તેવા કોઇપણ પ્રમુખ અથવા ઉપપ્રમુખને હોદ્દા પરથી મોકૂફ રાખી શકાશે.

(૨) કોઇ પ્રમુખ અથવા ઉપપ્રમુખને પેટા-કલમ (૧) હેઠળ હોદ્દા પરથી મોકૂફ રાખવામાં આવ્યો હોય ત્યારે એવી રીતે હોદ્દા પરથી મોકૂફ રાખવામાં આવેલા યથાપ્રસંગ, પ્રમુખ અથવા ઉપપ્રમુખની જે શરતોથી ચૂંટણી કરવામાં આવી હતી તે શરતોને અધીન રહીને, જે મુદત માટે આવી રીતે હોદ્દા પરથી મોકૂફ રાખવાનું ચાલુ હોય તે મુદત દરમિયાન, પ્રમુખ અથવા ઉપપ્રમુખની સઘળી ફરજો બજાવવા માટે અને તેની સઘળી સત્તા વાપરવા માટે બીજા સભ્યોની ચૂંટણી કરવી જોઇશે.

(૩) પેટા-કલમ (૧) હેઠળ પસાર કરાયેલા હુકમ વિરુધ્ધની અપીલ, રાજ્ય સરકારને થઇ શકશે. આવી અપીલ, હુકમની તારીખથી ત્રીસ દિવસની મુદતની અંદર કરવી જોઇશે.

અમુક સભ્યોની ફરીથી ચૂંટાવા માટે પાત્રતા.

**૭૪.** પંચાયતનાં જે સભ્યોનો હોદ્દો કલમ ૩૨ હેઠળ અથવા કલમ ૭૨ હેઠળ ખાલી થયો હોય, તે સભ્યની ગેરલાયકાત અથવા અસમર્થતા બંધ થઇ હોય, તો તે ફરી ચૂંટાવાને પાત્ર થશે.

ખાલી જગ્યાઓ ભરવા બાબત.

**૭૫.** (૧) પંચાયતના પ્રમુખ, ઉપપ્રમુખ અથવા સભ્યના હોદ્દાની ખાલી પડેલી જે જગાના સંબંધમાં, ઠરાવેલી રીતે યોગ્ય સત્તાધિકારીને નોટિસ આપવામાં આવી હોય તેવી જગા, પ્રમુખ અથવા ઉપપ્રમુખ અથવા સભ્યની ચૂંટણી કરીને ભરવી જોઇશે અને તેવા પ્રમુખે, ઉપપ્રમુખે અથવા સભ્યે, જે પ્રમુખ, ઉપપ્રમુખ અથવા સભ્યની જગામાં તેની ચૂંટણી કરવામાં આવી હોય તે પ્રમુખે, ઉપપ્રમુખે અથવા સભ્યે જેટલી મુદત સુધી હોદ્દો ધરાવ્યો હોત, તેટલી જ મુદત સુધી જાણે કે જગા ખાલી પડી ન હોત તેમ હોદ્દો ધરાવશે :

પરંતુ જો કોઇ સભ્યની જગા, કલમ ૧૩ હેઠળ પંચાયતની મુદત પૂરી થતી હોય તે તારીખ પહેલાના ચાર મહિનાની અંદર ખાલી પડી હોય તો તે ભરવી નહિ.

(૨) પેટા-કલમ (૧) હેઠળ પ્રમુખ અથવા ઉપપ્રમુખની ચૂંટણી માટેની બેઠક, યોગ્ય સત્તાધિકારી પોતે નક્કી કરે તેવી તારીખે બોલાવવી અને જે રીતે કલમ ૬૨ હેઠળ પ્રમુખ અથવા ઉપપ્રમુખની ચૂંટણી કરવામાં આવે તે જ રીતે ચૂંટણી કરવી જોઇશે અને તે કલમની જોગવાઇઓ શક્ય હોય તેટલે સુધી, આવી ચૂંટણીના સંબંધમાં લાગુ પડશે.

**૭૬.** (૧) સભ્ય, પ્રમુખ અથવા ઉપપ્રમુખ તરીકે અથવા આ અધિનિયમ હેઠળ રચાયેલ સમિતિના અધ્યક્ષ અથવા સભ્ય તરીકે કામ કરતી કોઇપણ વ્યક્તિની ગેરલાયકાત અથવા ખામીથી અથવા પ્રથમ સામાન્ય બેઠકનું અધ્યક્ષસ્થાન લેનાર અધિકારીની નિમણૂકની ખામીથી, યથાપ્રસંગ, પંચાયતના અથવા આવી કોઇ સમિતિના જે કોઇ કાર્ય અથવા કાર્યવાહીમાં આવી વ્યક્તિએ ભાગ લીધો હોય તે કાર્ય અથવા કાર્યવાહી, એવા કાર્ય અથવા કાર્યવાહીમાં સામેલ હોય તેવી વ્યક્તિઓ પૈકી મોટાભાગની વ્યક્તિઓને જે જે પ્રસંગે કામ કરવાનો હક હોય તે તે પ્રસંગે, દૂષિત થાય છે એમ ગણાશે નહિ. પંચાયતનાં અને સમિતિના કાર્યો અને કાર્યવાહીઓ, તેના સભ્યોની ગેરલાયકાતો, વગેરેથી દૂષિત નહિ થવા બાબત.

(૨) પંચાયતનો અથવા અધિનિયમ હેઠળ રચાયેલ કોઇ સમિતિનો ઠરાવ, કોઇ સભ્ય પર નોટિસ બજાવવામાં થયેલા કોઇપણ અનિયમસરપણાને લીધે, ગેરકાયદેસર થાય છે એમ ગણાશે નહિ, પરંતુ પંચાયત અથવા સમિતિની કાર્યવાહીને એવા અનિયમસરપણાને લીધે કોઇ પ્રતિકૂળ અસર થયેલી હોવી જોઇએ નહિ.

(૩) વિરૂધ્ધનું સાબિત ન થાય ત્યાં સુધી પંચાયતની અથવા આ અધિનિયમ હેઠળ રચાયેલી સમિતિની જે કોઇ બેઠકની કાર્યવાહીના સંબંધમાં, આ અધિનિયમ હેઠળ કાર્યનોંધ કરવામાં આવી હોય અને તેના પર સહી કરવામાં આવી હોય તે બેઠક, યોગ્ય રીતે બોલાવવામાં અને ભરવામાં આવેલી હતી એમ ગણાશે અને બેઠકના સઘળા સભ્યો યોગ્ય લાયકાત ધરાવે છે એમ ગણાશે; અને તે કાર્યવાહી કોઇ સમિતિની કાર્યવાહી હોય ત્યારે આવી સમિતિ યોગ્ય રીતે રચવામાં આવી છે અને કાર્યનોંધમાં ઉલ્લેખેલી બાબતોનો નિકાલ કરવાની તેને સત્તા હતી તેમ ગણાશે.

(૪) કોઇ પંચાયતમાં અથવા તેની સમિતિમાં કોઇ જગા ખાલી હોય તે દરમિયાન, ચાલુ સભ્યો, જાણે કે જગા ખાલી પડી ન હોત તેમ કામ કરી શકશે.

## ભાગ ૩

## જિલ્લા પંચાયતો

**૭૭.** (૧) જિલ્લા પંચાયતની રચના કરવામાં આવ્યે અથવા કલમ ૧૩ અથવા અધિનિયમની બીજી કોઇ જોગવાઇઓ હેઠળ તેની પુનર્રચના કરવામાં આવ્યે, તેની પહેલી બેઠક તેના ચૂંટાયેલા સભ્યોમાંથી પ્રમુખ તથા ઉપ-પ્રમુખની ચૂંટણી માટે બોલાવવી જોઇશે. જિલ્લા પંચાયતની પહેલી બેઠક અને પ્રમુખ તથા ઉપપ્રમુખની ચૂંટણી.

(૨) (ક) રાજ્યમાંની જિલ્લા પંચાયતના પ્રમુખના હોદ્દા, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિ માટે, રાજ્ય સરકારે અનામત રાખવા જોઇશે અને એવી રીતે અનામત રાખેલા રાજ્યમાંની જિલ્લા પંચાયતના પ્રમુખના હોદ્દાની સંખ્યાનું, રાજ્યમાંની જિલ્લા પંચાયતના પ્રમુખના હોદ્દાની કુલ સંખ્યા જોડેનું પ્રમાણ શક્ય હોય ત્યાં સુધી રાજ્યમાંની અનુસૂચિત જાતિઓ અથવા રાજ્યમાં અનુસૂચિત આદિજાતિઓની વસતીનું પ્રમાણ, રાજ્યમાંની કુલ વસ્તી જોડે જેટલું હોય તેટલું રહેશે. રાજ્યમાંની જિલ્લા પંચાયતના પ્રમુખના હોદ્દાના દસ ટકા હોદ્દા, રાજ્ય સરકારે, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો માટે અનામત રાખવા જોઇશે.

(ખ) (૧) ખંડ (ક) હેઠળ અનામત રાખેલ રાજ્યમાંની જિલ્લા પંચાયતના પ્રમુખના હોદ્દાની કુલ સંખ્યાના એક તૃતીયાંશ હોદ્દા, અને

(૨) એવી રીતે અનામત રાખેલ ન હોય તો, રાજ્યમાંની જિલ્લા પંચાયતના પ્રમુખના હોદ્દાની કુલ સંખ્યાના એક તૃતીયાંશ હોદ્દા,

રાજ્ય સરકારે, સ્ત્રીઓ માટે અનામત રાખવા જોઇશે.

(૩) પેટા-કલમ (૨) હેઠળ અનામત રાખેલ હોદ્દાની સંખ્યા, રાજ્યની જુદી જુદી પંચાયતોને ઠરાવેલી રીતે રાજ્ય સરકાર વારાફરતી ફાળવશે.

(૪) સામાન્ય ચૂંટણીમાં ચૂંટાયેલા સભ્યોનાં નામો, જે તારીખે કલમ ૧૫ હેઠળ પ્રસિધ્ધ કરવામાં આવે તે તારીખથી ચાર અઠવાડિયાની અંદર, યોગ્ય સત્તાધિકારી નક્કી કરે તેવી તારીખે બેઠક ભરવી જોઇશે :

પરંતુ ઉપર્યુક્ત ચાર અઠવાડિયાની મુદતની અંદર, કોઇપણ તારીખે ઠરાવવામાં ન આવે તો, યોગ્ય સત્તાધિકારીએ રાજ્ય સરકારને અથવા રાજ્ય સરકારે અધિકૃત કરેલાં અધિકારી અથવા સત્તાધિકારીને એ હકીકત જણાવવી જોઇશે અને રાજ્ય સરકાર અથવા યથાપ્રસંગ, સદરહુ અધિકારી અથવા સત્તાધિકારી નિર્દિષ્ટ કરે તેવી તારીખે બેઠક ભરવી જોઇશે.

(૫) પ્રમુખબેઠકનું અધ્યક્ષસ્થાન, યોગ્ય સત્તાધિકારી હુકમથી તે અર્થે નક્કી કરે તેવા અધિકારીએ લેવું જોઇશે. આવા અધિકારીને ઠરાવવામાં આવે તેવી સત્તા રહેશે અને તેણે ઠરાવવામાં આવે તેવી કાર્યરીતિ અનુસરવી જોઇશે, પણ તેને મત આપવાનો અધિકાર રહેશે નહિ.

(૬) પ્રમુખ તથા ઉપપ્રમુખની ચૂંટણી સિવાયનું બીજું કોઇ કામકાજ તે બેઠકમાં કરવું નહિ.

(૭) આ કલમ હેઠળની ચૂંટણીમાં મતો સરખા પડે, તો ચૂંટણીનું પરિણામ અધ્યક્ષસ્થાન લેનાર અધિકારીની હાજરીમાં, તે નક્કી કરે તેવી રીતે ચિઠ્ઠી નાંખીને નક્કી કરવામાં આવશે.

(૮) આ કલમની પૂર્વવર્તી જોગવાઇઓ હેઠળ ચૂંટણીના કાયદેસરપણા બાબત તકરાર ઊભી થાય ત્યારે, તે તકરાર ચૂંટણીના પરિણામની જાહેરાતની તારીખથી ત્રીસ દિવસની મુદતની અંદર યોગ્ય સત્તાધિકારીને નિર્ણય માટે મોકલવી. યોગ્ય સત્તાધિકારીનો નિર્ણય છેવટનો ગણાશે અને તેવા કોઇ નિર્ણયના સંબંધમાં, કોઇ દાવો અથવા બીજી કોઇ કાર્યવાહી કોર્ટમાં થઇ શકશે નહિ.

**નિવૃત્ત થતા પ્રમુખ વગેરેની ચાર્જ સોંપવાની ફરજો.**

**૭૮.** (૧) નવા પ્રમુખ અથવા ઉપપ્રમુખની ચૂંટણી થયેથી, નિવૃત્ત થતા પ્રમુખ કે યથાપ્રસંગ, ઉપપ્રમુખની એવી ફરજ રહેશે કે તેણે, પોતાના હોદ્દાનો ચાર્જ તેને સોંપી દેવો અને પંચાયતની માલિકીનાં અને પોતાની કસ્ટડીમાંના દફતર અને મિલકત તેને સ્વાધીન કરવાં જોઇશે.

(૨) પેટા-કલમ (૧)ની જોગવાઇઓ, નિવૃત્ત થતા સભ્યને, તેના હોદ્દાનો ચાર્જ સોંપવાની બાબતમાં જરૂરી ફેરફારો સાથે લાગુ પડશે.

**પ્રમુખ અને ઉપપ્રમુખને માનદ્‌વેતન અને ભથ્થાં વગેરે આપવા બાબત અને સભ્યોને મુસાફરી ભથ્થું આપવા બાબત.**

**૭૯.** (૧) આ અધિનિયમની જોગવાઇઓને અધીન રહીને, જિલ્લા પંચાયતે, તેના પ્રમુખને ઠરાવવામાં આવે તેટલું માનદ્‌વેતન આપવું જોઇશે.

(૨) (ક) પ્રમુખ, પોતાના હોદ્દાની સમગ્ર મુદત દરમિયાન અને ત્યારપછી તરતના પંદર દિવસની મુદત સુધી, પંચાયતના મુખ્ય મથકમાં અથવા રાજ્ય સરકારની પૂર્વમંજૂરીથી જિલ્લામાંના બીજા કોઇપણ સ્થળે આવેલું નિવાસસ્થાન ભાડું આપ્યા સિવાય, વાપરવાને અથવા આવા નિવાસસ્થાનને બદલે રાજ્ય સરકાર સામાન્ય અથવા ખાસ હુકમથી નક્કી કરે તેવા દરે ભથ્થું મેળવવાને હકદાર થશે.

(ખ) આ પેટા-કલમ હેઠળ પૂરા પાડેલા નિવાસસ્થાનના સંબંધમાં, પ્રમુખ પાસેથી અંગત રીતે કોઇપણ ચાર્જ લેવામાં આવશે નહિ.

(૩) પ્રમુખની રજા અથવા ગેરહાજરી દરમિયાન, ઉપપ્રમુખને, ઠરાવવામાં આવે તેવાં માનદ્ વેતન તથા ભથ્થાં આપવામાં આવશે.

(૪) પંચાયતના પ્રમુખને, રાજ્ય સરકાર હુકમ દ્વારા, વખતોવખત, નક્કી કરે તેવા દરોએ અને તેવી શરતોએ વાહન ભથ્થું અથવા કાયમી મુસાફરી ભથ્થું અથવા એ બન્ને આપવામાં આવશે.

(૫) પંચાયતના ઉપપ્રમુખ તથા સભ્યો સરકારી કામકાજ માટે પ્રવાસ કરતા હોય ત્યારે, તેઓ ભવિષ્યલક્ષી અથવા પાછલી તારીખથી કરેલા નિયમો દ્વારા ઠરાવવામાં આવે તેવા દરે અને તેવી શરતોએ મુસાફરી ભથ્થું મેળવવાને હકદાર થશે.

**રજા કે ગેરહાજરી દરમિયાન પ્રમુખને માનદ્‌વેતન આપવા બાબત.**

**૮૦.** (૧) પેટા-કલમ (૨)ની જોગવાઇઓને અધીન રહીને, જ્યારે કોઇ જિલ્લા પંચાયતના પ્રમુખ પંદર દિવસ કરતાં વધારે મુદત માટે સતત ગેરહાજર રહે અથવા રજા પર હોય ત્યારે, તેઓ એવી મુદત માટે કલમ ૭૯ની પેટા-કલમ (૧) હેઠળ કંઇપણ માનદ્ વેતન મેળવવા માટે હકદાર થશે નહિ.

(૨) માંદગીના કારણે પ્રમુખ ગેરહાજર રહે અને રાજ્ય સરકાર સામાન્ય અથવા ખાસ હુકમથી નિર્દિષ્ટ કરે તેવા તબીબી અધિકારીએ એવી માંદગી માટે યોગ્ય રીતે પ્રમાણપત્ર આપ્યું હોય ત્યારે, એવી ગેરહાજરીની મુદત કોઇ વર્ષ દરમિયાન નેવું દિવસ કરતાં વધતી ન હોય, તો તેવી મુદત દરમિયાન કલમ ૭૯ની પેટા-કલમ (૧) હેઠળ પ્રમુખ માનદ્ વેતન મેળવવા હકદાર થશે.

(૩) સરકારી કામકાજ અંગેના પ્રવાસ માટેની પ્રમુખની ગેરહાજરીને, પેટા-કલમ (૧)માંનો કોઇપણ મજકૂર લાગુ પડશે નહિ.

૮૧. આ અધિનિયમમાં બીજી રીતે ઠરાવ્યું હોય તે સિવાય, જિલ્લા પંચાયતના સભ્યો, પ્રમુખ તથા ઉપપ્રમુખના હોદ્દાની મુદત, પંચાયતની મુદત જેટલી રહેશે. જિલ્લા પંચાયતના સભ્યોના અને પ્રમુખ તથા ઉપપ્રમુખના હોદ્દાની મુદત.

૮૨. (૧) પ્રમુખ, યોગ્ય સત્તાધિકારીને લેખિતમાં રાજીનામું આપીને પોતાના હોદ્દાનું રાજીનામું આપી શકશે, પણ એવું રાજીનામું યોગ્ય સત્તાધિકારીએ સ્વીકાર્યું ન હોય ત્યાં સુધી, તેનો અમલ થશે નહિ. રાજીનામું.

(૨) ઉપપ્રમુખ, પંચાયતને લેખિતમાં રાજીનામું આપીને પોતાના હોદ્દાનું રાજીનામું આપી શકશે, પણ આવું રાજીનામું પંચાયતે સ્વીકાર્યું ન હોય ત્યાં સુધી, તેનો અમલ થશે નહિ.

(૩) પંચાયતનો બીજો કોઇ સભ્ય, પ્રમુખને પોતાનું રાજીનામું મોકલીને રાજીનામું આપી શકશે અને એવું રાજીનામું પ્રમુખને મળે તે તારીખથી અમલમાં આવશે.

(૪) કોઇપણ રાજીનામા અંગે કંઇપણ તકરાર ઊભી થાય તો, રાજ્ય સરકાર સામાન્ય કે ખાસ હુકમથી તે અર્થે નીમે તેવા અધિકારીને નિર્ણય માટે તે લખી મોકલવી જોઇશે અને એવા અધિકારીનો નિર્ણય આખરી ગણાશે:

પરંતુ રાજીનામુ અમલમાં આવ્યાની તારીખથી ત્રીસ દિવસની મુદત પૂરી થયા પછી, એવી કોઇ તકરાર સ્વીકારી શકાશે નહિ.

૮૩. (૧) (ક) પ્રમુખે,-- પ્રમુખ અને ઉપપ્રમુખની સત્તા અને કાર્યો.

(૧) જિલ્લા પંચાયતની બેઠકો બોલાવવી, આવી બેઠકોનું અધ્યક્ષસ્થાન લેવું અને તેનું સંચાલન કરવું જોઇશે;

(૨) પંચાયતના દફતરો તે તપાસી શકશે;

(૩) આ અધિનિયમની રૂએ અથવા તે હેઠળ તેના ઉપર નાંખેલી સઘળી ફરજો બજાવવા અને તેને સોંપેલી સઘળી સત્તા વાપરવી જોઇશે;

(૪) પંચાયતના આર્થિક અને કારોબારી વહીવટ ઉપર દેખરેખ રાખવી જોઇશે અને તે સાથે સંબંધ ધરાવતા જે સઘળા પ્રશ્નો માટે પંચાયતના હુકમો મેળવવાનું તેને જરૂરી લાગે તેવા પ્રશ્નો પંચાયત સમક્ષ રજૂ કરવા જોઇશે; અને

(૫) પંચાયતના અથવા તેની કોઇ સમિતિના ઠરાવો અથવા નિર્ણયોનો અમલ કરાવવા માટે જિલ્લા વિકાસ અધિકારી પર વહીવટી દેખરેખ રાખવી જોઇશે.

(ખ) પ્રમુખ, તાકીદના પ્રસંગોએ જે કોઇ કામ કરવા માટે અથવા મોકૂફી રાખવા માટે અથવા બંધ રાખવા માટે અથવા જે કોઇ કાર્ય કરવા માટે પંચાયતની અથવા તેના કોઇ સત્તાધિકારીની મંજૂરીની જરૂર હોય અને જે કામ અથવા કાર્ય તેના અભિપ્રાય પ્રમાણે લોકોના ઉપયોગ અથવા તેમની સલામતી માટે તાત્કાલિક કરવાની જરૂર હોય તેવું કોઇ કામ કરવાનો અથવા મોકૂફ રાખવાનો અથવા બંધ કરવાનો અથવા તેવું કોઇ કાર્ય કરવાનો આદેશ કરી શકશે અથવા તેવું કામ કરવાનું અથવા તેવું કાર્ય કરવાનું ખર્ચ જિલ્લા ફંડમાંથી આપવું એવો આદેશ કરી શકશે:

પરંતુ આ પેટા-કલમ હેઠળ લીધેલાં પગલાં અને તેના માટેનાં કારણો, કારોબારી સમિતિને અથવા કોઇપણ યોગ્ય સ્થાયી સમિતિને, તેની આગામી બેઠકમાં તેણે તરત જણાવવાં જોઇશે.

(૨) ઉપપ્રમુખે---

(ક) પ્રમુખની ગેરહાજરીમાં પંચાયતની બેઠકોનું અધ્યક્ષસ્થાન લેવું જોઇશે;

(ખ) રાજ્ય સરકારે આ અર્થે કરેલાં નિયમોને અધીન રહીને, પ્રમુખ, વખતોવખત તેને પોતાની જે સત્તા અને ફરજો લેખિત હુકમથી સોંપે તે સત્તા વાપરવી જોઇશે અને તે ફરજો બજાવવી જોઇશે; અને

(ગ) પ્રમુખની ચૂંટણી થાય ત્યાં સુધી અથવા પ્રમુખ ગેરહાજર હોય તે દરમિયાન, પ્રમુખની સત્તા વાપરવી અને તેની ફરજો બજાવવી જોઇશે.

અવિશ્વાસનો પ્રસ્તાવ.

૮૪. (૧) પ્રમુખ અથવા ઉપપ્રમુખ સામે અવિશ્વાસનો પ્રસ્તાવ રજૂ કરવા માગતો કોઇ સભ્ય, પંચાયતને ઠરાવેલા નમૂનામાં તેની નોટિસ આપી શકશે. જો તે નોટિસને ઠરાવવામાં આવે તેટલી સંખ્યાના સભ્યોએ ટેકો આપ્યો હોય, તો તે પ્રસ્તાવ રજૂ કરી શકાશે.

(૨) જો પ્રસ્તાવ પંચાયતના કુલ સંખ્યાના બે તૃતીયાંશથી ઓછી ન હોય તેવી બહુમતીએ પસાર કર્યો હોય, તો યથાપ્રસંગ, પ્રમુખે અથવા ઉપપ્રમુખ, અગાઉ રાજીનામું આપ્યું હોય તે સિવાય, જે તારીખે પ્રસ્તાવ પસાર કરવામાં આવ્યો હોય તે તારીખથી ત્રણ દિવસની મુદત પછી, પ્રમુખ અથવા યથાપ્રસંગ, ઉપપ્રમુખ હોદ્દો ધરાવતો બંધ થશે, અને તેમ થયે, આવા પ્રમુખે, અથવા ઉપપ્રમુખે ધરાવેલો હોદ્દો ખાલી પડયો છે એમ ગણાશે.

(૩) આ અધિનિયમમાં અથવા તે હેઠળ કરેલા નિયમોમાં ગમે તે મજકૂર હોય તે છતાં, પ્રમુખે અથવા ઉપપ્રમુખે જે બેઠકમાં તેની વિરુધ્ધનો અવિશ્વાસનો પ્રસ્તાવ ચર્ચવામાં આવે તેવી બેઠકમાં અધ્યક્ષસ્થાન લેવું નહીં પણ (મત આપવાના હક સહિત) તેને બોલવાનો અથવા બીજી રીતે આવી બેઠકની કાર્યવાહીમાં ભાગ લેવાનો હક રહેશે.

(૪) (ક) કલમ ૧૪૪માં ગમે તે મજકૂર હોય તે છતાં, આ કલમ હેઠળ અવિશ્વાસના પ્રસ્તાવની વિચારણા કરવા માટે પંચાયતની બેઠક એવા પ્રસ્તાવની નોટિસ પંચાયતને જે તારીખે મળે તે તારીખથી પંદર દિવસની મુદતની અંદર બોલાવવી જોઇશે.

(ખ) પંચાયતના પ્રમુખ એવી બેઠક બોલાવે નહિ તો, પંચાયતના સેક્રેટરીએ, યોગ્ય સત્તાધિકારીને તે વિષે રિપોર્ટ કરવો અને તેમ થયે યોગ્ય સત્તાધિકારીએ રિપોર્ટ મળ્યાની તારીખથી પંદર દિવસની મુદતની અંદર પંચાયતની બેઠક બોલાવવી જોઇશે.

હોદ્દા ઉપરથી દૂર કરવા બાબત.

૮૫. (૧) પંચાયતનો કોઇ સભ્ય, પ્રમુખ અથવા ઉપપ્રમુખ પોતાની ફરજ બજાવવામાં ગેરવર્તણૂક ચલાવવા બદલ અથવા શરમજનક વર્તણૂક ચલાવવા બદલ દોષિત થયો હોય અથવા પોતાની સત્તાનો દુરૂપયોગ કરે અથવા આ અધિનિયમ હેઠળ પોતાની ફરજો અને કાર્યો બજાવતી વખતે વારંવાર કસૂર કરે અથવા આ અધિનિયમ હેઠળ પોતાની ફરજો બજાવવામાં અસમર્થ થયો હોય, તો યોગ્ય સત્તાધિકારી, આવા સભ્ય, પ્રમુખ અથવા ઉપપ્રમુખને જે કાંઇ કહેવું હોય તે કહેવાની વાજબી તક આપ્યા પછી અને પંચાયતને તે અર્થે યોગ્ય નોટિસ આપ્યા પછી, પોતાને યોગ્ય લાગે તેવી તપાસ કર્યા પછી તેને હોદ્દા પરથી દૂર કરી શકશે. એવી રીતે દૂર કરેલા પ્રમુખ અથવા યથાપ્રસંગ, ઉપપ્રમુખને યોગ્ય સત્તાધિકારીના સ્વવિવેક અનુસાર પંચાયતના સભ્ય તરીકે પણ દૂર કરી શકાશે.

(૨) જે કોઇ વ્યક્તિએ સભ્ય, પ્રમુખ અથવા ઉપપ્રમુખ તરીકે પોતાના હોદ્દાનું રાજીનામું આપ્યું હોય અથવા બીજી રીતે એવો કોઇ હોદ્દો ધરાવતી બંધ થઇ હોય અને પેટા-કલમ (૧) માં નિર્દિષ્ટ કરેલી ગેરવર્તણૂક બદલ દોષિત થઇ હોય અથવા પોતાની ફરજો બજાવવામાં અસમર્થ થયેલ હોય તેવી કોઇ વ્યક્તિને, યોગ્ય સત્તાધિકારી પેટા-કલમ (૧) માં નિર્દિષ્ટ કરેલ કાર્યરીતિ અનુસર્યા પછી, પાંચ વર્ષ કરતાં વધુ ન હોય તેટલી મુદત સુધી ગેરલાયક કરાવી શકશેઃ

પરંતુ જે તારીખે સદરહુ વ્યક્તિએ રાજીનામું આપ્યું હોય અથવા એવો હોદ્દો ધરાવતી બંધ થઇ હોય તે તારીખથી છ મહિનાની અંદર, આવું પગલું લેવું જોઇએ.

(૩) પેટા-કલમ (૧) અથવા (૨) હેઠળ યોગ્ય સત્તાધિકારીના હુકમથી નારાજ થયેલી કોઇ વ્યક્તિ, આવા હુકમની જાણ થયાની તારીખથી ત્રીસ દિવસની મુદતની અંદર, ઠરાવેલા સત્તાધિકારીને અપીલ કરી શકશે.

ગેરહાજર રહેવાની રજા.

૮૬. (૧) પંચાયતનો જે કોઇ સભ્ય પોતાના હોદ્દાની મુદત દરમિયાન--

(ક) પંચાયતે તેને ગેરહાજર રહેવા માટે ચાર મહિનાથી વધુ ન હોય એટલી રજા આપી હોય તે સિવાય જે જિલ્લામાંથી લાગલગાટ ત્રણ મહિના કરતાં વધારે વખત માટે ગેરહાજર હોય, અથવા

(ખ) સદરહુ પંચાયતની રજા વગર પંચાયતની લાગલગાટ ચાર બેઠકોમાં ગેરહાજર રહ્યો હોય,

તે, સભ્ય તરીકે બંધ થશે અને તેનો હોદ્દો ખાલી પડશે અને તેમ થયે પંચાયતે જગા ખાલી પડી છે તેવી ખબર તેને જેમ બને તેમ જલદી આપવી જોઇશે.

(૨) આ કલમ હેઠળ કોઇ જગા ખાલી પડી છે કે પડી નથી એ બાબતની કોઇ તકરાર, નિર્ણય માટે યોગ્ય સત્તાધિકારીને મોકલી આપવી જોઇશે અને તેનો નિર્ણય છેવટનો ગણાશેઃ

પરંતુ જે તારીખે પંચાયતે ખાલી પડેલી જગા સંબંધી પેટા-કલમ (૧) હેઠળ સભ્યને જાણ કરી હોય તે તારીખથી પંદર દિવસ પૂરા થયા પછી, આવી બાબત મોકલવામાં આવે, તો તેનો સ્વીકાર કરી શકાશે નહિ.

(૩) જે સભ્ય ઉપપ્રમુખ હોય તે સભ્યને પેટા-કલમ (૧) હેઠળ રજા આપવામાં આવી હોય, ત્યારે એવી રીતે ગેરહાજર રહેલા ઉપપ્રમુખની જે શરતોથી ચૂંટણી કરવામાં આવી હતી તેવી શરતોને અધીન રહીને, જે મુદત માટે આવી રજા આપવામાં આવી હોય તેવી મુદત દરમિયાન ઉપપ્રમુખની સઘળી ફરજો બજાવવા માટે અને તેની સઘળી સત્તા વાપરવા માટે બીજા સભ્યની ચૂંટણી કરવી જોઇશે.

**૮૭.** (૧) યોગ્ય સત્તાધિકારી જે પ્રમુખ અથવા ઉપપ્રમુખ અથવા શિક્ષણ સમિતિના અધ્યક્ષ સામે નૈતિક અધઃપતનવાળા કોઇ ગુનાના સંબંધમાં કોઇ ફોજદારી કાર્યવાહી કરવામાં આવી હોય અથવા જેને કોઇ ગુના માટે ઇન્સાફ દરમિયાન જેલમાં અટકમાં રાખવામાં આવ્યો હોય અથવા જે કલમ ૩૦ હેઠળ પંચાયતના સભ્ય તરીકે ચાલુ રહેવા માટે ગેરલાયક ન ઠરાવે તેવી કેદની શિક્ષા ભોગવતો હોય અથવા જેને તે સમયે અમલમાં હોય તેવા નિવારક અટકાયતને લગતા કોઇ કાયદા હેઠળ અટકમાં રાખવામાં આવ્યો હોય, તેવા કોઇ પ્રમુખને અથવા ઉપપ્રમુખને અથવા અધ્યક્ષને હોદ્દા પરથી મોકૂફ રાખી શકશે. **પ્રમુખ અથવા ઉપપ્રમુખને અથવા શિક્ષણ સમિતિના અધ્યક્ષને હોદ્દા પરથી મોકૂફ રાખવા બાબત.**

(૨) કોઇ પ્રમુખ અથવા ઉપપ્રમુખ અથવા અધ્યક્ષ પેટા-કલમ (૧) હેઠળ હોદ્દા પરથી મોકૂફ રાખવામાં આવ્યો હોય ત્યારે, એવી રીતે હોદ્દા પરથી મોકૂફ રાખવામાં આવેલા પ્રમુખ, ઉપપ્રમુખ અથવા યથાપ્રસંગ, અધ્યક્ષની જે શરતોએ ચૂંટણી કરવામાં આવી હતી તે શરતોને અધીન રહીને, જે મુદત માટે આવી રીતે હોદ્દા પરથી મોકૂફ રાખવાનું ચાલુ હોય તે મુદત દરમિયાન, પ્રમુખ અથવા ઉપપ્રમુખની અથવા યથાપ્રસંગ, અધ્યક્ષની સઘળી ફરજો બજાવવા માટે અને તેની સઘળી સત્તા વાપરવા માટે બીજા સભ્યની ચૂંટણી કરવી જોઇશે.

(૩) પેટા-કલમ (૧) હેઠળ પસાર કરાયેલા હુકમ વિરુધ્ધની અપીલ રાજ્ય સરકારને થઇ શકશે. આવી અપીલ, હુકમની તારીખથી ત્રીસ દિવસની મુદતની અંદર કરવી જોઇશે.

**૮૮.** પંચાયતના જે સભ્યનો હોદ્દો કલમ ૩૨ હેઠળ અથવા કલમ ૮૬ હેઠળ ખાલી થયો હોય તે સભ્યની ગેરલાયકાત અથવા અસમર્થતા બંધ થઇ હોય, તો તે ફરીથી ચૂંટાવાને પાત્ર થશે. **અમુક સભ્યોની ફરીથી ચૂંટાવા માટે પાત્રતા.**

**૮૯.** (૧) પંચાયતના પ્રમુખ, ઉપપ્રમુખ અથવા સભ્યના હોદ્દાની ખાલી પડેલી જે જગાના સંબંધમાં ઠરાવેલી રીતે યોગ્ય સત્તાધિકારીને નોટિસ આપવામાં આવી હોય તેવી જગા, પ્રમુખ અથવા ઉપપ્રમુખની અથવા સભ્યની ચૂંટણી કરીને ભરવી જોઇશે. અને તેવા પ્રમુખ, ઉપપ્રમુખે અથવા સભ્યે જે પ્રમુખ, ઉપપ્રમુખ અથવા સભ્યની જગામાં તેની ચૂંટણી કરવામાં આવી હોય તે પ્રમુખ, ઉપપ્રમુખ અથવા સભ્યે જેટલી મુદત સુધી હોદ્દો ધરાવતી હોય, તેટલી જ મુદત સુધી જાણે કે જગા ખાલી પડી ન હોય તેમ હોદ્દો ધરાવશે: **ખાલી જગાઓ ભરવા બાબત.**

પરંતુ, જો કોઇ સભ્યની જગા, કલમ ૧૩ હેઠળ પંચાયતની મુદત પૂરી થતી હોય તે તારીખ પહેલાના ચાર મહિનાની અંદર ખાલી પડી હોય, તો તે ભરવી નહિ.

(૨) પેટા-કલમ (૧) હેઠળ પ્રમુખ અથવા ઉપપ્રમુખની ચૂંટણી માટેની બેઠક યોગ્ય સત્તાધિકારી, પોતે નક્કી કરે તેવી તારીખે બોલાવવી. અને જે રીતે કલમ ૭૭ હેઠળ પ્રમુખ અથવા ઉપપ્રમુખની ચૂંટણી કરવામાં આવે તે જ રીતે ચૂંટણી કરવી જોઇશે અને તે કલમની જોગવાઇએ શક્ય હોય તેટલે, સુધી, આવી ચૂંટણીના સંબંધમાં લાગુ પડશે.

**૯૦.** (૧) સભ્ય, પ્રમુખ અથવા ઉપપ્રમુખ તરીકે અથવા આ અધિનિયમ હેઠળ રચાયેલા સમિતિના અધ્યક્ષ અથવા સભ્ય તરીકે કામ કરતી કોઇપણ વ્યક્તિની ગેરલાયકાત અથવા ખામીથી અથવા પ્રથમ સામાન્ય બેઠકના અધ્યક્ષસ્થાન લેનાર અધિકારીની નિમણૂકની ખામીથી, પંચાયતના અથવા યથાપ્રસંગ, આવી કોઇ પણ સમિતિના જે કોઇપણ કાર્ય અથવા કાર્યવાહીમાં આવી વ્યક્તિઓએ ભાગ લીધો હોય તે કાર્ય અથવા કાર્યવાહી, એવા કાર્ય અથવા કાર્યવાહીમાં સામેલ હોય તેવી વ્યક્તિઓ પૈકી મોટા ભાગની વ્યક્તિ અને જે જે પ્રસંગે કામ કરવાનો હક હોય તે તે પ્રસંગે દૂષિત થાય છે એમ ગણાશે નહિ. **પંચાયતનાં અને સમિતિનાં કાર્યો અને કાર્યવાહીઓ, તેના સભ્યોની ગેરલાયકાતો વગેરેથી દૂષિત નહિ થવા બાબત.**

(૨) પંચાયતનો અથવા આ અધિનિયમ હેઠળ રચાયેલ કોઇપણ સમિતિનો કોઇ ઠરાવ કોઇ સભ્ય પર નોટિસ બજાવવામાં થયેલા કોઇપણ અનિયમસરપણાને લીધે ગેરકાયદેસર થાય છે એમ ગણાશે નહિ. પરંતુ પંચાયત અથવા સમિતિની કાર્યવાહીઓને આવા અનિયમસરપણાને લીધે કોઇ પ્રતિકૂળ અસર થયેલ હોવી જોઇએ નહિ.

(૩) વિરુધ્ધનું સાબિત ન થાય ત્યાં સુધી, પંચાયતની અથવા આ અધિનિયમ હેઠળ રચાયેલી સમિતિની જે દરેક બેઠકની કાર્યવાહીના સંબંધમાં, આ અધિનિયમ હેઠળ કાર્યનોંધ કરવામાં આવી હોય અને તેના પર સહી કરવામાં આવી હોય તે બેઠક, યોગ્ય રીતે બોલાવવામાં અને ભરવામાં આવેલી હતી એમ ગણાશે અને બેઠકના સઘળા સભ્યો, યોગ્ય લાયકાત ધરાવે છે એમ ગણાશે અને કાર્યવાહી કોઇ સમિતિની કાર્યવાહી હોય ત્યારે આવી સમિતિ યોગ્ય રીતે રચવામાં આવી છે અને કાર્યનોંધમાં ઉલ્લેખ કરેલી બાબતોને નિકાલ કરવાની તેને સત્તા હતી એમ ગણાશે.

કોઈ પંચાયતમાં અથવા તેની સમિતિમાં કોઈ જગા ખાલી હોય તે દરમિયાન, ચાલુ સભ્યો જાણે જગા ખાલી પડી ન હોત તેમ કામ કરી શકશે.

## પ્રકરણ ૫મું

## પંચાયતોના કામકાજનું સંચાલન, તેની વહીવટી સત્તા અને ફરજો, તેની મિલકત અને ફંડ તથા હિસાબો વગેરે બાબત.

### ભાગ-૧

### ગામ પંચાયતોને લગતી જોગવાઇઓ

### (ક) કામકાજનું સંચાલન


૯૧ પંચાયતોની બેઠક

૯૨ ગામ પંચાયત સમિતિઓ, તેમની રચાના સત્તા કાર્યો અને ફરજો.

૯૩ ગ્રામસભાની બેઠકો.

૯૪ પંચાયતે ગ્રામસભા સમક્ષ હિસાબોનું પત્રક, વગેરે મૂકવા બાબત અને ગ્રામસભાની ફરજો.

૯૫ બેઠકો સંબંધી કાર્યરીતિ.

૯૬ પ્રશ્નોનો નિર્ણય મતોની બહુમતીથી કરવો.

૯૭ ઠરાવોમાં ફેરફાર કરવા અથવા તે રદ કરવા બાબત.

૯૮ ગ્રામ પંચાયતોની બેઠકોમાં નિમંત્રિતો.


### (ખ) વહીવટી સત્તા અને ફરજો.


૯૯ પંચાયતોની વહીવટી સત્તા.

૧૦૦ પંચાયતોનાં બીજા કાર્યો.

૧૦૧ સમાધાન કરવાની સત્તા.

૧૦૨ ગ્રામ પંચાયતોએ સ્થાનિક તપાસ કરવા અને રિપોર્ટ રજુ કરવા બાબત.

૧૦૩ તાલુકા અથવા જિલ્લા પંચાયતે ગ્રામ પંચાયતોને સોંપેલી સંસ્થાઓની વ્યવસ્થા કરવાની અથવા કામ કરવાની ગ્રામ પંચાયતની સત્તા.

૧૦૪ મકાનોના બાંધકામ પર નિયંત્રણ.

૧૦૫ જાહેર રસ્તા અને ખુલ્લી જગાઓ ઉપર નડતર અને દબાણ.

૧૦૬ જગાઓને નંબર આપવા બાબત.

૧૦૭ વોટર કલોઝેટ અથવા જાજરૂની સગવડ કરવા માટે માલિકને ફરમાવવાની તાલુકા વિકાસ અધિકારીની સત્તા.

(ગ) મિલકત અને ફંડ

૧૦૮ સરકાર અમૂક જમીનો પંચાયતોને આપી શકશે.

૧૦૯ ગ્રામ પંચાયતની બીજી મિલકત.

૧૧૦ સ્થાવર મિલકત સ્વત્વાર્પિત કરવાની પંચાયતની સત્તા સંબંધી મર્યાદા.

૧૧૧ ગ્રામ ફંડ

૧૧૨ ફંડનો ઉપયોગ.

૧૧૩ ગ્રામ પંચાયતે કરેલ અથવા તેની સામે કરેલ મિલકતના દાવાઓનો નિર્ણય.

(ઘ) પંચાયતોના અધિકારીઓ અને નોકરો.

૧૧૪ પંચાયતોના સેક્રેટરી અને નોકરો.

(ચ) જિલ્લા વિકાસ ફંડમાં ફાળો

૧૧૫ જિલ્લા વિકાસ ફંડમાં ફાળા આપવા બાબત.

(છ) અંદાજપત્ર

૧૧૬ વાર્ષિક અંદાજપત્ર.

૧૧૭ સુધારેલું અથવા પૂરક અંદાજપત્ર અને નાણાંનો પુનર્વિનિયોગ કરવા બાબત.

૧૧૮ અંદાજપત્રમાં જેને માટે પ્રબંધ કરવામાં આવ્યો ન હોય તેવી કોઇ રકમ તાકીદના પ્રસંગ સિવાય, ખર્ચવી નહિ.

૧૧૯ આવક અને ખર્ચના હિસાબો.

૧૨૦ વાર્ષિક વહીવટી રિપોર્ટ

(જ) ગ્રામ પંચાયતોના હિસાબોનુ ઓડિટ

૧૨૧ પંચાયતના હિસાબોનું ઓડિટ.

## ભાગ-૨

## તાલુકા પંચાયતોને લગતી જોગવાઇઓ

### (ક) કામકાજનું સંચાલન


૧૨૨ તાલુકા પંચાયતોની બેઠકો.

૧૨૩ તાલુકા પંચાયતની સમિતિઓ, તેમની રચના, સત્તા, કાર્યો અને ફરજો.

૧૨૪ સામાજિક ન્યાય સમિતિના અધ્યક્ષ માનદ્ વેતન.

૧૨૫ તાલુકા પંચાયતના સભ્યો ન હોય તેવા સમિતિના સભ્યોને મુસાફરી ભથ્થું.

૧૨૬ બેઠકો સંબંધી કાર્યરીતિ.

૧૨૭ પ્રશ્નોનો નિર્ણય બહુમતીથી કરવો.

૧૨૮ ઠરાવોમાં ફેરફાર કરવા અથવા તે રદ કરવા બાબત.

૧૨૯ તાલુકા પંચાયતની અને તેની સમિતિઓની બેઠકોમાં નિમંત્રિતોને બોલાવવા બાબત.


### (ખ) વહીવટી સત્તા અને ફરજો


૧૩૦ પંચાયતોની વહીવટી સત્તા.

૧૩૧ પંચાયતોનાં બજાં કાર્યો.

૧૩૨ જિલ્લા પંચાયતે તાલુક પાંચાયતને કામ વગેરે સોંપવા બાબત.


### (ગ) મિલકત અને ફંડ


૧૩૩ તાલુકા પંચાયતની મિલકત.

૧૩૪ તાલુકા ફંડ

૧૩૫ તાલુકા ફંડનો ઉપયોગ.

## (ઘ) અધિકારીઓ અને નોકરી


૧૩૬ તાલુકા પંચાયતોના સેક્રેટરી, અધિકારી અને નોકરો.

૧૩૭ તાલુકા વિકાસ અધિકારીની સત્તા અને કાર્યો.


## (ચ) અંદાજપત્ર


૧૩૮ વાર્ષિક અંદાજપત્ર.

૧૩૯ સુધારેલુ અથવા પૂરક અંદાજપત્ર અને નાણાંનો પુનર્વિનિયોગ કરવા બાબત.

૧૪૦ અંદાજપત્રમાં જેને માટે જોગવાઇ કરવામાં ન આવી હોય તેવી કોઇ રકમ તાકીદના પ્રસંગ સિવાય, ખર્ચવી નહિ.

૧૪૧ આવક અને ખર્ચના હિસાબો.

૧૪૨ વાર્ષિક વહીવટી રિપોર્ટ.


## (છ) પંચાયતોના હિસાબોનું ઓડિટ


૧૪૩ હિસાબોનું ઓડિટ


## ભાગ-૩
## જિલ્લા પંચાયતોને લગતી જોગવાઇઓ

## (ક) કામકાજનું સંચાલન.


૧૪૪ જિલ્લા પંચાયતોની બેઠકો

૧૪૫ જિલ્લા પંચાયતની સમિતિઓ, તેમની રચના, સત્તા, કાર્યો અને ફરજો.

૧૪૬ શિક્ષણ સમિતિના અધ્યક્ષને હોદ્દા ઉપરથી દૂર કરવા બાબત.

૧૪૭ શિક્ષણ સમિતિના અધ્યક્ષને માનદ્ વેતન આપવ બાબત.

૧૪૮ સામાજિક ન્યાય સમિતિના અધ્યક્ષને માનદ્ વેતન વગેરે આપવા બાબત.

૧૪૯ જિલ્લા પંચાયતના સભ્યો ન હોય તેવા સમિતિના સભ્યોને મુસાફરી ભથ્થું .

૧૫૦ બેઠકો સબંધિ કાર્યરીતિ
૧૫૧ પ્રશ્નોનો નિર્ણય બહુમતીથી કરવો.
૧૫૨ ઠરાવમાં ફેરફાર કરવા અથવા તે રદ કરવા બાબત.
૧૫૩ જિલ્લામાં પંચાયત અને તેની સમિતિઓની બેઠકોમાં નિમંત્રિતોને બોલાવવા બાબત.

(ખ) વહીવટી સત્તા અનેફરજો.

૧૫૪ પંચાયતોની વહીવટી સત્તા.
૧૫૫ પંચાયતોનાં બીજા કાર્યો.
૧૫૬ સરકાર વતી બાંધકામો વગેરે હાથ ધરવાની અને ટેકનિકલ સલાહ આપવાની જિલ્લા પંચાયતની સત્તા.

(ગ) મિલકત અને ફંડ

૧૫૭ જિલ્લા પંચાયતોની મિલકત
૧૫૮ જિલ્લા ફંડ
૧૫૯ તાલુકા ફંડનો ઉપયોગ.
૧૬૦ જિલ્લા કુટુંબ કલ્યાણ ફંડ.

(ઘ) અધિકારીઓ અને નોકરો

૧૬૧ જિલ્લા પંચાયતોના સેક્રેટરી તથા અધિકારીઓ તથા નોકરો.
૧૬૨ જિલ્લા વિકાસ અધિકારીની સત્તા અને કાર્યો.

(ચ) અંદાજપત્ર

૧૬૩ જિલ્લા પંચાયતનું અંદાજપત્ર અને તેના નાણાનો પુનર્વિનિયોગ.
૧૬૪ અંદાજપત્રની નકલ યોગ્ય અધિકરીને મોકલવા બાબત.
૧૬૫ અંદાજપત્રમાં જેને માટે જોગવાઇ કરવામાં આવી ન હોય તેવી કોઇ રકમ તાકીદના પ્રસંગ સિવાય, ખર્ચવી નહિ.
૧૬૬ હિસાબો અને તેનું ઓડિટ.
૧૬૭ વાર્ષિક રિપોર્ટ.

## પ્રકરણ ૫મું

## પંચાયતોના કામકાજનું સંચાલન, તેની વહીવટી સત્તા અને ફરજો, તેની મિલકત અને ફંડ તથા હિસાબો વગેરે બાબત

### ભાગ ૧

### ગ્રામપંચાયતોને લગતી જોગવાઈઓ

(ક) કામકાજનું સંચાલન.

પંચાયતોની બેઠકો.

**૯૧.** ગ્રામ પંચાયતની બેઠક, ઠરાવવામાં આવે તેવા ગાળાએ ભરવી જોઈશે:

પરંતુ સરપંચે, ખાસ કારણ દર્શાવીને અને ઓછામાં ઓછા કુલ સભ્યોના એક તૃતીયાંશ સભ્યોની લેખિત વિનંતી પરથી, બીજા કોઈપણ વખતે, પંચાયતની બેઠક બોલાવવી જોઈશે.

ગ્રામ પંચાયત, સમિતિઓ, તેમની રચના, સત્તા, કાર્યો અને ફરજો.

**૯૨.** (૧) પંચાયત તેને સોંપે તેવાં કાર્યો અને ફરજો (જે તેની સામાજિક ન્યાય સમિતિને લગતાં કાર્યો અને ફરજો ન હોવાં જોઈએ)બજાવવા માટે તે ગ્રામ પંચાયત એક કારોબારી સમિતિ રચી શકશે.

(૨) કારોબારી સમિતિ, પંચાયતે પોતાના સભ્યોમાંથી ચૂંટવાના પાંચ સભ્યોની બનશે. જેમાંનો એક સભ્ય, અનુસૂચિત જાતિનો અથવા અનુસૂચિત આદિજાતિનો હોવો જોઈએ અને જેમાં એક સ્ત્રી સભ્ય હોવી જોઈશે.

(૩) ગ્રામ પંચાયત, અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓની વ્યક્તિઓ સહિત, સમાજના નબળા વર્ગોના લોકોને સામાજિક ન્યાય મળે તે માટે આવશ્યક જણાતા જે કાર્યો ઠરાવવામાં આવે તે બજાવવા માટે ''સામાજિક ન્યાય સમિતિ'' એ નામની એક સમિતિ રચશે અને એવી સમિતિની રચના, ઠરાવવામાં આવે તેવી રહેશે.

(૪) ઉપર્યુક્ત સમિતિઓ ઉપરાંત, ગ્રામ પંચાયત રાજ્ય સરકારની પૂર્વમંજૂરીથી, પોતે નક્કી કરે તેવા તેના સભ્યોની અને ગામના બીજા રહેવાસીઓની બનેલી એક અથવા વધુ સમિતિઓ રચી શકશે અથવા પંચાયત પોતે નક્કી કરેલાં કોઈ કાર્ય અથવા યોજનાનો અમલ કરવા અથવા પોતે એવી સમિતિ અથવા સભ્યને સોંપે તેવી બાબતોમાં તપાસ કરીને તેનો રિપોર્ટ કરવા પોતાના કોઈપણ સભ્યને નીમી શકશે. પંચાયત, એવી કોઈ સમિતિએ અનુસરવાની કાર્યરીતિ માટે વિનિયમો કરી શકશે.

(૫) આ કલમ હેઠળ કોઈ સમિતિ રચવામાં આવે, ત્યારે સમિતિના સભ્યો પોતાનામાંથી સમિતિના અધ્યક્ષને ચૂંટશે:

પરંતુ—

(ક) સરપંચ અને ઉપસરપંચ બન્ને તેવી કોઈ સમિતિના સભ્યો હોય, ત્યારે સરપંચ, હોદ્દાની રૂએ, તે સમિતિના અધ્યક્ષ બનાવશે અને તેઓ તે હોદ્દો ધરાવવાની ના પાડે, તો ઉપસરપંચ, હોદ્દાની રૂએ, સમિતિના અધ્યક્ષ થશે, સિવાય કે તેઓ પણ સમિતિના અધ્યક્ષનો હોદ્દો ધરાવવાની ના પાડે; અને

(ખ) બેમાંથી કોઈપણ એક જ તેના સભ્ય હોય, તો તે હોદ્દાની રૂએ સમિતિના અધ્યક્ષ થશે, સિવાય કે તેઓ પણ સમિતિના અધ્યક્ષનો હોદ્દો ધરાવવાની ના પાડે.

(૬) (ક) કારોબારી સમિતિ અને સામાજિક ન્યાય સમિતિ સિવાયની દરેક સમિતિની મુદત, પંચાયત નક્કી કરે તેટલી રહેશે.

(ખ) કારોબારી સમિતિની મુદત, બે વર્ષની રહેશે અને તેની મુદત પૂરી થયે, સમિતિની ફરી રચના કરી શકાશે અને સામાજિક ન્યાય સમિતિની મુદત પંચાયતની મુદત જેટલી જ રહેશે :

પરંતુ પંચાયતની મુદતના પૂરા નહિ થયેલા જે ભાગ દરમિયાન, કારોબારી સમિતિ રચવામાં અથવા ફરી રચવામાં આવે તે ભાગ, બે વર્ષથી ઓછો હોય, તો કારોબારી સમિતિની મુદત પંચાયતની મુદતના પૂરા નહિ થયેલા ભાગ જેટલી રહેશે.

(૭) સમિતિમાં એક વાર ચૂંટાયેલો સભ્ય ફરી ચૂંટાવાને પાત્ર થશે.

(૮) કોઈ સભ્ય અથવા અધ્યક્ષ, પંચાયતને પોતાનું રાજીનામું મોકલીને, સમિતિના સભ્ય અથવા અધ્યક્ષ તરીકે રાજીનામું આપી શકશે.

(૯) સમિતિની ખાલી પડતી કોઇ જગા, જેમ બને તેમ, જલદી ભરવામાં આવશે.

(૧૦) આ કલમ હેઠળ રચાયેલી સમિતિઓ, પોતાનાં કાર્યો બજાવતી વેળા પંચાયત તેમને સોંપે તેવી ગ્રામ પંચાયતની સત્તા વાપરશે અને તેવી ફરજો બજાવશે.

(૧૧) કોઇ સમિતિને સોંપવામાં નહીં આવેલા પંચાયતના સત્તા, કાર્યો અને ફરજો પંચાયત વાપરશે અને બજાવશે.

(૧૨) સામાજિક ન્યાય સમિતિ સિવાયની કોઇ સમિતિને સોંપેલા સત્તા,કાર્યો અને ફરજો, પંચાયત, કોઇપણ સમયે, તે સમિતિ પાસેથી પાછા લઇ સામાજિક ન્યાય સમિતિ સિવાયની બીજી કોઇ સમિતિને સોંપી શકશે.

(૧૩) સમિતિએ, પંચાયત તેને વખતોવખત આપે તેવી કોઇપણ સૂચનાનું પાલન કરવું જોઇશે; પંચાયત,કોઇ પણ સમયે, કોઇપણ સમિતિની કોઇપણ કાર્યવાહીમાંથી કોઇપણ ઉતારો અને જે બાબતમાં કોઇપણ સમિતિને તજવીજ કરવાનો અધિકાર આપ્યો હોય અથવા આદેશ કર્યો હોય તેવી કોઇપણ બાબતના સબંધમાં, કોઇપણ પત્રક, નિવેદન, હિસાબ અથવા રિપોર્ટ મંગાવી શકશે, આવી દરેક માંગણીનું એવી રીતે ફરમાવવામાં આવે ત્યારે સમિતિએ વિના વિલંબે પાલન કરવું જોઇશે.

(૧૪) પંચાયતના કોઇ સત્તા, કાર્યો અને ફરજો તેની કોઇ સમિતિને સોંપવામાં આવ્યા હોય તે છતાં,---

(ક) ઠરાવવામાં આવે તેવા વર્ગના કેસોમાં સામાજિક ન્યાય સમિતિ સિવાયની કોઇ સમિતિના નિર્ણયથી નારાજ થયેલી કોઇ વ્યક્તિ, પંચાયતને અપીલ કરી શકશે, અને

(ખ) સામાજિક ન્યાય સમિતિના નિર્ણયથી નારાજ થયેલી કોઇ વ્યક્તિ, આવા નિર્ણયની તારીખથી સાઠ દિવસની મુદતની અંદર, તાલુકા પંચાયતની સામાજિક ન્યાય સમિતિને અપીલ કરી શકશે અને પંચાયત અથવા યથાપ્રસંગ, તાલુકા પંચાયતની સામાજિક ન્યાય સમિતિ, અપીલ કરનારને સુનાવણીની તક આપ્યા પછી, જેની સામે અપીલ કરવામાં આવી હોય તે નિર્ણયને બહાલ રાખી શકશે, તેમાં ફેરફાર કરી શકશે અથવા તે ફેરવી નાંખી શકશે અને પોતાને યોગ્ય લાગે તેવો હુકમ કરી શકશે.

**ગ્રામસભાની બેઠકો.**

**૯૩.** (૧) ઠરાવવામાં આવે તેવી તારીખે તેવા સમયે અને તેવા સ્થળે, દર વર્ષે ગ્રામસભાની ઓછામાં ઓછી બે સામાન્ય બેઠકો ભરવી જોઇશે. પરંતુ કોઇપણ પ્રસંગે, બે સાધારણ બેઠકો વચ્ચેનો ગાળો ત્રણ મહિના કરતાં ઓછો હોવો જોઇશે નહિ :

પરંતુ સરપંચ કોઇપણ વખતે પોતાની મેળે, ગ્રામસભાની અસાધારણ બેઠક બોલાવી શકશે અને જો તાલુકા પંચાયત અથવા જિલ્લા પંચાયત ફરમાવે, તો તેણે ગ્રામસભાની અસાધારણ બેઠક બોલાવવી જોઇશે.

(૨) તાલુકા પંચાયતે અથવા જિલ્લા પંચાયતે, સામાન્ય અથવા ખાસ હુકમ દ્વારા આ અર્થે અધિકૃત કરેલા કોઇ અધિકારીને, ગ્રામસભાની બેઠકની કાર્યવાહીમાં બોલવાનો અને બીજી રીતે ભાગ લેવાનો હક રહેશે. પણ તેને મત આપવાનો હક રહેશે નહિ.

(૩) આ અધિનિયમમાં અન્યથા ઠરાવ્યું ન હોય તો, સરપંચે અને સરપંચની ગેરહાજરીમાં ઉપસરપંચે ગ્રામ સભાની દરેક બેઠકનું અધ્યક્ષસ્થાન લેવું જોઇશે. સરપંચ અને ઉપસરપંચની ગેરહાજરીમાં ગ્રામસભાના સભ્યોને પંચાયતના હાજર રહેલા સભ્યોમાંથી કોઇપણ એક સભ્યને અધ્યક્ષસ્થાન લેવા માટે ચૂંટવો જોઇશે.

(૪) કોઇ વ્યક્તિ ગ્રામસભાની બેઠકમાં હાજર રહેવા માટે હકદાર છે કે કેમ તે માટે તકરાર ઉપસ્થિત થાય, તો આવી તકરારનો સમગ્ર ગામ અથવા યથાપ્રસંગ, તેના વોર્ડ માટેની મતદારોની યાદીમાંની નોંધ ધ્યાનમાં લઇને, અધ્યક્ષસ્થાન લેનાર વ્યક્તિએ નિર્ણય કરવો જોઇશે અને તેનો નિર્ણય છેવટનો ગણાશે.

**પંચાયતે ગ્રામ સભા સમક્ષ હિસાબોનું પત્રક, વગેરે, મૂકવા બાબત અને ગ્રામ સભાની ફરજો.**

**૯૪.** (૧) દર વર્ષે ગ્રામસભાની પ્રથમ બેઠક તે વર્ષેની શરૂઆતથી બે મહિનાની અંદર ભરવી જોઇશે અને ગ્રામ પંચાયતને આવી બેઠક સમક્ષ--

(૧) હિસાબોનું વાર્ષિક પત્રક મૂકવું જોઇશે;

(૨) પાછલા હિસાબી વર્ષના વહીવટ વિષે રિપોર્ટ મૂકવો જોઇશે;

(૩) ચાલુ હિસાબી વર્ષ માટે યોજેલ વિકાસ અને કાર્યનો બીજો કાર્યક્રમ મૂકવો જોઇશે;

(૪) ઓડિટની છેલ્લી નોંધ અને તે સંબંધી આપેલા જવાબો (હોય તો તે) મૂકવા જોઇશે;

(૫) તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયત આવી બેઠક સમક્ષ મૂકવાનું ફરમાવે તેવી બીજી કોઇ બાબત મૂકવી જોઇશે.

(૨) પેટા-કલમ (૧) હેઠળ ગ્રામસભા સમક્ષ મૂકેલી બાબતો પૈકી કોઇ બાબત અથવા સઘળી બાબતો વિશે ગ્રામસભા ચર્ચા કરી શકશે અને ગ્રામસભાએ કોઇ સૂચનો કર્યાં હોય તો, તેને પંચાયતે ધ્યાનમાં લેવા જોઇશે.

(૩) ગ્રામસભાએ ઠરાવવામાં આવે તેવાં બીજા કાર્યો બજાવવા જોઇશે.

બેઠકો સંબંધી કાર્યરીતિ.

**૯૫.** આ અધિનિયમમાં જોગવાઇ કરી હોય તે સિવાય, પંચાયતની અથવા તેની સમિતિની બેઠકનો સમય અને સ્થળ, આવી બેઠક માટેનું કોરમ, આવી બેઠક બોલાવવા માટેની કાર્યરીતિ અને આવી બેઠક વખતે અનુસરવાની કાર્યરીતિ, ઠરાવવામાં આવે તેવા રહેશે.

પ્રશ્નોનો નિર્ણય મતોની બહુમતીથી કરવો.

**૯૬.** પંચાયત અથવા તેની સમિતિની અથવા ગ્રામસભાની સમક્ષ સઘળા પ્રશ્નોનો નિર્ણય હાજર રહેલા સભ્યોના મતોની બહુમતીથી કરવી જોઇશે અને આ અધિનિયમમાં અન્યથા ઠરાવ્યું ન હોય તો, બેઠકનું અધ્યક્ષસ્થાન લેનાર અધિકારીને મતો સરખા પડે ત્યારે બીજો અથવા નિર્ણાયક મત રહેશે:

પરંતુ ઠરાવવામાં આવે તેવા સંજોગોમાં અને તેવી શરતોને અધીન રહીને, કોઇ પંચાયત અથવા તેની સમિતિ સમક્ષના કોઇ પ્રશ્ન સંબંધી નિર્ણય તે અંગેની દરખાસ્તો સભ્યોના મત માટે ફેરવીને લઇ શકાશે.

ઠરાવોમાં ફેરફાર કરવા અથવા રદ કરવા બાબત.

**૯૭.** આવી પંચાયતના સભ્યોની કુલ સંખ્યાના બે-તૃતીયાંશ સભ્યોએ ટેકો આપેલા ઠરાવ સિવાય, પંચાયતના કોઇ ઠરાવમાં તે પસાર થવાની તારીખથી ત્રણ મહિનાની મુદતની અંદર, પંચાયતે ફેરફાર કરવો નહિ, તેને સુધારવો નહિ, તે ફેરવવો નહિ અથવા રદ કરવો નહિ.

પંચાયતોની બેઠકમાં નિમંત્રિતો.

**૯૮.** (૧) આ અધિનિયમમાં ગમે તે મજકૂર હોય તે છતાં ગ્રામ પંચાયત પોતાની બેઠકમાં વધુમાં વધુ બે વ્યક્તિઓને નિમંત્રણ આપે, તો તે કાયદેસર ગણાશે.

(૨) પંચાયતની બેઠકમાં હાજર રહેનાર નિમંત્રિતને, બેઠકની કાર્યવાહીમાં બોલાવવાનો અથવા અન્યથા તેમાં ભાગ લેવાનો હક રહેશે પણ તેને મત આપવાનો હક રહેશે નહિ.

## (ખ) વહીવટી સત્તા અને ફરજો

પંચાયતોની વહીવટી સત્તા.

**૯૯.** આ અધિનિયમની જોગવાઇઓને અધીન રહીને, પોતાની હકૂમત હેઠળના વિસ્તારમાં અને જેટલે સુધી પોતાને હસ્તકના ફંડમાંથી જોગવાઇ થઇ શકે તેટલે સુધી, અનુસૂચિ ૧માં નિર્દિષ્ટ કરેલી સઘળી બાબતો અથવા તે પૈકી કોઇ બાબતના સંબંધમાં યોગ્ય જોગવાઇ કરવાની દરેક પંચાયતની ફરજ રહેશે.

પંચાયતોનાં બીજા કાર્યો.

**૧૦૦.** (૧) જિલ્લા પંચાયતની પૂર્વમંજૂરી લઇને, કોઇ પંચાયત, નાણાંની સગવડ હોય તો, પોતાની હકૂમતની બહાર શિક્ષણ અથવા તબીબી સહાય સંબંધી ખર્ચ કરી શકશે.

(૨) પંચાયત, પોતાની હકૂમતના હદમાંની વિસ્તારોના રહેવાસીઓના,

(ક) આરોગ્ય, સુરક્ષિતતા, સુવિધા, અથવા સગવડનો,

(ખ) સામાજિક, આર્થિક કે સાંસ્કૃતિક કલ્યાણનો, અને

(ગ) માધ્યમિક શિક્ષણ સહિત શિક્ષણનો

ઉત્કર્ષ થવાનો સંભવ હોય તેવું બીજું કોઇ પણ કાર્ય અથવા ઉપાય તેવા વિસ્તારમાં કરવા માટે જોગવાઇ કરી શકશે.

(૩) પંચાયત, સભ્યોના કુલ સંખ્યાના બે તૃતિયાંશ સભ્યોએ ટેકો આપેલો ઠરાવ, પોતાની બેઠકમાં પસાર કરી પોતાની હકૂમતના હેઠળના વિસ્તારમાં કોઇ જાહેર સત્કાર સમારંભ અથવા મનોરંજન માટે જોગવાઇ કરી શકશે અથવા વાર્ષિક સંમેલનમાં અથવા જિલ્લામાં કે રાજ્યમાં તેવા બીજા પંચાયતોના સંમેલનમાં અથવા ગ્રામ જનતામાં સમૂહભાવના, સ્વાશ્રયની ભાવના અને પરસ્પર મદદની ભાવનાને ઉત્તેજન આપવાના અને પંચાયતોના કાર્યક્ષમ વહીવટ માટે ઉપાયો અને સાધનો સૂચવવાના ઉદેશથી સ્થપાયેલી હોય અને રાજ્ય સરકારે માન્યતા આપેલી હોય તેવી કોઇ સંસ્થાના ફંડમાં ફાળો આપી શકશે:

પરંતુ કલમ ૬ હેઠળ તે જેના તાબા હેઠળ હોય તે પંચાયતની પૂર્વમંજૂરી સિવાય, પંચાયત આવા કોઇપણ જાહેર સત્કાર સમારંભ, મનોરંજન અથવા સંમેલન માટે એકસો રૂપિયા કરતાં વધુ ખર્ચ કરી શકશે નહિ.

(૪) જો કોઇ જમીનના સંબંધમાં પંચાયતને એમ માલૂમ પડે કે ખાતેદાર અથવા તેના વરિષ્ઠ ધારણ કરનારની બેદરકારીને કારણે અથવા તે અને તેના ગણોતિયા વચ્ચેની તકરારને કારણે જમીનની ખેતીને ઘણું જ નુકસાન થયું છે, તો પંચાયત આવી હકીકત યોગ્ય સત્તાધિકારીની જાણમાં લાવી શકશે.

(૫) પંચાયતે, અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓ અને બીજા પછાત વર્ગોની હાલત સુધારવાના ઉપાયોના સંબંધમાં અને ખાસ કરીને અસ્પૃશ્યતા નિવારણ માટે રાજ્ય સરકારે અથવા યોગ્ય સત્તાધિકારીએ આ બાબત અંગે વખતોવખત આપેલા આદેશો અથવા કાઢેલા હુકમોનો અમલ કરવો જોઈશે અને એવી રીતે આપેલા અથવા કાઢેલા કોઈ આદેશ કે હુકમોનો અમલ પંચાયત ન કરે તો, તે પંચાયતને જે કંઈ કહેવું હોય તે કહેવાની વાજબી તક આપ્યા પછી, રાજ્ય સરકાર, પ્રકરણ ૧૧ હેઠળ આપવાની સઘળી ગ્રાન્ટો અથવા તે પૈકી કોઈપણ ગ્રાન્ટની ચુકવણી અટકાવે તો તે કાયદેસર ગણાશે.

(૬) પંચાયતે, તે સમયે અમલમાં હોય તેવા બીજા કોઈ કાયદાથી અથવા તે હેઠળ તેને સોંપવામાં આવે તેવી બીજી ફરજો અને તેવાં કાર્યો બજાવવાં જોઈશે.

(૭) પંચાયત, અનુસૂચિ-૧માં નિર્દિષ્ટ કરેલી બાબતો પૈકી કોઈ બાબતને લગતી હોય તેવી પ્રવૃત્તિ ગ્રામ પંચાયતમાં ચલાવવા માટે કોઈ વ્યક્તિને નાણાકીય અથવા બીજી મદદ આપે, તો તે કાયદેસર ગણાશે.

૧૦૧. (૧) ગ્રામ પંચાયતે માંડેલા અથવા તેની વિરૂદ્ધ માંડવામાં આવેલા કોઈ દાવાના સંબંધમાં અથવા આ અધિનિયમ હેઠળ તેણે કરેલા કોઈ કરારમાંથી ઉપસ્થિત થતા કોઈ દાવા અથવા માંગણાના સંબંધમાં તેને પૂરતી જણાય એટલી નાણાંની રકમ અથવા તેને પૂરતું જણાય એવું બીજું વળતર આપીને, તે સમાધાન કરી શકશે: સમાધાન કરવાની સત્તા.

પરંતુ કોઈપણ કરાર કરવામાં આ અધિનિયમની રૂએ, કોઈ મંજૂરીની જરૂર હોય તો, તેવા કરારમાંથી ઉપસ્થિત થતા કોઈ દાવા અથવા માંગણાનું સમાધાન કરવા માટે તેવી જ પૂર્વમંજૂરી મેળવવી પડશે.

(૨) આ અધિનિયમ હેઠળ પંચાયત તથા તેના અધિકારીઓ અને નોકરોને પ્રાપ્ત થયેલી સત્તા પૈકી કોઈ સત્તા વાપરવાને કારણે કોઈ વ્યકિતને નુકસાન થયું હોય તેને, પંચાયત પોતાના ફંડમાંથી વળતર આપી શકશે.

૧૦૨. નીચેની કોઈપણ બાબતમાં તપાસ અને રિપોર્ટ કરવાની દરેક ગ્રામ પંચાયતની ફરજ રહેશે: ગ્રામ પંચાયતોએ સ્થાનિક તપાસ કરવા અને રિપોર્ટ રજૂ કરવા બાબત.

સન ૧૯૭૪નો ૨જો. (ક) જે કોઈપણ બાબતમાં ગ્રામ પંચાયતે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ ૨૦૨ હેઠળ અગાઉ સ્થાનિક તપાસ કરવી એવો મેજિસ્ટ્રેટે આદેશ કર્યો હોય તેવી કોઈપણ બાબતમાં, અને સદરહુ કલમની પેટા-કલમ (૧)માંના ''તેવી બીજી વ્યક્તિને'' એ શબ્દોમાં, ગ્રામ પંચાયતનો સમાવેશ થાય છે એમ ગણાશે.

સન ૧૯૭૪નો ૨જો. (ખ) જે કોઈપણ બાબતમાં ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ ૧૨૫ હેઠળ તપાસ કરનાર મેજિસ્ટ્રેટ, જે સ્ત્રી અથવા બાળકના ભરણપોષણ માટે અરજી કરવામાં આવી હોય અગર તે સ્ત્રી અગર બાળક અથવા તેવી સ્ત્રીનો પતિ અથવા તેવા બાળકના બાપ અથવા મા, જે ગ્રામપંચાયતની હકૂમતમાં રહેતા હોય તે ગ્રામપંચાયત પાસેથી, પક્ષકારના સંજોગો ધ્યાનમાં લેતાં, ભરણપોષણ માટે કેટલી રકમ આપવી જોઈએ તે વિષેનો રિપોર્ટ માગે તે બાબત અને એવો રિપોર્ટ એવી તપાસમાં પુરાવા તરીકે ગણાશે:

પરંતુ જે કોઈપણ બાબતમાં તે રિપોર્ટ જ પુરાવો હોય તેવી બાબતના સંબંધમાં, સાક્ષી તરીકે હાજર રહેવાનું ગ્રામ પંચાયતના કોઈ સભ્યને ફરમાવી શકાશે નહિ, પણ મેજિસ્ટ્રેટ પોતાની મુનસફી મુજબ વધુ રિપોર્ટ મંગાવી શકશે.

૧૦૩. તાલુકા પંચાયત અથવા જિલ્લા પંચાયત દ્વારા જેની વ્યવસ્થા થતી હોય તેવી કોઈ સંસ્થાની અથવા તાલુકા પંચાયત અથવા જિલ્લા પંચાયતના ફંડમાંથી કરવાના કોઈ કામની બાબતમાં, તાલુકા પંચાયત અથવા યથાપ્રસંગ, જિલ્લા પંચાયત, જો ગ્રામ પંચાયત તેવી રીતે કબૂલ થાય તો, ગામ પંચાયતને આવી સંસ્થાની વ્યવસ્થા કરવાનું અથવા આવું કામ કરવાનું સોંપી શકશે: તાલુકા અથવા જિલ્લા પંચાયતે ગ્રામ પંચાયતને સોંપેલી સંસ્થાઓની વ્યવસ્થા કરવાની અથવા કામ કરવાની ગ્રામ પંચાયતની સત્તા.

પરંતુ આવા દરેક પ્રસંગે, આવી વ્યવસ્થા અથવા કામ માટે આવશ્યક હોય તેટલા નાણાં તાલુકા પંચાયતો અથવા જિલ્લા પંચાયતે પંચાયતને હસ્તક મૂકવા જોઈશે.

૧૦૪. (૧) પંચાયતની પૂર્વમંજૂરી મેળવ્યા સિવાય, કોઈ વ્યક્તિએ, ગામની હદની અંદર, કોઈ મકાન બાંધવું નહિ અથવા ફરીથી બાંધવું નહિ અથવા બાંધવાની અથવા ફરી બાંધવાની શરૂઆત કરવી નહિ. મકાનોના બાંધકામ પર નિયંત્રણ.

(૨) પરવાનગી માટેની અરજી મળ્યાની તારીખથી એક મહિનાની અંદર પંચાયત તે અંગે પોતાની મંજૂરી આપ્યાની અથવા તેનો ઈન્કાર કર્યાની જાણ કરે તો પરવાનગી આપવામાં આવી છે એમ માની લેવામાં આવશે. પરવાનગી આપવા માટે ઈન્કાર કરવામાં આવે ત્યારે, પંચાયતે અરજી કરનારને, તે માટેનાં કારણો જણાવવાં જોઈશે અને ઈન્કાર કર્યાના આવા કોઈ હુકમ સામે, તાલુકા પંચાયતને અપીલ કરવી જોઈશે:

પરંતુ જે તારીખે આવો ઈન્કાર કર્યાની બાબત અરજદારને જણાવવામાં આવે તે તારીખથી ત્રીસ દિવસ પૂરા થયા પછી, આવી કોઈ અપીલ કરવામાં આવી હોય, તો તે દાખલ કરી શકાશે નહિ.

(૩) પેટા-કલમ (૧) અથવા (૨) હેઠળ બાંધવા અથવા ફરી બાંધવા ધારેલું કોઈ કામ આગળ ચલાવવાને હકદાર બને તેવી કોઈ વ્યક્તિએ યથાપ્રસંગ, પેટા-કલમ (૧) અથવા (૨)ની જોગવાઈઓનું ફરી પાલન કરીને, એવી રીતે ફરી હકદાર ન થાય, તો જે તારીખે તે કામ કરવાને હકદાર બની હોય તે તારીખથી એક વર્ષ પૂરુ થયા પછી, આવુ કામ શરૂ કરવું નહિ.

(૪) જે કોઈ વ્યકિત, તેવી પરવાનગી સિવાય અથવા પેટા-કલમ (૧)ની અથવા અમલમાં હોય એવા કોઈ ઉપનિયમની જોગવાઈઓ અથવા પંચાયતે નાંખેલી કોઈ શરતોની વિરૂધ્ધ કોઈ રીતે મકાન બાંધે અથવા ફરી બાંધે અથવા બાંધવાની અથવા ફરી બાંધવાની શરૂઆત કરે, તેને ગુનો સાબિત થયેથી બસો રૂપિયા સુધીના દંડની શિક્ષા થશે અને ઉલ્લંઘન ચાલુ રહે તે દાખલામાં તેવા પહેલા ઉલ્લંઘન માટે ગુનો સાબિત થયા પછી, તેવું ઉલ્લંઘન જે દિવસે ચાલુ રહે તેવા દરેક દિવસ માટે વીસ રૂપિયા સુધીના દંડની તેને શિક્ષા થશે.

(૫) પેટા-કલમ (૪)માં ઠરાવેલા દંડને બાધ આવ્યા સિવાય, પંચાયત --

(ક) એવો આદેશ કરી શકશે કે બાંધકામ અથવા ફરી કરેલું બાંધકામ બંધ કરવું.

(ખ) લેખિત નોટિસ આપીને, એવા બાંધકામ અથવા ફરી કરેલા બાંધકામમાં તેને જરૂરી લાગે તેવા ફેરફારો કરવાનું અથવા તેને તોડી પાડવાનું ફરમાવી શકશે.

અને નોટિસમાં નક્કી કરેલા સમયની અંદર ખંડ (ખ) હેઠળ ફરમાનનું પાલન કરવામાં ન આવે, તો પંચાયત, તેના અધિકારીઓ દ્વારા તે ફેરફાર કરાવી શકશે અથવા તેને તોડી નંખાવી શકશે અને તેને માટે પંચાયતે કરેલું સઘળું ખર્ચ, પ્રકરણ ૧૦ હેઠળ વસૂલ થઈ શકે તેવા કર બદલ માંગવામાં આવતી રકમ જે રીતે વસૂલ કરી શકાય તેવી જ રીતે વસૂલ કરી શકાશે:

પરંતુ આ પેટા-કલમ હેઠળ કોઈ બાંધકામમાં અથવા ફરી કરેલા બાંધકામમાં ફેરફાર કરવા કે તે તોડી પાડવા માટે કાઢેલા ફરમાન વિરૂધ્ધ કોઈ કાર્યવાહી કરવા માટેની નોટિસ કલમ ૨૭૦ની પેટા-કલમ (૨) હેઠળ આપવામાં આવેલી હોય, ત્યારે સદરહુ બાંધકામમાં કે ફરી કરેલા બાંધકામમાં આવી નોટિસની મુદત અને સાત દિવસની વધુ મુદત પૂરી ન થાય ત્યાં સુધી, ફેરફાર કરવા નહિ અથવા તે તોડી પડાવવાં નહિ.

(૬) આ કલમમાંનો કોઈપણ મજકૂર, જાહેર સેવા માટે અથવા કોઇ જાહેર હેતુ માટે વપરાતા અથવા જરૂરી હોય તેવા અને રાજ્ય અથવા કેન્દ્ર સરકાર અથવા કોઈપણ સ્થાનિક સત્તામંડળની મિલકત હોય તેવા અથવા રાજ્ય અથવા કેન્દ્ર સરકાર અથવા સ્થાનિક સત્તામંડળ બાંધનાર હોય અથવા ફરી બાંધનાર હોય તેવા કોઇ મકાનને લાગુ પડશે નહિ, પણ સૂચિત બાંધકામની વાજબી નોટિસ પંચાયતને અપાવવી જોઇએ અને પંચાયતના કોઇ વાંધા અથવા સૂચનો હોય, તો તે વિચારણામાં લેવાં જોઇશે.

**સ્પષ્ટીકરણ** :- આ કલમમાં મકાનના સંબંધમાં, " બાંધવુ " અથવા " ફરી બાંધવું " એ શબ્દપ્રયોગમાં, નીચેનાનો સમાવેશ થશે:-

(ક) કોઇ મકાનના અથવા તેમાં કશા મહત્વના ફેરફારનો અથવા વધારાનો;

(ખ) માનવ વસવાટ માટે મૂળ નહિ બાંધેલા કોઇ મકાનના માનવ વસવાટ માટેની જગામાં, બાંધકામના ફેરફારથી થયેલા રૂપાંતરનો;

(ગ) મોરીની અથવા આરોગ્ય રક્ષણ સંબંધી વ્યવસ્થામાં ફેરફાર થાય અથવા તેની સલામતીને મહત્વની અસર થાય તેવા મકાનના ફેરફાર;

(ઘ) કોઇપણ મકાનમાં કોઇ ઓરડા, મકાન, આઉટ હાઉસ અથવા બીજા બાંધકામના વધારાનો;

(ચ) ધાર્મિક ઉપાસનાના અથવા પવિત્ર કાર્યના હેતુ માટે મૂળ રાખવા ધાર્યું ન હોય અથવા બાંધેલું ન હોય તેવા કોઇ સ્થળ અથવા મકાનનું ધાર્મિક ઉપાસનાના સ્થળમાં અથવા પવિત્ર કાર્ય માટેના મકાનમાં કોઇ બાંધકામના ફેરફારથી થયેલા રૂપાંતરનો;

(છ) ભીંતો અને મકાનો વચ્ચેની ખુલ્લી જગા પર છાપરું બાંધીને અથવા તેને ઢાંકીને બનેલા બાંધકામના સંબંધમાં, તે જગા પર છાપરું બાંધવાનો અથવા તેને ઢાંકવાનો;

(જ) હાટ, દુકાન, વખાર અથવા ગોદામના ઉપયોગ માટે મૂળ બાંધેલા ન હોય તેવા કોઈ મકાનના હાટ, દુકાન, વખાર અથવા ગોદામમાં કરેલા રૂપાંતરને અથવા એવાં હાટ, દુકાન, વખાર અથવા ગોદામનો, કોઇ પણ મકાનમાં કરેલા રૂપાંતરનો;

(ઝ) ભીંતના માલિકને પ્રાપ્ત નહિ થયેલ કોઇ રસ્તા અથવા જમીનની બાજુની ભીંતમાં, તેવા રસ્તા અથવા જમીન પર ઉઘડતા દરવાજાના બાંધકામનો.

૧૦૫. (૧) ગામની હદની અંદર કોઇ જાહેર રસ્તા અથવા જગામાં અથવા એવા રસ્તા અથવા જગાએ આવેલી કોઇ ખુલ્લી મોરી, ગટર અથવા પાણીના માર્ગમાં અથવા તેની ઉપર થઇને અથવા તેના ઉપર જે કોઇ વ્યકિત,- જાહેર રસ્તા અને ખુલ્લી જગાઓ ઉપર નડતર અને દબાણ.

(ક) કોઇ ભીંત અથવા વાડ, કઠેરો, થાંભલો, હાટડી, ઓસરી, ચોતરો, ઉભણી, પગથિયું અથવા બીજું બાંધકામ અથવા વસ્તુ બાંધે અથવા ઊભી કરે, અથવા

(ખ) કોઇપણ પેટી, ગાંસડી, પેકેજ અથવા વેપારી માલ અથવા બીજી કોઇ વસ્તુ મૂકે અથવા મૂકાવે, અથવા બીજુ કોઇ દબાણ અથવા નડતર કરે, અથવા

(ગ) પંચાયત કોઇપણ મકાનના માલિક અથવા ભોગવટો કરનારને, ઉપલા માળ પરથી બહાર નીકળતું બાંધકામ, એટલે કે કોઇપણ ઓસરી, છજું, ઓરડો અથવા બીજું બાંધકામ અથવા વસ્તુ બાંધવા માટે લેખિત પરવાનગી આપે નહીં, તો પણ તે આવાં બાંધકામ કરે,

અથવા જે શરતોને અધીન રહીને, ઉપર્યુક્ત પ્રમાણે પરવાનગી આપવામાં આવી હોય તે શરતોનું અથવા આવા કોઇપણ બહાર નીકળતા બાંધકામના સંબંધમાં કરેલા કોઇ ઉપનિયમની જોગવાઇઓનું ઉલ્લંઘન કરે અથવા ખાનગી મિલકત ન હોય તેવી કોઇ ગોચર જમીન ખેડે અથવા તેના અનઅધિકૃત ઉપયોગ કરે તો તેને ગુનો સાબિત થયેથી, દંડની અને આવા ગુના બદલ પ્રથમ દોષિત ઠર્યાની તારીખ પછી જેટલા દિવસ સુધી એવું નડતર, રાખેલી વસ્તુ, આગળ પડતા ભાગ, ખેડવાનું અથવા અનધિકૃત ઉપયોગ કરવાનું ચાલુ રહે, તે દરેક દિવસ માટે પચ્ચીસ રૂપિયા સુધીના વધારાના દંડની શિક્ષા થશે.

(૨) પંચાયત આવું કોઇપણ નડતર અથવા દબાણ દૂર કરી શકશે તથા ખાનગી મિલકત ન હોય તેવી ગોચરની જમીન અથવા બીજી કોઇ જમીન ઉપર અનધિકૃત રીતે ઉગાડેલો કોઇપણ પાક દૂર કરી શકશે અને ખાનગી મિલકત ન હોય તેવી કોઇપણ ખુલ્લી જગા-પછી આવી જગા પંચાયતને પ્રાપ્ત થઇ હોય કે થઇ ન હોય તો પણ, તેમાંથી એવા જ પ્રકારનું કોઇપણ અનધિકૃત નડતર અથવા દબાણ દૂર કરી શકશે:

પરંતુ, જો તે જગા રાજ્ય સરકારને પ્રાપ્ત થઇ હોય, તો કલેકટરની અથવા આ અર્થે તેણે અધિકૃત કરેલા કોઇ અધિકારીની પરવાનગી પ્રથમ મેળવેલી હોવી જોઇએ. આવી રીતે દૂર કરાવવાનું ખર્ચ જે વ્યકિતએ સદરહુ નડતર અથવા દબાણ કરેલ હોય તેણે આપવું પડશે અને તે ખર્ચ પ્રકરણ ૧૦ હેઠળ વસૂલ થઇ શકે તેવા કોઇ કર બદલ માંગવામાં આવતી રકમ જે રીતે વસૂલ કરી શકાય તે જ રીતે વસૂલ કરી શકાશે:

વધુમાં આવું કોઇ દબાણ કે બહાર નીકળતું બાંધકામ દૂર કરતાં પહેલાં તે અર્થે કાર્યવાહી કરવા માટેની નોટિસ કલમ ૨૭૦ની પેટા-કલમ (૨) હેઠળ આપવામાં આવેલ હોય, ત્યારે આવું દબાણ કે બહાર નીકળતું બાંધકામ દૂર કરવા માટે કોઇ કાર્યવાહી, આવી નોટિસની મુદત અને સાત દિવસની વધુ મુદત પૂરી ન થાય ત્યાં સુધી કરવી નહિ.

(૩) પેટા-કલમ (૨)માંના કોઇ મજકૂરથી પંચાયતને પેટા-કલમ (૧)ના ખંડ (ક) અથવા ખંડ (ગ)માં ઉલ્લેખેલું કોઇપણ બાંધકામ, ઠરાવવામાં આવે તેવી શરતોથી રહેવા દેવાની પરવાનગી આપવામાં બાધ આવે છે એમ ગણાશે નહિ.

(૪) પેટા-કલમ (૨) હેઠળની સત્તા, તેમાં નિર્દિષ્ટ કરેલું કોઇપણ નડતર, દબાણ અથવા બહાર નીકળેલું બાંધકામ, સંવિધાનની કલમ ૨૪૩ના ખંડ (જ) હેઠળ કોઇ ગામ તેવી રીતે જાહેર કરતાં પહેલાં અથવા પછી અથવા પંચાયતને મિલકત પ્રાપ્ત થયા પહેલાં અથવા પછી કરવામાં આવેલ હોય તો પણ, તેના સંબંધમાં વાપરી શકાશે.

(૫) આ અર્થે યોગ્ય રીતે અધિકૃત કરેલી ન હોય તેવી જે કોઇ વ્યકિત, ખાનગી મિલકત ન હોય તેવા કોઇપણ ખુલ્લા સ્થાનમાંથી, માટી, રેતી, અથવા બીજો પદાર્થ લઇ જાય અથવા એવા કોઇ ખુલ્લા સ્થાનમાં અથવા તે ઉપર કોઇ દબાણ કરે તેને, ગુનો સાબિત થયેથી, દંડની શિક્ષા થશે અને દબાણના દાખલામાં, પહેલી વાર ગુનો સાબિત થયાની તારીખ પછી જેટલા દિવસ આવું દબાણ ચાલુ રહે તેમાંના દરેક દિવસ માટે તેને પચ્ચીસ રૂપિયા સુધીના વધારાના દંડની શિક્ષા થશે.

(૬) આ કલમમાંના કોઇપણ મજકૂરથી, પંચાયતને તહેવારો અને સમારંભના પ્રસંગોએ કોઇપણ જાહેર રસ્તાનો કામચલાઉ ભોગવટો કરવા અથવા તેમાં કોઇપણ બાંધકામ કરવા દેવામાં અથવા પેટા-ગલીઓ અને જગાઓમાં સાત દિવસ કરતાં વધારે ન હોય તેટલા સમય માટે અને જનતા અથવા કોઇપણ વ્યકિતને અગવડ ન થાય તેવી રીતે બળતણ ખડકવા દેવામાં અને આ અધિનિયમ હેઠળ કરેલા ઉપ-નિયમો અનુસાર બીજા કોઇપણ હેતુ સારૂ એવા કોઇ જાહેર રસ્તા અથવા જગા ઉપર કોઇ કામચલાઉ બાંધકામ કરવા દેવામાં અથવા તેની ઉપર કોઇપણ આગળ પડતું બાંધકામ કરવા દેવામાં અથવા તેનો કામચલાઉ ભોગવટો કરવા દેવામાં બાધ આવશે નહિ.

(૭) પેટા-કલમ (૨)માં ઉલ્લેખ કર્યા પ્રમાણે કોઈપણ નડતર અથવા દબાણ તથા ગૌચર જમીન ઉપર અનધિકૃત રીતે ઉગાડેલો કોઈ પાક દૂર કરવાનું પંચાયતને મુશ્કેલ લાગે તો, તે, વિકાસ અધિકારીને તે અનુસાર જાણ કરશે અને તાલુકા વિકાસ અધિકારી, એવી ખબર મળ્યે પેટા-કલમ (૨) હેઠળની સત્તા વાપરશે અને નડતર, દબાણ અથવા યથાપ્રસંગ, પાક દૂર કરવા માટે પગલું લેશે.

(૮) તાલુકા વિકાસ અધિકારી, પોતાની મેળે અથવા જ્યારે જ્યારે તેને એવો રિપોર્ટ મોકલવામાં આવ્યો હોય કે પંચાયતને પેટા-કલમ (૨) હેઠળ પગલાં લેવાને ગતિમાન કરી હોવા છતાં, તેણે, ત્રણ મહિના સુધી કંઈ પગલું લીધું નથી, ત્યારે પેટા-કલમ (૭)માં ઉલ્લેખેલ પગલું લઈ શકશે:

પરંતુ પોતાની મેળે પગલું લેતાં પહેલાં, તેણે ગામ પંચાયતને પગલું લેવાનો આદેશ કરવો જોઈશે અને જો પંચાયત નિર્દિષ્ટ કરેલા સમયની અંદર તેમ કરવાનું ચૂકે, તો તાલુકા વિકાસ અધિકારી ત્યારબાદ પગલું લઈ શકશે.

જગાઓને નંબર આપવા બાબત.

**૧૦૬.** (૧) પંચાયત, વખતોવખત લેખિત નોટિસ દ્વારા કોઈપણ જગાઓના અથવા એવી જગાના ભાગના માલિકને, એવી નોટિસમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવા સ્થળે અને તેવી રીતે આવી જગાઓ અથવા તેના ભાગ ઉપર, ધાતુની તકતી દ્વારા, નંબર અથવા પેટા-નંબર મૂકવાનું અથવા પંચાયતના હુકમો હેઠળ એવું કામ કરવામાં આવશે એવી તેની ઈચ્છા લખાણ દ્વારા દર્શાવવાનું ફરમાવી શકશે.

(૨) જે કોઈ વ્યક્તિ, આવા નંબર અથવા પેટા નંબરનો નાશ કરે, તેને ખેંચી કાઢે અથવા વિરૂપ કરે અથવા પંચાયતના હુકમથી મૂકવામાં આવેલા નંબર અથવા પેટા નંબરથી જુદો અથવા પેટા-નંબર મૂકે અને કોઈપણ જગાનો અથવા તેના ભાગનો માલિક, આવો નંબર અથવા પેટા-નંબર તેની પર તે મૂકાયા પછી તેને પોતાના ખર્ચે સારી સ્થિતિમાં રાખે નહિ, તેને ગુનો સાબિત થયેથી, એકસો રૂપિયા સુધીના દંડની શિક્ષા થશે.

(૩) પેટા-કલમ (૧) અનુસાર, પંચાયતના હુકમો હેઠળ કોઈ જગા અથવા તેના ભાગ ઉપર નંબર અથવા પેટા-નંબર મૂકવામાં આવ્યો હોય, ત્યાં આવા કામનું ખર્ચ, આવા જગાના અથવા યથાપ્રસંગ, તેના ભાગના માલિકે આપવું પડશે.

(૪) આ કલમમાં ''જગા'' એટલે, પથ્થરનાં, ઈંટોના, લાકડાનાં, માટીનાં, પતરાના અથવા બીજા કોઈ પદાર્થના બનેલા માનવ વસવાટ માટે અથવા બીજી રીતે વપરાતા હોય તેવા ઘર, આઉટહાઉસ, તબેલો, છાપરી, ઝૂંપડી અથવા બીજા બાંધકામો.

વોટર ક્લોઝેટ અથવા જાજરૂની સગવડ કરવા માટે માલિકને ફરમાવવાની તાલુકા વિકાસ અધિકારીની સત્તા.

**૧૦૭.** (૧) તાલુકા વિકાસ અધિકારીના અભિપ્રાય મુજબ આ અધિનિયમ હેઠળ તે અર્થે કરેલા નિયમો અથવા ઉપનિયમો અનુસાર, ગામની કોઈ જગામાં પૂરતા અને યોગ્ય વોટર ક્લોઝેટ અથવા જાજરૂની સગવડ નથી, ત્યારે તાલુકા વિકાસ અધિકારી, એવી જગાઓના માલિકને, લેખિત નોટિસ આપીને, એવી નોટિસમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેટલા સમયની અંદર, આ અધિનિયમ હેઠળ તે અર્થે કરેલા નિયમો અથવા ઉપનિયમો અનુસાર, એવા વોટર-ક્લોઝેટ અથવા જાજરૂની સગવડ કરવા માટે ફરમાવી શકશે અને માલિક, એવી રીતે નિર્દિષ્ટ કરેલા સમયમાં અથવા માલિકની અરજી ઉપરથી, તાલુકા વિકાસ અધિકારી કોઈપણ વાજબી કારણસર લંબાવે તેટલા સમયમાં એવા ફરમાનનું પાલન ન કરે તો, તાલુકા વિકાસ અધિકારી, તાલુકા ફંડમાંથી અને આવું ફંડ અપૂરતું હોય , ત્યારે જિલ્લા પંચાયતની પરવાનગીથી, જિલ્લા વિકાસ ફંડમાંથી એવી સગવડ કરે, તો તે કાયદેસર ગણાશે. એવી સગવડ કરવામાં તાલુકા વિકાસ અધિકારીને થયેલ ખર્ચ, તાલુકા વિકાસ અધિકારીએ માંગણી કર્યે, માલિકે ભરપાઈ કરવું પડશે અને માંગણી કર્યે, તે ભરે નહિ તો તાલુકા વિકાસ અધિકારી આવું ખર્ચ કલમ ૨૧૫ની જોગવાઈઓ અનુસાર વસૂલ કરી શકશે.

(૨) પેટા-કલમ (૧)માં ગમે તે મજકૂર હોય તે છતાં, કોઈ જગાનો માલિક, પેટા-કલમ (૧) હેઠળ નિર્દિષ્ટ કરેલ મુદતમાં એવા ફરમાનનું પાલન ન કરે ત્યારે, તાલુકા વિકાસ અધિકારી, માલિક પોતે એવી જગાઓનો ભોગવટેદાર ન હોય, તો એવી જગાઓના ભોગવટેદારની એવા વોટર ક્લોઝેટ અથવા જાજરૂની સગવડ કરવાની ઈચ્છા હોય, તો તાલુકા વિકાસ અધિકારીએ જાતે એવી સગવડ કરવાને બદલે, એવી જગાઓના ભોગવટેદારને માલિકના ખર્ચે તેમ કરવાની પરવાનગી આપી શકશે. એવી સગવડ કરનાર આવો કોઈ ભોગવટેદાર, પોતે એવી સગવડ કરી છે અને એવી સગવડ કરવામાં તેને થયેલ ખર્ચની રકમ અને એવાં ખર્ચના વાજબીપણા વિષે તાલુકા વિકાસ અધિકારી પાસેથી જરૂરી પ્રમાણપત્ર મેળવ્યા પછી, તાલુકા વિકાસ અધિકારીએ વાજબી હોવાનું પ્રમાણિત કર્યું હોય તેવી ખર્ચની રકમ, માલિકને તેણે આપવાના ભાડામાંથી અથવા બીજી કોઈ રકમમાંથી કાપી લેવાને અથવા માલિક પાસેથી એવી રકમ બીજી કોઈ કાયદેસર રીતે વસૂલ કરવાને હકદાર રહેશે.

(૩) પેટા-કલમ (૧)માં નિર્દિષ્ટ કરેલ સગવડ કરવાના હેતુ માટે, તાલુકા વિકાસ અધિકારીને તે હેતુ માટે જરૂરી તમામ કાર્યો કરવાની સત્તા રહેશે અને એવી સગવડ કરવામાં જગાને કંઈ વાજબી નુકસાન થયું હોય તો તે માટે તે જગાના માલિકને કંઈ વળતર આપવા માટે પંચાયત અથવા તાલુકા વિકાસ અધિકારી જવાબદાર રહેશે નહિ.

(૪) પેટા-કલમ (૧) હેઠળ તાલુકા વિકાસ અધિકારીએ કોઈ વોટર ક્લોઝેટ અથવા જાજરૂની સગવડ કરી હોય અથવા તે બનાવડાવ્યું હોય અને તેમ કરવામાં તાલુકા વિકાસ અધિકારીને થયેલ ખર્ચ માલિકે પૂરેપૂરું ભર્યું હોય અથવા તેની પાસેથી વસૂલ કર્યું હોય, ત્યારે આવા વોટર ક્લોઝેટ અથવા જાજરૂની જગાના માલિકનું રહેશે અને તેને સારી અને યોગ્ય સ્થિતિમાં રાખવાનું ખર્ચ માલિકે ઉપાડવાનું રહેશે.

સન ૧૯૪૭નો મુંબઈનો ૫૭મો.

(૫) પેટા-કલમ (૧) અથવા પેટા-કલમ (૨) હેઠળ ઉપર પ્રમાણે કરેલી સગવડ, મુંબઈ ભાડા, હોટેલ અને નિવાસગૃહ દર નિયંત્રણ અધિનિયમ, ૧૯૪૭ની કલમ ૧૩ની પેટા-કલમ (૧)ના ખંડ (ખ)ના હેતુ માટે કાયમી બાંધકામ છે એમ ગણાશે નહિ.

**સ્પષ્ટીકરણ :-** આ કલમના હેતુઓ માટે, ''વોટર ક્લોઝેટ'' એટલે સંડાસ તરીકે વપરાતું ક્લોઝેટ, જેમાં પાણીથી મળ ધકેલાતો અથવા લઈ જવાતો હોય અને તેમાં એકવાપ્રીવિ, ગેસ-પ્લાન્ટ, ગેસ પ્લાન્ટ સાથે જોડાયેલ લેટ્રિન, પી.આર.એ.આઈ. (પ્લાનિંગ રિસર્ચ એક્શન ઈન્સ્ટિટ્યુટ) ટાઈપ, સેપ્ટિક ટેન્ક ટાઈપ, હેન્ડ ફલશ ટાઈપ, બોરહોલ ટાઈપ, ક્લેપ ટ્રેપ ટાઈપ તરીકે ઓળખાતા ટાઈપના અથવા રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી નિર્દિષ્ટ કરે તેવા બીજા કોઈ ટાઈપના ક્લોઝેટનો સમાવેશ થાય છે.

### (ગ) મિલકત અને ફંડ.

**૧૦૮.** (૧) આ અધિનિયમના હેતુઓ સારું, રાજય સરકાર, સરકારને પ્રાપ્ત થતી ગામમાંથી ખુલ્લી જગાઓ પડતર, ખાલી અથવા ગૌચરની જમીનો અથવા જાહેર માર્ગ, રસ્તા, પુલો, ખાડાઓ, નીકો અને વાડો, કૂવાઓ, નદીનાં તળીયાની જમીન, તળાવો, ઝરાઓ, સરોવરો, નાળાં, નહેરો, જળમાર્ગો, ઝાડો અથવા બીજી કોઈ મિલકત પોતાને મૂકવી યોગ્ય લાગે તેવી શરતો અને નિયંત્રણોને અધીન રહીને, પંચાયતને આપી શકશે. સરકાર અમુક જમીનો પંચાયતોને આપી શકશે.

(૨) પેટા-કલમ (૧) હેઠળ રાજય સરકાર નાંખે તેવી કોઈ શરતો અને નિયંત્રણોને અધીન રહીને, અને કલેકટરની પૂર્વમંજૂરી લઈને, પંચાયતને, રાજય સરકારે તેને સોંપેલો હોય, પરંતુ જે હવેથી જાહેર માર્ગ અથવા રસ્તા તરીકે જરૂરી ન હોય તેવો જાહેર માર્ગ અથવા રસ્તો ચાલુ ન રાખવાનો અથવા બંધ કરવાનો અધિકાર છે અને એવા જાહેર માર્ગ અથવા રસ્તાના હેતુઓ સારુ, આ પહેલાં ઉપયોગમાં લેવામાં આવતી એવી કોઈ જમીન પટે આપી શકશે અથવા વેચી શકશે:

પરંતુ એવો જાહેર માર્ગ અથવા રસ્તો બંધ કરવાનું અથવા ચાલુ ન રાખવાનું નક્કી કરવામાં આવે તેના એક મહિના પહેલાં, સરપંચે પોતે સહી કરેલી નોટિસ દ્વારા અને જે જાહેર માર્ગ અથવા રસ્તો ચાલુ ન રાખવાનું અથવા બંધ કરવાનું યોજવામાં આવ્યું હોય તે જાહેર માર્ગના અથવા રસ્તાના ભાગમાં, નોટિસ ચોંટાડીને અને ઠરાવવામાં આવે તેવી બીજી રીતે પ્રસિધ્ધ કરીને, ગામના રહેવાસીઓને સદરહુ યોજનાની જાણ કરવી અને તેને લગતા કંઈપણ વાંધા લેખિત કર્યા હોય તો તે વિચારવામાં લેવા જોઈશે. નોટિસમાં જેને માટે પ્રબંધ કરવાનું યોજવામાં આવ્યું હોય અથવા જે આ પહેલાં અસ્તિત્વમાં હોય તેવો વૈકલ્પિક માર્ગ હોય તો તે દર્શાવવો જોઈશે.

(૩) જ્યારે જ્યારે કોઈ જાહેર માર્ગ અથવા રસ્તો અથવા તેનો કોઈ ભાગ, એવી રીતે ચાલુ રાખવામાં ન આવે અથવા બંધ કરવામાં આવે, ત્યારે લોકોમાંની વ્યક્તિ તરીકે જ હોય તે સિવાય, બીજી રીતે જે વ્યક્તિ, પોતાની મિલકતમાં અથવા મિલકતમાંથી આવવા-જવાના માર્ગ તરીકે એવા માર્ગનો અથવા રસ્તાનો અથવા તેના ભાગનો ઉપયોગ કરવાને હકદાર હોય અને જેને એવી રીતે તે ચાલુ ન રાખવાને લીધે અથવા બંધ કરવાને લીધે, નુકસાન થયું હોય તે દરેક વ્યક્તિને, વાજબી વળતર આપવું જોઈશે અને વળતરની આકારણી, વહેંચણી અને ચૂકવણીને લગતા મુંબઈ રાજમાર્ગ અધિનિયમ, ૧૯૫૫ની જોગવાઈઓ, તે અધિનિયમની કલમ ૫૨ હેઠળ રાજમાર્ગ બંધ કરવાના સંબંધમાં, જેમ લાગુ પડે છે તેવી જ રીતે, તેને જરૂરી ફેરફાર સાથે લાગુ પડશે.

સન ૧૯૫૫નો મુંબઈનો ૫૫મો.

(૪) સરકારને પ્રાપ્ત થયેલી કોઈ ખુલ્લી જગા અથવા પડતર, ખાલી અથવા ગૌચરની જમીન, આ અધિનિયમના આરંભ પહેલાં અથવા તે પછી કોઈ સરકાર દ્વારા કોઈ પંચાયતને સોંપવામાં આવી હોય ત્યારે તેવી જગા અથવા જમીનની કોઈ જાહેર હેતુ માટે સરકારને જરૂર પડે, તો રાજય સરકાર તેવી જગા અથવા જમીન કોઈપણ વખતે ખાલસા કરે તો તે કાયદેસર ગણાશે:

પરંતુ પંચાયતે અથવા બીજી કોઈ વ્યકિતએ આવી જગા અથવા જમીનની કંઈ સુધારણા કરી હોય ત્યારે, યથાપ્રસંગ, પંચાયત અથવા તે વ્યકિત આવી સુધારણાની કિંમત જેટલું વળતર મેળવવાને હકદાર થશે અને આવી કિંમત જમીન સંપાદન અધિનિયમ, ૧૮૯૪ની જોગવાઈઓ અનુસાર નક્કી કરવી.

સન ૧૮૯૪નો ૧લો.

**૧૦૯.** (૧) તાલુકા પંચાયત અથવા જિલ્લા પંચાયત, વખતોવખત, એવો આદેશ કરી શકશે કે તેને પ્રાપ્ત થતી કોઈ મિલકત ગામ પંચાયતને પ્રાપ્ત થશે અને તેમ થયે, મિલકત તબદીલ અધિનિયમ ૧૮૮૨માં અથવા ભારત રજિસ્ટ્રેશન અધિનિયમ, ૧૯૦૮માં ગમે તે મજકૂર હોય તે છતાં, આવી મિલકત ગ્રામ પંચાયતને પ્રાપ્ત થશે. ગ્રામ પંચાયતની બીજી મિલકત.

સન ૧૮૮૨નો ૪થો. સન ૧૯૦૮નો ૧૬મો.

(૨) પંચાયતે પોતાના ફંડમાંથી અથવા સરકારની મદદથી અથવા લોકોના સહકારથી કરેલું દરેક બાંધકામ પંચાયતને પ્રાપ્ત થશે.

સ્થાવર મિલકત સ્વત્વાર્પિત કરવાની પંચાયતની સત્તા સંબંધી મર્યાદા.

૧૧૦. (૧) પેટા-કલમ (૨)ની જોગવાઈઓને અધીન રહીને, પંચાયતને પ્રાપ્ત થતી અથવા તેણે સંપાદન કરેલી કોઈ સ્થાવર મિલકતનો પટો, વેચાણ, અથવા બીજું સ્વત્વાર્પણ, આવો પટો, વેચાણ અથવા બીજું સ્વત્વાર્પણ યોગ્ય સત્તાધિકારીની પૂર્વમંજૂરી લઈને કરવામાં આવ્યા ન હોય તો કાયદેસર ગણાશે નહિ.

(૨) કલમ ૧૦૮ હેઠળ પંચાયતને પ્રાપ્ત થતી મિલકત સિવાયની બીજી સ્થાવર મિલકતના પટાની બાબતમાં, પટાની મુદત ત્રણ વર્ષ કરતાં વધુ ન હોય, તો આવી પૂર્વમંજૂરી લેવાની આવશ્યકતા રહેશે નહિ.

ગ્રામ ફંડ.

૧૧૧. (૧) દરેક ગામમાં 'ગ્રામફંડ' નામે ઓળખાતું એક ફંડ રહેશે.

(૨) નીચેની રકમો સંબંધિત ફંડમાં ભરવામાં આવશે અને તે તેનો ભાગ બનશે :-

(ક) આ અધિનિયમ હેઠળ પંચાયતે નાખેલા અથવા પંચાયતને સોંપેલ કંઈપણ કર અથવા ફીની ઊપજ;

(ખ) કોર્ટે વળતર તરીકે આપવા હુકમ કરેલ સઘળી રકમો;

(ગ) કોર્ટે ગ્રામ ફંડના ખાતે જમા કરવા હુકમ કરેલ બીજી સઘળી રકમો;

(ઘ) સઘળાં ધૂળ, કચરો, છાણ અથવા પશુઓના મુડદાનાં વેચાણની ઊપજ, તે આખી રકમ અથવા તેનો કોઈ ભાગ મળવાનો કોઈ વ્યક્તિને હક હોય તે સિવાય;

(ચ) સંબંધિત ફંડમાં રાજ્ય સરકારે અથવા તાલુકા પંચાયતે અથવા જિલ્લા પંચાયતે ફાળો આપેલી રકમો;

(છ) રાજ્ય સરકાર અથવા તાલુકા પંચાયત અથવા જિલ્લા પંચાયત પાસેથી અથવા જિલ્લા વિકાસ ફંડમાંથી લોન તરીકે અથવા બીજી રીતે મળેલી સઘળી રકમો;

(જ) બક્ષિસ અથવા ફાળા તરીકે પંચાયતને મળેલી સઘળી રકમો;

(ઝ) પંચાયતને પ્રાપ્ત થયેલી કોઈ મિલકતની આવક અથવા ઊપજ;

(ટ) (આકારણી અને વસૂલાત માટેનું ખર્ચ બાદ કર્યા પછી) કલમ ૨૦૩થી અધિકૃત કરેલા વેરાની ચોખ્ખી ઊપજ;

(ઠ) ભાડા તરીકે અથવા ફોજદારી મુકદ્દમામાં કોઈપણ દંડની રકમ સિવાયની બીજી ગુનેગારી તરીકે વસૂલ કરેલી સઘળી રકમો;

(ડ) ખર્ચ બાદ કર્યા પછી, ઢોરના ડબ્બાની ફી તરીકે મળેલી સઘળી રકમો.

ફંડનો ઉપયોગ.

૧૧૨. (૧) આ અધિનિયમ હેઠળ પંચાયતને પ્રાપ્ત થયેલી સઘળી મિલકત તથા આ અધિનિયમની જોગવાઈઓ અનુસાર તેને મળેલાં સઘળાં નાણાં તથા તે સમયે અમલમાં હોય તેવા કોઈ કાયદાની જોગવાઈઓ હેઠળ તેને પ્રાપ્ત થતી સઘળી રકમો, આ અધિનિયમની જોગવાઈઓને અધીન રહીને, આ અધિનિયમના હેતુઓ સારૂ વાપરવી જોઈશે અને આવા સઘળા નાણા તથા રકમો ઠરાવવામાં આવે તેવી કસ્ટડીઓમાં રાખવા જોઈશે.

(૨) પંચાયતના હસ્તકના બાકી વધેલા નાણાં ચાલુ ખર્ચ માટે જોઈતાં ન હોય, તો તેનું ઠરાવવામાં આવે તેવી રીતે રોકાણ કરી શકાશે.

(૩) પંચાયતે લીધેલી કોઈપણ લોનના દાખલામાં, મુદ્દલ રકમ અથવા તેના હપ્તાઓની ચૂકવણી અને તે અંગેના વ્યાજની ચૂકવણી તેના ફંડ પર પ્રથમ બોજો ગણાશે.

ગ્રામ પંચાયતે કરેલ અથવા તેની સામે કરેલ મિલકતના દાવાઓનો નિર્ણય.

૧૧૩. (૧) કોઈ મહેસૂલી ગામમાં પંચાયતે અથવા પંચાયતના વતી અથવા પંચાયતની સામે કોઈ વ્યકિતએ કોઈ મિલકતનો અથવા કોઈ મિલકતમાં અથવા તેની ઉપરના કોઈપણ હકનો દાવો કર્યો હોય, ત્યારે કલેકટર પર્યાપ્તિસર તપાસ કર્યા પછી અને તેની યોગ્ય સૂચના આપ્યા પછી, દાવાનો નિર્ણય કરતો આદેશ કરે તો તે કાયદેસર ગણાશે.

(૨) પેટા-કલમ (૧) હેઠળ કલેક્ટરે કરેલા કોઈપણ હુકમની જાણ કર્યાની તારીખથી જો એવા હુકમ વિરુદ્ધ મુદતની મર્યાદાની અંદર એક અથવા વધારે અપીલો કરવામાં આવી હોય તો, જમીન મહેસૂલ અધિનિયમની કલમ ૨૦૪ અનુસાર, નક્કી કર્યા પ્રમાણે આખરી અપીલ અધિકારીએ કરેલા કોઈ હુકમની જાણ કર્યાની તારીખથી એક વર્ષ પુરૂ થયા પછી, કોઈ, દીવાની કોર્ટમાં માંડવામાં આવેલ કોઈ દાવો, જો તે દાવો એવો હુકમ રદ્દ કરવા માટે માંડવામાં આવ્યો હોય અથવા જો માગવામાં આવેલ દાદ એવા હુકમ સાથે અસંગત હોય તો, (બચાવ માટે મુદતનું કારણ દર્શાવ્યું ન હોય તો પણ) કાઢી નાખવો જોઈશે, પરંતુ વાદીને એવા હુકમની યોગ્ય નોટિસ મળેલી હોવી જોઈશે.

સન ૧૮૭૯નો ૫મો.

(૩) (ક) આ કલમની રૂએ કલેક્ટરને મળેલી સત્તા, મદદનીશ અથવા નાયબ કલેક્ટર અથવા સર્વે અધિકારી અથવા સદરહુ અધિનિયમ હેઠળ નીમેલા તેવા બીજા અધિકારી પણ વાપરી શકશે.

(ખ) આ કલમમાં ઉલ્લેખેલ પધ્ધતિસર તપાસ સદરહુ અધિનિયમ હેઠળની તેવી તપાસને લગતી જોગવાઈઓ અનુસાર કરવી જોઈએ.

(ગ) આ કલમ હેઠળ કોઈ પણ તપાસ અથવા હુકમની નોટિસ, ઠરાવેલી રીતે આપવામાં આવી હોય, તો કોઈપણ વ્યક્તિને તેવી તપાસની અથવા હુકમની યોગ્ય નોટિસ મળી હતી એમ ગણાશે.

(ઙ) પંચાયતોના અધિકારીઓ અને નોકરો

૧૧૪. (૧) આ અધિનિયમ અને તે હેઠળ કરેલા નિયમોની જોગવાઈઓને અધીન રહીને,- પંચાયતોના સેક્રેટરી અને નોકરો.

(ક) દરેક ગ્રામ પંચાયત માટે એક સેક્રેટરી રહેશે, જેને નિયમો અનુસાર નીમવામાં આવશે;

(ખ) ગ્રામ પંચાયતમાં, કલમ ૨૨૭ હેઠળ નક્કી કરવામાં આવે તેવા બીજા નોકરો રહેશે. એવા સત્તાધિકારી, એવા નોકરોની નિમણૂક કરશે અને તેમની નોકરીની શરતો ઠરાવવામાં આવે તેવી રહેશે:

પરંતુ રાજ્ય સરકાર, ગામની વસતિ અને તેની પંચાયતની આવકને લક્ષમાં લઈને, ગ્રામ પંચાયતોના કોઈ સમૂહની બાબતમાં, એવો આદેશ કરી શકશે કે આવા સમૂહ માટે એક સેક્રેટરી હોવો જોઈએ અને તેમ થયે, તે સમૂહ માટે એક સેક્રેટરી રહેશે.

(૨) ગ્રામ પંચાયતના સેક્રેટરીએ, સરપંચના નિયંત્રણને અધીન રહીને -

(ક) પંચાયતના દફતરો અને રજિસ્ટરો પોતાની કસ્ટડીમાં રાખવા જોઈશે,

(ખ) પંચાયત વતી તેને મળેલી નાણાની રકમો બદલ પોતાની સહીવાળી પહોંચ આપવી જોઈશે,

(ગ) આ અધિનિયમ હેઠળના સઘળાં પત્રકો અને જરૂરી રિપોર્ટ તૈયાર કરવાં જોઈશે, અને

(ઘ) આ અધિનિયમ હેઠળ ઠરાવવામાં આવે તેવાં અન્ય કાર્યો અને ફરજો બજાવવાં જોઈશે,

(૩) પંચાયતના બીજા નોકરો, આ અર્થે કોઈ નિયમો કરવામાં આવે તો તેને અધીન રહીને, પંચાયત તેમના પર કર નાંખે તેવાં કાર્યો અને ફરજો અથવા તેમને સોંપે તેવી સત્તા આ અધિનિયમ હેઠળ બજાવશે અને વાપરશે.

(ચ) જિલ્લા વિકાસ ફંડમાં ફાળો

૧૧૫. દરેક ગ્રામ પંચાયતે, ઠરાવવામાં આવે તેવાં સાધનોમાંથી થતી પોતાની આવકના દસ ટકા કરતાં વધારે ન હોય તેટલા ટકા જેટલી રકમનો ફાળો, કલમ ૨૨૩ હેઠળ રચાયેલા જિલ્લા વિકાસ ફંડમાં દર વર્ષે આપવો જોઈશે: જિલ્લા વિકાસ ફંડમાં ફાળા આપવા બાબત.

પરંતુ કોઈ ગામ પંચાયત કોઈ વર્ષમાં આ કલમ હેઠળ ફાળો આપવામાં ચૂક કરે ત્યારે, રાજ્ય સરકાર, કલમ ૨૧૯ હેઠળ ત્યારપછી આવતા વર્ષમાં પંચાયતને આપવાની ગ્રાન્ટમાંથી એવા ફાળા પૂરતી રકમ કાપી લઈને તે રકમ ગ્રામ પંચાયત વતી જિલ્લા વિકાસ ફંડમાં જમા કરે, તો તે કાયદેસર ગણાશે.

(છ) અંદાજપત્ર

વાર્ષિક અંદાજપત્ર.

૧૧૬. (૧) દરેક ગ્રામ પંચાયતે, ચાલુ વર્ષના ડિસેમ્બર મહિનાની ૧૫મી અથવા તાલુકા પંચાયત મંજૂર કરે તેવી ચાલુ વર્ષની ૩૧મી તારીખ કરતાં મોડી ન હોય તેવી તારીખે અથવા તે પહેલાં, આ અર્થે ઠરાવવામાં આવે તેવા નમૂનામાં અને તેવી રીતે, દર વર્ષે આગામી વર્ષ માટે પંચાયતની આવક અને ખર્ચનું અંદાજપત્ર તૈયાર કરાવવું જોઈશે અને જો પંચાયત ગ્રામ પંચાયત હોય તો, તેણે અંદાજપત્ર, તાલુકા પંચાયતને-

(ક) જયારે ચાલુ વર્ષના ડિસેમ્બર મહિનાની ૧૫મી તારીખે અથવા તે પહેલાં, અંદાજપત્ર તૈયાર

કરવામાં આવ્યું હોય ત્યારે, ચાલુ વર્ષના ડિસેમ્બર મહિનાની ૩૧મી તારીખે અથવા તે પહેલાં, અથવા

(ખ) અંદાજપત્ર મંજૂર કરેલી તારીખે અથવા તે પહેલાં તૈયાર કરવામાં આવ્યું હોય, તો ચાલુ વર્ષના જાન્યુઆરી મહિનાની ૧૫મી તારીખે અથવા તે પહેલાં,

મોકલવું જોઈશે :

પરંતુ વર્ષની આખરે પંચાયત પાસે તે અર્થે ઠરાવવામાં આવે તેવી ઓછામાં ઓછી રકમ કરતાં ઓછી ન હોય તેટલી સિલક જમા રહે તેવી રીતે અંદાજપત્ર તૈયાર કરવું જોઈશે.

(૨) તાલુકા પંચાયતે, અંદાજપત્રની ચકાસણી કરવી જોઈશે અને અંદાજપત્રના સંબંધમાં પોતે કરે તેવા મંતવ્ય અને ભલામણો સહિત, તે મળ્યાના બે મહિનાની અંદર પંચાયતને પરત કરવું જોઈશે.

(૩) પંચાયતે, તેમ થયે, પેટા-કલમ (૨) હેઠળ તાલુકા પંચાયતે રજૂ કરેલા મંતવ્યો અને ભલામણો ધ્યાનમાં લઈને, પોતાને યોગ્ય લાગે તેવા ફેરફારો સહિત, સદરહુ અંદાજપત્ર ચાલુ વર્ષના માર્ચ મહિનાની ૩૧મી તારીખે અથવા તે પહેલાં મંજૂર કરવું જોઈશે.

(૪) કોઈ ગ્રામ પંચાયત, પેટા-કલમ (૩)ની જોગવાઈઓનું પાલન કરવામાં કસૂર કરે તો, પંચાયત, આ અધિનિયમ હેઠળ તેના ઉપર મૂકવામાં આવેલી ફરજો અથવા તેને સોંપેલ કાર્યો બજાવવા માટે અસમર્થ છે તેવો અભિપ્રાય બાંધવાનું રાજ્ય સરકાર માટે કાયદેસર ગણાશે.

સ્પષ્ટીકરણ :- એવી કસૂર, પેટા-કલમ (૨)ની જોગવાઈઓનું તાલુકા પંચાયતે પાલન ન કરવામાં, પરિણમેલ તો, ગામ પંચાયતે, પેટા-કલમ (૩)ની જોગવાઈઓનું પાલન કરવામાં કસૂર કરી હોવાનું ગણાશે નહિ.

સુધારેલું અથવા પૂરક અંદાજપત્ર અને નાણાંનો પુનર્વિનિયોગ કરવા બાબત.

૧૧૭. (૧) જે વર્ષ માટે કોઈપણ અંદાજપત્ર મંજૂર કરવામાં આવ્યું હોય તે વર્ષ દરમિયાન કોઈપણ વખતે, તાલુકા પંચાયત સુધારેલું અથવા પૂરક અંદાજપત્ર તૈયાર કરાવી શકશે. આવું દરેક સુધારેલું અથવા પૂરક અંદાજપત્ર, જાણે કે તે અસલ વાર્ષિક અંદાજપત્ર હોય તે જ રીતે પંચાયતે વિચારમાં લેવું અને મંજૂર કરવું જોઈશે:

પરંતુ તાલુકા પંચાયતે, તે અંદાજપત્રની ચકાસણી કરવી જોઈશે અને તે મળ્યાની તારીખથી એક મહિનાની અંદર પંચાયતોને તે પરત કરવું જોઈશે.

(૨) અંદાજપત્રમાંના નાણાંનો પુનર્વિનિયોગ, અંદાજપત્ર માટે જરૂરી હોય તેવી જ મંજૂરીને અધીન રહીને, વખતોવખત કરી શકશે.

અંદાજપત્રમાં જેને માટે પ્રબંધ કરવામાં આવ્યો ન હોય તેવી કોઈ રકમ તાકીદના પ્રસંગ સિવાય, ખર્ચવી નહિ.

૧૧૮. (૧) તાકીદના પ્રસંગ સિવાય, કોઈ રકમ, કલમ ૧૧૬ અથવા ૧૧૭ હેઠળ મંજૂર કરેલા અને ખર્ચ કરતી વખતે અમલમાં હોય તેવા કોઈ અંદાજપત્રમાં સમાવેશ કરવામાં આવી ન હોય, તો તેવી ગ્રામ પંચાયત ખર્ચી શકશે નહિ અથવા તેના વતી ખર્ચી શકાશે નહિ.

(૨) જો કોઈ રકમ તાકીદના પ્રસંગે, પેટા-કલમ (૧) અનુસાર હોય તે સિવાય, બીજી રીતે ખર્ચવામાં આવી હોય, તો તે સંજોગો, આવા વધારાના ખર્ચને પંચાયતે જે રીતે પહોંચી વળવા ધાર્યુ હોય તે રીતના સ્પષ્ટીકરણ સાથે તાલુકા પંચાયતને તરત પંચાયતે લખી જણાવવા જોઈશે.

આવક અને ખર્ચના હિસાબો.

૧૧૯. દરેક પંચાયતની આવક તથા ખર્ચના હિસાબો ઠરાવવામાં આવે તેવા નમૂનામાં અને તેવી રીતે રાખવા જોઈશે અને દર વર્ષે, દરેક વર્ષના પહેલા દિવસે તેનું સરવૈયું કાઢવું જોઈશે.

વાર્ષિક વહીવટી રિપોર્ટ.

૧૨૦. (૧) દરેક પંચાયતના સેક્રેટરીએ, પંચાયતના વહીવટનો વાર્ષિક રિપોર્ટ તૈયાર કરવો જોઈશે અને હિસાબો તથા રિપોર્ટ મંજૂરી માટે પંચાયત સમક્ષ મૂકવાં જોઈશે.

(૨) વાર્ષિક રિપોર્ટ સહિત હિસાબોનું વાર્ષિક પત્રક, ઠરાવવામાં આવે તેવી તારીખે અથવા તે પહેલાં અને તેવા નમૂનામાં, તાલુકા પંચાયત મારફત જિલ્લા પંચાયતને મોકલવું જોઈશે.

## (જ) ગ્રામ પંચાયતોના હિસાબોનું ઓડિટ

સન ૧૯૬૩નો ગુજરાતનો ૪૯મો.

પંચાયતના હિસાબોનું ઓડિટ.

૧૨૧. (૧) પંચાયતના હિસાબોનું ઓડિટ ગુજરાત લોકલ ફંડ ઓડિટ અધિનિયમ, ૧૯૬૩ની જોગવાઈઓ હેઠળ કરવું જોઈશે અને ઓડિટ પૂરું કર્યા પછી, એક મહિનાની અંદર ઓડિટ નોંધની એક નકલ પંચાયતને અને તાલુકા પંચાયતને મોકલવી જોઈશે.

(૨) પેટા-કલમ (૧)માં ઉલ્લેખેલી ઓડિટ નોંધ મળે એટલે, પંચાયતે, ઓડિટની નોંધમાં દર્શાવવામાં આવી હોય તેવી કોઈ ખામીઓ અથવા નિયમ દોષ સુધારવો જોઈશે અને તે પ્રમાણે કર્યાની ખબર ત્રણ મહિનાની અંદર તાલુકા પંચાયતને મોકલવી જોઈશે અથવા આવી ખામીઓ અથવા નિયમ-દોષના સંબંધમાં, જે કાંઈ વધુ ખુલાસો તે આપવા માગતી હોય તે ખુલાસો તેણે સદરહુ મુદતની અંદર તાલુકા પંચાયતને પૂરો પાડવો જોઈશે.

(૩) આવી ખબર અથવા ખુલાસો મળે એટલે, તાલુકા પંચાયત ઓડિટની નોંધમાં ચર્ચેલી સઘળી બાબતો અથવા તે પૈકી કોઈ બાબતના સંબંધમાં–

(ક) પંચાયતે આપેલી ખબર અથવા ખુલાસો સ્વીકારી શકશે અને વાંધો પાછો ખેંચી લેવાની કલેકટરને ભલામણ કરી શકશે,

(ખ) આગામી ઓડિટ વખતે અથવા તે પહેલાંની કોઈ તારીખે તે બાબતની ફરી તપાસ કરવી એવો આદેશ કરી શકશે, અથવા

(ગ) ઓડિટની નોંધમાં દર્શાવેલી ખામીઓ અથવા નિયમ દોષો અથવા તે પૈકી કોઈપણ ખામી અથવા નિયમ દોષ દૂર કરવામાં અથવા સુધારવામાં આવ્યા નથી એમ ઠરાવી શકશે.

(૪) પેટા-કલમ (૨)માં ઉલ્લેખેલી કરેલી ખબર અથવા ખુલાસો, પોતાને મળ્યાની તારીખથી એક મહિનાની અંદર અથવા પંચાયત આવી ખબર અથવા ખુલાસો આપવાનું ચૂકે, ત્યારે સદરહુ પેટા-કલમ (૨)માં ઉલ્લેખ કરેલી ત્રણ મહિનાની મુદત પૂરી થયેથી, તાલુકા પંચાયતે પોતાના નિર્ણયનો રિપોર્ટ, કલેકટરને મોકલવો જોઈશે અને એવા રિપોર્ટની એક નકલ પંચાયતને મોકલવી જોઈશે. જો કોઈ ખામીઓ અથવા નિયમ-દોષો દૂર કરવામાં અથવા સુધારવામાં આવ્યા નથી એમ તાલુકા પંચાયત ઠરાવે, તો તેણે પોતાના અભિપ્રાય પ્રમાણે, તે ખામીઓ અથવા આવા નિયમ-દોષો સુધારી શકાય એમ છે કે કેમ, અને જો તે પ્રમાણે સુધારી શકાય એમ હોય, તો તે કેવી રીતે અને જો તે સુધારી શકાય એમ ન હોય, તો તે માફ કરી શકાય એમ છે કે કેમ, અને જો તે પ્રમાણે માફ કરી શકાય એમ હોય તો, કયા અધિકારીથી માફ કરી શકાય છે, તે બાબત પોતાના રિપોર્ટમાં જણાવવી. વળી જે રકમને લગતી તે ખામીઓ અથવા નિયમ-દોષો હોય તે રકમ બદલ, તેના અભિપ્રાય અનુસાર હવે પછી ઠરાવ્યા પ્રમાણે, સરચાર્જ લેવો કે કેમ તે પણ તાલુકા પંચાયતે પોતાના રિપોર્ટમાં જણાવવું જોઈશે.

(૫) કલેકટર, તાલુકા પંચાયતનો રિપોર્ટ વિચારણામાં લીધા પછી તથા પોતાને જરૂર લાગે એવી વધુ તપાસ કર્યા પછી, જે બાબત પોતાને કાયદા વિરુદ્ધ હોવાનું જણાય તે બાબત નામંજૂર કરી શકશે અને ગેરકાયદેસર રીતે નાણાં આપનાર અથવા એ રીતે નાણાં આપવાને અધિકૃત કરનાર વ્યકિત પાસેથી સરચાર્જ વસૂલ કરી શકશે; અને

(ક) જે વ્યકિત પાસેથી સરચાર્જ લઈને, રકમ વસૂલ કરવાનો હુકમ કરવામાં આવ્યો હોય તે વ્યકિત સભ્ય હોય, તો તેની વિરુદ્ધ કલમ ૨૬૭ની પેટા-કલમો (૨) અને (૩)માં વર્ણવેલી રીતે કાર્યવાહી કરી શકશે; અને

(ખ) જે વ્યકિત પાસેથી સરચાર્જ લઈને રકમ વસૂલ કરવાનો હુકમ કરવામાં આવ્યો હોય તે વ્યકિત સભ્ય ન હોય, તો તેનો ખુલાસો લીધા પછી, લેખિત હુકમ કરીને એમ ફરમાવી શકશે કે સરચાર્જ લઈને જે રકમ વસૂલ કરવાનો હુકમ કરવામાં આવ્યો હોય તે રકમ, આવી વ્યકિતએ પંચાયતને ભરવી જોઈશે અને જો રકમ એક મહિનાની અંદર એવી રીતે ભરવામાં ન આવે તો, કલેકટરે, તે રકમ જમીન મહેસૂલની બાકી તરીકે વસૂલ કરવી અને ગ્રામ ફંડ ખાતે જમા કરવી જોઈશે.

(૬) આ કલમ હેઠળ કલેકટરે કરેલા સરચાર્જ અંગેના કોઈ હુકમથી નારાજ થયેલી વ્યકિત, કલેકટરનો નિર્ણય તેને મળે તે તારીખથી એક મહિનાની અંદર, જિલ્લા કોર્ટને, આવા હુકમમાં સુધારો કરવા અથવા તે રદ કરવા માટે અરજી કરી શકશે અને તે કોર્ટ પોતાને જરૂરી લાગે તેવો પુરાવો લીધા પછી, આવા સરચાર્જને બહાલી આપી શકશે, તેમાં સુધારો કરી શકશે અથવા તે માફ કરી શકશે અને તે સંજોગોમાં તેને યોગ્ય લાગે તેવા ખર્ચને લગતો હુકમ કરી શકશે.

(૭) તાલુકા પંચાયત લેખિત હુકમ કરીને, એમ ફરમાવી શકશે કે પેટા-કલમો (૩) અને (૪) હેઠળના તેના સઘળા કાર્યો અથવા તે પૈકી કોઇ કાર્ય તેની સમિતિઓ પૈકી કોઇ એક સમિતિ પણ બજાવી શકશે.

ભાગ ૨

## તાલુકા પંચાયતોને લગતી જોગવાઇઓ

### (ક) કામકાજનું સંચાલન

તાલુકા પંચાયતોની બેઠકો.

૧૨૨. તાલુકા પંચાયતની બેઠક સામાન્ય રીતે દર ત્રણ માસે ભરવી જોઇશે :

પરંતુ પ્રમુખ, કોઇપણ નિર્દિષ્ટ કરેલા કારણસર તાલુકા પંચાયતની બેઠક બીજા કોઇપણ સમયે બોલાવી શકશે અને ઓછામાં ઓછા એક તૃતીયાંશ જેટલા સભ્યોની લેખિત વિનંતી પરથી તેને સદરહુ બેઠક કોઇપણ સમયે બોલાવવી જોઇશે.

તાલુકા પંચાયતની સમિતિઓ, તેમની રચના, સત્તા, કાર્યો અને ફરજો.

૧૨૩. (૧) તાલુકા પંચાયત નીચેની સમિતિઓ રચશે :-

૧. તાલુકા પંચાયત તેને સોંપે તેવા પોતાના કાર્યો અને ફરજો (તેની સામાજિક ન્યાય સમિતિને લગતાં સત્તા, ફરજો અને કાર્યો ન હોય તેવા) વાપરવા અને બજાવવા માટે કારોબારી સમિતિ:

પરંતુ કારોબારી સમિતિ પોતાના સભ્યોમાંથી વધુમાં વધુ બે પેટા-સમિતિઓ નીમે તો, તે કાયદેસર ગણાશે, પણ એ રીતે નિમાયેલી પેટા-સમિતિને કોઇ બાબતમાં આખરી નિર્ણય લેવાની સત્તા રહેશે નહિ.

૨. અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓની વ્યકિતઓ સહિત સમાજના નબળા વર્ગોને સામાજિક ન્યાય મળે તે માટે આવશ્યક જણાય તેવી, ઠરાવવામાં આવે તેવા કાર્યો બજાવવા માટેની સામાજિક ન્યાય સમિતિ.

(૨) પેટા-કલમ (૧)માં ઉલ્લેખેલી સમિતિઓ ઉપરાંત, તાલુકા પંચાયતે નક્કી કરેલા કોઇ કાર્ય અથવા યોજનાનો અમલ કરવા તે પંચાયત નક્કી કરે તેવા સભ્યોની બનેલી કોઇ સમિતિ અથવા સમિતિઓ અથવા તાલુકા પંચાયત તેને અથવા તેઓને સોંપે તેવી બાબતોમાં તપાસ કરી તેનો તાલુકા પંચાયતને રિપોર્ટ કરવા માટે એવી સમિતિ અથવા સમિતિઓ રચી શકશે. એવી કોઈ સમિતિએ અનુસરવાની કાર્યરીતિ માટે તાલુકા પંચાયત વિનિયમો કરી શકશે.

(૩) કારોબારી સમિતિ સિવાયની કોઈપણ સમિતિ, પાંચ કરતાં વધુ સભ્યોની બનશે નહિ અને કારોબારી સમિતિ, નવ કરતાં વધુ ન હોય તેટલા સભ્યોની બનશે.

(૪) સામાજિક ન્યાય સમિતિની રચના, પેટા-કલમ (૩)ને અધીન રહીને, ઠરાવવામાં આવે તેવી રહેશે.

(૫) આ કલમ હેઠળ રચાયેલ સમિતિના સભ્યોને પંચાયત પોતાના સભ્યોમાંથી ચૂંટશે :

પરંતુ તાલુકા પંચાયત, આ માટે કરેલા કોઈ નિયમ અનુસાર પેટા-કલમ (૨) અથવા પેટા-કલમ (૪) હેઠળ રચાયેલી સમિતિમાં, તાલુકાના લાયકાત ધરાવતા મતદારો પૈકી કોઈ મતદારને નીમી શકશે અને એ રીતે નિમાયેલા લાયકાત ધરાવતા મતદારોને સમિતિની બેઠકની કાર્યવાહીમાં બોલવાનો અથવા અન્યથા ભાગ લેવાનો હક રહેશે, પણ પેટા-કલમ (૪) હેઠળ જણાવેલી સમિતિની બાબતમાં હોય તે સિવાય, તેમને મત આપવાનો હક રહેશે નહિ.

(૬) આ કલમ હેઠળ કોઈ સમિતિ રચવામાં આવે, ત્યારે સમિતિના સભ્યો, પોતાનામાંથી સમિતિના અધ્યક્ષ ચૂંટશે:

પરંતુ,—

(ક) પ્રમુખ તથા ઉપપ્રમુખ, બન્ને એવી કોઈ સમિતિના સભ્યો હોય, ત્યારે પ્રમુખ હોદ્દાની રૂએ એવી સમિતિના અધ્યક્ષ બનશે અને તેઓ હોદ્દો ધરાવવાની ના પાડે, તો ઉપપ્રમુખ હોદ્દાની રૂએ સમિતિના અધ્યક્ષ થશે, સિવાય કે તેઓ પણ એ હોદ્દો ધરાવવાની ના પાડે, અને

(ખ) બેમાંથી કોઈપણ એક તેના સભ્ય હોય, તો તે હોદ્દાની રૂએ સમિતિના અધ્યક્ષ થશે, સિવાય કે તેઓ પણ હોદ્દો ધરાવવાની ના પાડે.

(ગ) પંચાયતના સભ્ય ન હોય તેવી કોઈ વ્યકિત, કોઈપણ સમિતિના અધ્યક્ષ તરીકે લાયક ગણાશે નહિ.

(૭) (ક) પંચાયતનો કોઈ સભ્ય આ કલમ હેઠળ રચવામાં આવતી બેથી વધુ સમિતિના સભ્ય થઈ શકશે નહિ.

(ખ) જો કોઈ સભ્યને બેથી વધુ સમિતિઓના સભ્ય તરીકે એક સાથે અથવા અન્યથા ચૂંટવામાં આવે, તો તે સભ્ય, તેવી રીતે ચૂંટવામાં આવે તે તારીખથી અથવા તે પછીની તારીખથી દસ દિવસની અંદર, પોતે બે સમિતિઓમાંથી કઈ સમિતિમાં રહેવા ઈચ્છે છે તે બાબતની તેણે પ્રમુખને જાણ કરવી જોઈશે અને તેમ થયે, ઉપર્યુક્ત બે સમિતિઓ સિવાયની સમિતિ અથવા સમિતિઓમાં તેની બેઠક ખાલી થઈ છે એમ ગણાશે.

(ગ) ખંડ (ખ) હેઠળ કરેલી જાણ આખરી ગણાશે અને તે પાછી ખેંચી લઈ શકાશે નહિ.

(ઘ) કોઈ સભ્ય, ખંડ (ખ)માં ઠરાવેલી મુદતમાં, તે ખંડ હેઠળ જાણ કરવામાં કસૂર કરે, ત્યારે પંચાયત, એવા સભ્યે કઈ બે સમિતિઓમાં પોતાની બેઠક રાખવી તે નક્કી કરશે અને એવી રીતે નક્કી કરેલી સમિતિ સિવાયની સમિતિ અથવા સમિતિઓમાં તેની બેઠક, તેમ થયે, ખાલી થઈ છે એમ ગણાશે.

(૮) સમિતિમાં એકવાર ચૂંટાયેલો સભ્ય, ફરી ચૂંટાવાને પાત્ર રહેશે.

(૯) (ક) કારોબારી સમિતિ અને સામાજિક ન્યાય સમિતિ સિવાયની દરેક સમિતિની મુદત, પંચાયત નક્કી કરે તેવી એક વર્ષ કરતાં વધુ ન હોય તેટલી રહેશે.

(ખ) કારોબારી સમિતિની મુદત બે વર્ષની રહેશે અને તેની મુદત પૂરી થયે, સમિતિની ફરી રચના કરવામાં આવશે અને સામાજિક ન્યાય સમિતિની મુદત પંચાયતની મુદત જેટલી રહેશે:

પરંતુ, પંચાયતની મુદતના પૂરા નહિ થયેલા જે ભાગ દરમિયાન કારોબારી સમિતિ રચવામાં અથવા ફરી રચવામાં આવે તે ભાગ, બે વર્ષથી ઓછો હોય, તો કારોબારી સમિતિની મુદત, પંચાયતની મુદતના પૂરા નહિ થયેલા ભાગ જેટલી રહેશે.

(૧૦) કોઈ સભ્ય અથવા અધ્યક્ષ, તાલુકા પંચાયતને પોતાનું રાજીનામું મોકલીને સમિતિના સભ્ય કે અધ્યક્ષ તરીકે રાજીનામું આપી શકશે.

(૧૧) સમિતિમાં ખાલી પડતી જગ્યા, જેમ બને તેમ જલદી ભરવામાં આવશે.

(૧૨) આ કલમ હેઠળ રચવામાં આવેલી સમિતિ, પોતાનાં કાર્યો બજાવતી વેળા, તાલુકા પંચાયત, તેમને સોંપે તેવાં કાર્યો બજાવશે, તેવી સત્તા વાપરશે અને ફરજો બજાવશે.

(૧૩) સામાજિક ન્યાય સમિતિ સિવાયની કોઈ સમિતિને સોંપેલી સત્તા, કાર્યો અને ફરજો, તાલુકા પંચાયત, કોઈપણ સમયે, તે સમિતિ પાસેથી પાછાં લઈ સામાજિક ન્યાય સમિતિ સિવાયની બીજી કોઈ સમિતિને સોંપી શકશે.

(૧૪) કોઈ સમિતિને સોંપવામાં નહિ આવેલાં પંચાયતના સત્તા, કાર્યો, અને ફરજો તાલુકા પંચાયત વાપરશે અને બજાવશે.

(૧૫) સમિતિએ, પંચાયત તેને વખતોવખત, આપે તેવી સૂચનાઓનું પાલન કરવું જોઈશે.

પંચાયત, કોઈપણ સમયે, કોઈપણ સમિતિની કોઈપણ કાર્યવાહીમાંથી કોઈપણ ઉતારો અને જે બાબતમાં તજવીજ કરવા અધિકૃત કરેલ અથવા આદેશ આપેલ હોય તેવી કોઈપણ બાબતના સંબંધમાં, પત્રક, નિવેદન, હિસાબો અથવા રિપોર્ટ મંગાવી શકશે.

આવી દરેક માંગણીનું એવી રીતે ફરમાવવામાં આવે ત્યારે, સમિતિએ ગેરવાજબી વિલંબ સિવાય પાલન કરવું જોઈશે.

(૧૬) પંચાયતનાં કોઈ સત્તા, કાર્યો અને ફરજો, તેની કોઈ સમિતિને સોંપવામાં આવ્યાં હોય તે છતાં,–

(ક) ઠરાવવામાં આવે તેવા વર્ગના કેસોમાં, સામાજિક ન્યાય સમિતિ સિવાયની કોઈ સમિતિના નિર્ણયથી નારાજ થયેલી કોઈ વ્યક્તિ આવા નિર્ણયની તારીખથી સાઠ દિવસની મુદતની અંદર પંચાયતને અપીલ કરી શકશે, અને

(ખ) સામાજિક ન્યાય સમિતિના (અપીલમાંના નિર્ણય સિવાયના) નિર્ણયથી નારાજ થયેલી કોઈ વ્યકિત, આવા નિર્ણયની તારીખથી સાઠ દિવસની મુદતની અંદર, જિલ્લા પંચાયતની સામાજિક ન્યાય સમિતિને અપીલ કરી શકશે અને પંચાયત અથવા યથાપ્રસંગ, સામાજિક ન્યાય સમિતિ, અપીલ કરનારને સુનાવણીની તક આપ્યા પછી, જેની સામે અપીલ કરવામાં આવી હોય તે નિર્ણયને બહાલ રાખી શકશે, તેમાં ફેરફાર કરી શકશે અથવા તે ફેરવી નાખી શકશે અને પોતાને યોગ્ય લાગે તેવા હુકમ કરી શકશે.

સામાજિક ન્યાય સમિતિના અધ્યક્ષને માનદ્ વેતન.

૧૨૪. તાલુકા પંચાયતની સામાજિક ન્યાય સમિતિના અધ્યક્ષ, ઠરાવવામાં આવે તેવા દરે માનદ્વેતન મેળવવાને હકદાર રહેશે.

તાલુકા પંચાયતના સભ્યો ન હોય તેવા સમિતિના સભ્યોને મુસાફરી ભથ્થું.

૧૨૫. કલમ ૧૨૩ હેઠળ રચાયેલી તાલુકા પંચાયતની કોઈ સમિતિના સભ્યો, જેઓ આવી પંચાયતના સભ્યો ન હોય તેઓ, સમિતિની બેઠકમાં હાજર રહેવાના હેતુ માટે અથવા સમિતિને લગતા કોઈ કામકાજ માટે પ્રવાસ કરતા હોય, ત્યારે ભવિષ્યલક્ષી અથવા પાછલી તારીખથી કરેલા નિયમો દ્વારા નક્કી કરવામાં આવે તેવા દરે અને તેવી શરતોને અધીન રહીને, મુસાફરી ભથ્થાં મેળવવાને હકદાર રહેશે.

બેઠકો સંબંધી કાર્યરીતિ.

૧૨૬. આ અધિનિયમમાં ઠરાવ્યું હોય તે સિવાય, તાલુકા પંચાતની અથવા તેની સમિતિની બેઠકોનો સમય અને સ્થળ, આવી બેઠક માટેનું કોરમ, આવી બેઠક બોલાવવા માટેની કાર્યરીતિ અને આવી બેઠકોમાંની કાર્યરીતિ ઠરાવવામાં આવે તેવાં રહેશે.

પ્રશ્નોનો નિર્ણય બહુમતીથી કરવો.

૧૨૭. તાલુકા પંચાયત અથવા તેના સમિતિની બેઠક સમક્ષ સઘળા પ્રશ્નોનો નિર્ણય, હાજર રહેલા સભ્યોની બહુમતીથી કરવો જોઈશે અને આ અધિનિયમમાં અન્યથા ઠરાવ્યું હોય તે સિવાય, બેઠકનું અધ્યક્ષસ્થાન લેનાર અધિકારીને, મતો સરખા પડે તેવા દરેક પ્રસંગે, બીજો અથવા નિર્ણાયક મત રહેશે:

પરંતુ, ઠરાવવામાં આવે તેવા સંજોગોમાં અને તેવી શરતોને અધીન રહીને, સમિતિ સમક્ષના કોઈપણ પ્રશ્નોનો નિર્ણય, તે અંગેની દરખાસ્તો સભ્યોના મત માટે ફેરવીને લઈ શકાશે.

ઠરાવોમાં ફેરફાર કરવા અથવા તે રદ કરવા બાબત.

૧૨૮. તાલુકા પંચાયતના સભ્યોની કુલ સંખ્યાના બે તૃતીયાંશ સભ્યોએ ટેકો આપેલા ઠરાવ સિવાય, એવી પંચાયતના કોઈપણ ઠરાવમાં, તે પસાર થયાની તારીખથી ત્રણ મહિનાની મુદતની અંદર, પંચાયતે તેમાં ફેરફાર કરવો નહિ, તેને સુધારવો નહિ, તે ફેરવવો નહિ અથવા તે રદ કરવો નહિ.

તાલુકા પંચાયતની અને તેની સમિતિઓની બેઠકોમાં નિમંત્રિતોને બોલાવવા બાબત.

૧૨૯. (૧) આ અધિનિયમમાં ગમે તે મજકૂર હોય તે છતાં, તાલુકા પંચાયત અથવા તેની કોઈપણ સમિતિ, પોતાની બેઠકમાં એવી પંચાયતના અથવા યથાપ્રસંગ, સમિતિના અભિપ્રાય મુજબ, જે વ્યક્તિઓ નીચેની લાયકાતો ધરાવતી હોય તેમાંથી બેઠકમાં વિચારણા કરવાના વિષયોના વધુમાં વધુ ચાર નિષ્ણાતો અથવા વિશેષજ્ઞોને નિમંત્રણ આપે, તો તે કાયદેસર ગણાશે :-

(ક) ભારતના કાયદા દ્વારા સ્થાપિત કોઈ યુનિવર્સિટીની ઈજનેરી, તબીબી, વાણિજય અથવા એવા બીજા વિષયોની પદવી ધરાવતી હોય અને તે વિષયને લગતી પ્રવૃત્તિના ક્ષેત્રે ઓછામાં ઓછો પાંચ વર્ષનો અનુભવ ધરાવતી હોય, અને

(ખ) કલમ ૩૦ના ખંડો (છ), (જ) અને (ઝ) પૈકીના કોઈ ખંડ હેઠળ પંચાયતના સભ્યો થવા ગેરલાયક ન હોય.

(૨) પંચાયત અથવા તેની સમિતિની કોઈ બેઠકમાં હાજર રહેનાર નિમંત્રિતને બેઠકની કાર્યવાહીમાં બોલવાનો અથવા અન્યથા તેમાં ભાગ લેવાનો હક રહેશે, પરંતુ તેને મત આપવાનો હક રહેશે નહિ.

## (ખ) વહીવટી સત્તા અને ફરજો

પંચાયતોની વહીવટી સત્તા.

૧૩૦. આ અધિનિયમની જોગવાઈઓને અધીન રહીને, હકૂમતની અંદરના વિસ્તારમાં અને જેટલે સુધી પોતાને હસ્તકના ફંડમાંથી જોગવાઈ થઈ શકે તેટલે સુધી, અનુસૂચિ-૨માં નિર્દિષ્ટ કરેલી સઘળી બાબતો અથવા તે પૈકી કોઈ બાબતના સંબંધમાં, યોગ્ય જોગવાઈ કરવાની દરેક તાલુકા પંચાયતની ફરજ રહેશે.

પંચાયતોના બીજા કાર્યો.

૧૩૧. (૧) તાલુકા પંચાયત, જિલ્લા પંચાયતની પૂર્વમંજૂરી લઈને, જો નાણાની સગવડ હોય તો, પોતાની હકૂમતની બહાર શિક્ષણ અથવા તબીબી સહાય સંબંધી ખર્ચ કરી શકશે.

(૨) તાલુકા પંચાયત, નિયમોને અધીન રહીને, આ અધિનિયમના હેતુઓ સારૂ તેના તાબા નીચેની પંચાયતને લોન આપી શકશે.

(૩) તાલુકાની અંદર, તાલુકા પંચાયત, તાલુકાના અથવા તેના ભાગના રહેવાસીઓના,-

(ક) આરોગ્ય, સલામતી, સુવિધા અથવા સગવડનો,

(ખ) સામાજિક, આર્થિક અથવા સાંસ્કૃતિક કલ્યાણનો, અને

(ગ) માધ્યમિક શિક્ષણ સહિત શિક્ષણનો

ઉત્કર્ષ થવાનો સંભવ હોય તેવું બીજું કોઈપણ કાર્ય, ઉપાય, યોજના અથવા પ્રોજેકટનો અમલ કરવા માટે જોગવાઈ કરી શકશે.

(૪) તાલુકા પંચાયત, સભ્યોની કુલ સંખ્યાના બે તૃતિયાંશ સભ્યોએ ટેકો આપેલો ઠરાવ, પોતાની બેઠકમાં પસાર કરીને તાલુકાની અંદર કોઈપણ જાહેર સત્કાર, સમારંભ અથવા મનોરંજન માટે જોગવાઈ કરી શકશે અથવા રાજ્ય કે જિલ્લામાં પંચાયતોના વાર્ષિક મેળાવડામાં અથવા તેવા બીજા મેળાવડામાં અથવા ગ્રામ જનતામાં સમૂહભાવના, સ્વાશ્રયની ભાવના અને પરસ્પરની મદદની ભાવનાને ઉત્તેજન આપવાના અને પંચાયતોના કાર્યક્ષમ વહીવટ માટે ઉપાયો અને સાધનો સૂચવવાના ઉદ્દેશથી સ્થપાયેલી હોય અને રાજ્ય સરકારે માન્યતા આપેલી હોય તેવી કોઈ સંસ્થાના ફંડમાં ફાળો આપી શકશે:

પરંતુ, જિલ્લા પંચાયતની પૂર્વમંજૂરી સિવાય, પંચાયતે એવા કોઈપણ જાહેર સત્કાર સમારંભ, મનોરંજન અથવા મેળાવડા માટે બસો રૂપિયા કરતાં વધુ ખર્ચ કરવું નહિ.

(૫) જો કોઈ જમીનના સંબંધમાં તાલુકા પંચાયતને એમ માલુમ પડે કે ખાતેદાર અથવા તેના વરિષ્ઠ ધારણ કરનારની બેદરકારીને કારણે અથવા તે અને તેના ગણોતિયા વચ્ચેની તકરારને કારણે જમીનની ખેતીને ઘણું જ નુકસાન થયું છે, તો પંચાયત આવી હકીકત, યોગ્ય સત્તાધિકારીની જાણમાં લાવી શકશે.

(૬) તાલુકા પંચાયતે, અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓ અને બીજા પછાત વર્ગોની હાલત સુધારવા માટેના ઉપાયોના સંબંધમાં અને ખાસ કરીને અસ્પૃશ્યતા નિવારણ માટે રાજય સરકારે અથવા યોગ્ય સત્તાધિકારીઓ આ બાબતમાં, વખતોવખત આપેલા આદેશો અથવા કાઢેલા હુકમોનો અમલ કરવો જોઈશે.

(૭) તાલુકા પંચાયતે, તે સમયે અમલમાં હોય તેવા બીજા કોઈ કાયદાની રૂએ અથવા તે હેઠળ તેને સોંપવામાં આવે તેવી બીજી ફરજો અને કાર્યો બજાવવાં જોઈશે.

(૮) તાલુકા પંચાયત, અનુસૂચિ-૨માં નિર્દિષ્ટ કરેલી બાબતો પૈકી કોઈ બાબતને લગતી હોય તેવી પ્રવૃત્તિ તાલુકામાં ચલાવવા માટે કોઈપણ વ્યકિતને નાણાકીય અથવા બીજી મદદ આપે તો તે કાયદેસર ગણાશે.

(૯) (ક) તાલુકા પંચાયતે, પોતે માંડેલા અથવા પોતાની વિરૂધ્ધમાં માંડવામાં આવેલા કોઈપણ દાવાના સંબંધમાં અથવા આ અધિનિયમ હેઠળ પોતે કરેલા કોઈ કરારમાંથી ઉપસ્થિત થતા કોઈ હક અથવા માગણાંનાં સંબંધમાં પોતાને પૂરતી લાગે તેટલી નાણાંની રકમ અથવા તેનું વળતર આપીને પોતે સમાધાન કરી શકશે:

પરંતુ, કોઈપણ કરાર કરવામાં આ અધિનિયમની રૂએ કોઈ મંજૂરીની જરૂર હોય તો, એવા કરારમાંથી ઉપસ્થિત થતાં કોઈ દાવા અથવા માંગણાંનું સમાધાન કરવા માટે તેવી પૂર્વમંજૂરી મેળવવી પડશે.

(ખ) આ અધિનિયમ હેઠળ પંચાયત તથા તેના અધિકારીઓ અને નોકરોને નિહિત થયેલી સત્તા પૈકી કોઈપણ સત્તા વાપરવાને કારણે કોઈ વ્યકિતને કાંઈ નુકસાન થાય, તો તે પંચાયત પોતાના ફંડમાંથી વળતર આપી શકશે.

**૧૩૨.** જિલ્લા પંચાયત કોઈ સંસ્થાનો વહીવટ કરતી હોય અથવા જિલ્લા પંચાયતના ફંડમાંથી કોઈ કામ કરવાનું હોય તો, જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત સંમત થાય, તો તાલુકા પંચાયતને એવી સંસ્થાનો વહીવટ અથવા એવું કામ કરવાનું સોંપી શકશે. જિલ્લા પંચાયતે તાલુકા પંચાયતને કામ વિગેરે સોંપવા બાબત.

## (ગ) મિલકત અને ફંડ.

તાલુકા પંચાયતની મિલકત.

૧૩૩. (૧) તાલુકા પંચાયતે સંપાદન કરેલી જંગમ અથવા સ્થાવર મિલકત ઉપરાંત, નીચેની મિલકત તાલુકા પંચાયતને પ્રાપ્ત થશે :-

(ક) તાલુકા પંચાયતે તાલુકા ફંડમાંથી, સરકારની મદદ અથવા લોકોના સહકારથી અથવા તે વગર બાંધેલા દરેક રસ્તા, મકાન અથવા બીજું કામ;

(ખ) રાજ્ય સરકારને પ્રાપ્ત થતી કોઈ જમીન અથવા મિલકત, જ્યારે રાજ્ય સરકારે તાલુકા પંચાયતને સ્થાનિક સાર્વજનિક હેતુઓ સારૂ સ્વત્વાર્પિત કરી હોય ત્યારે;

(ગ) બીજી કોઈ પંચાયતને પ્રાપ્ત થતી હોય તેવી કોઈ જમીન અથવા મિલકત, જ્યારે તે પંચાયતે તાલુકા પંચાયતને આ અધિનિયમના હેતુઓ સારૂ આપી હોય ત્યારે:

પરંતુ, ખંડ (ખ) હેઠળ તાલુકા પંચાયતને સ્વત્વાર્પિત કરેલી કોઈ જમીન અથવા મિલકત, સ્વત્વાર્પણ લેખમાં અન્યથા સ્પષ્ટ રીતે ઠરાવ્યું હોય તે સિવાય, માલિકીના હકની રૂએ પંચાયતના કબજામાં રહેશે નહિ, પણ સ્વત્વાર્પણની બોલીઓ અને શરતોને અધીન રહીને, તેને પ્રાપ્ત થશે અને એવી બોલીઓ અથવા શરતોમાં નિર્દિષ્ટ કરેલા સંજોગોમાં તે પરની સઘળી જડિત વસ્તુઓ અને બાંધકામ સહિત તેની સાથે જોડાયેલી સઘળી વસ્તુઓ, હોય તો તે સહિત, જમીન અથવા મિલકત રાજ્ય સરકારને ફરી પ્રાપ્ત થશે અને રાજ્ય સરકાર તેનો કબજો પાછો લે તે કાયદેસર ગણાશે.

(૨) કોઈ સ્થાવર મિલકત, તાલુકા પંચાયતને પ્રાપ્ત થાય તે છતાં, તેના સંબંધી કોઈપણ પટો વેચાણ અથવા બીજા સ્વત્વાર્પણ યોગ્ય સત્તાધિકારીની પૂર્વ મંજૂરીથી કરવામાં આવ્યું હોય તે સિવાય, કાયદેસર ગણાશે નહિ:

પરંતુ પેટા-કલમ (૧) ના ખંડ (ખ)માં ઉલ્લેખેલી મિલકત સિવાયની સ્થાવર મિલકતના પટાના દાખલામાં, જો પટાની મુદત ત્રણ વર્ષ કરતાં વધુ ન હોય તો આવી પૂર્વમંજૂરી લેવાની જરૂર રહેશે નહિ.

તાલુકા ફંડ.

૧૩૪. (૧) દરેક તાલુકામાં એક ફંડ રહેશે અને તે તાલુકા ફંડ નામે ઓળખાશે.

(૨) નીચેની રકમો તાલુકા ફંડમાં ભરવી અને તે તેનો ભાગ બનશે :-

(ક) આ અધિનિયમ હેઠળ પંચાયતે નાખેલા અથવા પંચાયતને સોંપેલ કોઈ કર અથવા ફીની ઊપજ;

(ખ) સઘળાં, ધૂળ, કચરો, છાણ, અથવા પશુઓના મુડદાંના વેચાણની ઊપજ, તે આખી રકમ અથવા તેનો ભાગ મળવાનો કોઈ વ્યકિતને જેટલે સુધી હક હોય તે સિવાય ;

(ગ) તાલુકા ફંડમાં રાજ્ય સરકારે અથવા જિલ્લા પંચાયતે ફાળો આપેલી રકમો;

(ઘ) રાજ્ય સરકાર અથવા જિલ્લા પંચાયત પાસેથી લોન તરીકે અથવા બીજી રીતે મળેલી સઘળી રકમો;

(ચ) તાલુકા પંચાયતને બક્ષિસ અથવા ફાળા તરીકે મળેલી સઘળી રકમો;

(છ) તાલુકા પંચાયતને પ્રાપ્ત થયેલી કોઈ મિલકતની આવક અથવા ઊપજ;

(જ) કલમ ૨૦૭ની રૂએ અધિકૃત કરેલા સ્ટેમ્પ ડ્યુટીની (આકારણી અને વસૂલાત અંગેનું ખર્ચ કર્યા પછી) ચોખ્ખી ઊપજ;

(ઝ) ભાડાં તરીકે અથવા ફોજદારી કેસમાં કોઈપણ દંડની રકમ સિવાયની બીજી ગુનેગારી તરીકે વસૂલ કરેલી સઘળી રકમો.

તાલુકા ફંડનો ઉપયોગ.

૧૩૫. (૧) આ અધિનિયમ હેઠળ તાલુકા પંચાયતને પ્રાપ્ત થયેલી સઘળી મિલકત તથા આ અધિનિયમની જોગવાઈઓ અનુસાર તેને મળેલાં સઘળાં નાણા તથા તે સમયે અમલમાં હોય તેવા કોઈપણ કાયદાની જોગવાઈઓ મુજબ તેને પ્રાપ્ત થતી સઘળી રકમો, આ અધિનિયમની જોગવાઈઓને અધીન રહીને અને આ અધિનિયમના હેતુઓ સારુ, વાપરવી જોઈશે અને આવી સઘળી રકમો તથા નાણાં ઠરાવવામાં આવે તેવી કસ્ટડીમાં રાખવાં જોઈશે.

(૨) પંચાયત હસ્તકનાં બાકી વધેલાં નાણાં, ચાલુ ખર્ચ માટે જોઈતાં ન હોય તો, તેનું ઠરાવવામાં આવે તેવી રીતે રોકાણ કરી શકાશે.

(૩) પંચાયતે લીધેલી કોઈ પણ લોનના દાખલામાં મુદલ રકમ અથવા તેના હપ્તાની ચૂકવણી અને તે અંગેના વ્યાજની ચૂકવણી તેના ફંડ પર પ્રથમ બોજો ગણાશે.

## (ઘ) અધિકારીઓ અને નોકરો.

**૧૩૬.** (૧) આ અધિનિયમની જોગવાઈઓ અને તે હેઠળ કરેલા નિયમોને અધીન રહીને -- તાલુકા પંચાયતોના સેક્રેટરી, અધિકારીઓ અને નોકરો.

(ક) દરેક તાલુકા પંચાયત માટે એક સેક્રેટરી રહેશે.

(ખ) તાલુકા વિકાસ અધિકારી, રાજ્ય સેવાનો અધિકારી રહેશે અને તેને પંચાયત હેઠળ મૂકવામાં આવશે અને તે હોદ્દાની રૂએ પંચાયતનો સેક્રેટરી રહેશે.

(ગ) તાલુકા પંચાયતમાં, કલમ ૨૨૭ હેઠળ નક્કી કરવામાં આવે તેવા બીજા અધિકારીઓ અને નોકર રહેશે.

(૨) આવા સત્તાધિકારી, પેટા-કલમ (૧)ના ખંડ (ગ)માં ઉલ્લેખલ અધિકારીઓ અને નોકરો નિમશે અને તેમની નોકરીની શરતો, ઠરાવવામાં આવે તેવી રહેશે.

(૩) પેટા-કલમ (૨) હેઠળ નીમેલા અધિકારીઓ અને નોકરો પોતાનાં કાર્યો અને ફરજો બજાવતા હોય, ત્યારે પંચાયત તેમને સોંપે તેવી સત્તા તેઓ આ અર્થે કોઈપણ નિયમો કરવામાં આવ્યા હોય તો તેને અધીન રહીને, વાપરશે.

**૧૩૭.** (૧) આ અધિનિયમની રૂએ અથવા તે હેઠળ અન્યથા સ્પષ્ટપણે ઠરાવ્યું હોય તે સિવાય, આ અધિનિયમની જોગવાઈઓ પાર પાડવાના હેતુ સારુ તાલુકા પંચાયતની કારોબારી સત્તા તાલુકા વિકાસ અધિકારીને પરત થશે અને તેણે, પ્રમુખના અથવા યથાપ્રસંગ, તાલુકા પંચાયતના કોઈ હુકમો હોય તો તેને અધીન રહીને, -- તાલુકા વિકાસ અધિકારીની સત્તા અને કાર્યો.

(ક) આ અધિનિયમની રૂએ અથવા તે હેઠળ અથવા તે સમયે અમલમાં હોય તેવા કાયદા હેઠળ તેના પર ખાસ કરીને નાખેલા અથવા તેને સોંપેલા સઘળા કાર્યો બજાવવા જોઈશે અને સઘળી સત્તા વાપરવી જોઈશે, અને

(ખ) તાલુકા પંચાયતના સઘળા અધિકારીઓ તથા નોકરોની ફરજો નક્કી કરવી જોઈશે.

(૨) આ અધિનિયમની જોગવાઈઓ અને તે હેઠળ કરેલા નિયમોને અધીન રહીને, તાલુકા વિકાસ અધિકારી,-

(ક) (૧) તાલુકા પંચાયતની અથવા તેની સમિતિઓ પૈકી કોઈપણ સમિતિની બેઠકમાં હાજર રહેવાને;

(૨) તાલુકા પંચાયતના અથવા તેની હેઠળ હોદ્દો ધરાવતા કોઈપણ અધિકારી અથવા નોકર પાસેથી કંઈપણ માહિતી, પત્રક, હિસાબ અથવા રિપોર્ટ મંગાવવાને:

(૩) નિયમોથી ઠરાવવામાં આવે તેવા વર્ગના અધિકારીને વધારેમાં વધારે બે મહિનાની મુદ્દત સુધી ગેરહાજર રહેવાની રજા મંજૂર કરવાને;

(૪) તાલુકા પંચાયતના અથવા તેની હેઠળ હોદ્દો ધરાવતા કોઈ અધિકારી અથવા નોકર પાસેથી ખુલાસો મંગાવવાને; હકદાર થશે.

તાલુકા વિકાસ અધિકારીએ--

(ખ) તાલુકા પંચાયતના નિયંત્રણને અધીન રહીને, જે જે બાબતો આ અધિનિયમની રૂએ અથવા તે હેઠળ કોઈપણ સમિતિ, તાલુકા પંચાયતનું અધ્યક્ષસ્થાન લેનાર અધિકારી અથવા તેના કોઈપણ અધિકારી પર સ્પષ્ટપણે નાખવામાં આવી ન હોય અથવા તેમને સોંપવામાં આવી ન હોય તેવી બાબતોમાં સંબંધમાં, ફરજો અદા કરવી જોઈશે અને કાર્યો બજાવવાં જોઈશે.

(ગ) ઠરાવવામાં આવે તેવા વર્ગના અધિકારીઓ અને નોકરો નીમવા જોઈશે;

(ઘ) તાલુકા પંચાયતની સઘળી પ્રવૃત્તિઓના અમલની બાબતમાં દેખરેખ અને નિયંત્રણ રાખવું જોઈશે;

(ચ) તાલુકા પંચાયતના સઘળાં કામો અને વિકાસ યોજનાઓનો ત્વરિત અમલ કરવા માટે જરૂરી પગલાં લેવા જોઈશે;

(છ) તાલુકા પંચાયતની અને તેની સમિતિઓની બેઠકોની કાર્યવાહીઓ સાથે સંબંધ ધરાવતા તમામ કાગળો અને દસ્તાવેજો કસ્ટડીમાં રાખવા જોઈશે;

(જ) તાલુકા પંચાયત હેઠળ હોદ્દા ધરાવતા અધિકારીઓનું કામ દર વર્ષે અંદાજવું અને આવા કામ વિશે

પોતાનો અભિપ્રાય ગુપ્ત રીતે જણાવવો, રાજ્ય સરકાર ઠરાવે તેવા સત્તાધિકારીઓને તે મોકલવો જોઈશે અને તાલુકા પંચાયત હેઠળના અધિકારીઓ અને નોકરોના કામ વિષે આવા રિપોર્ટ લખવા માટે કાર્યરીતિ ઠરાવવી જોઈશે;

(ઝ) ફંડમાંથી નાણાં ઉપાડવાં અને ખર્ચવા જોઈશે;

(ટ) તાલુકા પંચાયતની કારોબારી વહીવટની બાબતોમાં અને હિસાબો અને દફતરને લગતી હોય તેવી બાબતોમાં, તાલુકા પંચાયત હેઠળ હોદ્દો ધરાવતા અધિકારીઓ અને નોકરોના કામ પર દેખરેખ અને નિયંત્રણ રાખવું જોઈશે; અને

(ઠ) રાજય સરકાર, ઠરાવે તેવી બીજી સત્તા વાપરવી જોઈશે તથા બીજાં કાર્યો બજાવવાં જોઈશે.

(૩) આ અધિનિયમની બીજી જોગવાઈઓને અધીન રહીને, તાલુકા વિકાસ અધિકારી, તાલુકા પંચાયતના સામાન્ય નિયંત્રણ હેઠળ રહેશે.

## (ચ) અંદાજપત્ર

વાર્ષિક અંદાજપત્ર.

**૧૩૮.** (૧) દરેક તાલુકા પંચાયતે, ચાલુ વર્ષના ડિસેમ્બર મહિનાની ૧૫મી તારીખે અથવા તે પહેલાં, અથવા જિલ્લા પંચાયત મંજૂર કરે તેવી ચાલુ વર્ષના ડિસેમ્બર મહિનાની ૩૧મી તારીખ કરતાં મોડી ન હોય તેવી તારીખે આ અર્થે ઠરાવવામાં આવે તેવા નમૂનામાં અને તેવી રીતે દર વર્ષે આગામી વર્ષ માટે તાલુકા પંચાયતની આવક અને ખર્ચનું અંદાજપત્ર તૈયાર કરાવવું જોઈશે અને જિલ્લા પંચાયતને-

(ક) ચાલુ વર્ષના ડિસેમ્બર મહિનાની ૧૫મી તારીખે અથવા તે પહેલાં, અંદાજપત્ર તૈયાર કરવામાં આવ્યું હોય તો ચાલુ વર્ષના ડિસેમ્બર મહિનાની ૩૧મી તારીખે અથવા તે પહેલાં; અથવા

(ખ) અંદાજપત્ર ચાલુ વર્ષના ડિસેમ્બર મહિનાની ૧૫મી તારીખે પછી પણ સદરહુ મંજૂર કરેલ તારીખે અથવા તે પહેલાં તૈયાર કર્યું હોય તો ચાલુ વર્ષના જાન્યુઆરી મહિનાની ૧૫મી તારીખે અથવા તે પહેલાં મોકલવું જોઈશે:

- પરંતુ, વર્ષની આખરે પંચાયત પાસે તે અર્થે ઠરાવવામાં આવે તેવી ઓછામાં ઓછી રકમ કરતાં ઓછી ન હોય તેટલી સિલક જમા રહે તેવી રીતે અંદાજપત્ર તૈયાર કરવું જોઈશે;

(૨) જિલ્લા પંચાયતે અંદાજપત્રની ચકાસણી કરવી જોઈશે અને અંદાજપત્રના સંબંધમાં પોતે કરે તેવાં મંતવ્ય અને ભલામણો સહિત, તે મળ્યાના બે મહિનાની અંદર પંચાયતને પરત કરવું જોઈશે.

(૩) તાલુકા પંચાયત, તેમ થયે, પેટા-કલમ (૨) હેઠળ પંચાયતે રજૂ કરેલાં મંતવ્યો અને આપેલી ભલામણો ધ્યાનમાં લઈને, પોતાને યોગ્ય લાગે તેવા ફેરફારો સહિત, સદરહુ અંદાજપત્ર ચાલુ વર્ષના માર્ચ મહિનાની ૩૧મી તારીખે અથવા તે પહેલાં મંજૂર કરવું જોઈશે.

(૪) કોઈપણ તાલુકા પંચાયત, પેટા-કલમ (૩)ની જોગવાઈઓનું પાલન કરવામાં કસૂર કરે તો, પંચાયત, આ અધિનિયમ હેઠળ તેના ઉપર મૂકવામાં આવેલી ફરજો અથવા તેને સોંપવામાં આવેલા કાર્યો બજાવવા માટે અસમર્થ છે તેવાં અભિપ્રાય બાંધવાનું રાજ્ય સરકાર માટે કાયદેસર ગણાશે.

**સ્પષ્ટીકરણ.-** એવી કસૂર પેટા-કલમ (૨)ની જોગવાઈઓનું જિલ્લા પંચાયત પાલન ન કરવામાં પરિણમે તો, તાલુકા પંચાયતે, પેટા-કલમ (૩)ની જોગવાઈઓનું પાલન કરવામાં કસૂર કરેલ હોવાનું ગણાશે નહિ.

સુધારેલું અથવા પૂરક અંદાજપત્ર અને નાણાંનો પુનર્વિનિયોગ કરવા બાબત.

**૧૩૯.** (૧) તાલુકા પંચાયત, જે વર્ષ માટે કોઈ અંદાજપત્ર મંજૂર કરવામાં આવ્યું હોય તે વર્ષ દરમિયાન કોઈપણ વખતે, સુધારેલું અથવા પૂરક અંદાજપત્ર તૈયાર કરાવી શકશે. આવું દરેક સુધારેલ અથવા પૂરક અંદાજપત્ર અસલ વાર્ષિક અંદાજપત્ર હોય તેવી રીતે પંચાયતે તે વિચારણામાં લેવું અને મંજૂર કરવું જોઈશે:

પરંતુ, જિલ્લા પંચાયતે, અંદાજપત્રની ચકાસણી કરવી જોઈશે અને તે મળ્યાની એક મહિનાની અંદર પંચાયતોને તે પરત કરવું જોઈશે.

(૨) અંદાજપત્રમાંના નાણાનો પુનર્વિનિયોગ, અંદાજપત્ર માટે જરૂરી હોય એવી મંજૂરીને અધીન રહીને, વખતોવખત કરી શકશે.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

૧૪૦. (૧) તાકીદના પ્રસંગ સિવાય, કોઈપણ રકમ, કલમ ૧૩૮ અથવા ૧૩૯ હેઠળ મંજૂર કરેલા અને ખર્ચ કરતી વખતે અમલમાં હોય તેવા કોઈ અંદાજપત્રમાં, દાખલ કરવામાં આવી ન હોય તો, તેવી કોઈ રકમ તાલુકામાં પંચાયત ખર્ચી શકશે નહિ અથવા તેના વતી ખર્ચી શકાશે નહિ.

(૨) જો કોઈ રકમ તાકીદના પ્રસંગ, પેટા-કલમ (૧) અનુસાર હોય તે સિવાયની બીજી રીતે ખર્ચવામાં આવી હોય તો, તે સંજોગો, આવા વધારાના ખર્ચને જે રીતે પહોંચી વળવા પંચાયતે ધાર્યું હોય તે રીતના સ્પષ્ટીકરણ સાથે પંચાયતના પ્રમુખે યોગ્ય સત્તાધિકારીને તુરત લખી જણાવવું જોઈશે.

અંદાજપત્રમાં જેને માટે જોગવાઈ કરવામાં ન આવી હોય તેવી કોઈ રકમ તાકીદના પ્રસંગ સિવાય, ખર્ચવી નહિ.

૧૪૧. દરેક પંચાયતના આવક તથા ખર્ચના હિસાબો ઠરાવવામાં આવે તેવા નમૂનામાં અને તેવી રીતે રાખવા જોઈશે અને દરેક વર્ષના પહેલા દિવસે તેનું સરવૈયું દર વર્ષે કાઢવું જોઈશે.

આવક અને ખર્ચના હિસાબો.

૧૪૨. (૧) દરેક પંચાયતના સેક્રેટરીએ, પંચાયતના વહીવટનો વાર્ષિક રિપોર્ટ તૈયાર કરવો જોઈશે હિસાબો તથા રિપોર્ટ મંજૂરી માટે પંચાયત સમક્ષ મૂકવા જોઈશે.

વાર્ષિક વહીવટી રિપોર્ટ.

(૨) વાર્ષિક રિપોર્ટ સહિત હિસાબોનું વાર્ષિક પત્રક, ઠરાવવામાં આવે તેવી તારીખે અથવા તે પહેલાં અને તેવા નમૂનામાં, જિલ્લા પંચાયત મારફત યોગ્ય સત્તાધિકારીને મોકલવું જોઈશે.

## (છ) પંચાયતોના હિસાબોનું ઓડિટ

૧૪૩. ગુજરાત સ્થાનિક ફંડ ઓડિટ અધિનિયમ, ૧૯૬૩, તાલુકા પંચાયતોના હિસાબોનું ઓડિટ કરવાને લાગુ પડશે.

હિસાબોનું ઓડિટ.

## ભાગ-૩

## જિલ્લા પંચાયતને લગતી જોગવાઈઓ

## (ક) કામકાજનું સંચાલન

૧૪૪. જિલ્લા પંચાયતની બેઠક, સામાન્ય રીતે દરેક ત્રણ માસે ભરવી જોઈશે :

જિલ્લા પંચાયતોની બેઠક.

પરંતુ પંચાયતના પ્રમુખ કોઈપણ નિર્દિષ્ટ કરેલા કારણસર જિલ્લા પંચાયતની બેઠક બીજી કોઈપણ સમયે બોલાવી શકશે અને તેણે ઓછામાં ઓછા એક તૃતીયાંશ જેટલા સભ્યોની લેખિત વિનંતી પરથી આવી બેઠક બોલાવવી જોઈશે.

૧૪૫. (૧) જિલ્લા પંચાયત, નીચેની સમિતિઓની રચના કરશે, એટલે કે :-

જિલ્લા પંચાયતની સમિતિઓ તેમની રચના, સત્તા, કાર્યો અને ફરજો.

(૧) નાણાં, ગૃહ રક્ષકો અને ગ્રામ સંરક્ષણને લગતાં કાર્યો અને પંચાયતનાં બીજી કોઈ સમિતિને નહિ સોંપેલ બીજાં કાર્યો અને ફરજો બજાવવા માટે કારોબારી સમિતિ :

પરંતુ કારોબારી સમિતિ પોતાના સભ્યોમાંથી વધુમાં વધુ બે પેટા-સમિતિઓ નીમે તો, તે કાયદેસર ગણાશે, પરંતુ તે રીતે નીમવામાં આવેલી પેટા-સમિતિ કોઈ બાબતમાં આખરી નિર્ણય લઈ શકશે નહિ.

(૨) અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓની વ્યક્તિઓ સહિત સમાજના નબળા વર્ગોને સામાજિક ન્યાય મળે તે માટે આવશ્યક જણાય તેવી ઠરાવવામાં આવે તેવા કાર્યો બજાવવા માટેની સામાજિક ન્યાય સમિતિ :

પરંતુ રાજ્ય અથવા પંચાયતના ફંડમાંથી પૂર્ણતઃ અથવા અંશતઃ નિભાવતા અથવા સામાન્ય લોકોના ઉપયોગાર્થે અર્પણ કરેલા કૂવા, તળાવો, સ્નાન ઘાટો, માર્ગો અને જાહેર વિશ્રામ સ્થાનોના ઉપયોગની બાબતમાં અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓ સહિત પછાત વર્ગની વ્યક્તિઓ સામેના ભેદભાવના કિસ્સામાં, તપાસ કરવા માટે સામાજિક ન્યાય સમિતિ, પોતાના સભ્યોમાંથી એક કે વધુ પેટા-સમિતિઓ નીમે તો તે કાયદેસર ગણાશે.

(૩) શિક્ષણને લગતાં કાર્યો અને ફરજો બજાવવા અને પંચાયત તેને સોંપે તેવી બીજી સાહિત્યિક તથા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ ચલાવવા માટે શિક્ષણ સમિતિ.

(૪) જાહેર આરોગ્ય, હોસ્પિટલો, આરોગ્ય કેન્દ્રો, સફાઈ, પાણી પુરવઠો, શીતળા અને કુટુંબ નિયોજનને લગતાં કાર્યો બજાવવા માટે જાહેર આરોગ્ય સમિતિ.

(૫) જાહેર બાંધકામો, વ્યવહારનાં સાધનો, મકાનો, ગ્રામ ગૃહનિર્માણ અને કુદરતી આફતો સામે રાહતને લગતાં કાર્યો બજાવવા માટે જાહેર બાંધકામ સમિતિ.

(૬) કલમ ૨૪૧ હેઠળની અપીલ સમિતિ.

(૭) વીસ મુદ્દા કાર્યક્રમનાં અમલ અને સમીક્ષા માટે સમિતિ.

(૨) પેટા-કલમ (૧)માં ઉલ્લેખેલી સમિતિઓ ઉપરાંત, જિલ્લા પંચાયત, રાજ્ય સરકારની પૂર્વમંજૂરીથી, જિલ્લા પંચાયતને નક્કી કરેલાં કોઇ કાર્યો અથવા યોજનાનો અમલ કરવા માટે અથવા આવી સમિતિ અથવા સમિતિઓને સોંપે તેવી બાબતોમાં તપાસ કરી, તેનો જિલ્લા પંચાયતને રિપોર્ટ કરવા માટે, એવી સમિતિ અથવા સમિતિઓ રચી શકશે. જિલ્લા પંચાયત એવી કોઇ સમિતિએ અનુસરવાની કાર્યરીતિ માટે નિયમો કરી શકશે.

(૩) કારોબારી અને શિક્ષણ સમિતિ સિવાયની બીજી કોઇપણ સમિતિ, પાંચ કરતાં વધુ સભ્યોની બનશે નહિ અને કારોબારી સમિતિ અને શિક્ષણ સમિતિ, નવ સભ્યો કરતાં વધુ ન હોય તેટલી સભ્યોની બનશે.

(૪) શિક્ષણ સમિતિ અને સામાજિક ન્યાય સમિતિની રચના, પેટા-કલમ (૩)ને અધીન રહીને, ઠરાવવામાં આવે તેવી રહેશે.

(૫) આ કલમ હેઠળ રચવામાં આવેલી સમિતિના સભ્યો, પોતાના સભ્યોમાંથી પંચાયતે ચૂંટવા જોઇશે :

પરંતુ, પંચાયતે આ અર્થે કરેલા કોઇપણ નિયમો અનુસાર, પેટા-કલમ (૧)ના ખંડો (૨) અને (૩)માં જણાવેલી સમિતિમાં જિલ્લાના લાયકાત ધરાવતા કોઇપણ મતદારોને આવી સમિતિમાં નીમી શકશે અને તે રીતે નિમાયેલા લાયકાત ધરાવતા મતદારોને, સમિતિની બેઠકની કાર્યવાહીમાં બોલવાનો અથવા અન્યથા ભાગ લેવાનો હક રહેશે, પણ તેમને મત આપવાનો હક રહેશે નહિ.

(૬) દરેક સમિતિના સભ્યો, પોતાનામાંથી સમિતિના અધ્યક્ષને ચૂંટશે :

પરંતુ,---

(ક) પ્રમુખ અને ઉપપ્રમુખ બન્ને આવી કોઇ સમિતિના સભ્ય હોય, ત્યારે પ્રમુખ હોદ્દાના રૂએ આવી સમિતિના અધ્યક્ષ બનશે અને તેઓ હોદ્દો ધરાવવાની ના પાડે, તો ઉપ પ્રમુખ હોદ્દાની રૂએ સમિતિના અધ્યક્ષ થશે, સિવાય કે તેઓ પણ હોદ્દો ધરાવવાની ના પાડે, અને

(ખ) બેમાંથી કોઇપણ એક તેના સભ્ય હોય, તો તે હોદ્દાની રૂએ સમિતિના અધ્યક્ષ થશે, સિવાય કે, તેઓ પણ હોદ્દો ધરાવવાની ના પાડે.

(ગ) પંચાયતના સભ્ય ન હોય તેવી વ્યકિત, કોઇપણ સમિતિના અધ્યક્ષ તરીકે લાયક ગણાશે નહિ :

વધુમાં શિક્ષણ સમિતિના અધ્યક્ષ તરીકે તેવી રીતે ચૂંટાયેલી વ્યકિત, પંચાયતની પ્રમુખ પણ હોય અથવા અધ્યક્ષ તરીકે તેમની ચૂંટણી થયા પછી કોઇપણ સમયે એવા પ્રમુખ તરીકે ચૂંટવામાં આવે, ત્યારે તેઓ સમિતિના અધ્યક્ષ તરીકે ચાલુ રહેવાને લાયક થશે નહિ, સિવાય કે તેઓ આવા પ્રમુખ તરીકેનો હોદ્દો ખાલી કરવાનું પસંદ કરે અને તે પ્રમાણે હોદ્દો ખાલી કરે.

(૭) (ક) પંચાયતનો કોઇ સભ્ય, આ કલમ હેઠળ રચાયેલી બેથી વધુ સમિતિઓનો સભ્ય થઇ શકશે નહિ;

(ખ) કોઇ સભ્યને બેથી વધુ સમિતિઓના સભ્ય તરીકે એક સાથે અથવા અન્યથા ચૂંટવામાં આવે, તો તે સભ્ય તેવી રીતે ચૂંટાઇ આવે તે તારીખથી અથવા તે પછીની તારીખથી દસ દિવસની અંદર, પોતે બે સમિતિઓમાંથી કઇ સમિતિમાં રહેવા ઇચ્છે છે તે બાબતની તેણે પ્રમુખને જાણ કરવી જોઇશે અને તેમ થયે, ઉપર્યુકત બે સમિતિઓ સિવાયની સમિતિ અથવા સમિતિઓમાંની તેની બેઠક ખાલી થઇ છે એમ ગણાશે;

(ગ) ખંડ (ખ) હેઠળ કરેલી જાણ આખરી ગણાશે અને તે પાછી ખેંચી શકાશે નહિ;

(ઘ) કોઇ સભ્ય, ખંડ (ખ)માં ઠરાવેલી મુદતમાં, તે ખંડ હેઠળ જાણ કરવામાં કસૂર કરે, ત્યારે પંચાયત એવા સભ્યને કઇ બે સમિતિઓમાં પોતાની બેઠક રાખવી તે નક્કી કરશે અને એવી રીતે નક્કી કરેલી સમિતિઓ સિવાયની સમિતિઓમાં તેની બેઠક ખાલી થઇ છે એમ ગણાશે.

(૮) સમિતિમાં એકવાર ચૂંટાયેલો સભ્ય ફરી ચૂંટાવાને પાત્ર રહેશે.

(૯) (ક) સામાજિક ન્યાય સમિતિની મુદત અને શિક્ષણ સમિતિની મુદત, જિલ્લા પંચાયતની મુદત જેટલી રહેશે :

(ખ) (૧) પેટા-કલમ (૧) હેઠળ રચવામાં આવેલી કોઈ અન્ય સમિતિની મુદત બે વર્ષની રહેશે અને તે મુદત પૂરી થયે, તેની પુનર્રચના કરવી જોઈશે :

પરંતુ પંચાયતની મુદતના પૂરા નહિ થયેલા જે ભાગ દરમિયાન સમિતિની પુનર્રચના કરવામાં આવે તે ભાગ બે વર્ષથી ઓછો હોય, તો સમિતિની મુદત, પંચાયતની મુદતના પૂરા નહિ થયેલા ભાગ જેટલી રહેશે.

(૨) પેટા-કલમ (૨) હેઠળ રચવામાં આવેલી કોઈ અન્ય સમિતિની મુદત એક વર્ષથી વધુ હોવી જોઈશે નહિ.

(૧૦) કોઈ સભ્ય અથવા અધ્યક્ષ, પંચાયતને પોતાનું રાજીનામું મોકલીને સમિતિના સભ્ય અથવા અધ્યક્ષ તરીકે રાજીનામું આપી શકશે.

(૧૧) રચાયેલી સમિતિમાં ચૂંટાયેલા સભ્યની ખાલી પડતી કોઈપણ જગા ચૂંટણી દ્વારા ભરવામાં આવશે.

(૧૨) શિક્ષણ સમિતિ, પોતાનાં કાર્યો બજાવતી વેળા, પંચાયતની તમામ સત્તા વાપરશે અને તેની ફરજો બજાવશે :

પરંતુ, શિક્ષણ સમિતિ, મુંબઈ પ્રાથમિક શિક્ષણ અધિનિયમ ૧૯૪૭ હેઠળ જિલ્લા પંચાયતમાં નિહિત થયેલ જિલ્લા શાળાની સત્તા વાપરે અને ફરજો અને કાર્યો અદા કરે ત્યારે, સમિતિ, સદરહુ અધિનિયમમાં ગમે તે મજકૂર હોય તે છતાં, જિલ્લા પંચાયતના નિયંત્રણને અધીન રહીને, તે સત્તાઓ વાપરશે અને તે ફરજો અદા કરશે.

(૧૩) આ કલમ હેઠળ રચવામાં આવેલી શિક્ષણ સમિતિ સિવાયની સમિતિઓ પોતાનાં કાર્યો બજાવતી વેળા જિલ્લા પંચાયત તેમને સોંપે તેવી સત્તા વાપરશે અને ફરજો બજાવશે.

(૧૪) જિલ્લા પંચાયત કોઈપણ સમયે,–

(ક) સામાજિક ન્યાય સમિતિ અને શિક્ષણ સમિતિ સિવાયની કોઈ સમિતિને પોતે સોંપેલી કોઈ સત્તા, કાર્યો અને ફરજો તેની પાસેથી પાછાં લઈ શકશે;

(ખ) અનુસૂચિ ૩ના ભાગ-૨માં નહિ આવતાં સત્તા, કાર્યો, ફરજો શિક્ષણ સમિતિ પાસેથી પાછાં લઈ શકશે, અને

સામાજિક ન્યાય સમિતિ સિવાયની બીજી કોઈ સમિતિને તે જ સોંપી શકશે.

(૧૫) કોઈ સમિતિને નહિ સોંપવામાં આવેલાં પંચાયતનાં સત્તા, કાર્યો અને ફરજો જિલ્લા પંચાયત વાપરશે અને બજાવશે.

(૧૬) સમિતિએ, પંચાયત તેને વખતોવખત આપે તેવી કોઈપણ સૂચનાઓનું પાલન કરવું જોઈશે. પંચાયત, કોઈપણ સમયે, કોઈપણ સમિતિની કોઈપણ કાર્યવાહીમાંથી ઉતારા અને જે બાબતમાં કોઈપણ સમિતિ, તજવીજ કરવા અધિકૃત હોય અથવા આદેશ આપ્યો હોય તે બાબતો સંબંધમાં કોઈ પત્રક, નિવેદન, હિસાબ અથવા રિપોર્ટ મંગાવી શકશે.

(૧૭) કોઈ પંચાયતના સત્તા, કાર્યો અને ફરજો તેની કોઈ સમિતિને સોંપવામાં આવ્યા હોય તે છતાં–

(ક) ઠરાવવામાં આવે તેવા કેસોના વર્ગોમાં, સામાજિક ન્યાય સમિતિ સિવાયની સમિતિના નિર્ણયથી નારાજ થયેલી કોઈ વ્યક્તિ, આવા નિર્ણયની તારીખથી સાઠ દિવસની મુદતની અંદર, પંચાયતને અપીલ કરી શકશે; અને

(ખ) સામાજિક ન્યાય સમિતિના નિર્ણય (અપીલમાંના નિર્ણય સિવાય)થી નારાજ થયેલ કોઈ વ્યક્તિ, એવા નિર્ણયની તારીખથી સાઠ દિવસની મુદતની અંદર, રાજ્ય સરકારને અપીલ કરી શકશે;

અને પંચાયત અથવા યથાપ્રસંગ, રાજ્ય સરકાર, અપીલ કરનારને સુનાવણીની તક આપ્યા પછી જેની સામે અપીલ કરવામાં આવી હોય તે નિર્ણયને બહાલ રાખી શકશે, તેમાં ફેરફાર કરી શકશે અથવા તે ફેરવી નાંખી શકશે અને પોતાને યોગ્ય લાગે તેવો હુકમ કરી શકશે.

શિક્ષણ સમિતિના અધ્યક્ષને હોદ્દા પરથી દૂર કરવા બાબત.

૧૪૬. (૧) શિક્ષણ સમિતિના અધ્યક્ષ સામે અવિશ્વાસનો પ્રસ્તાવ મૂકવા માગતો શિક્ષણ સમિતિનો કોઈ સભ્ય, સમિતિને ઠરાવેલા નમૂનામાં તેની નોટિસ આપી શકશે.

(૨) સમિતિના તે વખતના સભ્યોની કુલ સંખ્યાના ઓછામાં ઓછી બે તૃતિયાંશ સભ્યોની બહુમતીએ પ્રસ્તાવને પસાર કર્યો હોય, તો અધ્યક્ષ, પ્રસ્તાવ પસાર થયાની તારીખથી ત્રણ દિવસની મુદત પછી, હોદ્દો ધરાવતા બંધ થશે, સિવાય કે તેમણે તેથી વહેલું રાજીનામું આપ્યું હોય અને તેમ થયે, આવા અધ્યક્ષે ધરાવેલો હોદ્દો ખાલી પડે છે એમ ગણાશે.

(૩) અધિનિયમમાં અથવા તે હેઠળ કરેલા નિયમોમાં ગમે તે મજકૂર હોય તે છતાં, અધ્યક્ષે, જે બેઠકમાં તેની સામે અવિશ્વાસના પ્રસ્તાવ વિશે ચર્ચા કરવામાં આવે, તે બેઠકનું અધ્યક્ષસ્થાન લેવું નહિ, પણ તેમને (મત આપવાના હક સહિત) આવી કોઈ બેઠકની કાર્યવાહીમાં બોલવાનો અથવા અન્યથા તેમાં ભાગ લેવાનો હક રહેશે.

(૪) (ક) આ કલમ હેઠળ અવિશ્વાસનો પ્રસ્તાવ હાથ ધરવા માટે સમિતિની બેઠક, આવા પ્રસ્તાવની નોટિસ સમિતિને મળ્યાની તારીખથી, સાત દિવસની મુદતની અંદર બોલાવવી જોઈએ;

(ખ) સમિતિના અધ્યક્ષ આવી બેઠક બોલાવે નહિ, તો સમિતિના સેક્રેટરીએ યોગ્ય સત્તાધિકારીને તે વિષે રિપોર્ટ કરવો જોઈશે અને તેમ થયે, યોગ્ય સત્તાધિકારીને રિપોર્ટ મળ્યાની તારીખથી સાત દિવસની મુદતની અંદર, તે સમિતિની બેઠક બોલાવશે.

શિક્ષણ સમિતિના અધ્યક્ષને માનદ્ વેતન વગેરે, આપવા બાબત.

૧૪૭. (૧) જિલ્લા પંચાયતની શિક્ષણ સમિતિનો અધ્યક્ષ,–

(ક) ઠરાવવામાં આવે તેવા દરે માનદ્ વેતન મેળવવાને હકદાર થશે,

(ખ) પોતાના હોદ્દાની સમગ્ર મુદત દરમિયાન અને ત્યારપછીના પંદર દિવસની મુદત સુધી, ભાડું આપ્યા સિવાય પંચાયતના મુખ્ય મથકમાં આવેલા નિવાસસ્થાનનો અથવા રાજ્ય સરકારની સંમતિથી જિલ્લામાંના બીજા કોઈપણ સ્થળોનો ઉપયોગ કરવાનો અથવા આવા નિવાસસ્થાનને બદલે રાજ્ય સરકારના સામાન્ય અથવા ખાસ હુકમ દ્વારા નક્કી કરે તેવા દરે મકાન ભથ્થું મેળવવાને હકદાર થશે.

(૨) પેટા-કલમ (૧)ના ખંડ (ખ) હેઠળ જોગવાઈ કરેલા કોઈપણ નિવાસસ્થાનના નિભાવના સંબંધમાં અધ્યક્ષ પાસેથી અંગત રીતે કંઈપણ ચાર્જ લેવામાં આવશે નહિ.

(૩) અધ્યક્ષ રજા પર હોય અથવા ગેરહાજર હોય તે દરમિયાન,અધ્યક્ષનાં કાર્યો, શિક્ષણ સમિતિ તેના જે સભ્યને ચૂંટે તે બજાવશે. કાર્યો બજાવવા માટે એવી ચૂંટાયેલા સભ્યને, ઠરાવવામાં આવે તેવાં માનદ્વેતન અને ભથ્થાં આપવામાં આવશે.

સામાજિક ન્યાય સમિતિના અધ્યક્ષને માનદ વેતન વગેરે આપવાં બાબત.

૧૪૮. (૧) જિલ્લા પંચાયતની સામાજિક ન્યાય સમિતિના અધ્યક્ષ--

(ક) ઠરાવવામાં આવે તેવા દરે માનદ્ વેતન મેળવવાને હકદાર રહેશે;

(ખ) પોતાના હોદ્દાની સમગ્ર મુદત દરમિયાન અને ત્યાર પછીના પંદર દિવસની મુદત સુધી ભાડું આપ્યા સિવાય પંચાયતના મુખ્ય મથકને અથવા રાજ્ય સરકારની સંમતિથી, જિલ્લામાંના બીજા કોઈપણ સ્થળે નિવાસસ્થાનનો ઉપયોગ કરવાને અથવા આવા નિવાસસ્થાનને બદલે, રાજ્ય સરકાર, સામાન્ય અથવા ખાસ હુકમ દ્વારા નક્કી કરે તેવા દરે મકાન ભથ્થું મેળવવાને હક્કદાર રહેશે;

(૨) પેટા-કલમ (૧)ના પેટા-ખંડ (ખ) હેઠળ જોગવાઈ કરેલા કોઈ નિવાસસ્થાનના નિભાવના સંબંધમાં, અધ્યક્ષ પાસેથી અંગત રીતે કંઈપણ ચાર્જ લેવામાં આવશે નહિ.

(૩) અધ્યક્ષ રજા ઉપર હોય અથવા ગેરહાજર હોય તે દરમિયાન, અધ્યક્ષનાં કાર્યો, તે સમિતિ ચૂંટે તેવા સમિતિના સભ્ય બજાવશે. એવાં કાર્યો બજાવવા માટે એવી રીતે ચૂંટાયેલા સભ્યને, ઠરાવવામાં આવે તેવાં માનદ્વેતન અને ભથ્થાં આપવામાં આવશે.

જિલ્લા પંચાયતના સભ્યો ન હોય તેવા સમિતિના સભ્યોને મુસાફરી ભથ્થું.

૧૪૯. કલમ ૧૪૫ હેઠળ રચાયેલી જિલ્લા પંચાયતની કોઈ સમિતિના સભ્યો જેઓ આવી પંચાયતના સભ્યો ન હોય તેઓ સમિતિની બેઠકમાં હાજર રહેવાના હેતુ માટે અથવા સમિતિને લગતા કોઈ કામકાજ માટે પ્રવાસ કરતા હોય તે દરમિયાન, ભવિષ્યલક્ષી અથવા પાછલી તારીખથી કરેલા નિયમો દ્વારા નક્કી કરવામાં આવે તેવા દરે અને તેવી શરતોને અધીન રહીને, મુસાફરી ભથ્થાં મેળવવાને હકદાર રહેશે.

૧૫૦. આ અધિનિયમમાં ઠરાવ્યું હોય તે સિવાય, જિલ્લા પંચાયતની અથવા તેની સમિતિની બેઠકમાં સમય અને સ્થળ, આવી બેઠક માટેનું કોરમ, આવી બેઠક બોલાવવા માટેની કાર્યરીતિ અને આવી બેઠકમાંની કાર્યરીતિ ઠરાવવામાં આવે તેવાં રહેશે. બેઠકો સંબંધી કાર્યરીતિ.

૧૫૧. જિલ્લા પંચાયત અથવા તેની સમિતિની બેઠક સમક્ષના સઘળા પ્રશ્નોનો નિર્ણય, હાજર રહેલા સભ્યોની બહુમતીથી કરવો જોઈશે અને આ અધિનિયમમાં અન્યથા ઠરાવ્યું ન હોય તો, બેઠકનું અધ્યક્ષસ્થાન લેનાર અધિકારીને, મતો સરખા પડે તેવા દરેક પ્રસંગે, બીજો અથવા નિર્ણાયક મત રહેશે : પ્રશ્નોનો નિર્ણય બહુમતીથી કરવો.

પરંતુ ઠરાવવામાં આવે તેવા સંજોગોમાં અને તેવી શરતોને અધીન રહીને, કોઈ પંચાયત અથવા સમિતિ સમક્ષના કોઈપણ પ્રશ્નોનો નિર્ણય, તે અંગેની દરખાસ્તો, સભ્યના મત માટે ફેરવીને લઈ શકાશે.

૧૫૨. જિલ્લા પંચાયતના સભ્યોની કુલ સંખ્યાના બે તૃતિયાંશ ભાગના સભ્યોએ ટેકો આપેલા ઠરાવ સિવાય, આવી પંચાયતના કોઈપણ ઠરાવમાં તે પસાર થયાની તારીખથી ત્રણ મહિનાની મુદતની અંદર પંચાયતે તેમાં ફેરફાર કરવો નહિ, તેમાં સુધારો કરવો નહિ, તે ફેરવવો નહિ અથવા તે રદ કરવો નહિ. ઠરાવમાં ફેરફાર કરવા અથવા તે રદ કરવા બાબત.

૧૫૩. (૧) આ અધિનિયમમાં ગમે તે મજકૂર હોય તે છતાં, જિલ્લા પંચાયત અથવા તેની કોઈપણ સમિતિ પોતાની બેઠકમાં, એવી પંચાયત અથવા યથાપ્રસંગ, સમિતિના અભિપ્રાય મુજબ, જે વ્યક્તિઓ નીચેની લાયકાતો ધરાવતી હોય, તેમાંથી બેઠકમાં વિચારણા કરવાના વિષયના વધુમાં વધુ પાંચ નિષ્ણાતો અથવા વિશેષજ્ઞોને નિમંત્રણ આપે, તો તે કાયદેસર ગણાશે :— જિલ્લા પંચાયત અને તેની સમિતિઓની બેઠકોમાં નિમંત્રિતોને બોલાવવા બાબત.

(ક) ભારતમાં કાયદા દ્વારા સ્થાપિત કોઈ યુનિવર્સિટીની ઈજનેરી, તબીબી, વાણિજ્ય અથવા એવી બીજા વિષયની પદવી ધરાવતી હોય અને તે વિષયને લગતી પ્રવૃત્તિના ક્ષેત્રે ઓછામાં ઓછા પાંચ વર્ષનો અનુભવ ધરાવતી હોય; અને

(ખ) કલમ ૩૦ના ખંડો (છ) (જ) અને (ઝ) પૈકીના કોઈ ખંડ હેઠળ પંચાયતના સભ્યો તરીકે ગેરલાયક ન હોય.

(૨) પંચાયત અથવા તેની સમિતિની એવી કોઈ બેઠકમાં હાજર રહેનાર નિમંત્રિતને, બેઠકની કાર્યવાહીમાં બોલવાનો અથવા અન્યથા તેમાં ભાગ લેવાનો હક રહેશે, પરંતુ તેને મત આપવાનો હક રહેશે નહિ.

## (ખ) વહીવટી સત્તા અને ફરજો

૧૫૪. આ અધિનિયમની જોગવાઈઓને અધીન રહીને, હકૂમતની અંદરના વિસ્તારમાં અને જેટલે સુધી પોતાને હસ્તકના ફંડમાંથી જોગવાઈ થઈ શકે તેટલે સુધી અનુસૂચિ ૩ માં નિર્દિષ્ટ કરેલી સઘળી બાબતો અથવા તે પૈકી કોઈપણ બાબતના સંબંધમાં યોગ્ય જોગવાઈ કરવાની ફરજ દરેક જિલ્લા પંચાયતની રહેશે. પંચાયતોની વહીવટી સત્તા.

૧૫૫. (૧) જિલ્લા પંચાયત, રાજ્ય સરકારની પૂર્વમંજૂરીથી, જો નાણાંની સગવડ હોય તો, પોતાના હકૂમતની બહાર શિક્ષણ અથવા તબીબી સહાય સંબંધી ખર્ચ કરી શકશે. પંચાયતોના બીજા કાર્યો.

(૨) જિલ્લા પંચાયત પોતાની હકૂમતની હદની અંદરના વિસ્તારમાં, જિલ્લાનાં રહેવાસીઓના,—

(ક) આરોગ્ય, સલામતી, સુવિધા, સગવડ; અને

(ખ) સામાજિક, આર્થિક અથવા સાંસ્કૃતિક કલ્યાણનો,

ઉત્કર્ષ થવાનો સંભવ હોય તેવું બીજું કોઈપણ કાર્ય અથવા ઉપાય કરવા માટે જોગવાઈ કરી શકશે.

(૩) જિલ્લા પંચાયત સભ્યોની કુલ સંખ્યાના બે તૃતિયાંશ સભ્યોએ ટેકો આપેલો ઠરાવ પોતાની બેઠકમાં પસાર કરીને જિલ્લાની અંદર કોઈપણ જાહેર સત્કાર, સમારંભ અથવા મનોરંજન માટે જોગવાઈ કરી શકશે અથવા રાજ્ય કે જિલ્લા પંચાયતોના વાર્ષિક મેળાવડામાં અથવા તેવા બીજા કોઈ મેળાવડામાં અથવા ગ્રામ જનતામાં સમૂહ ભાવના, સ્વાશ્રયની ભાવના અને પરસ્પર મદદની ભાવનાને ઉત્તેજન આપવાના અને પંચાયતોના કાર્યક્ષમ વહીવટ માટે ઉપાયો અને સાધનો સૂચવવાના ઉદ્દેશથી સ્થપાયેલી હોય અને રાજ્ય સરકારે માન્યતા આપેલી હોય તેવી કોઈપણ સંસ્થાના ફંડમાં આપી શકશે.

(૪) જિલ્લા પંચાયત, નિયમોને અધીન રહીને, આ અધિનિયમના હેતુઓ સારૂ તેના તાબા નીચેની પંચાયતને પોતાના ફંડમાંથી લોન આપી શકશે.

(૫) જિલ્લા પંચાયતે, અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓ અને બીજા પછાત વર્ગોની હાલત સુધારવા માટેના ઉપાયોના સંબંધમાં અને ખાસ કરીને અસ્પૃશ્યતા નિવારણ માટે રાજ્ય સરકારે અથવા યોગ્ય સત્તાધિકારીને આ બાબતના સંબંધમાં વખતોવખત આપેલા આદેશો અથવા કાઢેલા હુકમોનો અમલ કરવો જોઈશે.

(૬) જિલ્લા પંચાયતે, તે સમયે અમલમાં હોય તેવા બીજા કોઈપણ કાયદાની રૂએ અથવા તે હેઠળ તેને સોંપવામાં આવે તેવી ફરજો અને કાર્યો બજાવવા જોઈશે.

(૭) જિલ્લા પંચાયતે અનુસૂચિ ૩માં નિર્દિષ્ટ કરેલી બાબતો પૈકી કોઈપણ બાબતને લગતી હોય તેવી કોઈપણ પ્રવૃત્તિ જિલ્લામાં ચલાવવા માટે કોઈપણ વ્યક્તિને નાણાંકીય અથવા બીજા કોઈપણ મદદ આપે તો, તે કાયદેસર ગણાશે.

(૮) (ક) જિલ્લા પંચાયત, પોતે માંડેલા અથવા પોતાની વિરુધ્ધ માંડવામાં આવેલા કોઈપણ દાવાના સંબંધમાં અથવા આ અધિનિયમ હેઠળ પોતે કરેલા કોઈપણ કરારમાંથી ઉપસ્થિત થતાં કોઈપણ હક અથવા માગણાંના સંબંધમાં, પોતાને પૂરતી લાગે તેટલી નાણાંની રકમ અથવા તેવા વળતર આપીને સમાધાન કરી શકશે :.

પરંતુ, કોઈપણ કરાર કરવામાં આ અધિનિયમ હેઠળ કોઈપણ મંજૂરીની જરૂર હોય તો, એવા કરારમાંથી ઉપસ્થિત થતા કોઈપણ દાવા અથવા માગણાંનું સમાધાન કરવા માટે તેવી જ પૂર્વમંજૂરી મેળવવી પડશે.

(ખ) આ અધિનિયમ હેઠળ પંચાયત તથા તેના અધિકારીઓ અને નોકરોને પ્રાપ્ત થયેલી સત્તા પૈકી કોઈપણ સત્તા વાપરવાને કારણે કોઈપણ વ્યક્તિને નુકસાન થાય તો, તેને પંચાયત પોતાના ફંડમાંથી વળતર આપી શકશે.

સરકાર વતી બાંધકામો વગેરે હાથ ધરવાની અને ટેકનિકલ સલાહ આપવાની જિલ્લા પંચાયતની સત્તા.

**૧૫૬.** (૧) સરકાર વતી, કોઈ સ્થાનિક સત્તામંડળ વતી, તે સમયે અમલમાં હોય તેવા કોઈ કાયદા હેઠળ સંસ્થાપિત કરેલા અને સરકાર અથવા કોર્ટ ઓફ વાર્ડઝની માલિકીના અથવા નિયંત્રણ હેઠળના કોઈ કોર્પોરેશન વતી, જિલ્લા પંચાયત કબૂલ કરવામાં આવે તેવી બોલીઓ અને શરતોથી કોઈ બાંધકામ કરવાનું, નિભાવવાનું અથવા મરામત કરવાનું હાથ ધરે અથવા કોઈ સંસ્થાનો વહીવટ કરવાનું હાથ ધરે, તો તે કાયદેસર ગણાશે.

(૨) કોઈ સ્થાનિક સંસ્થાએ હાથ ધરેલાં કોઈ બાંધકામ સંબંધી એવી સ્થાનિક સંસ્થાને જિલ્લા પંચાયત કબૂલ કરવામાં આવે તેવી બોલીઓ અને શરતોથી ટેકનિકલ સલાહ અને માર્ગદર્શન આપે, તો તે કાયદેસર ગણાશે.

## (ગ) મિલકત અને ફંડ

જિલ્લા પંચાયતોની મિલકત.

**૧૫૭.** (૧) જિલ્લા પંચાયતે સંપાદન કરેલી જંગમ અથવા સ્થાવર મિલકત ઉપરાંત, નીચેની મિલકત જિલ્લા પંચાયતને પ્રાપ્ત થશે :–

(ક) જિલ્લા પંચાયતે જિલ્લા ફંડમાંથી, સરકારની મદદ અથવા લોકોના સહકારથી અથવા તે વગર બાંધેલા દરેક રસ્તા, મકાન અથવા બીજું કામ;

(ખ) રાજ્ય સરકારને પ્રાપ્ત થતી કોઈપણ જમીન અથવા મિલકત જ્યારે રાજ્ય સરકારે જિલ્લા પંચાયતને સ્થાનિક સાર્વજનિક હેતુઓ સારુ સ્વત્વાર્પિત કરી હોય ત્યારે;

(ગ) બીજી કોઈપણ પંચાયતને પ્રાપ્ત થતી હોય તેવી કોઈપણ જમીન અથવા મિલકત જ્યારે તે પંચાયતે, જિલ્લા પંચાયતને આ અધિનિયમના હેતુઓ સારૂ આપી હોય ત્યારે :

પરંતુ, ખંડ (ખ) હેઠળ જિલ્લા પંચાયતને સ્વત્વાર્પિત કરેલી કોઈપણ જમીન અથવા મિલકત સ્વત્વાર્પણ લેખમાં અન્યથા સ્પષ્ટ રીતે ઠરાવ્યું હોય તે સિવાય, માલિકીના હકની રૂએ પંચાયતના કબજામાં રહેશે નહિ, પણ સ્વત્વાર્પણની બોલીઓ, અને શરતોને અધીન રહીને, તેને પ્રાપ્ત થશે અને આવી શરતો અને બોલીઓમાં નિર્દિષ્ટ કરેલા સંજોગોમાં તે પરથી સઘળી જડિત વસ્તુઓ અને બાંધકામ સુધ્ધાં તેની સાથે જોડાયેલા સઘળી વસ્તુઓ, હોય તો તે સહિત, જમીન અને મિલકત રાજ્ય સરકારને ફરી નિહિત થશે અને રાજ્ય સરકાર તેનો કબજો પાછો લે તે કાયદેસર ગણાશે.

(૨) કોઈ સ્થાવર મિલકત જિલ્લા પંચાયતને પ્રાપ્ત થાય તે છતાં, તે સબંધી કોઈ પટો, વેચાણ અથવા અન્ય સ્વત્વાર્પણ યોગ્ય સત્તાધિકારીની પૂર્વમંજૂરીથી કરવામાં આવ્યું હોય તે સિવાય, કાયદેસર ગણાશે નહિ :

પરંતુ પેટા-કલમ (૧)ના ખંડ (ખ) માં ઉલ્લેખેલી મિલકત સિવાયની સ્થાવર મિલકતના પટાના દાખલામાં, જો પટાની મુદત ત્રણ વર્ષ કરતાં વધુ નહોય તો, આવી પૂર્વમંજૂરીની જરૂર રહેશે નહિ.

**૧૫૮.** (૧) દરેક જિલ્લામાં એક ફંડ રહેશે અને તે જિલ્લા ફંડ નામે ઓળખાશે. જિલ્લા ફંડ.

(૨) નીચેની રકમો જિલ્લા ફંડમાં ભરવી અને તે તેનો ભાગ બનશે :–

(ક) આ અધિનિયમ હેઠળ નાંખેલા કોઈપણ કર અથવા ફંડની ઊપજ;

(ખ) સઘળાં ધૂળ, કચરો, છાણાં અથવા પશુઓનાં મુડદાંના વેચાણની ઊપજ, તે આખી રકમ અથવા તેનો ભાગ કોઈપણ વ્યક્તિને મળવાનો જેટલે સુધી હક હોય તે સિવાય;

(ગ) રાજ્ય સરકારે જિલ્લા ફંડમાં ફાળો આપેલી રકમો;

(ઘ) રાજ્ય સરકાર પાસેથી લોન તરીકે અથવા બીજી રીતે મળેલી સઘળી રકમો;

(ચ) જિલ્લા પંચાયતને બક્ષિસ અથવા ફાળા તરીકે મળેલી સઘળી રકમો;

(છ) જિલ્લા પંચાયતને પ્રાપ્ત થતી કોઈપણ મિલકતની આવક અથવા ઊપજ;

(જ) કલમ ૧૯૧ની રૂએ અધિકૃત કરેલા ઉપકરની (આકારણી અને વસૂલાત અંગેનું ખર્ચ બાદ કર્યા પછી) ચોખ્ખી ઊપજ;

(ઝ) ભાડા તરીકે અથવા ફોજદારી મુકદ્દમામાં દંડની રકમ સિવાયની બીજી ગુનેગારી તરીકે વસૂલ કરેલી સઘળી રકમો.

**૧૫૯.** (૧) આ અધિનિયમ હેઠળ જિલ્લા પંચાયતને પ્રાપ્ત થયેલી સઘળી મિલકત તથા આ અધિનિયમની જોગવાઈઓ અનુસાર તેને મળેલાં સઘળાં નાણાં તથા તે સમયે અમલમાં હોય તેવા કોઈપણ કાયદાની જોગવાઈઓ હેઠળ તેને પ્રાપ્ત થતી સઘળી રકમો, આ અધિનિયમની જોગવાઈઓને અધીન રહીને, અને આ અધિનિયમના હેતુઓ સારૂ વાપરવી જોઈશે અને આવી સઘળી રકમ તથા નાણાં ઠરાવવામાં આવે તેવી કસ્ટડીમાં રાખવા જોઈશે : જિલ્લા ફંડનો ઉપયોગ.

પરંતુ જિલ્લા પંચાયતે કલમ ૧૫૮ની પેટા-કલમ (૨)ના ખંડ (જ)માં ઉલ્લેખેલા ઉપકરની ચોખ્ખી ઊપજમાંથી કલમ ૧૯૧ હેઠળ ઉપકર લેવામાં આવતો હોય તેવી દરેક રકમમાં દરેક રૂપિયા દીઠ આઠ પૈસાના દરે ગણતરી કરેલા ભાગની રકમ, જિલ્લામાં પ્રાથમિક શિક્ષણના હેતુ માટે ઉપયોગમાં લેવી જોઈશે.

(૨) પંચાયત હસ્તકના બાકી વધેલાં નાણાં ચાલુ ખર્ચ માટે જોઈતાં ન હોય તો, તેનું ઠરાવવામાં આવે તેવી રીતે રોકાણ કરી શકાશે.

(૩) પંચાયતે લીધેલી કોઈપણ લોનના દાખલામાં, મુદ્દલ રકમ અથવા તેના હપ્તાની ચુકવણી અને તે અંગેના વ્યાજની ચુકવણી, તેના ફંડ પર પ્રથમ બોજો ગણાશે.

**૧૬૦.** (૧) કલમો ૧૫૮ અને ૧૫૯માં ગમે તે મજકૂર હોય તે છતાં, દરેક જિલ્લામાં, જિલ્લા પંચાયત, "જિલ્લા કુટુંબ કલ્યાણ ફંડ" એ નામનું એક ફંડ સ્થાપશે, જેમાં નીચેનાનો સમાવેશ થશે :– જિલ્લા કુટુંબ કલ્યાણ ફંડ.

(ક) રાજ્ય સરકાર અથવા કેન્દ્ર સરકાર તરફથી અથવા કોઈપણ વ્યક્તિ તરફથી કુટુંબ કલ્યાણ કાર્યક્રમોના હેતુ માટે બક્ષિસ અથવા ફાળા તરીકે મળેલી તમામ રકમો;

(ખ) પંચાયતે ગોઠવેલા મનોરંજનના કાર્યક્રમની આવક;

(ગ) કુટુંબ કલ્યાણ સીલના વેચાણની આવક.

(૨) પંચાયતે, ફંડનો ઉપયોગ, જિલ્લામાં કુટુંબ કલ્યાણ કાર્યક્રમના હેતુ માટે કરવો જોઈશે.

(૩) ફંડમાંથી જે કોઈ રકમ ચાલુ ખર્ચ માટે જરૂરી ન હોય તે રકમનું રોકાણ, ઠરાવવામાં આવે તે રીતે કરી શકાશે.

## (ઘ) અધિકારીઓ અને નોકરો

જિલ્લા પંચાયતના સેક્રેટરી તથા અધિકારીઓ તથા નોકરો.

**૧૬૧.** (૧) આ અધિનિયમની જોગવાઈઓ અને તે હેઠળ કરેલા નિયમોને અધીન રહીને,–

(ક) દરેક જિલ્લા પંચાયત માટે એક સેક્રેટરી રહેશે;

(ખ) પંચાયત હેઠળ મૂકાયેલ જિલ્લા વિકાસ અધિકારી, હોદ્દાની રૂએ પંચાયતના સેક્રેટરી રહેશે;

(ગ) જિલ્લા પંચાયતમાં, કલમ ૨૨૭ હેઠળ નક્કી કરવામાં આવે તેવા બીજા અધિકારીઓ અને નોકરો રહેશે.

(૨) સત્તાધિકારી, પેટા-કલમ (૧)ના ખંડ (ગ)માં ઉલ્લેખેલ અધિકારીઓ અને નોકરો નીમશે અને તેમની નોકરીની શરતો ઠરાવવામાં આવે તેવી રહેશે.

(૩) પેટા-કલમ (૨) હેઠળ નીમેલા અધિકારીઓ અને નોકરો પોતાનાં કાર્યો અને ફરજો બજાવતા હોય ત્યારે, પંચાયત તેમને સોંપે તેવી સત્તા, તેઓ આ અર્થે કોઈપણ નિયમો કરવામાં આવ્યાં હોય તો તેને અધીન રહીને, વાપરશે.

જિલ્લા વિકાસ અધિકારીની સત્તા અને કાર્યો.

**૧૬૨.** (૧) આ અધિનિયમની રૂએ અથવા તે હેઠળ સ્પષ્ટપણે અન્યથા ઠરાવ્યું હોય તે સિવાય, આ અધિનિયમની જોગવાઈઓ પાર પાડવાના હેતુ સારૂ, જિલ્લા પંચાયતની કારોબારી સત્તા, જિલ્લા વિકાસ અધિકારીને પ્રાપ્ત થશે અને તેણે યથાપ્રસંગ, પ્રમુખના અથવા જિલ્લા પંચાયતના કોઈ હુકમો, હોય તો, તેને અધીન રહીને,–

(ક) આ અધિનિયમની રૂએ અથવા તે હેઠળ તે સમયે અમલમાં હોય તેવા કોઈપણ કાયદા હેઠળ તેના પર વિશિષ્ટ રીતે નાંખેલા અથવા તેમને સોંપેલા સઘળાં કાર્યો બજાવવાં જોઈશે અને સઘળી સત્તા વાપરવી જોઈશે; અને

(ખ) જિલ્લા પંચાયતના સઘળા અધિકારીઓ તથા નોકરોની ફરજો નક્કી કરવી જોઈશે.

(૨) આ અધિનિયમની જોગવાઈઓ અને તે હેઠળ કરેલા નિયમોને અધીન રહીને, જિલ્લા વિકાસ અધિકારી,–

(ક) (૧) જિલ્લા પંચાયતની અથવા તેની સમિતિઓ પૈકી કોઈપણ સમિતિની બેઠકમાં હાજર રહેવાને;

(૨) જિલ્લા પંચાયતના અથવા તેની હેઠળ હોદ્દો ધરાવતા કોઈ અધિકારી અથવા નોકર પાસેથી કંઈપણ માહિતી પત્રક, વિવરણ પત્રક, હિસાબ અથવા રિપોર્ટ મંગાવવાને;

(૩) નિયમોથી ઠરાવવામાં આવે તેવા વર્ગના અધિકારીઓને ગેરહાજર રહેવાની રજા મંજૂર કરવાને;

(૪) જિલ્લા પંચાયતના અથવા તેની હેઠળ હોદ્દો ધરાવતા કોઈપણ અધિકારી અથવા નોકર પાસેથી ખુલાસો મંગાવવાને,

હકદાર થશે.

જિલ્લા વિકાસ અધિકારીએ–

(ખ) જિલ્લા પંચાયતના નિયંત્રણને અધીન રહીને, જે જે બાબતો આ અધિનિયમની રૂએ અથવા તે હેઠળ કોઈ સમિતિ, જિલ્લા પંચાયતનું અધ્યક્ષસ્થાન લેનાર અધિકારી અથવા તેના કોઈ અધિકારી પર સ્પષ્ટપણે નાખવામાં આવી ન હોય અથવા તેઓને સોંપવામાં આવી ન હોય તેવી બાબતોના સંબંધમાં, ફરજો અદા કરવી જોઈશે અને કાર્યો બજાવવા જોઈશે;

(ગ) ઠરાવવામાં આવે તેવા વર્ગના અધિકારીઓ અને નોકરો નીમવા જોઈશે;

(ઘ) જિલ્લા પંચાયતની સઘળી પ્રવૃત્તિઓના અમલની બાબતમાં દેખરેખ અને નિયંત્રણ રાખવું જોઈશે;

(ચ) જિલ્લા પંચાયતનાં સઘળાં કામો અને વિકાસ યોજનાઓનો ત્વરિત અમલ કરવા માટે જરૂરી પગલાં લેવાં જોઈશે;

(છ) જિલ્લા પંચાયતની અને તેની સમિતિઓની બેઠકોની કાર્યવાહીઓ સાથે સંબંધ ધરાવતા સઘળા કાગળો અને દસ્તાવેજોને કસ્ટડીમાં રાખવાં જોઈશે;

(જ) જિલ્લા પંચાયત હેઠળ હોદ્દો ધરાવતા અધિકારીઓનું કામ દર વર્ષે અંદાજવું અને આવા કામ વિષે પોતાનો અભિપ્રાય ગુપ્ત રીતે જણાવવો; રાજ્ય સરકાર ઠરાવે તેવા સત્તાધિકારીઓને તે મોકલવા જોઈશે અને જિલ્લા પંચાયત હેઠળના અધિકારીઓ અને નોકરોના કામ વિષે આવા રિપોર્ટ લખવા માટે કાર્યરીતિ ઠરાવવી જોઈશે;

(ઝ) ફંડમાંથી નાણાં ઉપાડવા અને ખર્ચવા જોઈશે;

(ટ) જિલ્લા પંચાયતના કારોબારી વહીવટની બાબતોમાં અને તેના હિસાબો અને દફતરોને લગતી હોય તેવી બાબતોમાં, જિલ્લા પંચાયત હેઠળ હોદ્દો ધરાવતા અધિકારીઓ અને નોકરોના કામ પર દેખરેખ અને નિયંત્રણ રાખવું જોઈશે; અને

(ઠ) રાજ્ય સરકાર ઠરાવે તેવી બીજી સત્તા વાપરવી જોઈશે અને તેવાં કાર્યો બજાવવાં જોઈશે.

(૩) (ક) ખંડ (ખ)માં ઠરાવ્યું હોય તે સિવાય, જિલ્લા વિકાસ અધિકારી, પોતાની સત્તા અને કાર્યો પૈકીની કોઈપણ સત્તા અથવા કાર્ય, પોતાને યોગ્ય લાગે તેવી શરતોથી જિલ્લા પંચાયત હેઠળ હોદ્દો ધરાવતા કોઈપણ અધિકારી અથવા નોકરને સોંપી શકશે, પરંતુ એવા અધિકારી અથવા નોકર, ઠરાવવામાં આવે તેવા દરજ્જાથી, નીચલા દરજ્જાનો હોવો જોઈએ નહિ.

(ખ) પેટા-કલમ (૨)માં ગમે તે મજકૂર હોય તે છતાં સદરહુ પેટા-કલમના ખંડ (ઝ)માં ઉલ્લેખેલા ફંડમાંથી નાણાં ઉપાડવાની અને ખર્ચવાની સત્તા, એવી રીતે નાણાં ઉપાડવાનું અને ખર્ચવાનું, અનુસૂચિ ૩ના ભાગ-૨માં નિર્દિષ્ટ કરેલી અથવા મુંબઈ પ્રાથમિક શિક્ષણ અધિનિયમ, ૧૯૪૭ હેઠળ તજવીજ કરેલી કોઈ બાબત માટે હોય તેટલા પૂરતી, મુંબઈ પ્રાથમિક શિક્ષણ અધિનિયમ, ૧૯૪૭ની કલમ ૨૧ હેઠળ જિલ્લા પંચાયત માટે નિમાયેલા વહીવટી અધિકારીને સોંપેલી છે અને તેમણે વાપરી છે એમ ગણાશે.

સન ૧૯૪૭નો મુંબઈનો ૬૧મો.

(૪) આ અધિનિયમની બીજી જોગવાઈઓને અધીન રહીને, જિલ્લા વિકાસ અધિકારી જિલ્લા પંચાયતના સામાન્ય નિયંત્રણ હેઠળ રહેશે.

## (ચ) અંદાજપત્ર

**જિલ્લા પંચાયતનું અંદાજપત્ર અને તેના નાણાંનો પુનર્વિનિયોગ.**

**૧૬૩.** (૧) દરેક જિલ્લા પંચાયતે ચાલુ વર્ષના ફેબ્રુઆરી મહિનાની ૧૫મી તારીખે અથવા તે પહેલાં અથવા યોગ્ય સત્તાધિકારી મંજૂર કરે તેવી ચાલુ વર્ષના ફેબ્રુઆરી મહિના કરતાં મોડી ન હોય તેવી તારીખે, આ અર્થે ઠરાવવામાં આવે તેવા નમૂનામાં અને તેવી રીતે દર વર્ષે આગામી વર્ષ માટે પોતાની આવક અને ખર્ચનું અંદાજપત્ર તૈયાર કરાવવું જોઈશે :

પરંતુ વર્ષની આખરે પંચાયત તે અર્થે ઠરાવવામાં આવે તેવી ઓછામાં ઓછી રકમ કરતાં ઓછી ન હોય તેટલી સિલક, જમા રહે તેવી રીતે અંદાજપત્ર તૈયાર કરવું જોઈશે.

(૨) જિલ્લા પંચાયતે સદરહુ તારીખ પછી, જેમ બને તેમ જલદી, એવી રીતે તૈયાર કરેલા અંદાજપત્ર ઉપર વિચારણા કરવી જોઈશે અને પોતાને યોગ્ય લાગે તેવા ફેરફાર સાથે અથવા ફેરફાર કર્યા સિવાય, તે મંજૂર કરવું જોઈશે.

(૩) જિલ્લા પંચાયત પેટા-કલમ (૨)ની જોગવાઈઓનું પાલન કરવામાં કસૂર કરે, તો આ અધિનિયમ હેઠળ તેની ઉપર મૂકવામાં આવેલી ફરજો અથવા તેને સોંપવામાં આવેલાં કાર્યો બજાવવા માટે અસમર્થ છે તેવો અભિપ્રાય બાંધવાનું રાજ્ય સરકાર માટે કાયદેસર ગણાશે.

(૪) જિલ્લા પંચાયત, જરૂર જણાય તો જે વર્ષમાં તે અંદાજપત્ર મંજૂર કરવામાં આવ્યું હોય તે વર્ષ દરમિયાન, કોઈપણ સમયે સુધારેલું અથવા પૂરક અંદાજપત્ર તૈયાર કરાવી શકશે અને આવું સુધારેલું અથવા પૂરક અંદાજપત્ર અસલ વાર્ષિક અંદાજપત્ર હોય તેવી રીતે જિલ્લા પંચાયતે વિચારણામાં લેવું જોઈશે અને મંજૂર કરવું જોઈશે.

(૫) અંદાજપત્રમાંના નાણાંનો પુનર્વિનિયોગ, અંદાજપત્ર માટે જરૂરી તેવી મંજૂરીને અધીન રહીને, વખતોવખત કરી શકાશે.

**અંદાજપત્રની નકલ યોગ્ય સત્તાધિકારીને મોકલવા બાબત.**

**૧૬૪.** કલમ ૧૬૩ હેઠળ આખરી મંજૂર કરેલ દરેક અંદાજપત્રની નકલ અને દરેક પુનર્વિનિયોગના પત્રકની નકલ, જિલ્લા પંચાયતના પ્રમુખે વિના વિલંબે, યોગ્ય સત્તાધિકારીને મોકલવી જોઈશે. વાર્ષિક અંદાજપત્રની નકલ ૩૧મી માર્ચ કરતાં મોડું ન થાય તેવી રીતે મોકલાવવી જોઈશે.

અંદાજપત્રમાં જેને માટે જોગવાઈ કરવામાં આવી ના હોય તેવી કોઈ રકમ તાકીદના પ્રસંગ સિવાય ખર્ચી શકાશે નહિ.

૧૬૫. (૧) તાકીદના પ્રસંગ સિવાય, કોઈપણ રકમ, કલમ ૧૬૩ હેઠળ મંજૂર કરેલા અને ખર્ચ કરતી વખતે અમલમાં હોય તેવા કોઈ અંદાજપત્રમાં દાખલ કરવામાં આવી હોય તે સિવાય, તેવી કોઈ રકમ જિલ્લા પંચાયત ખર્ચી શકશે નહિ અથવા તેના વતી ખર્ચી શકાશે નહિ.

(૨) જો કોઈપણ રકમ, તાકીદના પ્રસંગે, પેટા-કલમ (૧) અનુસાર હોય તે સિવાય, બીજી રીતે ખર્ચવામાં આવી હોય તો, તે સંજોગોમાં આવા વધારાના ખર્ચને જે રીતે પહોંચી વળવા જિલ્લા પંચાયતે ધાર્યું હોય તે રીતના સ્પષ્ટીકરણ સાથે જિલ્લા પંચાયતના પ્રમુખે યોગ્ય સત્તાધિકારીને તુરત લખી જણાવવું જોઈશે.

હિસાબો અને તેનું ઓડિટ.

૧૬૬. (૧) દરેક જિલ્લા પંચાયતના આવક અને ખર્ચના હિસાબો ઠરાવવામાં આવે તેવા નમૂનામાં અને તેવી રીતે રાખવા જોઈશે અને દરેક વર્ષના પહેલા દિવસે તેનું સરવૈયું દર વર્ષે કાઢવું જોઈશે.

(૨) ગુજરાત સ્થાનિક ફંડ ઓડિટ અધિનિયમ, ૧૯૬૩ જિલ્લા પંચાયતોના હિસાબોનું ઓડિટ કરવાને લાગુ પડશે.

વાર્ષિક રિપોર્ટ.

૧૬૭. (૧) જિલ્લા પંચાયતના સેક્રેટરીએ, પંચાયતના વહીવટનો વાર્ષિક રિપોર્ટ તૈયાર કરવો જોઈશે અને હિસાબો તથા રિપોર્ટ મંજૂરી માટે પંચાયત સમક્ષ મૂકવાં જોઈશે.

(૨) વાર્ષિક રિપોર્ટ સહિત હિસાબોનું વાર્ષિક પત્રક, ઠરાવવામાં આવે તેવી તારીખ પહેલાં અને તેવા નમૂનામાં, યોગ્ય સત્તાધિકારીને મોકલવું જોઈશે.

## પ્રકરણ-૬

### કોઇ અધિનિયમ હેઠળ કેટલાક કાર્યો પંચાયતોને સોંપવા સંબંધી જોગવાઇ

(ક) જમીન મહેસૂલ અધિનિયમ અને ઉપકર વસૂલ કરવાને લગતા કાયદા હેઠળ જમીન મહેસૂલ અને ઉપકર વસૂલ કરવાને લગતા કાર્યો સોંપવા બાબત.


૧૬૮ પંચાયતોએ જમીન મહેસૂલની વસૂલાત કરવા બાબત.

૧૬૯ પંચાયતોની જવાબદારી.

૧૭૦ જમીન મહેસૂલની ઉઘરાણી માટેની સત્તા અને ફરજો પંચાયતોને આપવા બાબત.

૧૭૧ પંચાયત હેઠળ નિમાયેલ અમુક વર્ગના અધીકારીઓ મહેસૂલ અધિકારીઓ ગણાશે અને તેમની સત્તા.

૧૭૨ જમીન મહેસૂલ વસૂલ કરવાના રાજય સરકારના હકને અસર ન થવા બાબત.

૧૭૩ પંચાયતની સત્તા મોકૂફ રાખવામાં આવે એટલે કલેકટરે અધિકારીની નિમણૂંક કરવા બાબત.


(ખ) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ હેઠળના કાર્યો સોંપવા બાબત.


૧૭૪ સહકારી મંડળીઓના રજીસ્ટ્રારની સત્તા પંચાયતોને સોંપવા બાબત.


(ગ) રાજય સરકારના કાર્યો પંચાયતને તબદીલ કરવા બાબત.


૧૭૫ રાજય સરકારના કાર્યો પંચાયતોને તબદીલ કરવા બાબત.

૧૭૬ પંચાયતને તબદીલ થયેલ મિલકતના સબંધમાં હકો અને જવાબદારીઓની તબદીલી.

૧૭૭ કલમ ૧૭૫ હેઠળ બદલી કરેલા નોકરોની જુમ્મેદારી અથવા જવાબદારીને અસર થશે નહિ.

૧૭૮ જિલ્લા પંચાયત પાસેથી સત્તા, કાર્યો વગેરે પાછાં લઇ લેવા બાબત.

## પ્રકરણ ૬

### કોઈ અધિનિયમ હેઠળ કેટલાંક કાર્યો પંચાયતોને સોંપવા સંબંધી જોગવાઈ

**(ક) જમીન મહેસૂલ અધિનિયમ અને ઉપકર વસૂલ કરવાને લગતા કાયદા હેઠળ જમીન મહેસૂલ અને ઉપકર વસૂલ કરવાને લગતાં કાર્યો સોંપવા બાબત.**

પંચાયતોએ જમીન મહેસૂલની વસૂલાત કરવા બાબત.

**૧૬૮.** જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯માં અથવા કોઈપણ ઉપકરની વસૂલાતને લગતા રાજ્યમાં તે સમયે રાજ્યમાં તે સમયે અમલમાં હોય તેવા કોઈપણ કાયદામાં ગમે તે મજકૂર હોય તે છતાં, રાજ્ય સરકારે, રાજપત્રમાં જાહેરનામું પ્રસિદ્ધ કરીને, જમીન મહેસૂલ અધિનિયમ અથવા કોઈપણ ઉપકરની વસૂલાતને લગતાં રાજ્યોમાં તે સમયે અમલમાં હોય તેવા કોઈપણ કાયદાથી અથવા તે મુજબ નાખેલ અને આકારેલ હોય તેવા (ઉપકર સહિત) જમીન મહેસૂલ અને જમીન મહેસૂલની બાકી તરીકે વસૂલ કરવાની લેણી રકમની વસૂલાતને લગતા તલાટી અથવા પટેલનાં કોઈપણ અથવા સઘળાં કાર્યો અને ફરજો અથવા ગમે તે નામે ઓળખાતી બીજી કોઈપણ વ્યકિતના તેના જેવાં કાર્યો અને તે અધિનિયમ મુજબ તલાટીનાં બીજાં સઘળાં કાર્યો અને ફરજો દરેક ગ્રામ પંચાયતને સોંપવા જોઇશે.

સન ૧૮૭૯નો ૫મો.

પંચાયતોની જવાબદારી.

**૧૬૯.** કલમ ૧૬૮ હેઠળ જેને એવી સોંપણી કરવામાં આવી હોય તેવી પંચાયત, જમીન મહેસૂલ અધિનિયમની અને તે હેઠળ કરેલા અથવા કાઢેલા નિયમો, સૂચનાઓ અને હુકમોની અને એવા ઉપકરની ઉઘરાણીને લગતા કાયદાની જોગવાઈઓ અનુસાર (ઉપકર સહિત), જમીન મહેસૂલની, ગામના બીજા લેણાની વસૂલાત અને ઉઘરાણી માટે જવાબદાર રહેશે.

જમીન મહેસૂલની ઉઘરાણી માટેની સત્તા અને ફરજો પંચાયતોને આપવા બાબત.

**૧૭૦.** કલમ ૧૬૮ હેઠળ (ઉપકર સહિત) જમીન મહેસૂલ અને બીજી લેણી રકમોની ઉઘરાણીને લગતાં કાર્યો અને ફરજો પંચાયતને સોંપવામાં આવ્યાં હોય, ત્યારે રાજ્ય સરકારે, રાજપત્રમાં જાહેરનામું પ્રસિદ્ધ કરીને, જાહેરનામાંમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવી શરતોને અધીન રહીને, એવી પંચાયતને, જમીન મહેસૂલ અધિનિયમ હેઠળ જમીન મહેસૂલ અને જમીન મહેસૂલની બાકી તરીકે વસૂલ કરી શકાય તેવા બીજાં લેણાં વસૂલ કરવા માટેનાં અને ઉપકરને લગતા કાયદા હેઠળ ઉપકરોની ઉઘરાણી માટેની, કલેકટરની સઘળી અથવા તે પૈકી કોઈપણ સત્તા સોંપવી જોઇશે અને આ અર્થે એવી રીતે આપેલી સઘળી અથવા તે પૈકી કોઈપણ સત્તા, એવી રીતે અધિકૃત કરેલી પંચાયત ચલાવે, તો તે યોગ્ય ગણાશે.

૧૭૧. (૧) આ અધિનિયમ અને જમીન મહેસૂલ અધિનિયમમાં ગમે તે મજકૂર હોય તે છતાં, જિલ્લા વિકાસ અધિકારી, તાલુકા વિકાસ અધિકારી અને નાયબ કલેકટરના દરજ્જાથી નીચલા દરજ્જાના ના હોય તેવા જે મહેસૂલી અધિકારીઓને જિલ્લા પંચાયત હેઠળ નીમવામાં આવે અને રાજ્ય સરકાર આ અર્થે નિયુક્ત કરે તે મહેસૂલી અધિકારીઓ આ પ્રકરણના હેતુઓ સારૂ, જમીન મહેસૂલ અધિનિયમના આ અર્થ મુજબ મહેસૂલ અધિકારીઓ તરીકે ગણાશે અને આ પ્રકરણના હેતુઓ સારૂ, રાજ્ય સરકાર, તેવા કોઈ અધિકારી કયા વિસ્તારની અંદર હકૂમત ચલાવશે તે મુકરર કરે અને જમીન મહેસૂલ અધિનિયમ હેઠળ કલેકટર અથવા બીજા કોઈ મહેસૂલ અધિકારીએ વાપરવાની સઘળી અથવા તે પૈકી કોઈપણ સત્તા તેવા અધિકારીને સોંપે તો તે કાયદેસર ગણાશે. પંચાયત હેઠળ નીમાયેલા અમુક વર્ગના અધિકારીઓ મહેસૂલ અધિકારીઓ ગણાશે અને તેમની સત્તા.

(૨) એવા કોઈ અધિકારીના હકૂમતનો વિસ્તાર મુકરર કરવામાં આવ્યો હોય અને તેને એ રીતે સત્તા સોંપવામાં આવી હોય, તો એવા અધિકારી, જમીન મહેસૂલ અધિનિયમ હેઠળ નિમાયેલા તેના જેવા મહેસૂલ અધિકારી, ગામના તલાટી અથવા પટેલ ઉપર અથવા તેવા બીજા અધિકારી ઉપર જમીન મહેસૂલ અધિનિયમ હેઠળ જે અધિકાર ધરાવે છે તે અને વાપરે છે તેવા જ અધિકાર એવા વિસ્તારમાં કામ કરતી અને તેને મળેલી સત્તા વાપરતી તથા આ પ્રકરણ હેઠળ તેને સોંપેલા કાર્યો બજાવતી, ગ્રામ પંચાયત ઉપર ધરાવશે અને વાપરશે.

૧૭૨. આમાં આની પહેલાં આવતી જોગવાઈઓમાં ગમે તે મજકૂર હોય તે છતાં, જમીન મહેસૂલ અને કોઈપણ ઉપકર વસૂલ કરવાના રાજ્ય સરકારના હકને અસર થશે નહિ અને રાજ્ય સરકારના અભિપ્રાય મુજબ જો પંચાયત આ પ્રકરણ હેઠળની તેની સત્તા મર્યાદાની બહાર વાપરે અથવા તેનો દુરૂપયોગ કરે અથવા તે વાપરવાનું ચૂકે અને નાખેલી ફરજો બજાવી શકે નહિ અથવા તેની બજવણીમાં દુરાગ્રહપૂર્વક કસૂર કરે અથવા સદરહુ સત્તા પૈકી કોઈપણ સત્તા વાપરવાના સંબંધમાં, કલેકટરના હુકમો પૈકી કોઈપણ હુકમનું દુરાગ્રહપૂર્વક પાલન ન કરે, તો રાજ્ય સરકાર જિલ્લા પંચાયત સાથે વિચારવિનિમય કર્યા પછી અને પંચાયતને ખુલાસો આપવાની તક આપ્યા પછી, રાજપત્રમાં હુકમ કરીને, આ પ્રકરણ હેઠળ પંચાયતને આપેલી સઘળી સત્તા પાછી લઈ શકશે અને પોતાના મહેસૂલી અધિકારીઓને યથાપ્રસંગ, જમીન મહેસૂલ અથવા ઉપકર વસૂલ કરવાનો આદેશ કરી શકશે. જમીન મહેસૂલ વસૂલ કરવાના રાજ્ય સરકારના હકને અસર ન થવા બાબત.

૧૭૩. પંચાયતને આપવામાં આવેલી સત્તા, કલમ ૧૭૨ હેઠળ પાછી ખેંચી લેવામાં આવે એટલે, કલેકટરે ગામમાંના જમીન મહેસૂલની વસૂલાત અથવા ઉપકરોની ઉઘરાણીના સંબંધમાં, હિસાબો, દફતરો અને બીજાં કાગળિયાં અને વસ્તુઓનો હવાલો લેવા માટે એક અધિકારી નીમવો જોઈશે. પંચાયતની સત્તા મોકૂફ રાખવામાં આવે એટલે કલેકટરે અધિકારીની નિમણૂક કરવા બાબત.

સન ૧૯૬૨નો ૧૦મો.

## (ખ) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ હેઠળનાં કાર્યો સોંપવા બાબત.

સન ૧૯૬૨નો ૧૦મો.

૧૭૪. (૧) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧માં ગમે તે મજકૂર હોય તે છતાં, રાજ્ય સરકાર, પંચાયતનાં કાર્યોની યાદીને લક્ષમાં રાખીને રાજપત્રમાં હુકમ પ્રસિદ્ધ કરીને, સદરહુ અધિનિયમ હેઠળ, હુકમમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવા રજિસ્ટ્રારની અથવા બીજા કોઈપણ સત્તાધિકારીની સત્તા, કાર્યો અને ફરજો જિલ્લા પંચાયતને અને તેના તાબાની તાલુકા પંચાયતોને, પોતાને નાંખવા યોગ્ય લાગે તેવી શરતોને અધીન રહીને, સોંપી શકશે. સહકારી મંડળીઓના રજિસ્ટ્રારની સત્તા પંચાયતોને સોંપવા બાબત.

(૨) ખાસ કરીને, આવા હુકમમાં નીચેની બાબતોને લગતી સત્તા સોંપવાની જોગવાઈ કરી શકશે.-

(ક) સહકારી મંડળીઓના રજિસ્ટ્રેશન બાબત;

(ખ) સહકારી મંડળીઓના ઉપનિયમોમાં સુધારો કરવાની મંજૂરી બાબત;

(ગ) સહકારી મંડળીમાં સભ્યોને દાખલ ન કરવાને પરિણામે ઉપસ્થિત થતી અપીલ બાબત;

(ઘ) સહકારી મંડળીઓ માટે રજિસ્ટર રાખવા બાબત;

(ચ) સહકારી મંડળીઓના નામ અથવા વર્ગીકરણમાં ફેરફાર કરવા બાબત;

(છ) સહકારી મંડળીઓને ભાગીદારી કરવા માટે પરવાનગી બાબત;

(જ) સહકારી મંડળીઓની વાર્ષિક સાધારણ બેઠક બોલાવવા બાબત; અથવા તે બોલાવવા માટેની મુદત બાબત;

(ઝ) કોઈ સહકારી મંડળીની ખાસ સાધારણ બેઠક બોલાવવા બાબત;

(ટ) સહકારી મંડળીઓ આટોપી લેવામાં આવે ત્યારે, તેમની વધારાની અસકયામતોની વ્યવસ્થા કરવા બાબત;

(ઠ) સહકારી મંડળીઓના ચોપડા અને કાગળોનો કબજો તેના અનુગામી અધ્યક્ષને આપવા માટે આદેશ કરવા બાબત;

(ગ) રાજ્ય સરકારનાં કાર્યો પંચાયતને તબદીલ કરવા બાબત.

રાજ્ય સરકારનાં કાર્યો, પંચાયતોને તબદીલ કરવા બાબત.

૧૭૫. (૧) જે તે સમયે અમલમાં હોય તેવા કોઇ કાયદામાં ગમે તે મજકૂર હોય તે છતાં, રાજ્ય સરકાર, રાજપત્રમાં હુકમ પ્રસિદ્ધ કરીને, રાજ્ય વિધાનમંડળ જે કોઇ અધિનિયમ પસાર કરવાને સમર્થ હોય તેવા અધિનિયમ હેઠળ અથવા અન્યથા રાજ્યની કારોબારી સત્તા હેઠળ રાજ્ય સરકાર અથવા સરકારના કોઇ અધિકારી દ્વારા ચલાવવામાં અથવા બજાવવામાં આવતા હોય તેવા કોઈપણ બાબતને લગતાં અને જિલ્લાની અંદર ઉપસ્થિત થતી બાબતોને લગતા અને વહીવટી પ્રકારના હોવાનું જણાતાં કોઇપણ સત્તા, કાર્યો અને ફરજો જિલ્લા પંચાયતને, પોતાને નાખવી યોગ્ય લાગે તેવી શરતોને અધીન રહીને, તબદીલ કરી શકશે અને એવી રીતે કાર્યો અને ફરજો, તબદીલ કરવામાં આવે, એટલે જિલ્લા પંચાયત એવી રીતે તબદીલ થયેલ સત્તા વાપરી શકે અને કાર્યો અને ફરજો બજાવી શકે તે માટે આવશ્યક લાગે તેટલું ફંડ અને તેટલા કર્મચારીઓ જિલ્લા પંચાયતને તેણે ફાળવવા જોઇશે.

(૨) પેટા-કલમ (૧)ની જોગવાઇઓની સામાન્યતાને બાધ આવ્યા સિવાય, રાજ્ય સરકાર, રાજ્યનાં નીચેના ખાતા દ્વારા વપરાતી અથવા બજાવાતી સત્તા, કાર્યો અને ફરજો જિલ્લા પંચાયતને સોંપી શકશે.-

(૧) ખેતી;

(૨) પશુપાલન;

(૩) લોકસ્વાસ્થ્ય અને તબીબી રાહત;

(૪) જિલ્લામાંની જાહેર બાંધકામ ખાતાની પ્રવૃત્તિઓ;

(૫) સામાજિક કલ્યાણ;

(૬) જમીન ખાતુ;

(૭) દારૂબંધીને લગતા પ્રચાર પૂરતું દારૂબંધી ખાતું;

(૮) સહકારી ખાતું;

(૯) કુટિર ઉદ્યોગો અને નાના પાયાના ઉદ્યોગો;

(૧૦) જિલ્લા આંકડા અધિકારીનું કાર્યાલય;

(૩) પેટા-કલમો (૧) અથવા (૨) હેઠળના કોઇ સત્તા, કાર્યો અને ફરજો તબદીલ કરવામાં આવે એટલે, રાજ્ય સરકાર એવો આદેશ કરે, તો જિલ્લા પંચાયતે, એવી રીતે તબદીલ કરેલાં કાર્યો, સત્તા અને ફરજો તેના તાબાની કોઇપણ પંચાયતને સોંપવા જોઇશે અને રાજ્ય સરકારની પૂર્વમંજૂરી લઇને, જિલ્લા પંચાયત તેવી પંચાયતને સદરહુ કાર્યો, સત્તા અને ફરજો સોંપી શકશે અને એવી રીતે સોંપાયેલ સત્તા વાપરી શકે અને કાર્યો અને ફરજો બજાવી શકે તે માટે આવશ્યક લાગે તેટલું ફંડ અને તેટલો સ્ટાફ પંચાયતને તેણે ફાળવવો જોઇશે.

(૪) કોઇપણ અધિનિયમથી અથવા તે હેઠળ સોંપેલ કોઈ સત્તા, કાર્યો અને ફરજો, એવી રીતે તબદીલ કર્યા હોય અથવા સોંપ્યા હોય ત્યારે, તે અધિનિયમનો, જાણે કે આ કલમ તે અધિનિયમમાં દાખલ કરવામાં આવી હતી તેમ, અમલ થશે.

(૫) આ કલમ હેઠળ જે બાબતોના સંબંધમાં કાર્યો અને ફરજો તબદીલ કરવામાં આવ્યા હોય અથવા સોંપવામાં આવ્યા હોય તે બાબતોને, પંચાયતના કાર્યોની યાદીમાં સમાવિષ્ટ કરવામાં આવી છે એમ ગણાશે.

પંચાયતને તબદીલ થયેલ મિલકતના સંબંધમાં હક અને જવાબદારીઓની તબદીલી.

૧૭૬. રાજ્ય સરકાર તરફથી અથવા તેના અધિકારીઓ પૈકી કોઈ અધિકારી તરફથી, કોઈપણ બાબતના સંબંધમાં વપરાતી કોઈપણ સત્તા, કાર્યો અને ફરજો કોઈ જિલ્લા પંચાયતને તબદીલ કરતી વખતે, રાજ્ય સરકારની માલિકીની અને આવી બાબત સાથે સંકળાયેલી કોઈ મિલકત, તે મિલકત સંબંધી રાજ્ય સરકારના હક અને જવાબદારીઓ (કોઈપણ કરારમાંથી ઉપસ્થિત થતા હક અને જવાબદારીઓ સહિત) સાથે જિલ્લા પંચાયતને તબદીલ કરે, તો તે રાજ્ય સરકાર માટે કાયદેસર ગણાશે અને તેમ થયે, આવી તબદીલી પહેલાં પ્રાપ્ત થયેલા અથવા તે પછી પ્રાપ્ત થાય તેવા હક અને જવાબદારીઓ જિલ્લા પંચાયતના હક અને જવાબદારીઓ રહેશે.

કલમ ૧૭૫ હેઠળ બદલી કરેલા નોકરોની જુમ્મેદારી અથવા જવાબદારીને અસર થશે નહિ.

૧૭૭. કલમ ૧૭૫ હેઠળ પંચાયતના કોઈપણ નોકરોની બદલી અથવા ફાળવણી કરવાથી--

(ક) આવો નોકર પોતાની ફરજો અદા કરતો હોય અથવા અદા કરતો હોવાનું જણાતું હોય, તો તે વખતે, આવા નોકરે આવી રીતે બદલી અથવા ફાળવણી થયા પહેલાં વ્હોરેલ કોઈપણ જુમ્મેદારી અથવા જવાબદારીને અથવા કરેલી કોઈપણ કસૂરને; અને

(ખ) આવી જુમ્મેદારી, જવાબદારી અથવા કસૂરના સંબંધમાં, કોઇ તપાસ, શિસ્તના પગલાં અથવા ઇલાજને બાધ આવશે નહિ.

અને રાજ્ય સરકાર આ અર્થે સામાન્ય અથવા ખાસ હુકમથી નિર્દિષ્ટ કરે તેવા સત્તાધિકારી તેવી રીતે બદલી અથવા ફાળવણી કર્યા પહેલાં, તે અંગે લાગુ પડતાં કાયદા અનુસાર, આવી કોઈપણ તપાસ, શિસ્તના પગલાં અથવા ઈલાજ માંડી શકશે, ચાલુ રાખી શકશે અથવા તેનો અમલ કરી શકશે.

સન ૧૯૬૨નો ગુજરાતનો ૬ઠ્ઠો.

જિલ્લા પંચાયત પાસેથી સત્તા, કાર્યો વગેરે પાછા લઈ લેવા બાબત.

૧૭૮. કલમ ૧૭૫ હેઠળ અથવા ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૬૧ની કલમો ૧૫૭ અથવા ૧૫૮ હેઠળ કોઈ બાબત સંબંધી કોઈ સત્તા, કાર્યો અને ફરજો જિલ્લા પંચાયતને તબદીલ કરવામાં આવે તે છતાં, રાજ્ય સરકાર તે અર્થે, જિલ્લા પંચાયતની દરખાસ્ત ઉપરથી અથવા બાબતનો પ્રકાર ફેરવવાના કારણે તેને એવી ખાતરી થાય કે તે બાબત પંચાયતના કાર્યોની યાદીમાંની બાબત તરીકે બંધ થાય છે અને એવી બાબત સંબંધી સત્તા, કાર્યો અને ફરજો જિલ્લા પંચાયત પાસેથી પાછાં લઈ લેવા જરૂરી છે તો તે, પંચાયત સ્ટેટ કાઉન્સીલ સાથે વિચાર વિનિમય કર્યા પછી રાજપત્રમાં જાહેરનામું પ્રસિદ્ધ કરી, તેમાં નિર્દિષ્ટ કરેલી તારીખથી તેવી સત્તા, કાર્યો અને ફરજો પાછાં લઈ શકશે અને કલમ ૧૭૬ હેઠળ પંચાયતને મિલકત હક તથા જવાબદારીઓ પ્રાપ્ત થતાં હોય, તો તે લઈ લેવા અને કલમ ૧૭૫ હેઠળ પંચાયતમાં બદલી કરવામાં આવેલ સ્ટાફ હોય, તો તે લઈ લેવા સહિતની બાબતો માટે જોગવાઈ કરવાને જરૂરી હોય તેવા આનુષાંગિક અને પારિણામિક હુકમ કરી શકશે.

## પ્રકરણ-૭મું

### વિકાસ યોજનાઓ અને અમુક યોજના અમલીકરણ સબંધમાં પંચાયતોને સત્તા અને જવાબદારીઓની સોંપણી સબંધી જોગવાઇઓ.

૧૭૯ પંચાયતે વિકાસ યોજના તૈયાર કરવા બાબત.
૧૮૦ અમલીકરણ માટે પંચાયતને યોજના સોંપવા બાબત.

## પ્રકરણ ૭મું

**વિકાસ યોજનાઓ અને અમુક યોજનાઓના અમલીકરણના સંબંધમાં પંચાયતોને સત્તા અને જવાબદારીઓની સોંપણી સંબંધી જોગવાઈઓ.**

**૧૭૯.** (૧) દરેક ગ્રામ પંચાયતે દર વર્ષે ઠરાવવામાં આવે તેવા નમૂનામાં, પછીના વર્ષ માટે ગામ માટેની વિકાસ યોજના તૈયાર કરવી જોઈશે અને તે, ઠરાવવામાં આવે તેવી તારીખે પહેલાં, ગ્રામ પંચાયત જે તાલુકા પંચાયતના તાબામાં હોય તે તાલુકા પંચાયતને સાદર કરવી જોઈશે.

પંચાયતે વિકાસ યોજના તૈયાર કરવા બાબત.

(૨) દરેક તાલુકા પંચાયતે દર વર્ષે, ઠરાવવામાં આવે તેવા નમૂનામાં, તાલુકામાં ગ્રામ પંચાયતે તેને રજુ કરેલી વિકાસ યોજનાને ધ્યાનમાં લઈને, પછીના વર્ષ માટે તાલુકા માટે વિકાસ યોજના તૈયાર કરવી જોઈશે અને તે ઠરાવવામાં આવે તેવી તારીખ પહેલાં તાલુકા પંચાયત જે જિલ્લા પંચાયતના તાબામાં હોય તે જિલ્લા પંચાયતને સાદર કરવી જોઈશે.

(૩) દરેક જિલ્લા પંચાયતે, દર વર્ષે, ઠરાવવામાં આવે તેવા નમૂનામાં, જિલ્લામાં, તાલુકા પંચાયતો દ્વારા તેને રજૂ કરેલી વિકાસ યોજનાને ધ્યાનમાં લઈને, પછીના વર્ષ માટે જિલ્લા માટે વિકાસ યોજના તૈયાર કરવી જોઈશે, અને તે, ઠરાવવામાં આવે તેવી તારીખ પહેલાં, રાજ્ય સરકાર, હુકમ કરીને, લેખિતમાં નિર્દિષ્ટ કરે તેવા સત્તાધિકારીને સાદર કરવી જોઈશે.

**સ્પષ્ટીકરણ**—આ કલમના હેતુઓ માટે, 'વિકાસ યોજના' એટલે જેના સંબંધમાં રાજ્યની કારોબારી સત્તા રાજ્ય સરકારમાં નિહિત થાય તે બાબતોના સબંધમાં આર્થિક વિકાસ અને સામાજિક ન્યાય માટેની વિકાસ યોજના.

**૧૮૦.** (૧) (ક) તે સમયે અમલમાં હોય તેવા કોઈપણ કાયદામાં ગમે તે મજકૂર હોય તે છતાં, રાજ્ય સરકાર, પોતાને નાખવા યોગ્ય ગણે તેવી શરતોને અધીન રહીને, પોતે યોગ્ય ગણે તેવી આર્થિક વિકાસ અને સામાજિક ન્યાયની યોજનાનું અમલીકરણ, રાજપત્રમાં પ્રસિદ્ધ કરેલ હુકમ દ્વારા જિલ્લા પંચાયતને સોંપી શકશે :

અમલીકરણ માટે પંચાયતને યોજના સોંપવા બાબત.

પરંતુ આવી કોઈ યોજના એવી રીતે સોંપી શકાશે નહિ, સિવાય કે—

(૧) પોતાની કારોબારી સત્તા વાપરીને યોજનાના અમલ માટે રાજ્ય સરકારને રજૂ કરવા સક્ષમ હોય, અને

(૨) રાજ્ય સરકારને તે યોજના જિલ્લાને લગતી હોવાનું જણાયું હોય.

(ખ) ખંડ (ક) હેઠળ, રાજ્ય સરકાર, જિલ્લા પંચાયતને યોજના સોંપે ત્યારે, તે જિલ્લા પંચાયત યોજનાનું અમલીકરણ કરી શકે તે માટે જરૂરી તેવા ફંડ અને કર્મચારી જિલ્લા પંચાયતને ફાળવશે.

(૨) પેટા-કલમ (૧)ની જોગવાઈઓની વ્યાપકતાને બાધ આવ્યા સિવાય, રાજ્ય સરકાર, નીચેની બાબતો સંબંધી આર્થિક વિકાસ અને સામાજિક ન્યાય માટેની યોજના, જિલ્લા પંચાયતને સોંપી શકશે :—

(૧) કૃષિ વિસ્તરણ સહિત કૃષિ,

(૨) જમીન સુધારણા, જમીન સુધારણાનું અમલીકરણ, જમીનનું એકત્રિકરણ અને ભૂમિ સંરક્ષણ,

(૩) ગૌણ સિંચાઈ, પાણી વ્યવસ્થા અને વોટરશેડ વિકાસ,

(૪) પશુપાલન, ડેરી ઉદ્યોગ અને મરઘા, બતકાં ઉછેર,

(૫) મત્સ્યોદ્યોગ,

(૬) સામાજિક વનીકરણ અને ફાર્મ વનીકરણ,

(૭) ગૌણ વનપેદાશ,

(૮) ખાદ્ય પ્રક્રિયા સહિતના લઘુ ઉદ્યોગો,

(૯) ખાદી, ગ્રામ અને કુટિર ઉદ્યોગો,

(૧૦) ગ્રામ ગૃહ નિર્માણ,

(૧૧) પીવાનું પાણી,

(૧૨) બળતણ અને ઘાસચારો,

(૧૩) રસ્તાઓ, ગરનાળા, પૂલો, નૌકાઘાટ, જલમાર્ગો અને વાહન વ્યવહારના બીજાં સાધનો,

(૧૪) વીજળી વિસ્તરણ સહિત ગ્રામ વીજળીકરણ,

(૧૫) બિન પરંપરાગત ઊર્જા સાધનો,

(૧૬) ગરીબી નાબૂદી કાર્યક્રમ,

(૧૭) પ્રાથમિક અને માધ્યમિક શાળાઓ સહિતનું શિક્ષણ,

(૧૮) ટેકનિકલ તાલીમ અને વ્યાવસાયિક શિક્ષણ,

(૧૯) પ્રૌઢ અને અનૌપચારિક શિક્ષણ,

(૨૦) ગ્રંથાલયો,

(૨૧) સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ,

(૨૨) બજારો અને મેળા,

(૨૩) ઈસ્પિતાલો, પ્રાથમિક સ્વાસ્થ્ય કેન્દ્રો અને દવાખાનાઓ સહિત આરોગ્ય અને સ્વચ્છતા,

(૨૪) પરિવાર કલ્યાણ,

(૨૫) મહિલા અને બાળ વિકાસ,

(૨૬) વિકલાંગ અને મંદ બુદ્ધિવાળી વ્યક્તિઓના કલ્યાણ સહિત, સમાજ કલ્યાણ,

(૨૭) નબળા વર્ગોના અને ખાસ કરીને, અનુસૂચિત જાતિ, અને અનુસૂચિત આદિજાતિનું કલ્યાણ,

(૨૮) જાહેર વિતરણ પદ્ધતિ,

(૨૯) સામુદાયિક મિલકતની જાળવણી.

(૩) જિલ્લા પંચાયત, રાજ્ય સરકાર એવો આદેશ કરે તો અને રાજ્ય સરકારની પૂર્વમંજૂરીથી, તેની તાબાની કોઈપણ તાલુકા પંચાયતને, કોઈપણ યોજના, પેટા-કલમો (૧) અને (૨) હેઠળ તેને સોંપશે અને સોંપી શકશે અને એવી રીતે સોંપેલી યોજના પંચાયત અમલ કરી શકે તે માટે જરૂરી લાગે તેટલું ફંડ અને કર્મચારીગણ એવી પંચાયતને ફાળવશે અને ફાળવી શકશે.

(૪) જેના સંબંધમાં, પેટા-કલમ (૧) અથવા (૨) હેઠળ જિલ્લા પંચાયતને અથવા પેટા-કલમ (૩) હેઠળ તાલુકા પંચાયતને યોજના સોંપી હોય તે બાબતો, સંબંધિત પંચાયતના કાર્યોની યાદીમાં સમાવિષ્ટ થયેલ હોવાનું ગણાશે.

## પ્રકરણ-૮મું

## ઢોર પૂરવાના ડબ્બા

૧૮૧ ઢોર અતિક્રમણ અધિનિયમ લાગુ પડતો બંધ થવા બાબત.

૧૮૨ ઢોર પૂરવાના ડબ્બા સ્થાપવાની અને ડબ્બાવાળાઓ નીમવાની સત્તા.

૧૮૩ ઢોરને રસ્તા પર રખડવા દેવા માટે અથવા ખાનગી અથવા જાહેર મિલકત પર અતિક્રમણ કરવા દેવા માટેની શિક્ષા.

૧૮૪ ઢોર પૂરવા બાબત.

૧૮૫ માગણી કરેલ ઢોરને સ્વાધીન કરવા બાબત અને ડબ્બાની ફી અને ખર્ચ વગેરે ભરવાની ચૂકના પરિણામો.

૧૮૬ નધણિયાતા ઢોરનું વેચાણ કરવા બાબત.

૧૮૭ ડબ્બામાં પૂરવા માટે લેવાની ફી તથા ખર્ચ નકકી કરવા બાબત.

૧૮૮ ગેરકાયદેસર રીતે પકડવા અથવા અટકાયતમાં રાખવા સામેની ફરીયાદો.

૧૮૯ ઢોરને ડબ્બામાં પૂરવા સંબંધમાં તારણ.

૧૯૦ નિર્દિષ્ટ કરેલી જગ્યાએ ઢોર ખસેડવા બાબત.

## પ્રકરણ ૮મું

### ઢોર પૂરવાના ડબ્બા

ઢોર અતિક્રમણ અધિનિયમ લાગુ પડતો બંધ થવા બાબત.

૧૮૧. ગામ તરીકે જાહેર કરેલ હોય તેવા કોઈપણ સ્થાનિક વિસ્તારમાં, ઢોર અતિક્રમણ અધિનિયમ, ૧૮૭૧ની અથવા રાજ્યના કોઈપણ ભાગમાં અમલમાં હોય તેવા તે અધિનિયમને તત્સમાન હોય તેવા કોઈપણ કાયદાની જોગવાઈઓ આવા સ્થાનિક વિસ્તારના સંબંધમાં લાગુ પડતી બંધ થશે :

સન ૧૮૭૧નો ૧લો.

પરંતુ–

(ક) આ કલમના કોઈપણ મજકૂરથી એવી રીતે અમલમાં હોતા બંધ થતાં કોઈપણ કાયદા હેઠળ કોઈ વ્યક્તિ જે કોઈ શિક્ષાને પાત્ર થાય તેને બાધ આવશે નહિ;

(ખ) એવા ગામની હદના અંદરના ઢોર પૂરવાના ડબ્બાના સંબંધમાં, આવા કોઈપણ કાયદા હેઠળ કરેલા અથવા કાઢેલ નિમણૂક, કોઈપણ જાહેરનામું, હુકમ અથવા નિયમ જ્યાં સુધી તે આ અધિનિયમની જોગવાઈઓ સાથે અસંગત ન હોય ત્યાં સુધી, આ અધિનિયમ હેઠળ કરેલ અથવા કાઢેલ ગણાશે અને આ અધિનિયમ હેઠળ કરેલ કોઈપણ જાહેરનામા, હુકમ અથવા નિયમથી રદ કરવામાં ન આવે ત્યાં સુધી, અમલમાં ચાલુ રહેશે;

(ગ) એવી રીતે અમલમાં હોતા બંધ થતાં કોઈપણ કાયદા હેઠળ સ્થાપેલા સ્થાનિક વિસ્તારમાં ઢોર પૂરવાનો ડબ્બો, જે પંચાયતની હદમાં આવેલો હોય તે ગ્રામ પંચાયતને પ્રાપ્ત થયેલો ગણાશે અને આ અધિનિયમની જોગવાઈઓ અનુસાર પંચાયતે તે નિભાવવો જોઈશે અને તેની વ્યવસ્થા કરવી જોઈશે.

૧૮૨. (૧) તે સમયે અમલમાં હોય તેવા કોઈપણ કાયદામાં ગમે તે મજકૂર હોય તે છતાં, દરેક ગ્રામ પંચાયતે તેની હકૂમતની હદની અંદર તેને યોગ્ય જણાય તેવી જગાઓ, સાર્વજનિક ડબ્બા તરીકે વખતોવખત નક્કી કરવી, અને તાલુકા વિકાસ અધિકારીએ મંજૂર કરી હોય તેવી વ્યક્તિઓને એવા ડબ્બાના ડબ્બાવાળા તરીકે નીમી શકશે. ડબ્બાવાળાની ફરજો, ઠરાવવામાં આવે તેવી રહેશે.

ઢોર પૂરવાના ડબ્બા સ્થાપવાની અને ડબ્બાવાળાઓ નીમવાની સત્તા.

(૨) એવી રીતે નીમેલો દરેક ડબ્બાવાળો તેની ફરજો બજાવવામાં જે પંચાયતે તેને નીમ્યો હોય તે પંચાયતના આદેશ અને નિયંત્રણને અધીન રહેશે.

૧૮૩. (૧) જે કોઈ વ્યક્તિ 'ગામની હદની અંદર જે કોઈપણ ઢોર તેની માલિકીનાં હોય અથવા તેના હવાલામાં હોય તે ઢોરને' કોઈપણ રસ્તા પર રખડવા દે અથવા કોઈ ખાનગી અથવા જાહેર મિલકતમાં અતિક્રમણ કરવા દે, તે વ્યક્તિને દોષિત ઠર્યે,—

ઢોરને રસ્તા પર રખડવા દેવા માટે અથવા ખાનગી અથવા જાહેર મિલકત પર અતિક્રમણ કરવા દેવા માટે શિક્ષા.

(૧) પ્રથમ ગુના માટે, એક મહિનાની મુદત સુધીની કેદની અથવા ત્રણસો રૂપિયા સુધીના દંડની અથવા તે બન્નેની શિક્ષા થશે.

(૨) બીજા અથવા પછીના ગુના માટે, છ મહિનાની મુદત સુધીની કેદની અથવા પાંચસો રૂપિયા સુધીના દંડની અથવા તે બન્નેની શિક્ષા થશે;

પરંતુ કોર્ટના ફેસલામાં વિરૂદ્ધનાં અને પૂરતાં ખાસ કારણો આપ્યા ન હોય તો,—

(૧) પ્રથમ ગુના માટે એવો દંડ એકસો રૂપિયા કરતાં ઓછો હોવો જોઈએ નહિ, અને

(૨) બીજા અથવા પછીના ગુના માટે એવો દંડ બસો પચાસ રૂપિયા કરતાં ઓછો હોવો જોઈએ નહિ.

(૨) પેટા-કલમ (૧) હેઠળ ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરનાર મેજિસ્ટ્રેટ એવો હુકમ કરી શકશે કે,—

(ક) આરોપીએ, મેજિસ્ટ્રેટને વાજબી જણાય તેટલું બસો પચાસ રૂપિયા કરતાં વધારે ન હોય તેટલું વળતર, આરોપીના નિયંત્રણ હેઠળના ઢોરે જે કોઈ વ્યક્તિની જમીન પર અતિક્રમણ કરીને તેની મિલકતને અથવા જમીનની ઊપજને કંઈપણ નુકસાન કર્યું છે એમ સાબિત થયેથી તે વ્યક્તિને આપવું ; અને વળી

(ખ) જે ઢોરના સંબંધમાં આરોપી દોષિત ઠર્યો હોય તે ઢોર, રાજ્ય સરકાર જપ્ત કરી શકશે.

(૩) પેટા-કલમ (૨) હેઠળ આપેલું વળતર, જાણે કે તે આ કલમ હેઠળ નાખેલ દંડ હોય તેમ વસૂલ કરી શકાશે.

(૪) આ કલમ હેઠળનો ગુનો પોલીસ અધિકારનો ગણાશે.

(૫) જો કોર્ટના અભિપ્રાય પ્રમાણે એમ લાગે કે ગુનો તેની જાણ બહાર થયો હતો અથવા તેણે આવો ગુનો થતો અટકાવવા માટે સઘળી યોગ્ય કાળજી લીધી હતી, તો આ પેટા-કલમમાંના કોઈપણ મજકૂરથી કોઈપણ વ્યક્તિ તે પેટા-કલમમાં ઠરાવેલ શિક્ષાને પાત્ર થશે નહિ.

૧૮૪. (૧) ગામની હદની અંદર કોઈ રસ્તા પર રખડતા અથવા કોઈ ખાનગી અથવા જાહેર મિલકતમાં અતિક્રમણ કરતાં મળી આવેલા કોઈ ઢોરને પકડવાની અને આવા કોઈપણ સાર્વજનિક ડબ્બામાં પૂરી રાખવા માટે, તેમાં લઈ જવાની ફરજ દરેક પોલીસ અધિકારીની અને પંચાયતે નીમેલા ચોકીદારની રહેશે અને તેમ કરવાનું બીજી કોઈ વ્યક્તિ માટે કાયદેસર ગણાશે.

ઢોર પૂરવા બાબત.

(૨) આ અધિનિયમ હેઠળ પકડવાને પાત્ર હોય તેવાં કોઈપણ ઢોરને પકડવાનો જો કોઈ વ્યક્તિ બળજબરીથી વિરોધ કરે અને જે કોઈ વ્યક્તિ, તેને પકડવામાં આવે તે પછી, ડબ્બામાંથી અથવા તેમને ડબ્બામાં લઈ જતી વખતે અથવા લઈ જનાર કોઈ વ્યક્તિ પાસેથી તેમને છોડાવી જાય તે વ્યક્તિને, દોષિત ઠર્યેથી, છ મહિનાની મુદત સુધીની કેદની અથવા પાંચસો રૂપિયા સુધીના દંડની અથવા બન્ને શિક્ષા થશે.

૧૮૫. (૧) જે ઢોરને કલમ ૧૮૪ હેઠળ ડબ્બામાં પૂરવામાં આવ્યા હોય તે ઢોરોના માલિક અથવા તેનો એજન્ટ હાજર થાય અને ઢોર માટે માગણી કરે, તો ડબ્બાવાળાએ, કલમ ૧૮૭ હેઠળ આવાં ઢોરોના સંબંધમાં લેવાની ડબ્બામાં પૂરવાની ફી તથા ખર્ચ ભર્યેથી અને કલમ ૧૮૯ હેઠળ તારણની રકમ, ઠરાવી હોય તો તે, અનામત મૂક્યેથી, તેને તે સ્વાધીન કરવા જોઈશે.

માંગણી કરેલા ઢોરને સ્વાધીન કરવા બાબત અને ડબ્બાની ફી અને ખર્ચ વગેરે ભરવાની ચૂકના પરિણામો.

(૨) જો માલિક અથવા તેનો એજન્ટ હાજર થાય, પણ ઢોરને ગેરકાયદેસર પકડવામાં આવ્યા છે અને માલિક કલમ ૧૮૮ હેઠળ ફરિયાદ કરવાની તૈયારીમાં છે એવા કારણસર પેટા-કલમ (૧) હેઠળ ફરમાવ્યા પ્રમાણે, ફી અને ખર્ચ ભરવાની ના પાડે, તો ફી અને ઢોરના સંબંધમાં થયેલ ખર્ચ અનામત મૂકવામાં આવે એટલે ઢોર, તેને સ્વાધીન કરવાં જોઈશે.

(૩) પેટા-કલમ (૨)માં ઉલ્લેખાયેલી કોઈપણ ફરિયાદ ઉપરથી, ઢોરને પકડવાનું કાયદેસર ઠરાવવામાં આવે, તો અથવા પોતાને ઢોર સ્વાધીન કર્યાની તારીખથી ચાર અઠવાડિયાની મુદત દરમિયાન, માલિક અથવા તેનો એજન્ટ આવી ફરિયાદ કરવાને ચૂકે અને કલમ ૧૮૯ની જોગવાઈઓ લાગુ પડતી હોય, તો ડબ્બાવાળાએ, માલિક અથવા તેના એજન્ટને એકરાર કરવા અને તે કલમથી ફરમાવ્યા પ્રમાણે તારણની રકમ અનામત મૂકવા જણાવવું જોઈએ. માલિક અથવા તેનો એજન્ટ આવો એકરાર કરવાને ચૂકે અથવા તેવી રકમ અનામત મૂકવાને ચૂકે, તો પેટા-કલમ (૨) હેઠળ તેને સ્વાધીન કરેલા ઢોર પેટા-કલમ (૪)ના હેતુ સારૂ ફરી પકડવા જોઈશે.

(૪) જો માલિક અથવા તેનો એજન્ટ હાજર થાય અને પેટા-કલમ (૧) હેઠળ ડબ્બા ફી અને ખર્ચ આપવાની ના પાડે અથવા આપવાને ચૂકે અથવા પેટા કલમ (૨) હેઠળ ડબ્બા ફી અને ખર્ચ અનામત મૂકવાની ના પાડે અથવા મૂકવાને ચૂકે અથવા પેટા-કલમ (૩)થી ફરમાવ્યા પ્રમાણે તારણની રકમ અનામત મૂકવાની ના પાડે અથવા મૂકવાને ચૂકે અને એકરાર કરવાની ના પાડે અથવા કરવાને ચૂકે તો, ઢોર અથવા તો તેમાંના જરૂરી હોય તેટલાં ઢોર કલમ ૧૮૬માં ઉલ્લેખ કર્યા પ્રમાણેના અધિકારીએ તેવા સ્થળે અને સમયે અને તેવી શરતોને અધીન રહીને, જાહેર લિલામથી વેચવા જોઈશે. વસૂલ કરવાની ડબ્બા ફી, અને ખોરાકીનું અને પાણી પીવરાવવાનું ખર્ચ વેચાણ માટેનું ખર્ચ થયું હોય, તો તે સહિત અને કલમ ૧૮૯ હેઠળ ઠરાવ્યા પ્રમાણે, તારણની રકમ હોય, તો તે વેચાણની ઊપજમાંથી કાપી લેવાં જોઈશે.

નધણિયાતા ઢોરનું વેચાણ કરવા બાબત.

૧૮૬. (૧) કોઈ ઢોરને ડબ્બામાં પૂર્યા પછી, જો સાત દિવસની અંદર, આવા ઢોરના માલિક તરીકે હાજર થતી કોઈ વ્યક્તિ, કલમ ૧૮૭ હેઠળ લેવાની ડબ્બામાં પૂરવાની ફી તથા ખર્ચ ભરવાની ના પાડે, તો આવા ઢોર ઠરાવેલી રીતે લીલામ કરીને, તાબડતોબ વેચી દેવા જોઈશે અને વેચાણની ઊપજમાંથી ઉપર્યુક્ત ફી અને ખર્ચ બાદ કર્યા પછી, બાકી રહેલી રકમ, જે કોઈ વ્યક્તિ વેચાણ પછી પંદર દિવસની અંદર, આ અર્થે પંચાયત અધિકૃત કરે તેવા અધિકારીની ખાતરી થાય તેવી રીતે એમ સાબિત કરે કે તે આવા ઢોરનો માલિક હતો તો તે વ્યક્તિને આપવી જોઈશે અને બીજા કોઈ દાખલામાં, તે ગ્રામ ફંડનો ભાગ બનશે.

(૨) કોઈ પોલીસ અધિકારીએ, અથવા ડબ્બાવાળા સહિત પંચાયતના કોઈ અધિકારીએ, સભ્યે અથવા નોકરે પેટા-કલમ (૧) હેઠળના વેચાણ વખતે કોઈ ઢોરને પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે ખરીદવું નહિ.

ડબ્બામાં પૂરવા માટે લેવાની ફી તથા ખર્ચ નક્કી કરવા બાબત.

૧૮૭. (૧) ડબ્બામાં પૂરવા માટે લેવાની ફી, દરેક પ્રકારના ઢોર માટે રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામું પ્રસિદ્ધ કરીને, વખતોવખત નિર્દિષ્ટ કરે તેટલી રહેશે.

(૨) જે દિવસના કોઈ ભાગ દરમિયાન, કોઈ ઢોર ડબ્બામાં પૂરવામાં આવ્યું હોય તે દરેક દિવસ માટે લેવાનું ખર્ચ, જિલ્લા પંચાયતની પૂર્વમંજૂરીથી, પંચાયત, વખતોવખત, નક્કી કરે તે દરે રહેશે.

ગેરકાયદેસર રીતે પકડવા અથવા અટકાયતમાં રાખવા સામેની ફરિયાદો.

૧૮૮. (૧) જે કોઈ વ્યક્તિના ઢોરને આ અધિનિયમ હેઠળ પકડવામાં આવ્યું હોય અથવા તેવી રીતે પકડ્યા પછી, આ અધિનિયમનું ઉલ્લંઘન કરીને અટકાયતમાં રાખવામાં આવ્યું હોય તેવી વ્યક્તિ, પકડાયાની તારીખથી દસ દિવસની અંદર કોઈપણ સમયે, પ્રથમ વર્ગના મેજિસ્ટ્રેટને ફરિયાદ કરી શકશે.

(૨) ફરિયાદીએ, જાતે અથવા સંજોગોથી જાતે પરિચિત હોય તેવા એજન્ટ મારફત ફરિયાદ કરવી જોઈશે. ફરિયાદી અથવા તેના એજન્ટની જુબાની લીધા પછી, મેજિસ્ટ્રેટને ફરિયાદ પાયાદાર છે એમ માનવાને કારણ જણાય, તો જે વ્યક્તિની વિરુદ્ધ ફરિયાદ માંડવામાં આવી હોય તેને બોલાવશે અને તે મુકદ્દમાની તપાસ કરશે.

(૩) જો ઢોર પકડવાના કાર્યને અથવા અટકાયતને ગેરકાયદેસર ઠરાવવામાં આવે તો, મેજિસ્ટ્રેટ ઢોર પકડવાથી અથવા અટકાયતથી થયેલા નુકસાન બદલ, જે વ્યક્તિએ ઢોરને પકડ્યું હોય અથવા અટકાયતમાં રાખ્યું હોય તે વ્યક્તિ પાસે, ભરવામાં આવેલ સઘળી ફી તથા ઢોર છોડાવવામાં ફરિયાદીએ કરેલું ખર્ચ સહિત, એકસો રૂપિયા કરતાં વધારે ન હોય તેટલું વાજબી વળતર અપાવશે, અને જો ઢોરને છોડવામાં ન આવ્યું હોય તો મેજિસ્ટ્રેટ આવું વળતર અપાવવા ઉપરાંત, તેને છોડી મૂકવા માટે હુકમ કરી જણાવવું જોઈશે, કે આ અધિનિયમ હેઠળ લેવા પાત્ર ફી અને ખર્ચ, જે વ્યક્તિએ ઢોરને પકડ્યું હોય અથવા અટકાયતમાં રાખ્યું હોય તે વ્યક્તિને આપવાં.

(૪) આ કલમમાં જણાવેલ વળતર, ફી અને ખર્ચ જાણે મેજિસ્ટ્રેટે નાખેલ દંડ હોય તેવી રીતે તે વસૂલ કરી શકશે.

ઢોરને ડબ્બામાં પૂરવાના સંબંધમાં તારણ.

૧૮૯. (૧) જે કોઈ ગામને રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામું પ્રસિદ્ધ કરીને, આ કલમ લાગુ પાડે તે કોઈ ગામમાં ડબ્બામાં પૂરેલા કોઈ ઢોરને છૂટા કરતા પહેલાં દરેક ડબ્બાવાળાએ પૂરેલાં ઢોરના માલિકને અથવા તેના એજન્ટને, તેવા ઢોરની માલિકી સંબંધી ઠરાવેલા નમૂનામાં એકરાર કરવાનું અને ઠરાવવામાં આવે, તેવી રકમ તારણ તરીકે અનામત મૂકવાનું ફરમાવવું જોઈશે. એકી સાથે ડબ્બામાં પૂરેલા ઢોરની સંખ્યા અને કેટલીવાર ઢોરને

(૩) પેટા-કલમ (૨)માં ઉલ્લેખાયેલી કોઈપણ ફરિયાદ ઉપરથી, ઢોરને પકડયાનું કાયદેસર ઠરાવવામાં આવે, તો અથવા પોતાને ઢોર સ્વાધીન કર્યાની તારીખથી ચાર અઠવાડિયાની મુદત દરમિયાન, માલિક અથવા તેનો એજન્ટ આવી ફરિયાદ કરવાને ચૂકે અને કલમ ૧૮૯ની જોગવાઈઓ લાગુ પડતી હોય, તો ડબ્બાવાળાએ, માલિક અથવા તેના એજન્ટને એકરાર કરવા અને તે કલમથી ફરમાવ્યા પ્રમાણે તારણની રકમ અનામત મૂકવા જણાવવું જોઈએ. માલિક અથવા તેનો એજન્ટ આવો એકરાર કરવાને ચૂકે અથવા તેવી રકમ અનામત મૂકવાને ચૂકે, તો પેટા-કલમ (૨) હેઠળ તેને સ્વાધીન કરેલા ઢોર પેટા-કલમ (૪)ના હેતુ સારૂ ફરી પકડવા જોઈશે.

(૪) જો માલિક અથવા તેનો એજન્ટ હાજર થાય અને પેટા-કલમ (૧) હેઠળ ડબ્બા ફી અને ખર્ચ આપવાની ના પાડે અથવા આપવાને ચૂકે અથવા પેટા કલમ (૨) હેઠળ ડબ્બા ફી અને ખર્ચ અનામત મૂકવાની ના પાડે અથવા મૂકવાને ચૂકે અથવા પેટા-કલમ (૩)થી ફરમાવ્યા પ્રમાણે તારણની રકમ અનામત મૂકવાની ના પાડે અથવા મૂકવાને ચૂકે અને એકરાર કરવાની ના પાડે અથવા કરવાને ચૂકે તો, ઢોર અથવા તો તેમાંના જરૂરી હોય તેટલાં ઢોર કલમ ૧૮૬માં ઉલ્લેખ કર્યા પ્રમાણેના અધિકારીએ તેવા સ્થળે અને સમયે અને તેવી શરતોને અધીન રહીને, જાહેર લિલામથી વેચવા જોઈશે. વસૂલ કરવાની ડબ્બા ફી, અને ખોરાકીનું અને પાણી પીવરાવવાનું ખર્ચ વેચાણ માટેનું ખર્ચ થયું હોય, તો તે સહિત અને કલમ ૧૮૯ હેઠળ ઠરાવ્યા પ્રમાણે, તારણની રકમ હોય, તો તે વેચાણની ઊપજમાંથી કાપી લેવાં જોઈશે.

નધણિયાતા ઢોરનું વેચાણ કરવા બાબત.

**૧૮૬.** (૧) કોઈ ઢોરને ડબ્બામાં પૂર્યા પછી, જો સાત દિવસની અંદર, આવા ઢોરના માલિક તરીકે હાજર થતી કોઇ વ્યકિત, કલમ ૧૮૭ હેઠળ લેવાની ડબ્બામાં પૂરવાની ફી તથા ખર્ચ ભરવાની ના પાડે, તો આવા ઢોર ઠરાવેલી રીતે લીલામ કરીને, તાબડતોબ વેચી દેવા જોઇશે અને વેચાણની ઊપજમાંથી ઉપર્યુક્ત ફી અને ખર્ચ બાદ કર્યા પછી, બાકી રહેલી રકમ, જે કોઇ વ્યકિત વેચાણ પછી પંદર દિવસની અંદર, આ અર્થે પંચાયત અધિકૃત કરે તેવા અધિકારીની ખાતરી થાય તેવી રીતે એમ સાબિત કરે કે તે આવા ઢોરનો માલિક હતો તો તે વ્યકિતને આપવી જોઇશે અને બીજા કોઇ દાખલામાં, તે ગ્રામ ફંડનો ભાગ બનશે.

(૨) કોઇ પોલીસ અધિકારીએ, અથવા ડબ્બાવાળા સહિત પંચાયતના કોઇ અધિકારીએ, સભ્યે અથવા નોકરે પેટા-કલમ (૧) હેઠળના વેચાણ વખતે કોઇ ઢોરને પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે ખરીદવું નહિ.

ડબ્બામાં પૂરવા માટે લેવાની ફી તથા ખર્ચ નક્કી કરવા બાબત.

**૧૮૭.** (૧) ડબ્બામાં પૂરવા માટે લેવાની ફી, દરેક પ્રકારના ઢોર માટે રાજય સરકાર, રાજપત્રમાં જાહેરનામું પ્રસિદ્ધ કરીને, વખતોવખત નિર્દિષ્ટ કરે તેટલી રહેશે.

(૨) જે દિવસના કોઇ ભાગ દરમિયાન, કોઇ ઢોર ડબ્બામાં પૂરવામાં આવ્યું હોય તે દરેક દિવસ માટે લેવાનું ખર્ચ, જિલ્લા પંચાયતની પૂર્વમંજૂરીથી, પંચાયત, વખતોવખત, નક્કી કરે તે દરે રહેશે.

ગેરકાયદેસર રીતે પકડવા અથવા અટકાયતમાં રાખવા સામેની ફરિયાદો.

**૧૮૮.** (૧) જે કોઇ વ્યકિતના ઢોરને આ અધિનિયમ હેઠળ પકડવામાં આવ્યું હોય અથવા તેવી રીતે પકડયા પછી, આ અધિનિયમનું ઉલ્લંઘન કરીને અટકાયતમાં રાખવામાં આવ્યું હોય તેવી વ્યકિત, પકડાયાની તારીખથી દસ દિવસની અંદર કોઈપણ સમયે, પ્રથમ વર્ગના મેજિસ્ટ્રેટને ફરિયાદ કરી શકશે.

(૨) ફરિયાદીએ, જાતે અથવા સંજોગોથી જાતે પરિચિત હોય તેવા એજન્ટ મારફત ફરિયાદ કરવી જોઇશે.ફરિયાદી અથવા તેના એજન્ટની જુબાની લીધા પછી, મેજિસ્ટ્રેટને ફરિયાદ પાયાદાર છે એમ માનવાને કારણ જણાય, તો જે વ્યકિતની વિરુદ્ધ ફરિયાદ માંડવામાં આવી હોય તેને બોલાવશે અને તે મુકદ્દમાની તપાસ કરશે.

(૩) જો ઢોર પકડવાના કાર્યને અથવા અટકાયતને ગેરકાયદેસર ઠરાવવામાં આવે તો, મેજિસ્ટ્રેટ ઢોર પકડવાથી અથવા અટકાયતથી થયેલા નુકસાન બદલ, જે વ્યકિતએ ઢોરને પકડ્યું હોય અથવા અટકાયતમાં રાખ્યું હોય તે વ્યકિત પાસે, ભરવામાં આવેલ સઘળી ફી તથા ઢોર છોડાવવામાં ફરિયાદીએ કરેલું ખર્ચ સહિત, એકસો રૂપિયા કરતાં વધારે ન હોય તેટલું વાજબી વળતર અપાવશે, અને જો ઢોરને છોડવામાં ન આવ્યું હોય તો મેજિસ્ટ્રેટ આવું વળતર અપાવવા ઉપરાંત, તેને છોડી મૂકવા માટે હુકમ કરી જણાવવું જોઇશે, કે આ અધિનિયમ હેઠળ લેવા પાત્ર ફી અને ખર્ચ, જે વ્યકિતએ ઢોરને પકડ્યું હોય અથવા અટકાયતમાં રાખ્યું હોય તે વ્યકિતને આપવાં.

(૪) આ કલમમાં જણાવેલ વળતર, ફી અને ખર્ચ જાણે મેજિસ્ટ્રેટે નાખેલ દંડ હોય તેવી રીતે તે વસૂલ કરી શકશે.

ઢોરને ડબ્બામાં પૂરવાના સંબંધમાં તારણ.

**૧૮૯.** (૧) જે કોઇ ગામને રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામું પ્રસિદ્ધ કરીને, આ કલમ લાગુ પાડે તે કોઇ ગામમાં ડબ્બામાં પૂરેલા કોઇ ઢોરને છૂટા કરતા પહેલાં દરેક ડબ્બાવાળાએ પૂરેલાં ઢોરના માલિકને અથવા તેના એજન્ટને, તેવા ઢોરની માલિકી સંબંધી ઠરાવેલા નમૂનામાં એકરાર કરવાનું અને ઠરાવવામાં આવે, તેવી રકમ તારણ તરીકે અનામત મૂકવાનું ફરમાવવું જોઇએ. એકી સાથે ડબ્બામાં પૂરેલા ઢોરની સંખ્યા અને કેટલીવાર ઢોરને

પૂરવામાં આવ્યા છે તે બાબત અનુસાર એકજ વ્યકિતની માલિકીના અથવા તેણે રાખેલા ઢોરના સંબંધમાં ક્રમશઃ વધતા જતા દરો ઠરાવી શકાશે અને જુદા જુદા ગામો માટે જુદા જુદા દરો ઠરાવી શકાશે.

(૨) જે તારીખે તારણ અનામત મૂકવામાં આવ્યું હોય તે તારીખથી છ મહિનાની મુદતની અંદર, આવા માલિકના ઢોર પૂરવામાં આવે અને ઢોરને પકડવાનું કાર્ય ગેરકાયદેસર ઠરાવવામાં ન આવે, તો રાજ્ય સરકારે આ અર્થે કરેલા નિયમોથી જણાવવામાં આવે તેટલી અનામતની રકમ અથવા તેનો ભાગ, રાજ્ય સરકારને ખાતે દાખલ થશે. ઉપર કહ્યા પ્રમાણે ઢોર પૂરવામાં આવ્યું ન હોય તો તારણની અનામતની રકમ અનામત મૂકનારે અથવા તેની વતી કરેલી અરજી ઉપરથી, તે મુદત પૂરી થાય એટલે તેને પાછી આપવી જોઈશે.

**૧૯૦.** (૧) જે કોઈ સ્થાનિક વિસ્તારને રાજ્ય સરકાર, રાજ્યપત્રમાં જાહેરનામું પ્રસિદ્ધ કરીને, આ કલમ લાગુ પાડે તે વિસ્તારમાં, મામલતદાર અથવા મહાલકારીને એવી ખાતરી થાય કે — નિર્દિષ્ટ કરેલી જગાએ ઢોર ખસેડવા બાબત.

(૧) પોતાની હકુમત હેઠળના તાલુકા અથવા મહાલમાંના એક અથવા વધારે ગામના કાયમના રહેવાસીઓની માલિકીના ઢોર માટે તે ગામ અથવા ગામોમાં ઢોરના ઉપયોગ માટે અલાયદી રાખેલી ગૌચરની જમીન અપૂરતી છે;

(૨) આવા ગામ અથવા ગામોના રહેવાસીઓ ન હોય અને જેઓ વીસ કરતાં વધુ ઢોરના માલિક હોય તેવી વ્યકિતઓના ઢોરની કોઈપણ ખેતીની જમીન ઉપરના પાક અથવા ઘાસને અથવા તેવી રીતે અલયાદી રાખેલી ગૌચરની જમીનને નુકસાન થવાનો સંભવ છે, તો તે,-

(ક) ખંડ (૧)માં ઉલ્લેખેલા કોઈ દાખલામાં, તેવા સ્થાનિક માલિકને, ખાસ અથવા સામાન્ય હુકમથી, પોતાની માલિકીના સઘળાં અથવા વસૂકી ગયેલા નકામા ઢોરને હુકમમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવી રાજ્યમાંની જગા અથવા જગાઓએ અને તેવી મુદતની અંદર ખસેડવાનો અથવા ખસેડાવવાનો આદેશ કરી શકશે, અને

(ખ) ખંડ (૨)માં ઉલ્લેખેલા દાખલામાં, રહેવાસી ન હોય તેવા કોઈ માલિકને, ખાસ અથવા સામાન્ય હુકમથી પોતાની માલિકીના સઘળા અથવા કોઈ ઢોરને હુકમમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવી રાજ્યમાંની જગા અથવા જગાઓએ અને તેવી મુદતની અંદર ખસેડવાનો અથવા ખસેડાવવાનો આદેશ કરી શકશે.

(૨) પેટા-કલમ (૧) હેઠળ ફરમાવ્યા પ્રમાણે, ઢોરના માલિક ઢોરને ખસેડવામાં ચૂક કરે, તો યથાપ્રસંગ, મામલતદાર અથવા મહાલકારી, હેડકોન્સ્ટેબલના દરજ્જાથી ઉતરતા ન હોય તેવા કોઈ પોલિસ અધિકારીને, હુકમમાં નિર્દિષ્ટ કરેલી જગા અથવા જગાઓએ તેવા ઢોરને ખસેડવાનો અથવા ખસેડાવવાનો આદેશ કરી શકશે.

(૩) મામલતદાર અથવા મહાલકારીને, એવી ખાતરી થાય કે પેટા-કલમ (૧) હેઠળ તેણે કાઢેલા હુકમનું ઢોરના કોઈ માલિકે અથવા ઢોર રાખનારે ઉલ્લંઘન કર્યું છે, તો તે, એક હજાર રૂપિયાથી વધુ ન હોય તેટલો દંડ કરી શકશે. આવી રીતે કરવામાં આવેલો દંડ તેનો માલિક અથવા રાખનાર, નિર્દિષ્ટ કરેલા સમયની અંદર તે દંડ આપવામાં ચૂક કરે એટલે, પેટા-કલમ (૧) હેઠળ જે ઢોર ખસેડવાનો હુકમ કરવામાં આવ્યો હોય તે સઘળા ઢોર અથવા તે પૈકી કોઈ ઢોરનું વેચાણ કરીને વસૂલ કરી શકાશે.

## પ્રકરણ-૯
## કરવેરા

### ભાગ-૧
### રાજય સરકારે નાંખવાના કરવેરા

૧૯૧ જમીન મહેસૂલના દરેક રૂપિયા પર પચાસ પૈસાનો ઉપ કર નાંખવા બાબત.

૧૯૨ આકારણી માટેના નિયમો.

૧૯૩ પાણીના આકાર ઉપર ઉપકર નાખવા બાબત.

૧૯૪ કલમ ૧૯૧માં વર્ણવેલો ઉપકર વસુલ કરવાની રીત.

૧૯૫ કલમ ૧૯૩માં વર્ણવેલો ઉપકર વસુલ કરવાની રીત.

૧૯૬ વરિષ્ટ ધારણ કરનારાઓને સહાય આપવા બાબત.

૧૯૭ પાણીના આકાર ઉપરના સ્થાનિક ઉપકરની વસૂલાત બાબત અને તે જમા કરવા બાબત.

૧૯૮ જમીન મહેસૂલ ઉપરના સ્થાનિક ઉપકરની વસૂલાત બાબત અને તે જમા કરવા બાબત.

૧૯૯ સ્થાનિક ઉપકર મુલતવી રાખવા અથવા માફ કરવા બાબત.

### ભાગ-૨

### ગ્રામ પંચાયતોના કરવેરા

૨૦૦ ગ્રામ પંચાયતએ કર અને ફી લેવા બાબત.

૨૦૧ પંચાયતે નાખેલ કરોને બદલે કારખાના દ્વારા આપવાની એક સામટી રકમ.

૨૦૨ બજારો વગેરે પરની ફીનો ઇજારો આપવા બાબત.

૨૦૩ જમીન મહેસૂલના દરેક રૂપિયા ઉપર પચ્ચીસ પૈસાનો ઉપકર નાખવા અને વસૂલ કરવા બાબત.

૨૦૪ પંચાયતોનો કર વધારવાની તાલુકા પંચાયતને સત્તા.

૨૦૫ સંભાળ અને રક્ષણનું ખર્ચ વસૂલ કરવા બાબત.

### ભાગ-૩

### તાલુકા પંચાયતોએ નાંખવાના કરવેરા

૨૦૬ તાલુકા પંચાયત નાખી શકે તેવા કર અને ફી અને તે વસૂલ કરવાની પધ્ધતિ.

૨૦૭ તાલુકા પંચાયત માટે સ્ટેમ્પ ડયુટીનો વધારો.

## ભાગ-૪

## જિલ્લા પંચાયતોએ નાખવાના કરવેરા


૨૦૮ જિલ્લા પંચાયતો નાખી શકે તેવા કર.

૨૦૯ જિલ્લા પંચાયત માટે સ્ટેમ્પ ડયુટીનો વધારો.

૨૧૦ વ્યવસાયી વગેરે ઉપર જિલ્લા પંચાયતે લીધેલા કર ગ્રામ પંચાયતે વસુલ કરવા બાબત.

૨૧૧ રકમ આપવાની પંચાયતની કસૂર.


## ભાગ-૫

## તાલુકા પંચાયતો અને જિલ્લા પંચાયતોએ કર અથવા ફી લેવા માટેની કાર્યરીતિ.


૨૧૨ કર નાખતાં પહેલાં જિલ્લા પંચાયતે અનુસરવાની કાર્યરીતિ.

૨૧૩ કર નાબૂદ કરવા અથવા તેમાં ફેરફાર કરવા માટેની કાર્યરીતિ.

૨૧૪ મંજૂર કરેલા નિયમોની નોટિસ સાથે પ્રસિધ્ધ.

## પ્રકરણ ૯મું

## કરવેરા

### ભાગ-૧

### રાજ્ય સરકારે નાખવાના કરવેરા

જમીન મહેસૂલના દરેક રૂપિયા પર પચાસ પૈસાનો ઉપકર નાખવા બાબત.

૧૯૧. (૧) રાજ્ય સરકાર, આમાં, હવે પછી વર્ણવેલી શરતોએ અને એ રીતે, નીચેની રકમોના દરેક રૂપિયા ઉપર, પચાસ પૈસાના દરે ઉપકર નાખશે :

(ક) પેટા-કલમ (૨)માં જણાવેલ કોઈ બોજા બદલ ભરવાની રકમો સિવાય, તેમજ રાજ્ય સરકાર, આ અર્થે જાહેર કરે તેવા કોઈપણ બોજા બદલ ભરવાની રકમો સિવાય, રાજ્ય સરકારને સામાન્ય જમીન મહેસૂલ તરીકે ભરવાની દરેક રકમ;

સન ૧૮૭૯નો મુંબઈનો ૫મો.

(ખ) મુંબઈ જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯ની કલમ ૪૫ના સ્પષ્ટીકરણમાં વ્યાખ્યા કર્યા પ્રમાણેના નાના જમીન ધારણ 'કરનારે' ખેતીના હેતુ માટે તે સમયે ધરાયેલી જમીનના સંબંધમાં સદરહુ કલમ હેઠળ

જમીન મહેસૂલ ભરવાનું થાય, તો, તેણે તે જમીનના સંબંધમાં જમીન મહેસૂલ તરીકે ભરી હોત તેવી દરેક રકમ; અને

(ગ) કોઈ જમીન પરના જમીન મહેસૂલને સ્વત્વાપર્ણ કર્યું ન હોત, તો જમીન પર મહેસૂલ તરીકે આકારી શકાઈ હોત તેવી દરેક રકમ :

પરંતુ પચ્ચીસ પૈસા કરતાં ઓછી હોય તેવી રકમો પર આ કલમ હેઠળ કોઈપણ ઉપકર લઈ શકાશે નહિ.

વધુમાં, ઉપકરની રકમ પાંચ પૈસાના ગુણાંક ન હોય, તો તે રકમ ત્યાર પછીના પાંચ પૈસાના વધુમાં વધુ ગુણાંક સુધી વધારવી.

(ઘ) સરકારે પટે આપેલી કોઈ જમીન પર આવા પટાની શરતો હેઠળ જમીન મહેસૂલ લેવા પાત્ર ન હોય તે છતાં, આવી જમીન પર જમીન મહેસૂલ લેવા પાત્ર હોય તેમ, તે જમીનના સંબંધમાં, જમીન મહેસૂલ તરીકે ભરવાપાત્ર થઈ હોય તેવી દરેક રકમ.

(૨) પેટા-કલમ (૧)ના હેતુઓ સારૂ, નીચેની રકમો ગણતરીમાં લેવી નહિ :

(૧) કસૂર કરવાના પ્રસંગ, ગુનેગારી અથવા વ્યાજ તરીકે જમીન મહેસૂલ અધિનિયમની કલમ ૧૪૮ હેઠળ નાખવામાં આવેલા કોઈ બોજા સુધ્ધાં, ગુનેગારો તથા દંડ, પણ તેમાં ખેતી સાથે સંબંધ ન હોય તેવા હેતુ સારૂ જમીનનો ઉપયોગ કરવાની પરવાનગી આપતી વખતે સદરહુ અધિનિયમની કલમ ૬૫ હેઠળ નાખેલા કોઈપણ દંડનો સમાવેશ થતો નથી;

(૨) ઈનામના વારસાહક અથવા સ્વત્વાપર્ણના પ્રસંગે, ઈનામના એવા દરેક વારસાહક અથવા સ્વત્વાપર્ણના સંબંધમાં, રાજ્ય સરકારના સઘળા હક બદલ પ્રસંગોપાત આપવા નક્કી કરેલી રકમો;

(૩) ચાકરીમાંથી અનધિકૃત ગેરહાજરીની મુદત માટે નીચલા દરજ્જાના ગ્રામસેવકો પાસેથી વસૂલ કરેલું ચાકરીયાત ઈનામી જમીન પરનું જમીન મહેસૂલ અને ઈનામો તથા વેતન પર તૂટક તૂટક મુદતો તથા પાછલાં વર્ષો માટે આકારની આવી બીજી સઘળી રકમો;

(૪) ઢોરના માથાદીઠ લેવાતી હોય ત્યારે, ચારવા બદલની ફી.

(૩) (ક) અનુસૂચિ ૩ હેઠળના તેના કાર્યોના હેતુઓ સારૂ વધારે ફંડમાં જોગવાઈ કરવી જરૂરી છે એવું જિલ્લા પંચાયતને લાગે તો તે તેની બેઠકમાં ઠરાવ પસાર કરીને, ઠરાવમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેટલે સુધી અને તેટલી મુદત માટે તેના જિલ્લા પૂરતો પેટા-કલમ (૧) હેઠળ લેવાતો ઉપકરનો દર વધારવા, રાજ્ય સરકારને અરજી કરી શકશે :

પરંતુ આવી રીતે વધારો કરવાથી, ઉપકરનો દર પેટા-કલમ (૧) હેઠળ ઉપકરપાત્ર થતા દરેક રૂપિયા ત્રણસો પૈસાથી વધવો જોઈએ નહિ.

(ખ) ખંડ (ક) હેઠળ અરજી મળ્યેથી, રાજ્ય સરકાર રાજપત્રમાં જાહેરનામું પ્રસિધ્ધ કરીને, જિલ્લા પંચાયતે સૂચવેલા ઉપકરનો દર વધારી શકશે અને તેમ થયે, પેટા-કલમ (૧), તેમાં નિર્દિષ્ટ કરેલા દરને બદલે એવી રીતે વધારેલો દર દાખલ કરવામાં આવ્યો હોય, તેમ અમલમાં આવશે.

આકારણી માટેના નિયમો.

**૧૯૨.** જમીન મહેસૂલ અધિનિયમમાં વ્યાખ્યા કર્યા પ્રમાણેનાં દુમાલા ગામો ઉપર સદરહુ ઉપકરની આકારણી કરતી વખતે,—

(ક) સદરહુ અધિનિયમમાં અને તે હેઠળ કરેલા નિયમોમાં ઠરાવેલી રીતે ગામની માપણી અને આકારણી થઈ હોય, તો સદરહુ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમો હેઠળ નક્કી કરવામાં આવેલા ગામના આકારની કુલ રકમ ઉપર ઉપકર નક્કી કરવામાં આવશે;

(ખ) જમીન મહેસૂલ મુક્તિ અધિનિયમ, ૧૮૬૩ (નંબર ૧) અથવા જમીન મહેસૂલ મુક્તિ અધિનિયમ, ૧૮૬૩ (નંબર ૨) હેઠળ ગામ સંક્ષિપ્ત જમાબંધી (સમરી સેટલમેન્ટ) હેઠળ આવી ગયું હોય અને આ કલમનો ખંડ (ક) પડતો ન હોય, તો સંક્ષિપ્ત જમાબંધીના હેતુ સારૂ ઠરાવ્યા પ્રમાણેના કુલ વાર્ષિક આકારણી ઉપર ઉપકર નક્કી કરવામાં આવશે; અને

સન ૧૮૬૩નો મુંબઈનો ૨જો. સન ૧૮૬૩નો મુંબઈનો ૭મો.

(ગ) જે ગામોને આ કલમના ખંડ (ક) કે (ખ) લાગુ પડતા ન હોય તે ગામોમાં, કલેક્ટરના દફતરમાં નોંધેલા જુના અથવા કમાલ દર ઉપર ઉપ-કર નક્કી કરવામાં આવશે, અને એવો દર નોંધાયેલો ન હોય અથવા એવી રીતે નોંધાયેલા દર સામે દુમાલા ગામનો ધારણ કરનાર અથવા માલિક વાંધો ઉઠાવતો હોય, તો જિલ્લા પંચાયતની સંમતિથી કલેક્ટર તથા એવો ધારણ કરનાર અથવા માલિક અરસપરસ સંમત થાય તે પ્રમાણે ઉપકર નક્કી કરી શકશે.ઉપર પ્રમાણેની પોતાની સંમતિ જિલ્લા પંચાયતે, ખાસ ઠરાવ પસાર કરીને આપેલી હોવી જોઈએ. કલેક્ટર અને એવો ધારણ કરનાર અથવા માલિક સંમત ન થાય, ત્યારે રાજ્ય સરકારે કરવાની કાચી માપણી અને આકારણીથી ઉપકર નક્કી કરવામાં આવશે. આવી કાચી માપણીનું ખર્ચ અડધું જિલ્લા પંચાયતે અને અડધું આવા ગામના ધારણ કરનાર અથવા માલિકે ભોગવવું પડશે.

સન ૧૮૭૯નો મુંબઈનો ૭મો.

**પાણીના આકાર ઉપર ઉપકર નાંખવા બાબત.**

૧૯૩. મુંબઈ સિંચાઈ અધિનિયમ, ૧૮૭૯ની જોગવાઈઓ હેઠળ લેવાના પાણીના આકારના દરેક રૂપિયા ઉપર, વીસ પૈસા કરતાં વધારે ન હોય તેટલો ઉપકર રાજ્ય સરકાર નાંખી શકશે.

સન ૧૯૪૮નો મુંબઈનો ૬૭મો. સન ૧૯૫૫નો મુંબઈનો ૯૯મો.

**કલમ ૧૯૧માં વર્ણવેલો ઉપકર વસૂલ કરવાની રીત.**

૧૯૪. કલમ ૧૯૧માં વર્ણવેલો ઉપકર શક્ય હોય એટલે સુધી, જમીન મહેસૂલ જે રીતે અને કાયદાની જે જોગવાઈઓ હેઠળ વસૂલ કરવામાં આવે છે તે જ રીતે અને તે જ જોગવાઈઓ હેઠળ વસૂલ કરવામાં આવશે :

પરંતુ ગણોતિયાના કબજામાંથી કોઈ જમીનની બાબતમાં જો તેવો ગણોતિયો, મુંબઈના ગણોત વહીવટ અને ખેતીની જમીન અધિનિયમ, ૧૯૪૮ અથવા મુંબઈના ગણોત વહીવટ અને ખેતીની જમીન (વિદર્ભ પ્રદેશ અને કચ્છ વિસ્તાર) અધિનિયમ, ૧૯૫૮ની જોગવાઈઓ હેઠળ તેવી જમીનના સંબંધમાં જમીન મહેસૂલ ભરવાને પાત્ર હોય, તો તેવો ગણોતિયો તેવી જમીનના સંબંધમાં ઉપકર ચૂકવવા માટે પ્રથમતઃ જવાબદાર થશે.

સન ૧૮૭૯નો મુંબઈનો ૭મો.

**કલમ ૧૯૩માં વર્ણવેલો ઉપકર વસૂલ કરવાની રીત.**

૧૯૫. કલમ ૧૯૩માં વર્ણવેલો ઉપકર શક્ય હોય તેટલે સુધી, મુંબઈ સિંચાઈ અધિનિયમ, ૧૮૭૯ હેઠળ રાજ્ય સરકારને આપવાનો પાણીનો આકાર જે રીતે કાયદાની જે જોગવાઈઓ હેઠળ વસૂલ કરવામાં આવે તે જ રીતે અને તે જ જોગવાઈઓ હેઠળ વસૂલ કરવામાં આવશે.

**વરિષ્ઠ ધારણ કરનારાઓને સહાય આપવા બાબત.**

૧૯૬. વરિષ્ઠ ધારણ કરનારાઓને અને જલ પ્રવાહોના માલિકોને તેમના ગણોતિયાઓ અને તેમની નીચેના ખાતેદારો પાસેથી અથવા તેમના જલ પ્રવાહોનો ઉપયોગ કરવાને જેમને અધિકૃત કરી હોય તેવી વ્યક્તિઓ પાસેથી તેમના લેણાં વસૂલ કરવા માટે સહાય આપવાને લગતાં કાયદાની જે જોગવાઈઓ છે તે દુમાલા અથવા બિન દુમાલા જમીનના સઘળા વરિષ્ઠ ધારણ કરનારાઓને તથા જલ પ્રવાહોના સઘળા માલિકોને તેમના ગણોતિયા, ખાતેદારો અથવા તેમના જલ પ્રવાહોનો ઉપયોગ કરવાને જેમને અધિકૃત કરી હોય તેવી વ્યક્તિઓ પાસેથી સદરહુ ઉપકર વસૂલ કરવાના સંબંધમાં લાગુ પડશે અને તે જોગવાઈઓ જમીન મહેસૂલ અધિનિયમ હેઠળ જમીનના ખાતેદારોને પણ તેમના ગણોતિયા અથવા સંયુક્ત ખાતેદારો પાસેથી, સદરહુ ઉપકર વસૂલ કરવાના સંબંધમાં લાગુ પડશે.

**પાણીના આકાર ઉપરના સ્થાનિક ઉપ-કરની વસૂલાત બાબત અને તે જમા કરવા બાબત.**

૧૯૭. જમીનના સંબંધમાં કલમ ૧૯૩ હેઠળ પાણીના આકાર ઉપર વસૂલ કરવાનો સ્થાનિક ઉપકર, જમીન જે તાલુકા પંચાયતની હકૂમતમાં આવેલી હોય તે તાલુકા પંચાયતને, વસૂલાતના ખર્ચ તરીકે રાજ્ય સરકાર નિયમોથી ઠરાવે તેવો તેનો અમુક ભાગ બાદ કર્યા પછી, રાજ્ય સરકારે આપવો જોઈશે.

**જમીન મહેસૂલ ઉપરના સ્થાનિક ઉપ-કરની વસૂલાત બાબત અને તે જમા કરવા બાબત.**

૧૯૮. કલમ ૧૯૧ હેઠળ જમીન મહેસૂલ ઉપર વસૂલ કરવાનો સ્થાનિક ઉપકર, જમીન જે જિલ્લા પંચાયતની હકૂમતમાં આવેલી હોય તે જિલ્લા પંચાયતને, વસૂલાતમાં ખર્ચ તરીકે રાજ્ય સરકાર નિયમોથી ઠરાવે તેવો તેનો અમુક ભાગ બાદ કર્યા પછી, રાજ્ય સરકારે આપવો જોઈશે.

સ્થાનિક ઉપકર મુલત્વી રાખવા અથવા માફ કરવા બાબત.

૧૯૯. જે જિલ્લા પંચાયતને ઉપકર આપવાનો હોય તે જિલ્લા પંચાયતની અરજી ઉપરથી રાજ્ય સરકાર એવા જિલ્લા પંચાયતની હકૂમત હેઠળના કોઈપણ વિસ્તારમાં કોઈ વર્ષમાં ઉપકર અથવા તેના કોઈપણ ભાગની વસૂલાત મુલત્વી રાખી શકશે અથવા તે માફ કરી શકશે.

## ભાગ ૨

## ગ્રામ પંચાયતના કરવેરા

ગ્રામ પંચાયતોએ કર અને ફી લેવા બાબત.

૨૦૦. રાજ્ય સરકાર, આ અર્થે કરે તેવા (કર અથવા ફીના ઓછામાં ઓછા અને વધારેમાં વધારે દરો નક્કી કરતાં હુકમ સહિત) સામાન્ય અથવા ખાસ હુકમને અધીન રહીને, ગ્રામ પંચાયત પોતે નક્કી કરે તેવા દર અને ઠરાવવામાં આવે તેવી રીતે અને તેવી માફીને અધીન રહીને, નીચેના સઘળા અથવા તે પૈકી કોઈપણ કર અને ફી લઈ શકશે :-

(૧) ગામની હદની અંદર મકાન(ખેતીવિષયક આકારણી ભરવાને પાત્ર હોય કે ન હોય તો પણ તે) અને જમીન (ખેતીવિષયક આકારણી ભરવાને પાત્ર હોય કે ન હોય તે પણ) તેના ઉપકરનો કર;

(૨) [1][ * * * * * * *

(૩) યાત્રાળુ કર;

(૪) મેળા, પર્વો તથા બીજા મનોરંજન ઉપરનો કર, જે કોઈ મનોરંજનમાં દાખલ થવા માટે આપવાની રકમો ઉપરનો કર ન હોય;

(૫) ગામમાં ઉપયોગ સારૂ રાખેલાં અને સવારી કરવા, ભાર ખેંચવા કે બોજો ઉપાડવા માટે ઉપયોગમાં લેવાતાં વાહનો, હોડીઓ, પ્રાણીઓ ઉપરનો કર, પછી તે ખરેખર ગામમાં કે તેની બહાર રાખેલાં હોય તો પણ;

(૬) ગામમાં દાખલ થતાં અને આ પેટા-કલમના ખંડ (૫) હેઠળ કરપાત્ર થતા ન હોય તેવાં વાહનો અને પ્રાણીઓનો ઉપર જણાવ્યા પ્રમાણે ઉપયોગ થતો હોય તેના ઉપર ટોલ;

(૭) ગામમાં રાખેલાં કુતરાં ઉપર કર,

(૮) સાર્વજનિક સંડાસ બાંધવા અથવા નિભાવવા અથવા બાંધવા અને નિભાવવા માટે અને કચરો દૂર કરવા અથવા તેનો નિકાસ કરવા માટે સામાન્ય સફાઈ ઉપકર;

(૯) મકાનો અને જમીનોની આકારણીના દર રૂપે અથવા કોઈપણ વર્ગના કેસોનો સંજોગોને સૌથી વધુ અનુકુળ હોય તેવા બીજા કોઈપણ રૂપે નાખવામાં આવે તેવો પાણીનો સામાન્ય આકાર;

(૧૦) (મુંબઈ મોટર વાહન કર અધિનિયમ, ૧૯૫૮ની કલમ ૨૦થી ઠરાવ્યા પ્રમાણે હોય તે સિવાય, મોટર વાહન અથવા ટ્રેઈલર પરનો ટોલ ન હોય એવો) જે બીજો કોઈપણ ઠરાવેલો કર અથવા વ્યવસાય, વ્યાપાર, ધંધા અને રોજગાર ઉપરનો કર અથવા કોઈ મનોરંજનમાં દાખલ થવા માટે આપવાની રકમો ઉપર કર રાજ્ય વિધાનમંડળને સંવિધાન હેઠળ રાજ્યમાં નાખવાની સત્તા હોય તે કર; સન ૧૯૫૮નો મુંબઈનો ૬૫મો.

(૧૧) બજારો અને અઠવાડિક બજારો ઉપરની ફી;

(૧૨) ગાડા ઊભા રાખવાની જગા અને ટાંગા ઊભા રાખવાની જગા ઉપર ફી;

(૧૩) પંચાયતે પાઈપ દ્વારા પાડેલા પાણી માટે, આવું પાણી પૂરૂ પાડવા માટેના ચાર્જો સહિત કોઈ સ્વરૂપમાં નાખી શકાય તેવો, કોઈપણ વર્ગના કેસોમાં સંજોગોને સૌથી વધુ અનુકુળ હોય તેવી પધ્ધતિ અથવા પધ્ધતિઓ દ્વારા નક્કી કરેલો પાણીનો ખાસ આકાર;

(૧૪) પોતાને પ્રાપ્ત થયેલા કૂવા અને તળાવોમાંથી ઘરગથ્થુ ઉપયોગ અને ઢોર માટે હોય તે સિવાયના બીજા હેતુઓ સારૂ પાણી પુરૂ પાડવા માટેની ફી;

---

* ૧. સન ૨૦૦૦ના ૧૨મા અધિનિયમની કલમ ૩થી કલમ ૨૦૦માં, પેટા-કલમ (૧)માં, ખંડ (૨) કમી કરેલ છે.

(૧૫) કોઇપણ સાર્વજનિક રસ્તા અથવા જગા ઉપરના કામચલાઉ બાંધકામ, અથવા તેના ઉપર બહાર નીકળતાં ભાગ અથવા તેના કામચલાઉ ભોગવટા માટેની ફી ;

(૧૬) પંચાયતોના સાધનો દ્વારા સાફ કરવામાં આવતાં ખાનગી સંડાસો, જગ્યાઓ અથવા વાડા ઉપર ખાસ સફાઇ ઉપકર;

(૧૭) ગટર વેરો ;

(૧૮) દીવાબત્તી વેરો ;

(૧૯) પંચાયતની માલિકીની હોય કે ન હોય એવી જમીન ઉપર બાંધેલી ખાળકૂંડી સાફ કરવા માટેની ફી;

(૨૦) પંચાયતની માલિકીના ગૌચરોમાં ઢોર ચરાવવા માટેની ફી ;

(૨૧) ખંડો (૧), (૮), (૯) અને (૧૮)માં નિર્દિષ્ટ કરેલા કોઇ બે કે વધારે જુદા કરોને બદલે, ગામની હદમાં આવેલા મકાનો અથવા જમીનો અથવા એ બન્ને ઉપર એકત્રિત કર.

(૨) પેટા-કલમ (૧) હેઠળ કોઇ કર અથવા ફીને પાત્ર હોય તેવી વ્યક્તિઓની ફરજો અને જવાબદારી ઠરાવવામાં આવે તેવી રહેશે.

(૩) પેટા-કલમ (૧) હેઠળ કરેલા નિયમોમાં, બીજી બાબતો સાથે નીચેની બાબતો માટે જોગવાઇ કરી શકાશે :-

(ક) ગામ પંચાયતે લીધેલા યાત્રાળુ વેરાની ઊપજનો ભાગ ઠરાવવામાં આવે તે પ્રમાણમાં અને ઠરાવવામાં આવે તેવા સંજોગોમાં અને તેવી શરતોએ, જિલ્લા પંચાયતે અથવા તાલુકા પંચાયતને નામે કરવા અને ચૂકવવા માટે.

(ખ) વાહનો અથવા પ્રાણીઓ ઉપરનો કર ભરવાને પાત્ર વ્યક્તિઓએ તેવો કર ઉચક રકમમાં ભરવા માટે.

(૪) પેટા-કલમ (૧)ના ખંડો (૧) અને (૨૧)માં ઉલ્લેખેલા; મકાનો અથવા જમીનો ઉપરનો કર તેના માલિકો અથવા ભોગવટો કરનારા પાસેથી વસૂલ કરી શકાશે :

પરંતુ મકાન અથવા જમીન માલિકે ગામ છોડી દીધું હોય અથવા બીજી રીતે તે મળી શકે તેમ ન હોય, ત્યારે જે વ્યક્તિને આવું મકાન અથવા જમીન તબદીલ કરવામાં આવ્યા હોય તે કોઇ વ્યક્તિ, માલિક પાસેથી લેવા પાત્ર કર આપવાને જવાબદાર થશે.

(૫) રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામું પ્રસિધ્ધ કરીને, એવો આદેશ કરી શકશે કે પેટા-કલમ (૧)ના ખંડ (૧)માં ઉલ્લેખેલા મકાનો અથવા જમીનો ઉપરનો કર, અનુસૂચિત જાતિઓ અથવા અનુસૂચિત આદિજાતિઓની વ્યક્તિઓની વધુ વસ્તીવાળા વિસ્તારમાં આવેલ સઘળાં મકાનો અને જમીનો ઉપર અથવા મકાનો અથવા જમીનોના કોઇપણ વર્ગ ઉપર લેવા પાત્ર થશે નહિ અથવા ઘટાડવામાં આવે તે દરે લેવાપાત્ર થશે.

(૬) એવા કોઇપણ કર અથવા ફી આકારવાથી, નાખવાથી અથવા લેવાથી જે વ્યક્તિ નારાજ થઇ હોય તે કોઇપણ વ્યક્તિ જિલ્લા પંચાયતને ઠરાવેલી મુદતની અંદર, અપીલ કરી શકશે.

(૭) અપીલ કરનાર પાસેથી માંગેલી રકમ અપીલ કરનારે પંચાયતમાં અનામત મૂકી ન હોય તો કોઇ અપીલ દાખલ કરી શકાશે નહીં.

(૮) રાજ્ય સરકાર કોઇ કર અથવા ફી નાખવાનું અથવા લેવાનું મોકૂફ રાખી શકશે અને કોઇપણ વખતે એવી મોકૂફી રદ કરી શકશે.

પંચાયતે નાખેલ કરોને બદલે કારખાના દ્વારા આપવાની એક સામટી રકમ.

૨૦૧. (૧) આ અધિનિયમ હેઠળ ઘડવામાં આવે તેવા નિયમો પૈકી કોઇ નિયમને અધીન રહીને અને પંચાયત પ્રબંધ કરે તેવી સઘળી અથવા કોઇ સુખસગવડ માટે કારખાનું, જાતે જ કારખાના વિસ્તારમાં પ્રબંધ કરે છે, એ હકીકતને ધ્યાનમાં લઇને, ગ્રામ પંચાયત રાજ્ય સરકારની મંજૂરી લઇને; પંચાયતે નાખેલા સઘળાં કરો અથવા તે પૈકી કોઇપણ કરને બદલે, એક સામટી રકમ મેળવવા માટે કોઇપણ કારખાના સાથે કબૂલાત કરી શકાશે.

(૨) પેટા-કલમ (૧)માં ઉલ્લેખેલી કબૂલાત કરી શકાય નહીં તો, ઠરાવેલી રીતે રાજ્ય સરકારને તે બાબત મોકલી શકાશે અને રાજ્ય સરકાર, અને પંચાયત, સંબંધ ધરાવતા કારખાનાને જે કંઇ કહેવું હોય તે કહેવાની તક આપ્યા પછી, આવી આપવાની રકમ નક્કી કરી શકશે. રાજ્ય સરકારનો નિર્ણય, પંચાયત અને સંબંધ ધરાવતાં કારખાનાને બંધનકર્તા રહેશે.

(૩) પેટા-કલમ (૨) હેઠળ રાજ્ય સરકારને કોઇ પણ બાબત મોકલવામાં આવે, ત્યારે રાજ્ય સરકાર કેસના સંજોગો ધ્યાનમાં લેતાં તેને નાંખવાને યોગ્ય લાગે તેવી શરતોને અધીન રહીને, લેખિત હુકમ દ્વારા, પંચાયતને કારખાના પાસેથી સઘળાં અથવા કોઈપણ કર ઉઘરાવવા કે વસૂલ કરવાનું રાજ્ય સરકાર, પેટા-કલમ (૨) હેઠળ તે બાબતનો નિર્ણય ન કરે ત્યાં સુધી, મોકૂફ રાખવાનો આદેશ કરી શકશે.

બજારો વગેરે, પરની ફીનો ઈજારો આપવા બાબત.

૨૦૨. (૧) બજારો અને અઠવાડિક બજારો ઉપર, પંચાયતે નાખેલ કોઇપણ ફી વસૂલ કરવા માટે [1][ * * * * ] ગ્રામ પંચાયત જાહેર લીલામથી અથવા ખાનગી કરારથી ઈજારો આપે, તો તે કાયદેસર ગણાશે :

પરંતુ ઈજારાની શરતોનું યોગ્ય રીતે પાલન કરવા સારૂ, ઈજારદારે તારણ આપવું પડશે.

(૨) ઈજારાની શરતો મુજબ આપવાની સઘળી રકમો ચૂકવવામાં આવે નહિ, તો તે જમીન મહેસૂલની બાકી તરીકે વસૂલ કરી શકાશે.

(૩) ઈજારદાર અને [2][ ફી ] એકઠી કરવામાં પોતાને મદદ કરવા સારૂ ઈજારદારે નોકરીમાં રાખેલી દરેક વ્યકિત, આ અધિનિયમ હેઠળ તે એકઠી કરવા માટે પંચાયતે નીમેલી વ્યકિતઓ ગણાશે અને આ અધિનિયમ હેઠળ [2][ ફી ] એકઠી કરવા માટે નિમાયેલી વ્યકિતઓની બધી સત્તા વાપરશે અને તેમની જવાબદારીઓ તે વ્યકિતઓની જેવી રહેશે.

(૪) [3][ એવી કોઇ ફી ] લેવા, એકઠી કરવા અને વસૂલ કરવા માટેના કોઇ નિયમો અથવા હુકમો, આ કલમની જોગવાઇઓને અધીન રહીને, અમલમાં આવશે.

જમીનં મહેસૂલના દરેક રૂપિયા ઉપર પચ્ચીસ પૈસાનો ઉપકર નાંખવા અને વસૂલ કરવા બાબત.

૨૦૩. (૧) ગ્રામ પંચાયત પોતાની બેઠકમાં ઠરાવ પસાર કરીને, જમીન મહેસૂલ તરીકે રાજ્ય સરકારને આપવાની અને કલમ ૧૯૧ની પેટા-કલમ (૧)ના ખંડો (ક), (ખ) અને (ગ) હેઠળ જેના પર ઉપકર લઇ શકાય તેવી દરેક રકમના દરેક રૂપિયા ઉપર પોતાની જરૂરિયાત અને શકિત અનુસાર, પચ્ચીસ પૈસાથી વધુ ન હોય તેવા દરેક ઉપકર નાખવા માટે રાજ્ય સરકારને અરજી કરી શકશે, અને તેમ થયે, રાજ્ય સરકારે, આવી પંચાયતની હકૂમતની અંદરના વિસ્તારમાં (કલમ ૧૯૧ હેઠળ નાંખવાના કોઇ ઉપકર ઉપરાંત) આવો ઉપકર નાંખવો અને વસૂલ કરવો જોઇશે.

(૨) લોકોના હિત માટે કોઇ ગ્રામ પંચાયત કોઇ ખાસ કામ અથવા કોઇ યોજના નિર્દિષ્ટ કરેલી મુદતની અંદર પૂરી કરવા માટે હાથ ધરે અને તે હેતુ સારૂ નાણાંનો વધુ પ્રબંધ કરવાની જરૂર હોય, તો પંચાયત, પોતાની બેઠકમાં ઠરાવ પસાર કરીને અને જિલ્લા પંચાયતની પૂર્વમંજૂરીથી પેટા-કલમ (૧) અનુસાર લેવામાં આવતા ઉપકરનો દર ઠરાવમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેટલાં પ્રમાણમાં અને તેટલી મુદત સુધી વધારવા માટે રાજ્ય સરકારને અરજી કરી શકશે ;

---

૧. સન ૨૦૦૧ના ૧૨મા અધિનિયમની કલમ ૪(ક)થી, ''અથવા ઓકટ્રોઇ વસૂલ કરવા માટે'' એ શબ્દો કમી કરેલ છે.

૨. સન ૨૦૦૧ના ૧૨મા અધિનિયમની કલમ ૪ (ખ) થી ''યથાપ્રસંગ, ફી અથવા ઓકટ્રોઇ'' એ શબ્દો જે બે જગ્યાએ આવે છે ત્યાં તેને બદલે, ''ફી'' એ શબ્દ મૂકેલ છે.

૩. સન ૨૦૦૧ના ૧૨મા અધિનિયમની કલમ ૪ (ગ) થી ''યથાપ્રસંગ, એવી કોઇ ફી અથવા ઓકટ્રોઇ'' એ શબ્દોને બદલે, ''એવી કોઇ ફી'' એ શબ્દ મૂકેલ છે.

પરંતુ રાજ્ય સરકારને સામાન્ય જમીન મહેસૂલ તરીકે આપવાની દરેક રકમના દરેક રૂપિયા પર આવો વધારો એકસો પૈસા કરતાં વધુ હોવો જોઇએ નહિ.

(૩) પેટા-કલમ (૧) અથવા (૨) હેઠળ અરજી મળે એટલે, રાજ્ય સરકારે પંચાયતે સુચવ્યા પ્રમાણે ઉપકર નાખવો અથવા તેનો દર વધારવો અને પેટા-કલમ (૧) નો તદ્દનુસાર અમલ થશે.

(૪) (આકારણી અને વસૂલાતનો ખર્ચ બાદ કર્યા પછી) પેટા-કલમ (૧) હેઠળ નાખેલા અને વસૂલ કરેલા કોઇ ઉપકરની ચોખ્ખી ઊપજ ગામ ફંડનો ભાગ બનશે અને તેમાં ભરવામાં આવશે.

(૫) પેટા-કલમ (૧)માં ઉલ્લેખેલો ઉપકર, જે પંચાયતને આપવાનો હોય તે પંચાયતની વિનંતી ઉપરથી, રાજ્ય સરકાર, કોઈપણ વર્ષમાં ઉપકર અથવા તેના કોઈપણ ભાગની વસૂલાત મુલતવી રાખી શકાશે.

**પંચાયતોનો કર વધારવાની તાલુકા પંચાયતને સત્તા.**

**૨૦૪.** (૧) કોઇ ગામ પંચાયતની આવક, તાલુકા પંચાયતના અભિપ્રાય પ્રમાણે અનુસૂચિ ૧માં નિર્દિષ્ટ કરેલી ફરજો, યોગ્ય રીતે અદા કરવા માટે જોઇએ તે કરતા ઓછી હોય, તો તાલુકા પંચાયત પંચાયતને જે કાંઇ કહેવું હોય તે કહેવાની તક આપ્યા પછી, પોતાને જરૂર જણાય તેટલે સુધી તે પંચાયતની આવક વધારવાને છ મહિનાની અંદર, પગલાં લેવા માટે તેને ફરમાવી શકશે. જો ગ્રામ પંચાયત જરૂર હોય તેટલે સુધી, પોતાની આવક વધારવાને પૂરતાં પગલાં લેવાને ચૂકે તો, તાલુકા પંચાયત કલમ ૨૦૦માં નિર્દિષ્ટ કરેલા કોઇ કર અથવા ફી નાંખવા માટે અથવા જે દરે આવાં કોઈ કર અને ફી લેવામાં આવે તે દર વધારવા માટે તેમને ફરમાવી શકશે અને એવા ફરમાનનું પાલન કરવાની પંચાયતની ફરજ રહેશે :

પરંતુ તાલુકા પંચાયતે આ અર્થે ઠરાવવામાં આવે તેવા વધારેમાં વધારે દર કરતાં વધુ દરે કોઈ કર અથવા ફી લેવાની અથવા તેનો દર વધારવાની પંચાયતને ફરજ પાડવી નહિ.

(૨) જે પંચાયતના સંબંધમાં, તાલુકા પંચાયતે પેટા-કલમ (૧) હેઠળ હુકમ કર્યો હોય, તે પંચાયત, ઠરાવેલી મુદતની અંદર, જિલ્લા પંચાયતને અપીલ કરી શકશે. જે, તે અપીલ સંબંધમાં પોતાને ન્યાયી અને યોગ્ય લાગે તેવો હુકમ પસાર કરી શકશે. અપીલનો નિર્ણય ન આવે ત્યાં સુધી, જિલ્લા પંચાયત હુકમની અમલબજવણી અટકાવી શકશે.

**સંભાળ અને રક્ષણનું ખર્ચ વસૂલ કરવા બાબત.**

**૨૦૫.** અનુસૂચિ ૧ની બાબત ૪ના ખંડ (ક) હેઠળ ગામ પંચાયત ગામની અને સીમાના પાકની સંભાળ અને રક્ષણ માટેનું ખર્ચ પંચાયતે, ઠરાવવામાં આવે તેવી વ્યક્તિઓ પાસેથી અને ઠરાવવામાં આવે તેવી રીતે (ફી લેવા સહિત) નાંખવું અને વસૂલ કરવું.

## ભાગ ૩

## તાલુકા પંચાયતોએ નાખવાના કરવેરા

**તાલુકા પંચાયત નાંખી શકે તેવા કર અને ફી અને તે વસૂલ કરવાની પધ્ધતિ.**

**૨૦૬.** (૧) રાજ્ય સરકાર, આ અર્થે કરે તેવા સામાન્ય અથવા ખાસ હુકમને અધીન રહીને, દરેક તાલુકા પંચાયત કલમ ૨૧૨ થી ઠરાવેલી પ્રારંભિક કાર્યરીતિનું પાલન કર્યા પછી, શિક્ષણ ઉપકર અને કલમ ૨૦૦ હેઠળ ગ્રામ પંચાયત લઇ શકે તેવા કર અને ફી પૈકી કોઇ કર અને ફી નાંખી શકશે :

પરંતુ કોઇ ગામની હદની અંદર કોઈપણ બાબતના સંબંધમાં, તાલુકા પંચાયતે લેવાના કર કે ફીનો દર, તેની તે જ બાબતના સંબંધમાં, ગ્રામ પંચાયતે ખરેખર લીધેલા કર કે ફીના દરના ૧૫ ટકા કરતાં વધારે હોવો જોઇએ નહીં અને ગ્રામ પંચાયતે આવો કર કે ફી લીધેલ ન હોય, ત્યારે તેની તે જ બાબતના સંબંધમાં કર કે ફીના, ઠરાવવામાં આવે તેવા વધારેમાં વધારે દરના ૧૫ ટકા, કરતાં વધારે હોવો જોઇએ નહીં;

વધુમાં,--

(૧) ખાસ સફાઇ ઉપકર અથવા પાણીના આકાર સિવાયનો ઉપર કહ્યા પ્રમાણે નાંખેલા કોઈપણ કર સરકારની અથવા જિલ્લા પંચાયતની માલિકીના હોય અને માત્ર સાર્વજનિક હેતુ માટે જ વપરાતા હોય અને નફો કરવાના હેતુ સારૂ વપરાતાં ન હોય અથવા વાપરવાનો ઇરાદો ન હોય એવા કોઇ મકાન અથવા કોઇ મકાનના ભાગ અથવા કોઇ પણ વાહન, પશુ અથવા બીજી મિલકતના સંબંધમાં, સરકારની અથવા યથાપ્રસંગ, સંબંધિત જિલ્લા પંચાયતની સ્પષ્ટ સંમતિ સિવાય, લઇ શકાશે નહિ અને સૈન્ય પસાર થાય તે બદલ, સરકારી માલસામાન અથવા બીજી કોઇ સરકારી મિલકત લઇ જવામાં આવે તે બદલ, ફરજ ઉપરના લશ્કરી અથવા પોલીસ અધિકારી પસાર થાય તે બદલ અથવા આવા અધિકારીઓની કસ્ટડીમાંની કોઇ વ્યક્તિ અથવા મિલકત લઇ જવામાં આવે તે બદલ કોઇ પણ ટોલ લઇ શકાશે નહિ; અને

(૨) જે કોઇ જમીનના સંબંધમાં, સ્થાનિક ઉપકર વસૂલ કરવામાં આવતો હોય, તેના ઉપર કોઇપણ મિલકત વેરો નાંખી શકાશે નહિ.

(૨) (ક) પેટા-કલમ (૧) હેઠળ સત્તા વાપરતી વખતે તાલુકા પંચાયત, ગ્રામ પંચાયતની હકૂમતમાંના કોઈ વિસ્તારમાં કોઈ વેરો અથવા ફી નાંખે ત્યારે, આવો વેરો અથવા ફી, જાણે તે આ અધિનિયમની જોગવાઈઓ હેઠળ સંબંધ ધરાવતી ગ્રામ પંચાયતે નાખેલ વેરો અથવા ફી હોય તેમ, સંબંધ ધરાવતી ગ્રામ પંચાયતે, જે વ્યક્તિઓએ કલમ ૨૧૫ની જોગવાઈઓ અનુસાર તાલુકા પંચાયતે કરેલાં નિયમો હેઠળ તેવો વેરો અથવા ફી ભરવાને જવાબદાર હોય તેવી વ્યક્તિઓ પાસેથી, વસૂલ કરવી અને આવો વેરો અથવા ફી તાલુકા પંચાયત નિર્દિષ્ટ કરે તેવા સમયે અને તેવી રીતે તાલુકા પંચાયતને ભરવો.

(ખ) કોઇ નાણાકીય વર્ષમાં, રાજ્ય સરકાર સામાન્ય અથવા ખાસ હુકમથી નક્કી કરે તેવા વેરા અથવા ફીની એકંદર વસૂલાતના પચાસ ટકા કરતાં વધારે ન હોય તેટલી રકમ તાલુકા ફંડનો ભાગ બનશે નહિ, પણ તે રકમ, તાલુકા પંચાયત નક્કી કરે તેવી રીતે ગ્રામ પંચાયત માટે તે સોંપવી જોઈશે.

(ગ) જો કોઈ પંચાયત, ખંડ (ક) હેઠળ નિર્દિષ્ટ કેરલા સમયની અંદર વેરા અથવા ફી ના સંબંધમાં, લેણી થતી રકમ ભરવામાં કંઈ કસૂર કરે, તો કલમ ૨૧૧ની જોગવાઈઓ, આવી કસૂરને જોઈતા ફેરફારો સાથે લાગુ પડશે અને તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત તે કલમ હેઠળ જે સત્તા વાપરતી હોય તે જ સત્તા વાપરશે.

તાલુકા પંચાયત માટે સ્ટેમ્પ ડ્યુટીનો વધારો.

૨૦૭. (૧) તાલુકા પંચાયત પોતાની બેઠકમાં ઠરાવ પસાર કરીને, તાલુકાની હદમાં આવેલી સ્થાવર મિલકતના વેચાણ, ગીરો, પટા અથવા બીજા કોઈપણ જાતના સ્વત્વાપર્ણને લગતાં લેખો પર મુંબઈ સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮ મુજબ લેવા પાત્ર સ્ટેમ્પ ડ્યુટીનો દર તેવી રીતે લેવાના ડ્યુટીના દરના પંદર ટકાથી વધે નહી તેટલા પ્રમાણમાં અને ઠરાવમાં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે વધારવા માટે રાજ્ય સરકારને અરજી કરી શકશે. સન ૧૯૫૮નો મુંબઈનો ૬૦મો.

સન ૧૯૫૮નો મુંબઈનો ૬૦મો.

(૨) મુંબઈ સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮માં ગમે તે મજકૂર હોય તે છતાં, પેટા-કલમ (૧) હેઠળ અરજી મળે એટલે, રાજ્ય સરકારે રાજપત્રમાં જાહેરનામું પ્રસિધ્ધ કરીને, એવો આદેશ કરવો કે તાલુકામાં આવેલી સ્થાવર મિલકતને લગતા જાહેરનામામાં નિર્દિષ્ટ પ્રકારના વર્ગના લેખો ઉપરની સ્ટેમ્પ ડ્યુટીનો દર જાહેરનામામાં નિર્દિષ્ટ કરવામાં આવેલા પ્રમાણમાં, તે જાહેરનામામાં નિર્દિષ્ટ કરવામાં આવેલી તારીખથી વધારવો અને તેમ થયે, સ્ટેમ્પ ડ્યુટીનો દર તદ્નુસાર વધારેલો ગણાશે. સન ૧૯૫૮નો મુંબઈનો ૬૦મો.

(૩) આ કલમના હેતુઓ સારુ, મુંબઈ સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮ની કલમ ૨૮, જાણે નીચેની બાબતોના સંબંધમાં તે કલમથી તેમાં ઉલ્લેખ કરેલી વિગતો જુદીજુદી જણાવવાનું વિશિષ્ટ રીતે ફરમાવ્યું હોય તેવી રીતે વાંચવી :– સન ૧૯૫૮નો મુંબઈનો ૬૦મો.

(ક) કોઈપણ તાલુકા પંચાયતની હકૂમતમાં આવેલી મિલકત, અને

(ખ) કોઈ તાલુકા પંચાયતની હકૂમતમાં આવેલી ન હોય તેવી મિલકત.

(૪) આ કલમ હેઠળ કોઈપણ વર્ગના લેખોના સંબંધમાં, સ્ટેમ્પ ડ્યુટીમાં કરેલો વધારો, કલમ ૨૦૯ હેઠળ જિલ્લા પંચાયત માટે તે જ વર્ગના લેખોના સંબંધમાં, તેમાં કરેલા કોઈપણ વધારા ઉપરાંત રહેશે.

(૫) આ અર્થે કાયદાથી કરાયેલા યોગ્ય વિનિયોગ પછી, રાજ્ય સરકાર દર વર્ષે તાલુકા પંચાયતને રાજ્યના એકત્રિત ફંડમાંથી તાલુકા પંચાયતની હકૂમતમાં આવેલી મિલકતોના સંબંધમાં, પેટા-કલમ (૧) હેઠળ વસૂલ કરેલ વધારાની ડ્યુટી જેટલી આશરે સહાયક ગ્રાન્ટ આપશે.

## ભાગ ૪

## જિલ્લા પંચાયતોએ નાખવાના કરવેરા

૨૦૮. (૧) રાજ્ય સરકાર, આ અર્થે કરે તેવા કોઈ સામાન્ય અથવા ખાસ હુકમને અધીન રહીને, દરેક જિલ્લા પંચાયત, કલમ ૨૧૨થી ઠરાવેલી પ્રારંભિક કાર્યરીતિનું પાલન કર્યા પછી, કલમ ૨૦૦ હેઠળ ગ્રામ પંચાયત લઈ શકે તેવા કર અને ફી પૈકી કોઈપણ કર અને ફી નાખી શકશે: જિલ્લા પંચાયતો નાખી શકે તેવા કર.

પરંતુ કોઈ ગામની હદની અંદર કોઈપણ બાબતના સંબંધમાં, જિલ્લા પંચાયતે લેવાના કર કે ફીનો દર, તેની તે જ બાબતના સંબંધમાં, ગ્રામ પંચાયતે ખરેખર લીધેલ કર કે ફીના દરના ૧૦ ટકા કરતાં વધારે હોવો જોઈએ નહી અને ગ્રામ પંચાયતે આવા કર કે ફી લીધેલ ન હોય ત્યારે, તેની તે જ બાબતમાં સંબંધોમાં કર કે ફીના ઠરાવેલ વધારામાં વધારે દરના ૧૦ ટકા કરતા વધારે હોવા જોઈએ નહિ;

વધુમાં–

(૧) ખાસ સફાઈ ઉપકર અથવા પાણીના આકાર સિવાયનો ઉપર કહ્યા પ્રમાણે નાંખેલા કોઈ કર સરકારની તાલુકા પંચાયતની માલિકીના હોય અને માત્ર સાર્વજનિક હેતુ માટે જ વપરાતા હોય અને નફો કરવાના હેતુ સારૂ વપરાતા ન હોય અથવા વાપરવાનો ઈરાદો ન હોય એવા કોઈ મકાન અથવા કોઈપણ મકાનના ભાગ અથવા કોઈ વાહન, પશુ અથવા બીજી મિલકતના સંબંધમાં, યથાપ્રસંગ, સરકારની અથવા સંબંધિત તાલુકા પંચાયતની સ્પષ્ટ સંમતિ સિવાય, લઈ શકાશે નહિ, અને સૈન્ય પસાર થાય તે બદલ, સરકારી માલસામાન અથવા બીજી કોઈપણ સરકારી મિલકત લઈ જવામાં આવે તે બદલ ફરજ પરના લશ્કરી અથવા પોલીસ અધિકારી પસાર થાય તે બદલ, અથવા અધિકારીઓના કસ્ટડીમાંની કોઈ વ્યક્તિ અથવા મિલકત લઈ જવામાં આવે તે બદલ કોઈપણ ટોલ લઈ શકાશે નહિ, અને

(૨) જે કોઈ જમીનના સંબંધમાં સ્થાનિક ઉપકર વસૂલ કરવામાં આવતો હોય તેના ઉપર કોઈ મિલકત વેરો નાંખી શકાશે નહિ.

સન ૧૯૫૮નો મુંબઈનો ૬૦મો. — **જિલ્લા પંચાયત માટે સ્ટેમ્પ ડ્યુટીનો વધારો.**

૨૦૯. (૧) જિલ્લા પંચાયત પોતાની બેઠકમાં ઠરાવ પસાર કરીને, જિલ્લાની હદમાં આવેલી સ્થાવર મિલકતના વેચાણ, ગીરો, પટા અથવા બીજી કોઈપણ જાતના સ્વત્વાર્પણને લગતાં લેખો પર, મુંબઈ સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮ હેઠળ લેવાપાત્ર સ્ટેમ્પ ડ્યુટીનો, દર, તેવી રીતે લેવાના ડ્યુટીના દરના ૨૦ ટકાથી વધે નહિ તેટલા પ્રમાણમાં અને ઠરાવમાં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે વધારવા માટે રાજ્ય સરકારને અરજી કરી શકશે.

સન ૧૯૫૮નો મુંબઈનો ૬૦મો.

(૨) મુંબઈ સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮માં, ગમે તે મજકૂર હોય તે છતાં, પેટા-કલમ (૧) હેઠળ અરજી મળે એટલે, રાજ્ય સરકારે રાજપત્રમાં જાહેરનામું પ્રસિધ્ધ કરીને, એવો આદેશ કરવો કે જિલ્લામાં આવેલી સ્થાવર મિલકતને લગતાં જાહેરનામામાં નિર્દિષ્ટ કરેલા પ્રકારના વર્ગના લેખો ઉપરના સ્ટેમ્પનો દર, જાહેરનામામાં નિર્દિષ્ટ કરવામાં આવેલા પ્રમાણમાં જાહેરનામામાં નિર્દિષ્ટ કરવામાં આવેલી તારીખથી વધારવો અને તેમ થયે, સ્ટેમ્પ ડ્યુટીના દર તદનુસાર વધારેલો ગણાશે

સન ૧૯૫૮નો મુંબઈનો ૬૦મો.

(૩) આ કલમના હેતુ સારૂ, મુંબઈ સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮ની કલમ ૨૮, જાણે નીચેની બાબતોના સંબંધમાં તે કલમથી તેમાં ઉલ્લેખેલી વિગતો જુદી જુદી જણાવવાનું વિશિષ્ટ રીતે ફરમાવ્યું હોય તે રીતે વાંચવી-

(ક) કોઈપણ જિલ્લા પંચાયતની હકૂમતમાં આવેલી મિલકત, અને

(ખ) કોઈ જિલ્લા પંચાયતની હકૂમતમાં આવેલી ન હોય તેવી મિલકત.

(૪) આ કલમ હેઠળ કોઈપણ વર્ગના લેખોના સંબંધમાં, સ્ટેમ્પ ડ્યુટીમાં કરેલો વધારો, કલમ ૨૦૭ હેઠળ તાલુકા પંચાયત માટે તે જ વર્ગના લેખોના સંબંધમાં, તેમાં કરેલા કોઈપણ વધારા ઉપરાંત રહેશે.

(૫) આ અર્થે કાયદાથી કરાયેલા યોગ્ય વિનિયોગ પછી, રાજ્ય સરકાર દર વર્ષે જિલ્લા પંચાયતને રાજ્યના એકત્રિત ફંડમાંથી જિલ્લા પંચાયતની હકૂમતમાં આવેલી મિલકતોના સંબંધમાં, પેટા-કલમ (૧) હેઠળ વસૂલ કરેલ વધારાની ડ્યુટી જેટલી આશરે સહાયક ગ્રાન્ટ આપશે.

**વ્યવસાયો વગેરે ઉપર જિલ્લા પંચાયતે લીધેલો કર ગ્રામ પંચાયતે વસૂલ કરવા બાબત.**

૨૧૦. આ અધિનિયમથી મળેલી સત્તાની રૂએ કોઈ જિલ્લા પંચાયત કોઈ કર અથવા ફી નાખે ત્યારે, આ અધિનિયમમાં અથવા તે સમયે અમલમાં હોય તેવા બીજા કોઈ કાયદામાં ગમે તે મજકૂર હોય તે છતાં, ગામ પંચાયતની હકૂમતની અંદરના કોઈપણ વિસ્તારમાં:-

(ક) આવા કર કે ફી જિલ્લા પંચાયતે કરેલા નિયમો હેઠળ કર કે ફી ભરવાના જેઓ જવાબદાર હોય અને જેઓ એવા વિસ્તારમાં રહેતી હોય અથવા કોઈ વ્યાપાર કરતી હોય અથવા કોઈ વ્યવસાય કરતી હોય અથવા આજીવિકા ચલાવતી હોય તેવી વ્યક્તિઓ પાસેથી લાગતી વળગતી ગ્રામ પંચાયતે, જાણે તે કર કે ફી, આ અધિનિયમની જોગવાઈઓ હેઠળ ગ્રામ પંચાયતે નાખેલો કોઈ કર કે ફી હોય તેમ, કલમ ૨૧૫ ની જોગવાઈઓ અનુસાર વસૂલ કરવો અને જિલ્લા પંચાયત નિર્દિષ્ટ કરે તેવા સમયે અને તેવી રીતે જિલ્લા પંચાયતને આપવો.

(ખ) કોઈ હિસાબી વર્ષમાં આવા કર કે ફીની વસૂલ થયેલી એકંદર રકમના ૫૦ ટકા કરતાં વધારે નહીં તેટલા જે ટકા રાજ્ય સરકાર સામાન્ય અથવા ખાસ હુકમથી નક્કી કરે તેટલા ટકા જેટલી રકમ, જિલ્લા ફંડનો ભાગ બનશે નહિ, પણ તે રકમ જિલ્લા પંચાયત નક્કી કરે તેવી રીતે ગ્રામ પંચાયતને સોંપવી જોઈશે.

**રકમ આપવાની પંચાયતની કસૂર.**

૨૧૧. (૧) જો કોઇ પંચાયત વ્યવસાય, વેપાર, આજીવિકા અને નોકરી પરના કરના સંબંધમાં લેણી હોય તેવી કોઈ રકમ અથવા બીજો કોઈ કર કે ફી કલમ ૨૧૦ના ખંડ (ક) હેઠળ જિલ્લા પંચાયતે નિર્દિષ્ટ કરેલા સમયની અંદર ભરવાને કસૂર કરે તો, જિલ્લા પંચાયત આવી પંચાયતને પ્રાપ્ત થયેલા ફંડને લગતાં કોઈ કાયદામાં અથવા તે અમલમાં હોય તેવા બીજા કોઈ કાયદામાં ગમે તે મજકૂર હોય તે છતાં, જે કોઈ બેન્કમાં પંચાયતના કોઈ નાણાં અનામત મૂકેલ હોય, તે બેન્કને અથવા જે સરકારી તિજોરી અથવા બીજી કોઈ સુરક્ષિત જગ્યામાં પંચાયતના નાણાં અનામત મૂકેલા હોય, તે સરકારી તિજોરી અથવા સુરક્ષિત જગ્યા, જે વ્યક્તિના હવાલામાં હોય તે વ્યક્તિને જે નાણાં આવી બેન્કમાં પંચાયત ખાતે જમા હોય અથવા એવી વ્યક્તિને હસ્તક હોય અથવા આવી બેન્ક અથવા વ્યક્તિને પંચાયત પાસેથી અથવા તેના વતી અનામત રકમ તરીકે વખતોવખત મળે તે નાણામાંથી આવી રકમને ભરવાનો હુકમ કરી શકશે અને આવી બેંક અથવા વ્યક્તિ આવો હુકમ માનવાને બંધાયેલી રહેશે.

(૨) પેટા-કલમ (૧) હેઠળના હુકમ અનુસાર કરેલી દરેક ચુકવણીથી આવી બેંકમાં અથવા આવી વ્યક્તિ પાસે એ રીતે અનામત મૂકેલા પંચાયતના નાણાંમાંથી તે બેંકે અથવા વ્યક્તિએ આ રીતે આપેલી કોઇ રકમના સંબંધમાં આવી બેંક અથવા આવી વ્યક્તિ પંચાયતની સઘળી જવાબદારીમાંથી સંપૂર્ણ રીતે છૂટી થયેલી ગણાશે.

## ભાગ--૫

## તાલુકા પંચાયતો અને જિલ્લા પંચાયતોએ કર અથવા ફી લેવા માટેની કાર્યરીતિ

કર નાખતાં પહેલાં જિલ્લા પંચાયતે અનુસરવાની કાર્યરીતિ.

**૨૧૨.** (૧) તાલુકા પંચાયતે અથવા યથાપ્રસંગ, જિલ્લા પંચાયતે કોઇ કર અથવા ફી નાખતાં પહેલાં, પંચાયતની બેઠકમાં ઠરાવ પસાર કરીને--

(ક) નાખી શકાય એવો કર અથવા ફી પસંદ કરવી; અને

(ખ) પસંદ કરેલો કર અથવા ફી વર્ણવતા નિયમો મંજૂર કરવા; અને

(ગ) તેવા ઠરાવમાં અને તેવા નિયમોમાં નીચેની બાબતો નિર્દિષ્ટ કરવી :-

(૧) વ્યક્તિઓના અથવા મિલકતના અથવા બન્નેના જે વર્ગ અથવા વર્ગોને, પંચાયત કરપાત્ર કરવા માંગતી હોય તે માફી (જે સંજોગો અથવા સિધ્ધાંતો અનુસાર માફી આપી શકાય તે સંજોગો અને સિધ્ધાંતો સહિત) અને તેવો કોઇ કર અથવા ફી આપવાને પાત્ર હોય તેવી વ્યક્તિઓની ફરજો અને જવાબદારીઓ;

(૨) આવા વર્ગોને જે રકમને અથવા દરને પાત્ર ઠરાવવા ધાર્યું હોય તે રકમ અથવા દર; અને

(૩) રાજ્ય સરકાર એવી રીતે નિર્દિષ્ટ કરવાનું ફરમાવે તેવી બીજી સઘળી બાબતો.

(૨) આવો ઠરાવ પસાર થાય ત્યારે પંચાયતે, ઠરાવેલા નમૂનામાં અને ઠરાવેલી રીતે નોટિસ સહિત નિયમો પ્રસિધ્ધ કરવા.

(૩) તાલુકાના અથવા યથાપ્રસંગ, જિલ્લાના જે કોઇ રહેવાસીને સદરહુ કર અથવા ફી નાખવા સામે અથવા સુચિત રકમ અથવા દર સામે અથવા તે કરને, ફીને, રકમને અથવા દરને પાત્ર હોય તેવી વ્યક્તિઓ અથવા મિલકતના વર્ગ સામે અથવા સૂચિત કોઇપણ માફી સામે વાંધો હોય તે રહેવાસી, સદરહુ નોટિસ પ્રસિધ્ધ થયા પછી, એક મહિનાની અંદર પોતાનો વાંધો લખીને તાલુકા પંચાયતને અથવા યથાપ્રસંગ, જિલ્લા પંચાયતને મોકલી શકશે અને પંચાયતે આવા સઘળા વાંધા વિચારણામાં લેવા જોઇશે અથવા તે વિચારણામાં લેવાને તથા તે વિષે રિપોર્ટ કરવાને પોતાના સભ્યોની એક સમિતિ અધિકૃત કરવી જોઇશે.

(૪) પંચાયતે તેની દરખાસ્તો અને તે સંબંધી મળેલા સઘળા વાંધા અથવા સમિતિનો કોઇપણ રિપોર્ટ હોય તો તે, બેઠકમાં વિચારણામાં લેવા અને ફેરફારો સાથે અથવા ફેરફાર વગર નિયમો મંજૂર કરવા જોઇશે.

કર નાબૂદ કરવા અથવા તેમાં ફેરફાર કરવા માટેની કાર્યરીતિ.

**૨૧૩.** (૧) પંચાયત અગાઉ નાખેલ કોઇ કર અથવા ફી નાબૂદ કરવા અથવા તેની રકમ અથવા દરમાં ફેરફાર કરવાની દરખાસ્ત કરવા માટે ખાસ બેઠકમાં ઠરાવ પસાર કરી શકશે.

(૨) આવી કોઇપણ દરખાસ્તની તજવીજ, કલમ ૨૧૨માં નવો કર અથવા ફી નાખવા માટે જણાવેલી કાર્યરીતિ અનુસાર કરવી, અને આ કલમ હેઠળ કર અથવા ફી નાબૂદ કરવા અથવા તેમાં ફેરફાર કરવા બાબતનું, રાજપત્રમાં પ્રસિધ્ધ થયેલું જાહેરનામું, આવી નાબૂદી અથવા ફેરફાર, આ અધિનિયમની જોગવાઇઓ અનુસાર કરવામાં આવેલ છે તેની નિર્ણાયક સાબિતી ગણાશે.

(૩) આ કલમમાંના કોઇપણ મજકૂરથી કલમ ૨૦૩, ૨૦૭ અથવા ૨૦૯ હેઠળ જમીન મહેસૂલ ઉપરના ઉપકરના દરમાં અથવા સ્ટેમ્પ દરમાં વધારો કરવાની દરખાસ્ત મૂકવાની પંચાયતની સત્તાને બાધ આવશે નહિ.

મંજૂર કરેલા નિયમોની નોટિસ સાથે પ્રસિધ્ધિ.

**૨૧૪.** કલમ ૨૧૨ હેઠળ મંજૂર કરવામાં આવેલા સઘળા નિયમો જે તાલુકા માટે કરવામાં આવ્યા હોય તે તાલુકામાં તાલુકા પંચાયતે અને જે જિલ્લા માટે, તે કરવામાં આવ્યા હોય તે જિલ્લામાં જિલ્લા પંચાયતે, ઠરાવેલી રીતે પ્રસિધ્ધ કરવા અને એ રીતે પ્રસિધ્ધ કરેલા નિયમોમાં તે કલમ હેઠળ નોટિસમાં નિર્દિષ્ટ કરેલી (તેવી નોટિસની પ્રસિધ્ધિની તારીખથી એક મહિના કરતાં મોડી ના હોય તેવી તારીખથી તદ્નુસાર નાખવો જોઇશે:)

પરંતુ--

(ક) વર્ષે વર્ષે લેવાના કર--

(૧) નીચે જણાવેલી કોઇપણ તારીખે એટલે કોઇ વર્ષની એપ્રિલની પહેલી તારીખ, જુલાઇની પહેલી તારીખ, ઓક્ટોબરની પહેલી તારીખ અથવા જાન્યુઆરીની પહેલી તારીખ સિવાયની બીજી કોઇપણ તારીખે અમલમાં આવશે નહિ; અને

(૨) જો તે એપ્રિલની પહેલી તારીખ સિવાયની બીજી કોઇ તારીખે અમલમાં આવે, તો ત્યાર પછી તરત આવતાં એપ્રિલ મહિનાની પહેલી તારીખ સુધી દર ત્રણ મહિને વસૂલ કરી શકાશે;

(ખ) જે દિવસે નોટિસ કાઢવામાં આવે તે દિવસે અથવા તે દિવસ પહેલાં, પંચાયતે જરૂરી જણાય તેવા વધારાના વિગતવાર નિયમો, તેમાં નિર્દિષ્ટ કરેલો કર લેવાની તથા વસૂલ કરવાની રીત અને તે કર અથવા તેના હપ્તા (હોય તો તે) આપવાની તારીખો ઠરાવીને પ્રસિધ્ધ કરવી; અને

(ગ) જો કોઇ કર અથવા કરનો ખાસ ભાગ ફક્ત નક્કી કરેલી મુદત માટે લેવાની મંજૂરી આપી હોય, તો તે કર અથવા ભાગ તે મુદત દરમિયાન લેણી થઇ હોય તેવી ભરાયા વગરની કોઇપણ બાકી વસૂલ કરવાની હોય તે સિવાય, તે મુદતની આખરે તે લેવાનું બંધ થશે.

## પ્રકરણ-૧૦મું
## કર, ફી ઉપકર અને બીજા લેણાની વસૂલાત

૨૧૫ કર તથા બીજા લેણાની વસૂલાત.

૨૧૬ '[ * * * * *]

૨૧૭ વસૂલ કરી ન શકાય એવી રકમો માંડી વાળવાનો આદેશ કરવાની જિલ્લા વિકાસ અધિકારીની સત્તા.

## પ્રકરણ ૧૦મુ

## કર, ફી, ઉપકર અને બીજા લેણાંની વસૂલાત

**૨૧૫.** (૧) કોઇ કર અથવા ફી અથવા બીજી કોઇ રકમ લેણી થઇ હોય, ત્યારે પંચાયતે બને તેટલો ઓછો વિલંબ કરીને, તે રકમ ભરવાને જવાબદાર વ્યક્તિને તેની પાસે લેણી થતી રકમ બદલ, બીલ અપાવવું જોઇશે અને તેમાં તે રકમ કઇ તારીખે અથવા કઇ તારીખ પહેલાં ભરવી જોઇએ તે તારીખ નિર્દિષ્ટ કરવી જોઇશે. કર તથા બીજા લેણાંની વસૂલાત.

(૨) જો કોઇ વ્યક્તિ આ અધિનિયમ અથવા નિયમો હેઠળ પંચાયતનો તેની પાસેથી લેણી થતો કોઇ કર અથવા ફી કે બીજી કોઇ રકમ, તે આપવા માટે નિર્દિષ્ટ કરેલી તારીખે અથવા તે પહેલાં આપવાને ન ચૂકે, તો, તેણે યથાપ્રસંગ કર, ફી અથવા રકમ ઉપરાંત ગુનેગારી તરીકે પંચાયતને જે દરેક પૂરા મહિના દરમિયાન યથાપ્રસંગ, તે કર, ફી અથવા રકમ આપવામાં કસૂર કરવાનું ચાલુ રાખે તે મહિના માટે સદરહુ કર અથવા યથાપ્રસંગ, ફી અથવા રકમના એક ટકા જેટલી રકમ ભરવી જોઇશે;

(૩) જે કોઇ વ્યક્તિ પેટા-કલમ (૨) હેઠળ કસૂર કરનાર હોય તે વ્યક્તિના દાખલામાં, પંચાયત એવી વ્યક્તિ ઉપર ઠરાવેલી નમૂના પ્રમાણેનો માગણીનો હુકમ બજાવડાવવો જોઇશે.

(૪) પેટા-કલમ (૧) હેઠળ દરેક બીલ આપવાનું કામ તથા પેટા-કલમ (૨) હેઠળ માગણીનો દરેક હુકમ-- બજાવવાનું કામ આ અર્થે પંચાયતના અધિકારી અથવા નોકરે નીચેની રીતે કરવું જોઇશે :-

(ક) જે વ્યક્તિના નામનું તે બીલ હોય અથવા જે વ્યક્તિના નામનો તે હુકમ હોય તે વ્યક્તિને આપીને અથવા આપવા માંડીને; અથવા

(ખ) જો એવી વ્યક્તિ મળે નહીં, તો તે બીલ અથવા હુકમ તેની જાણમાં હોય તેવું તેનું છેલ્લું રહેવાનું સ્થળ, જો પંચાયતની હકૂમત હેઠળના વિસ્તારમાં હોય, તો તે સ્થળે મૂકીને અથવા તેના કુટુંબની કોઇ પુખ્ત વયની પુરુષ વ્યક્તિને અથવા નોકરને આપીને અથવા આપવા માંડીને; અથવા

(ગ) જો આવી વ્યક્તિ પંચાયતની હકૂમત હેઠળના વિસ્તારમાં રહેતી ન હોય અને તેની બીજી જગાના સરનામાની બીલ અથવા હુકમ કાઢવાની આદેશ કરનાર અધિકારીને ખબર હોય, તો તે બીલ અથવા હુકમ સદરહુ સરનામાવાળા કવરમાં તેવી વ્યક્તિને રજિસ્ટર્ડ ટપાલથી મોકલીને; અથવા

(ઘ) ઉપર જણાવેલી રીતે તે બજાવી શકાય તેમ ન હોય, તો મકાન અથવા જમીનને લગતો હોય તે મકાન અથવા જમીનના સહેલાઇથી દેખાઇ આવે એવા ભાગ પર તે બીલ અથવા હુકમ ઓછામાં ઓછા બે પંચની હાજરીમાં ચોંટાડાવીને.

(૫) જે રકમ માટે માગણીનો હુકમ બજાવવામાં આવ્યો હોય તે રકમ, એવી રીતે હુકમ બજાવ્યાની તારીખથી ત્રણ દિવસની અંદર ભરવામાં ન આવે, તો પંચાયત આવી રકમ, કસૂર કરનારની જંગમ મિલકત ઠરાવેલી રીતે ટાંચમાં લઇને તે વેચીને વસૂલ કરી શકશે.

(૬) (ક) પેટા-કલમ (૨) હેઠળ કાઢેલા દરેક માંગણીના હુકમની ફી.

(ખ) પેટા-કલમ (૩) હેઠળ મુકેલી દરેક ટાંચની ફી.

(ગ) પેટા-કલમ (૫) હેઠળ પકડેલા કોઇપણ પશુને નિભાવવાના ખર્ચની ફી, ઠરાવવામાં આવે તેવા દરે લઇ શકાશે.

(૭) પૂર્વવર્તી પેટા-કલમોમાં ગમે તે મજકૂર હોય તે છતાં, નિયમો અનુસાર માંગણી કરવામાં આવેથી ભરવાના કોઇ કર અથવા ફી ઠરાવવામાં આવે તેવી રીતે વસૂલ કરી શકાશે.

(૮) કોઇ પંચાયત, ઉપર પ્રમાણે પોતાના લેણાં થતાં કર અથવા ફી અથવા (દંડ સહિત) બીજી રકમ વસૂલ ન કરી શકે તો તે જમીન મહેસૂલની બાકી તરીકે વસૂલ કરી શકાશે.

(૯) જો કોઇ પંચાયત પોતાનો લેણો થતો કર, ફી, અથવા કાંઇ રકમ વસૂલ કરવાને ચૂકે અથવા આ કલમની પેટા-કલમો (૨) અને (૫) હેઠળ પગલાં લેવામાં ગફલત કરે, તો યોગ્ય સત્તાધિકારી તે જમીન મહેસૂલની બાકી તરીકે વસૂલ કરવા માટે કલેકટરને અરજી કરી શકશે.

(૧૦) એવી અરજી મળે એટલે, કલેકટરે પોતાને યોગ્ય લાગે તેવી તપાસ કર્યા પછી, કલ ૨૧૭ હેઠળ તેવી રકમ માંડી વાળવાનો આદેશ કરવામાં આવ્યો ન હોય તો જમીન મહેસૂલની બાકી તરીકે તે રકમ વસૂલ કરવાનું કામ શરૂ કરવું જોઇશે.

ઓક્ટ્રોઇ ભરવાનું ટાળવા બદલ શિક્ષા.

**૨૧૬.** [1][* * * * * * * *]

વસૂલ કરી ન શકાય એવી રકમો માંડી વાળવાનો આદેશ કરવાની જિલ્લા વિકાસ અધિકારીની સત્તા.

**૨૧૭.** જિલ્લા વિકાસ અધિકારી વસૂલ કરી શકાય તેવા રકમ, જમીન મહેસૂલની બાકી રહેતી વસૂલ કરવાપાત્ર રકમ તરીકે પ્રમાણિત કરી હોય તેવી રકમ, પોતાના અભિપ્રાય પ્રમાણે, વસૂલ કરી ન શકાય તેવી હોય તો તે માંડી વાળવાનું ફરમાવવાનો આદેશ કરી શકશે:

પરંતુ રાજ્ય સરકારની પૂર્વમંજૂરી લીધા સિવાય, પાંચસો રૂપિયા વધારે કોઇ રકમ માંડી વાળી શકાશે નહિ.

## પ્રકરણ-૧૧મું

## પંચાયતોને આર્થિક સહાય


૨૧૮ પંચાયતોને ગ્રાન્ટ આપવા માટે રાજય સરકારે જોગવાઇ કરવા બાબત.

૨૧૯ ત્રણ વર્ષની જમીન મહેસૂલની સરાસરી વસૂલાતમાંથી ગ્રાન્ટનું પ્રમાણ.

૨૨૦ રાજય સમકારી ફંડ.

૨૨૧ જિલ્લા સમકારી ફંડ.

૨૨૨ જિલ્લા ગ્રામ ઉત્તેજન ફંડ.

૨૨૩ જિલ્લા વિકાસ ફંડ.

૨૨૪ જિલ્લા પંચાયતોને જંગલની ઉપજનો ભાગ આપવા બાબત.

૨૨૫ કેટલીક ગ્રામ પંચાયતોને જંગલની ઉપજમાંથી ગ્રાન્ટ આપવા બાબત.

## પ્રકરણ ૧૧મું

## પંચાયતોને આર્થિક સહાય

પંચાયતોને ગ્રાન્ટ આપવા માટે રાજ્ય સરકારે જોગવાઇ કરવા બાબત.

**૨૧૮.** રાજ્ય વિધાનમંડળે આ અર્થે કાયદાથી યોગ્ય વિનિયોગ કર્યા પછી, રાજ્ય સરકારે, નાણા કમિશનની કોઇ ભલામણ હોય તો તેને ધ્યાનમાં લઇને, દર વર્ષે આ પ્રકરણ અનુસાર પંચાયતોને ગ્રાન્ટ આપવા માટે જોગવાઇ કરવી.

ત્રણ વર્ષની જમીન મહેસૂલની સરાસરી વસૂલાતમાંથી ગ્રાન્ટનું પ્રમાણ.

**૨૧૯.** (૧) કલમ ૨૧૮ના હેતુ સારું રાજ્ય સરકારે દર વર્ષે રાજ્યમાં છેવટના ત્રણ મહેસૂલી વર્ષ દરમિયાન ઉઘરાવેલી કે વસૂલ કરેલી જમીન મહેસૂલની સરાસરી રકમ જેટલી રકમ નક્કી કરવી.

(૨) પેટા-કલમ (૧) હેઠળ નક્કી કરેલી રકમમાંથી.--

(ક) ઠરાવવામાં આવે તેટલી રકમની ટકાવારી જેટલી રકમ રાજ્યમાં ગ્રામ પંચાયતોને સેક્રેટરીઓના તથા તલાટીઓના પગાર અંગેના અને તેઓની તાલીમ અંગેના ખર્ચને પહોંચી વળવા માટે જુદી જુદી કાઢવી જોઇશે;

(ખ) રકમના ૫ ટકા જેટલી રકમ, કલમ ૨૨૦ હેઠળ સ્થાપેલી રાજ્ય સરકારી ફંડમાં ભરવી જોઇશે:

પરંતુ જે દેવસ્થાન ગામના સંબંધમાં જમીન મહેસૂલ દેવસ્થાનની તરફેણમાં, પૂર્ણતઃ અથવા અંશતઃ સોંપવામાં આવે તે દેવસ્થાન ગામની પંચાયતના દાખલામાં ગ્રામ પંચાયતને, દર વર્ષે રાજ્ય સરકારી ફંડમાંથી પેટા-કલમ (૩) હેઠળ અન્ય ગામોને લાગુ પડતા ધોરણે રકમ આપવી જોઇશે.

(૩) પેટા-કલમ (૨) અનુસાર જોગવાઇ કર્યા પછી, બાકી રહેલ પૂરાંતમાંથી તરત જ અગાઉના ત્રણ મહેસૂલી વર્ષમાં સંબંધિત ગ્રામ, તાલુકા અથવા પ્રસંગ, જિલ્લામાંથી જમીન મહેસૂલની સરાસરી ઉઘરાણી અને વસૂલાતના પ્રમાણમાં,

(૧) (ક) પુરાંતની ૫૦ ટકા જેટલી રકમ, ગ્રામ પંચાયતોમાં વહેંચવી;

(ખ) પુરાંતની ૨૫ ટકા જેટલી રકમ, તાલુકા પંચાયતોમાં વહેંચવી; અને

---

૧. સન ૨૦૦૧ના ૧૨મા અધિનિયમની કલમ ૫થી, કલમ ૨૧૬ કમી કરેલ છે.

(ગ) પુરાંતની ૧૦ ટકા જેટલી રકમ, જિલ્લા પંચાયતમાં વહેંચવી;

(૨) (ક) પુરાંતની ૭.૧/૨ ટકા જેટલી રકમ કલમ ૨૨૧ હેઠળ સ્થાપેલા જિલ્લા સમકારી ફંડમાં ભરવી;

(ખ) પુરાંતની ૭.૧/૨ ટકા જેટલી રકમ કલમ ૨૨૨ હેઠળ સ્થાપેલા જિલ્લા ગામ ઉત્તેજન ફંડમાં ભરવી.

રાજ્ય સમકારી ફંડ.

**૨૨૦.** (૧) રાજ્ય સરકારે રાજ્ય સમકારી ફંડ નામનું એક ફંડ સ્થાપવું, તે ફંડ, કલમ ૨૧૯ની પેટા-કલમ (૨) ના ખંડ (ખ) હેઠળ તેમાં ભરવામાં આવતી રકમોનું બનશે અને તેનો ઉપયોગ રાજ્યના જિલ્લાઓ વચ્ચે સામાજિક અને આર્થિક અસમાનતા ઘટાડવા માટે, પછાત જિલ્લાઓને ખાસ ગ્રાન્ટ આપવા માટે કરવો.

(૨) પેટા-કલમ (૧) હેઠળ સ્થાપેલું ફંડ કાયમી રહેશે.

(૩) સદરહુ ફંડમાંથી જિલ્લા પંચાયતોને આપવાની ખાસ ગ્રાન્ટ, તે અર્થે કરવામાં આવે તેવા નિયમો અનુસાર આપવી.

જિલ્લા સમકારી ફંડ.

**૨૨૧.** (૧) દરેક જિલ્લામાં જિલ્લા પંચાયતોએ જિલ્લા સમકારી ફંડ નામનું ફંડ સ્થાપવું, તે ફંડ કલમ ૨૧૯ની પેટા-કલમ (૩)ના ખંડ (૨) ના પેટા-ખંડ (ક) હેઠળ તેમાં ભરવામાં આવતી રકમોનું બનશે અને તેનો ઉપયોગ જિલ્લામાં પંચાયતો વચ્ચે સામાજિક અને આર્થિક અસમાનતા ઘટાડવા માટે તેના તાબાની પછાત પંચાયતોને ખાસ ગ્રાન્ટ આપવા માટે જિલ્લા પંચાયતે કરવી.

(૨) પેટા-કલમ (૧) હેઠળ સ્થાપેલું ફંડ, કાયમાં રહેશે અને તેનું ઠરાવેલી રીતે રોકાણ કરવું.

(૩) સદરહુ ફંડમાંથી આ ગ્રાન્ટ, તે અર્થે કરવામાં આવે તેવા નિયમો અનુસાર આપવી.

જિલ્લા ગામ ઉત્તેજન ફંડ.

**૨૨૨.** (૧) દરેક જિલ્લામાં જિલ્લા પંચાયતોએ જિલ્લા ગામ ઉત્તેજન ફંડ નામનું ફંડ સ્થાપવું, તે ફંડ કલમ ૨૧૯ની પેટા-કલમ (૩) ના ખંડ (૨) પેટા-ખંડ (ખ) હેઠળ તેમાં ભરવામાં આવતી રકમોનું બનશે અને આ અધિનિયમ હેઠળ ગ્રામ પંચાયતોએ લેવાના કર અને ફી લઈને, પોતાની આવક વધારવા માટે ગ્રામ પંચાયતોને ઉત્તેજન આપવાને પ્રોત્સાહન ગ્રાન્ટ આપવા માટે તેનો ઉપયોગ જિલ્લા પંચાયતે કરવો.

(૨) પેટા-કલમ (૧) હેઠળ સ્થાપેલું ફંડ કાયમી રહેશે અને ઠરાવેલી રીતે તેનું રોકાણ કરવું.

(૩) નિયમો અનુસાર ગ્રામ પંચાયતોને લોન આપવા માટે અને સદરહુ પંચાયતો તરફથી આપવામાં આવેલ ફાળા પરનું વ્યાજ આપવા માટે સદરહુ ફંડનો ઉપયોગ કરવો.

(૪) રાજ્ય સરકારે, ક્યા હેતુઓ માટે લોન આપી શકાય તે હેતુઓ કઈ શરતો (વ્યાજનો દર અને દંડરૂપી વ્યાજના દર સહિત) પર આવી લોન આપી શકાય તે શરતો, તે અંગેની મુદત અને લોન આપવાની આનુષંગિક તમામ બાબતો ઠરાવતા નિયમો કરવા.

જિલ્લા વિકાસ ફંડ.

**૨૨૩.** (૧) દરેક જિલ્લામાં જિલ્લા વિકાસ ફંડ નામનું ફંડ સ્થાપવું, તેમાં કલમ ૧૧૫ હેઠળ ગ્રામ પંચાયતો તરફથી આપેલા ફાળાનો સમાવેશ થશે.

(૨) સદરહુ ફંડ જિલ્લા પંચાયતને પ્રાપ્ત થશે અને ઠરાવેલી રીતે તેનું રોકાણ કરવું.

(૩) નિયમાનુસાર ગામ પંચાયતોને લોન આપવા માટે અને સદરહુ પંચાયતો તરફથી આપવામાં આવેલ ફાળા પરનું વ્યાજ આપવા માટે સદરહુ ફંડનો ઉપયોગ કરવો.

(૪) રાજ્ય સરકારે, ક્યા હેતુઓ માટે લોન આપી શકાય તે હેતુઓ કઈ શરતો (વ્યાજનો દર અને દંડરૂપી વ્યાજનો દર સહિત) પર આવી લોન આપી શકાય તે શરતો, તે અંગેની મુદત અને લોન આપવાની આનુષંગિક તમામ બાબતો ઠરાવતા નિયમો કરવા.

જિલ્લા પંચાયતોને જંગલની ઊપજનો ભાગ આપવા બાબત.

**૨૨૪.** રાજ્યની વિધાનમંડળે તે અર્થે કાયદાથી યોગ્ય વિનિયોગ કર્યા પછી, રાજ્ય સરકાર દરેક જિલ્લા પંચાયતને જિલ્લાની હદની અંદર, તરત જ છેવટના મહેસૂલી વર્ષમાં વસૂલ કરેલ જંગલની ઊપજની બે ટકા જેટલી રકમ આપશે.

કેટલીક ગ્રામ પંચાયતોને જંગલના ઊપજમાંથી ગ્રાન્ટ આપવા બાબત.

**૨૨૫.** કોઇ ગામ જંગલના વિસ્તારમાં આવેલ હોય અને જમીન મહેસૂલ અધિનિયમ હેઠળ આકારવામાં આવતું ન હોય ત્યારે, રાજ્ય સરકાર ગામની ગ્રામ પંચાયતને કલમ ૨૧૯ હેઠળ જમીન મહેસૂલ આપવાને બદલે તરત જ છેવટના મહેસૂલી વર્ષમાં વસૂલ કરેલ ગામની જંગલની ઊપજમાંથી પોતે નક્કી કરે તેટલી રકમ દર વર્ષે આપશે પણ એવી રીતે નક્કી કરેલી રકમ -

(૧) રૂા. ૫૦૦ કરતાં ઓછી હોવી જોઇશે નહિ; અને

(૨) કલમ ૨૧૯ હેઠળ આપેલી ગ્રાન્ટના સંબંધમાં નક્કી કરેલા માથાદીઠ દર જેટલો હોય તેટલો માથાદીઠ દરે, ગામની વસતીના ધોરણે ગણતરી કરેલ રકમ કરતાં વધુ હોવી જોઇશે નહિ.

# પ્રકરણ-૧૨મું

## નાણા કમિશન

૨૨૯ નાણા કમિશન

## પ્રકરણ ૧૨મું

## નાણાં કમિશન

નાણાં કમિશન.

**૨૨૬.** (૧) આ કલમમાં, કમિશન એટલે સંવિધાનની કલમ ૨૪૩-ટના ખંડ (૧) અનુસાર રાજ્યપાલે રચેલ નાણાં કમિશન;

(૨) કમિશન, રાજ્ય સરકાર નક્કી કરે તેવા અધ્યક્ષ સહિત, પાંચ કરતાં વધુ ન હોય તેટલા સભ્ય, અથવા સભ્યોનું બનશે;

(૩) કમિશનના અધ્યક્ષ, જેને જાહેર કામકાજનો અનુભવ હોય તેવી વ્યક્તિઓમાંથી પસંદ કરવામાં આવશે અને બીજા સભ્યો નીચેની વ્યક્તિઓમાંથી પસંદ કરવામાં આવશે--

(ક) હાઇકોર્ટના જજ હોય અથવા રહી ચૂકી હોય અથવા તે તરીકે નીમાવા માટે લાયક હોય તેવી વ્યક્તિ; અથવા

(ખ) સરકારના અને સ્થાનિક સત્તામંડળોનાં નાણા અને હિસાબનું ખાસ જ્ઞાન ધરાવતી હોય તેવી વ્યક્તિ; અથવા

(ગ) નાણાકીય બાબતો અને વહીવટમાં બહોળો અનુભવ ધરાવતી હોય તેવી વ્યક્તિ; અથવા

(ઘ) આર્થિક બાબતોનું ખાસ જ્ઞાન ધરાવતી હોય તેવી વ્યક્તિ.

(૪) કમિશનનો દરેક સભ્ય, તેની નિમણૂક કરતા રાજ્યપાલના હુકમમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેટલી મુદત સુધી હોદ્દો ધરાવશે.

(૫) (૧) કમિશને, પોતાના કાર્યો બજાવવામાં નીચેની બાબતોના સંબંધમાં, દાવો ચલાવતી વખતે, દીવાની કાર્યરીતિ અધિનિયમ, ૧૯૦૮ હેઠળ દીવાની કોર્ટની તમામ સત્તા રહેશે :- સન ૧૯૦૮નો ૫મો.

(ક) સાક્ષીને બોલાવવાની અને હાજર રખાવવાની;

(ખ) કોઇપણ દસ્તાવેજ રજૂ કરવાનું ફરમાવવાની;

(ગ) કોઇપણ કોર્ટ અથવા ઓફિસનું કોઇપણ સરકારી રેકર્ડ સંપાદન કરવાની.

(૨) કમિશનને, પોતાના અભિપ્રાય મુજબ, કમિશનની વિચારણા હેઠળની કોઇપણ બાબત માટે ઉપયોગી થઇ શકે તેવા અથવા તેને લગતા હોઇ શકે તેવા મુદ્દાઓ અને બાબતો અંગે માહિતી પૂરી પાડવા માટે કોઇપણ વ્યક્તિને ફરમાવવાની સત્તા રહેશે.

## પ્રકરણ-૧૩મું

## સેવાઓને લગતી જોગવાઇઓ


૨૨૭ નિયમો દ્વારા પંચાયત સેવાનું નિયમન થશે.

૨૨૮ પંચાયત સેવામાં અધિકારીઓ અને નોકરોના પગાર, ભથ્થાં વગેરે પેટેનું ખર્ચ પંચાયતોએ આપવા બાબત.

૨૨૯ નિમણૂંકની પધ્ધતિ.

૨૩૦ પંચાયત સેવામાં અધિકારીઓ અને નોકરોની ફાળવણી.

૨૩૧ પંચાયત સેવામાં કરેલી ફાળવણી અમુક મુદ્દત સુધી કામચલાઉ રહેશે અને રાજય સેવામાં અધિકારીઓની અને નોકરોની ફરી ફાળવણી કરવા બાબત.

૨૩૨ રાજય સેવામાંના અધિકારીઓ અને નોકરોને પંચાયતો હેઠળ મૂકવા બાબત.

૨૩૩ સરકારી અધિકારીઓની સેવાઓ પંચાયતોને ઉછીની આપવા બાબત.

૨૩૪ સેવાની બદલી માટે કાંઇપણ વળતર આપવામાં આવશે નહિ.

૨૩૫ ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડ, તેની રચના અને કાર્યો.

૨૩૬ જિલ્લા પંચાયતો સેવા પસંદગી સમિતિ અને જિલ્લા પ્રાથમિક શિક્ષણ સ્ટાફ પસંદગી સમિતિ.

## પ્રકરણ ૧૩મું

## સેવાઓને લગતી જોગવાઈઓ

નિયમો દ્વારા પંચાયતી સેવાનું નિયમન.

**૨૨૭.** (૧) પંચાયતોના કાર્યો અને ફરજો બજાવવા માટે નોકરીએ રાખેલી વ્યક્તિઓ માટે એક સરખા પગાર ધોરણો અને એક સરખી નોકરીની શરતો કરવાના હેતુ માટે, પંચાયતના કામકાજના સંબંધમાં, પંચાયત સેવા રચવામાં આવશે. આવી સેવા રાજ્ય સેવાથી અલગ રહેશે.

(૨) પંચાયત સેવામાં, રાજ્ય સરકાર, હુકમથી વખતોવખત નક્કી કરે તેવા વર્ગો, કેડર અને જગાઓ રહેશે અને શરૂઆતમાં આવા દરેક વર્ગ અને કેડરના અધિકારીઓ અને નોકરનું સંખ્યાબળ, રાજ્ય સરકાર હુકમથી, વખતોવખત નક્કી કરે તેટલું રહેશેઃ

પરંતુ આ પેટા-કલમમાંના કોઇ મજકૂરથી, રાજ્ય સરકારની પૂર્વમંજૂરીથી, જિલ્લા પંચાયતને રાજ્ય સરકારે એવી રીતે નક્કી કરેલા જગાઓના કોઇ વર્ગ, કેડર અથવા સંખ્યામાં ફેરફાર કરતા અટકાવે છે એમ ગણાશે નહિ.

(૩) (ક) પેટા-કલમ (૨)માં ઉલ્લેખેલી કેડરોમાં, જિલ્લા કેડર, તાલુકા કેડર અને સ્થાનિક કેડરનો સમાવેશ કરી શકાશે;

(ખ) જિલ્લા કેડરનો કોઇ નોકર, જિલ્લાની અંદરની કોઇ તાલુકામાં કોઇ જગા ઉપર બઢતી અથવા બદલીથી નીમાવાને પાત્ર થશે;

(ગ) તાલુકા કેડરના કોઇ નોકર, તેના તે જ તાલુકાની અંદરની કોઇ ગામમાં કોઇ જગા ઉપર બઢતીથી અથવા બદલીથી નીમાવાને પાત્ર થશે;

(ઘ) સ્થાનિક કેડરનો નોકર, તે જ ગામમાં કોઇપણ જગા પર બઢતીથી અથવા બદલીથી નીમાવાને પાત્ર થશે;

(૪) પેટા-કલમ (૩) માં ઉલ્લેખ કરેલી કેડરમાં જગાઓ ઉપરાંત પંચાયતમાં રાજ્ય સરકાર, સામાન્ય અથવા ખાસ હુકમથી નક્કી કરે તેવા વર્ગની તેવી બીજી જગાઓ રહેશે, તેવી જગાઓને ''ડેપ્યુટેશનની જગાઓ'' કહેવાશે અને કલમ ૨૩૧ની જોગવાઇઓ અનુસાર ભરવામાં આવશે.

(૫) આ અધિનિયમની જોગવાઇઓને અધીન રહીને, રાજ્ય સરકાર પરીક્ષા લઇને અથવા બીજી રીતે અથવા સેવા અંગેની ભરતીની પધ્ધતિ અને પંચાયત સેવામાં નિમાયેલી વ્યક્તિઓની નોકરીની શરતો અને પંચાયત સેવામાં હોય તેવા અધિકારીઓ અને નોકરીની નિમણૂક, બદલી અને બઢતી અંગેની સત્તા વિષે અને આવા કોઇ અધિકારી અથવા નોકર વિરુધ્ધ શિસ્તનાં પગલાં વિષે નિયમો કરી શકશે.

(૬) પેટા-કલમ (૫) હેઠળ કરેલા નિયમોમાં, ખાસ કરીને નીચેની જોગવાઇઓ હોવી જોઇએ--

(ક) પંચાયત સેવામાંની તેવી કેડરના નોકરોને રાજ્ય સેવામાં, ઠરાવવામાં આવે તેવી કેડરોમાં બઢતી માટે હકદાર ઠરાવતી જોગવાઇ;

(ખ) કયા કયા વર્ગોની જગાઓની ભરતી જિલ્લા પંચાયત સેવા પસંદગી સમિતિ મારફત અને કયા ક્યા વર્ગોની જગાઓની ભરતી, ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડ મારફત કરવી જોઇએ તે જગાના વર્ગ નિર્દિષ્ટ કરતી જોગવાઇ; અને

(ગ) પંચાયત સેવામાં અનુસૂચિ જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને બીજા પછાત વર્ગો માટે અનામત રાખવાની જગાની ટકાવારી સંબંધી જોગવાઈ.

(૭) આવા નિયમોમાં, પંચાયત સેવાના નોકરોની આંતરજિલ્લા બદલીઓ કરવા માટે અને એવી બદલી કેવા સંજોગોમાં અને કઇ શરતોને અધીન કરી શકાય તેની જોગવાઇ કરી શકાશે.

(૮) પેટા-કલમ (૬) ના ખંડ (ક) હેઠળ કરેલા નિયમો અનુસાર, પંચાયત સેવાની કેડરમાંના નોકરની રાજ્ય સેવાની કેડરમાં કરેલી ભરતીથી,

(ક) પંચાયત સેવાની કેડરમાં તેની સેવાની મુદત દરમિયાન તે નોકર, એવા નોકર તરીકે પોતાની ફરજ બજાવતા હોય અથવા બજાવતા હોવાનું અભિપ્રેત હોય, ત્યારે ઊભી કરેલ કોઇ જુમ્મેદારી અથવા જવાબદારી અથવા કરેલ કસૂરને બાધ આવશે નહિ; અથવા

(ખ) આવી જુમ્મેદારી, જવાબદારી અથવા કસૂર અંગેની કોઇ તપાસ, શિસ્તના પગલાં અથવા ઉપાયને બાધ આવશે નહિ અને રાજ્ય સરકાર, આ માટે સામાન્ય અથવા ખાસ હુકમ દ્વારા નિર્દિષ્ટ કરે તે સત્તાધિકારી સદરહુ સેવાની સદરહુ મુદત દરમિયાન તે અંગે લાગુ પડતા કાયદા અનુસાર, આવા કોઇ તપાસ, શિસ્તના પગલાં અથવા ઉપાય લઇ શકશે, ચાલુ રાખી શકશે અથવા અમલમાં મૂકી શકશે.

**૨૨૮.** આ અર્થે રાજ્ય સરકાર કરે તેવા નિયમોને અધીન રહીને, કોઇપણ પંચાયત હેઠળ તે સમયે નોકરી કરતા પંચાયત સેવાના કોઇ અધિકારી અથવા નોકરના પગાર અને ભથ્થાં અને તેમને મળતા અન્ય લાભો પેટેનું ખર્ચ, તે પંચાયતે, પોતાના ફંડમાંથી આપવું જોઇશે.

**પંચાયત સેવામાં અધિકારીઓ અને નોકરોનાં પગાર, ભથ્થાં વગેરે પેટેનું ખર્ચ પંચાયતોએ આપવા બાબત.**

નિમણૂકની પધ્ધતિ.

**૨૨૯.** કલમ ૨૨૭ હેઠળ કરાયેલા કોઇ નિયમોને અધીન રહીને, પંચાયત સેવામાંની જગાઓ ઉપરની નિમણૂક--

(૧) સીધી ભરતીથી,

(૨) બઢતીથી, અથવા

(૩) રાજ્ય સેવામાંની કોઇ વ્યક્તિની પંચાયત સેવામાં બદલીથી નવી લીટી કરવી જોઇશે.

પંચાયત સેવામાં અધિકારીઓ અને નોકરોની ફાળવણી.

**૨૩૦.** (૧) રાજ્ય સરકાર, સામાન્ય અથવા ખાસ હુકમથી પંચાયત સેવામાં નીચેના અધિકારીઓ અને નોકરોની ફાળવણી કરશે.

(૧) કલમ ૧૭૫ અને ૨૭૬ હેઠળ પંચાયતમાં ફાળવેલા અથવા બદલી કરેલા સ્ટાફમાંથી પોતાને યોગ્ય લાગે તેટલા અધિકારીઓ અને નોકરો;

(૨) કલમ ૨૬૧ હેઠળ વિસર્જિત નગર પંચાયતના તમામ અધિકારીઓ અને નોકરો;

(૩) પંચાયતો, આ અધિનિયમ હેઠળ પોતપોતાની ફરજો અને કાર્યો કાર્યક્ષમ રીતે બજાવી શકે તે માટે આવશ્યક લાગે તેવા રાજ્ય સેવામાં નોકરીએ રાખેલા અધિકારીઓ અને નોકરો.

(૨) પેટા-કલમ (૧) હેઠળ પંચાયત સેવામાં ફાળવેલા અધિકારીઓ અને નોકરોને રાજ્ય સરકાર, સામાન્ય અથવા ખાસ હુકમથી નક્કી કરે તેવી કેડરમાં અને તેવી મુદત માટે અને તેવા મહેનતાણા અને બીજી નોકરીની શરતોથી તેવી પંચાયતોએ સમાવી લેવા જોઇશે :

પરંતુ તેવા કોઇ અધિકારી અથવા નોકરની નોકરીની શરતો આવી ફાળવણી પહેલાં તુરત જ તેને લાગુ પડતી નોકરીની શરતો કરતાં ઓછી લાભદાયક હોવી જોઇએ નહિ :

વધુમાં, ઉપર્યુક્ત પરંતુકમાંના કોઇપણ મજકૂરથી કોઇ અધિકારી અથવા નોકર ફાળવણી પહેલાં જે કેડર અને હોદ્દા પર હતા તે જ કેડર અને હોદ્દો માંગવાને તે હકદાર થશે નહિ.

પંચાયત સેવામાં કરેલી ફાળવણી અમુક મુદત સુધી કામચલાઉ રહેશે અને રાજ્ય સેવામાં અધિકારીઓની અને નોકરોની ફરી ફાળવણી કરવા બાબત.

**૨૩૧.** (૧) કલમ ૨૩૦માં ગમે તે મજકૂર હોય તે છતાં, કલમ ૧૭૫ હેઠળ કોઇ પંચાયતને ફાળવેલા અથવા તેમાં બદલી કરેલા અધિકારીઓની અથવા નોકરોની કલમ ૨૩૦ હેઠળ પંચાયત સેવામાં કરેલી ફાળવણી શરૂઆતમાં કામચલાઉ રહેશે અને રાજ્ય સરકાર આવી ફાળવણી અથવા બદલીથી ચાર વર્ષની મુદતની અંદર તેમની ફાળવણી વિષે ફરીથી વિચારણા કરે અને જરૂરી હોય તો નીચેના કારણોસર તે અર્થે કરેલા કોઇ હુકમ દ્વારા, આવા અધિકારીઓ અથવા નોકરો પૈકી કોઇ અધિકારીની અથવા નોકરોની રાજ્ય સેવામાં ફરી ફાળવણી કરે તો તે કાયદેસર ગણાશેઃ

(૧) એવી રીતે ફાળવેલા અધિકારીઓ અને નોકરોમાંથી કોઇ અધિકારીઓ અને નોકરો પંચાયત સેવાના કોઇ વર્ગમાં વધારાના જણાય તો;

(૨) જાહેર સેવાના હિતમાં આવા કોઇ અધિકારી અથવા નોકરને પાછો બોલાવવો જરૂરી જણાય તો;

(૩) ઉપર જણાવેલી ચાર વર્ષની મુદતની અંદર, કોઇ સમયે રાજ્ય સરકાર તરફથી અથવા રાજ્ય સરકાર વતી માહિતી મંગાવવામાં આવી હોય અને એ માહિતી આપવા એવા કોઇ અધિકારીએ અથવા નોકરે રાજ્ય સેવામાં મૂળ જગ્યા ઉપર પાછા જવાનું પસંદ કર્યું હોય અને પંચાયત તંત્ર હેઠળની સેવાની કે રાજ્ય સરકાર હેઠળની સેવાની જરૂરિયાતો વિષે પણ વિચાર કર્યા પછી, રાજ્ય સરકારને એવા અધિકારી અથવા નોકરને પાછા બોલાવવાને યોગ્ય જણાય તો;

(૪) નિયમો દ્વારા ઠરાવેલ બીજું કોઇ કારણ.

(૨) પેટા-કલમ (૧) હેઠળ ફરી ફાળવેલ ન હોય અને ઉપર્યુક્ત ચાર વર્ષની મુદત પૂરી થયાની તરત જ પહેલાં પંચાયત સેવામાં ચાલું હોય તેવા કોઇ અધિકારી અથવા નોકરની ફાળવણી, આવી મુદત પૂરી થાય એટલે પંચાયત સેવામાં, છેવટની કરવામાં આવેલી ગણાશે.

(૩) રાજ્ય સેવામાં ફરી ફાળવેલા કોઇ અધિકારી અથવા નોકરની નોકરીની શરતો, આવી ફરી ફાળવણીની તરત જ પહેલાં તેને લાગુ પડતી હોય તેવી નોકરીની શરતો કરતાં ઓછી લાભદાયી હોવી જોઇએ નહિ.

(૪) પેટા-કલમ (૧) હેઠળ રાજ્ય સેવામાં કોઇ અધિકારી કે નોકરોની ફરી ફાળવણી ગુજરાત પંચાયત અને ગુજરાત નવી રાજધાની (ઘેરાવા) નિયંત્રણ (સુધારા) વટહુકમ, ૧૯૯૪ની શરૂઆત પહેલાં અથવા તે પછી કરવામાં આવી હોય, તો પણ તેનાથી,-- સને ૧૯૯૪નો ગુજરાતનો વટહુકમ ૨જો.

(ક) એવા અધિકારી કે નોકર પોતાની ફરજો અદા કરતા હોય અથવા અદા કરતા હોવાનું જણાતું હોય તે વખતે, એવા અધિકારી અથવા નોકર, પંચાયત સેવામાં તેને ફાળવવામાં આવેલ હોય તે મુદત દરમિયાન આવી પડેલી કોઇપણ જુમ્મેદારી અથવા જવાબદારીને અથવા કરેલી કસૂરને; અને

(ખ) આવી કોઇ જુમ્મેદારી, જવાબદારી અથવા કસૂરના સંબંધમાં, કોઇ તપાસ, શિસ્તના પગલાં અથવા ઇલાજને, બાધ આવશે નહિ;

અને, રાજ્ય સરકાર આ અર્થે સામાન્ય અથવા ખાસ હુકમથી નિર્દિષ્ટ કરે તેવા અધિકારી સદરહુ ફાળવણીની મુદત દરમિયાન તે અંગે લાગુ પડતા કાયદા અનુસાર આવી કોઇ તપાસ, શિસ્તનાં પગલાં અથવા ઇલાજ માંડી શકશે, ચાલુ રાખી શકશે અથવા તેનો અમલ કરી શકશે.

**૨૩૨.** (૧) આ અધિનિયમ હેઠળ પંચાયતો પોતપોતાનાં કાર્યો અને ફરજો બજાવી શકે તે હેતુ સારુ રાજ્ય સરકાર, સામાન્ય અથવા ખાસ હુકમથી એવું ફરમાવે કે હુકમમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવા ભારત વહીવટી સેવાના અને રાજ્યની વર્ગ-૧ અને વર્ગ-૨ની સેવાના અધિકારીઓને અને કલમ ૧૭૫ હેઠળ પંચાયતને ફાળવેલા અથવા તેમાં બદલી કરેલા હોય, પણ કલમ ૨૩૦ હેઠળ પંચાયતની સેવામાં ફાળવેલા ન હોય તેવા અધિકારીઓ અથવા નોકરોને હુકમમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવી પંચાયત હેઠળની અને તેટલી મુદત સુધી અને તેવી શરતોને અધીન રહીને, મૂકે તો તે કાયદેસર ગણાશે અને તદ્નુસાર હુકમમાં નિર્દિષ્ટ કરાયેલા અધિકારીઓને તેવી પંચાયત હેઠળ મૂકવામાં આવશે. (રાજ્ય સેવામાંના અધિકારીઓ અને નોકરોને પંચાયતો હેઠળ મૂકવા બાબત.)

(૨) પેટા-કલમ (૧) અનુસાર મૂકાયેલા કોઇ અધિકારીના પગાર અને ભથ્થાં, જે મુદત માટે તેમને તેવી રીતે મૂકવામાં આવ્યા હોય તે મુદત દરમિયાન પંચાયતે પોતાના ફંડમાંથી આપવાં.

(૩) પેટા-કલમ (૧)માં ગમે તે મજકૂર હોય તે છતાં, રાજ્ય સરકારના અભિપ્રાય મુજબ જાહેર હિતમાં એમ કરવું જરૂરી લાગે, તો રાજ્ય સરકાર હુકમમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવી મુદત માટે અને તેવી શરતોને અધીન રહીને, રાજ્યના વર્ગ-૩ની સેવાના કોઇ નોકરને લેખિત હુકમથી નીમે તો તે કાયદેસર ગણાશે અને હુકમમાં નિર્દિષ્ટ કરેલા નોકરને તેવી પંચાયતમાં તે અનુસાર નીમ[illegible] [illegible]ેઇશે, અને પેટા-કલમ (૨) ની જોગવાઇઓ જેમ પેટા-કલમ (૧) અનુસાર નીમાયેલા અધિકારીને લાગુ પડ[illegible] છ તેમ તેવા નોકરને લાગુ પડશે.

(૪) પંચાયત સેવાના સભ્ય સિવાય, બીજી રીતે પંચાયત હેઠળ નિમાયેલા કોઇ અધિકારી કે નોકર સામે શિસ્તનાં પગલાં અંગેની કાર્યરીતિ, એવાં પગલાં લેવાને સત્તા ધરાવતા અધિકારીઓ અને એવા સત્તાધિકારીઓની સત્તા ઠરાવવામાં આવે તેવી રહેશે.

**૨૩૩.** કોઇ પંચાયત, આ અર્થે કરાયેલા નિયમોને અધીન રહીને સરકારના કોઇ અધિકારીની સેવા ઉછીની લઇ શકશે. (સરકારી અધિકારીઓની સેવાઓ, પંચાયતોને ઉછીની આપવા બાબત.)

(સન ૧૯૪૭નો ૧૪મો.) **૨૩૪.** ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ અથવા તે સમયે અમલમાં હોય તેવા કોઇ કાયદામાં ગમે તે મજકૂર હોય તે છતાં, કલમ ૨૩૦ હેઠળ પંચાયત સેવામાં કોઇ અધિકારી અથવા નોકરની ફાળવણી અંગે આવા અધિકારી અથવા નોકર તે અધિનિયમ અથવા કાયદા હેઠળ કોઇ વળતર મેળવવાને હકદાર થશે નહિ અને આવા કોઇ વળતર માટેનો કોઇ દાવો, કોઇ કોર્ટ, ટ્રિબ્યુનલ અથવા સત્તાધિકારી દાખલ કરી શકશે નહિ. (સેવાની બદલી માટે કોઇ પણ વળતર આપવામાં આવશે નહીં.)

**૨૩૫.** (૧) અધ્યક્ષ સહિત પાંચ સભ્યોનું બનેલું ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડ નામનું બોર્ડ સ્થાપવામાં આવશે. (ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડ, તેની રચના અને કાર્યો.)

(૨) બોર્ડના સભ્યો પૈકી ઓછામાં ઓછો એક સભ્ય, રાજ્ય સેવાનો સભ્ય હોય અથવા એવી સેવામાંથી નિવૃત્ત થઇ હોય તેવી વ્યક્તિ હોવી જોઇએ.

(૩) પેટા-કલમ (૧) અને (૨) ને અધીન રહીને, રાજ્ય સરકાર પોતાને યોગ્ય લાગે તેવી વ્યક્તિઓને બોર્ડના સભ્યો તરીકે નીમશે અને એવી રીતે નીમેલી વ્યક્તિઓમાંથી કોઇ એક વ્યક્તિને બોર્ડના અધ્યક્ષ તરીકે નીમશે.

(૪) બોર્ડનો કોઇ સભ્ય, જે તારીખે તે પોતાનો હોદ્દો ગ્રહણ કરે તે તારીખથી છ વર્ષની અવધિ સુધી અથવા તે ૬૨ વર્ષની ઉંમરનો ન થાય ત્યાં સુધી એ બેમાંથી જે વહેલું હોય ત્યાં સુધી હોદ્દો ધરાવશે અને માત્ર વધુ છ વર્ષની અવધિ સુધી તે હોદ્દા ઉપર ફેર નિમણૂકને પાત્ર રહેશેઃ

પરંતુ સભ્ય તરીકે નીમાયેલી કોઇપણ વ્યક્તિ તે બાસઠ વર્ષની થાય તે પછી આવા સભ્ય તરીકે પોતાનો હોદ્દો ધરાવતી ચાલુ રાખી શકાશે નહિ.

(૫) બોર્ડના સભ્યોની (પગાર અને ભથ્થાં સહિત) નોકરીની શરતો, રાજ્ય સરકાર હુકમથી નક્કી કરે તેવી રહેશે.

(૬) પંચાયત સેવામાં નિયમોથી ઠરાવવામાં આવે તેવી જગાઓની ભરતી માટે ઉમેદવારો પસંદ કરવાની અને ઠરાવવામાં આવે તેવી બાબતો વિષે પંચાયતોને સલાહ આપવાની બોર્ડની ફરજ રહેશે.

(૭) બોર્ડ, આ અધિનિયમથી અથવા તે હેઠળ ઠરાવ્યા પ્રમાણેના બીજાં કાર્યો બજાવશે.

જિલ્લા પંચાયત સેવા પસંદગી સમિતિ અને જિલ્લા પ્રાથમિક શિક્ષણ સ્ટાફ પસંદગી સમિતિ.

**૨૩૬.** (૧) ઠરાવવામાં આવે તેવી પંચાયત સેવાની જગાઓની ભરતી માટે ઉમેદવાર પસંદ કરવા સારૂ અને ઠરાવવામાં આવે તેવી બાબતો વિષે પંચાયતોને સલાહ આપવા અને તેવાં કાર્યો બજાવવા માટે દરેક જિલ્લા પંચાયત સેવા પસંદગી સમિતિ રહેશે.

(૨) જિલ્લા પંચાયત સેવા પસંદગી સમિતિ નીચેનાની બનશેઃ-

(ક) ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડના અધ્યક્ષે નીમવાના આવા બોર્ડના એક સભ્ય,

(ખ) જિલ્લાના જિલ્લા પંચાયતના પ્રમુખ; અને

(ગ) રાજ્ય સરકાર નીમે તેવા પંચાયત સેવા અથવા રાજ્ય સેવાના અધિકારી.

(૩) (ક) જિલ્લા પંચાયત સેવા પસંદગી સમિતિ ઉપરાંત રાજ્ય સરકાર દરેક જિલ્લામાં પ્રાથમિક શિક્ષકોની અને ઠરાવવામાં આવે તેવા પ્રાથમિક શિક્ષણ સંબંધી બીજા સ્ટાફની ભરતી માટે જિલ્લા પ્રાથમિક શિક્ષણ સ્ટાફ પસંદગી સમિતિ નીમી શકશે.

(ખ) આવી સમિતિની રચના, સત્તા અને ફરજો ઠરાવવામાં આવે તેવાં રહેશે.

## પ્રકરણ-૧૪મું

## નિયંત્રણ

૨૩૭ રાજયવ્યાપી યોજનાઓની વગેરે તૈયાર કરવાની સરકારની સત્તાને બાધ આવશે નહિ.

૨૩૮ પંચાયતો રાજયવ્યાપી, પંચાયત સંગઠનનો ભાગ બનશે અને રાજયનીતિનો અમલ કરી શકાય તે માટે તેણે કાર્યો બજાવવા.

૨૩૯ નિયુકત કરેલા અધિકારી અથવા વ્યકિત અને બેઠકમાં હાજર રહેવાનું પંચાયતે નિમંત્રણ આપવું.

૨૪૦ આદેશો કાઢવાની સરકારીની સત્તા

૨૪૧ કામ અથવા યોજનાઓ સહાયક ગ્રાન્ટ તથા મિલકતના સંપાદન વગેરેમાં વહીવટી મંજૂરીની આવશ્યકતા.

૨૪૨ કામ પંચાયતના હુકમ વિરૂધ્ધ અપીલો.

૨૪૩ અપીલ સમિતિએ જિલ્લા પંચાયતની અપીલો સત્તા વાપરવા બાબત.

૨૪૪ અપીલ કોને સંબોધી કરી શકાશે, વગેરે બાબત.

૨૪૫ કાર્યવાહી વગેરે મંગાવવાની સત્તા

૨૪૬ દાખલ થવાની સત્તા

૨૪૭ નિરીક્ષણ કરવા અંગે રાજય સરકારના અધિકારીની સત્તા.

૨૪૮ મહેકમનો ધટાડો કરવા બાબત.

૨૪૯ હુકમની અમલ બજવણી મોકૂફ રાખવા બાબત.

૨૫૦ તાકીદના પ્રસંગે કામ કરવા બાબત.

૨૫૧ પોતાના હદની બહારના વિસ્તારમાં પંચાયતે પોતાની સેવા વગેરેનું વિસ્તરણ કરવા બાબત.

૨૫૨ ફરજ બજાવવામાં કસૂર.

૨૫૩ કસૂર બદલ પંચાયતનું વિસર્જન અથવા તેની પદચ્યુતિ.

૨૫૪ ગામ હદમાં ફેરફાર કરવાના પરિણામો.

૨૫૫ કોઇ વિસ્તાર ગામમાંથી બાતલ કરવામાં આવે ત્યારે તેની અસર.

૨૫૬ કોઇ વિસ્તાર ગામ તરીકે બંધ થાય ત્યારે તેની અસર.

૨૫૭ પંચાયતની પુનર્રચના કરવા માટે ચૂંટણી ન કરવામાં આવે ત્યારે, અધિકારીઓ નીમવાની રાજય સરકારની સત્તા.

૨૫૮ પંચાયતના અધિકારીઓએ કરવાની તપાસ.

૨૫૯ રાજય સરકાર કાર્યવાહીઓ મંગાવી શકશે.

## પ્રકરણ ૧૪ મું

## નિયંત્રણ

રાજ્યવ્યાપી યોજનાઓ વગેરે, તૈયાર કરવાની સરકારની સત્તાને બાધ આવશે નહિ.

**૨૩૭.** આ અધિનિયમમાં કોઈપણ મજકૂરથી, સમગ્ર રાજ્ય માટે પંચવર્ષીય યોજના અથવા રસ્તા, પાણી પુરવઠા અથવા બીજી કોઇ બાબતના બાંધકામને કરવાને લગતા પ્રોજેકટ અને કાર્યક્રમો તૈયાર કરવાના અથવા એક જિલ્લા અથવા એક કરતાં વધારે જિલ્લાઓને લગતા કોઇ પ્રોજેકટ અથવા કાર્યક્રમ હાથ ધરવાની રાજ્ય સરકારની સત્તાને બાધ આવશે નહિ.

પંચાયતો રાજ્યવ્યાપી પંચાયત સંગઠનનો ભાગ બનશે અને રાજ્ય નીતિનો અમલ કરી શકાય તે માટે તેણે કાર્યો બજાવવાં.

**૨૩૮.** ગ્રામ પંચાયતો, તાલુકા પંચાયતો અને જિલ્લા પંચાયતો તેઓ ભિન્ન પ્રાદેશિક હકૂમત ધરાવતી અને ભિન્ન કાર્યો બજાવતી અલગ સ્થાપિત મંડળીઓ હોય તે છતાં, --

(૧) સ્થાનિક અને સરકારી કાર્યોમાં રાજ્યના લોકોનો સહકાર વધુ પ્રમાણમાં મેળવવાના હેતુ સારૂ રચેલ પંચાયત સંગઠનનો ભાગ બનશે.

(૨) રાજ્યની પંચવર્ષીય યોજનાઓ અને રાષ્ટ્રીય પંચવર્ષીય યોજનાઓને અને સામાન્યતઃ રાજ્ય નીતિને અનુસરી શકાય તે માટે આ અધિનિયમની રૂએ અથવા તે હેઠળ તેઓને સોંપેલા કાર્યો અને ફરજો બજાવશે અને રાજ્ય સરકાર તે અર્થે લેખિત હુકમથી વખતોવખત બહાર પાડે તેવા સામાન્ય કે ખાસ આદેશો તેઓએ અમલમાં મૂકવા જોઇશે.

(૩) પોતાનો વહીવટ શ્રધ્ધાપૂર્વક અને કાર્યક્ષમ રીતે ચલાવશે.

**૨૩૯.** (૧) પંચાયતે હાથ ધરવાની કોઇ બાબત સંબંધી, રાજ્ય સરકાર સામાન્ય કે ખાસ હુકમોથી એમ ફરમાવે તો, એવી બાબતને લગતું ટેકનિકલ જ્ઞાન તથા અનુભવ ધરાવતા અધિકારી કે વ્યક્તિ તરીકે રાજ્ય સરકાર નિયુક્ત કરે તે અધિકારી કે વ્યક્તિને, પંચાયતની અથવા યથાપ્રસંગ, તેની સમિતિ બેઠકમાં એવી બાબતની વિચારણા કરવાની હોય, ત્યારે તેમાં હાજર રહેવા માટે નિમંત્રણ આપવાની પંચાયતોની ફરજ રહેશે.

નિયુક્ત કરેલા અધિકારી અથવા વ્યક્તિને બેઠકમાં હાજર રહેવાનું પંચાયતે નિમંત્રણ આપવું.

(૨) આવા નિયંત્રણ ઉપરથી એવો કોઇ અધિકારી કે વ્યક્તિ યથાપ્રસંગ, પંચાયત અથવા તેની સમિતિની કોઇપણ બેઠકમાં હાજર રહે તે પ્રસંગે, તે બેઠકમાં એવી બાબત અંગે જે કાંઇ ચર્ચા કરવામાં આવે તેમાં ભાગ લેવાને તે હકદાર થશે, પરંતુ તે મત આપવાને હકદાર રહેશે નહિ.

(૩) એવા કોઇ અધિકારી કે વ્યક્તિ એવી કોઇ બેઠકમાં હાજર રહે ત્યારે તેમને ઠરાવવામાં આવે તે દરે, તેવાં ભથ્થાં મળશે.

**૨૪૦.** પંચાયતના કાર્યોની યાદી હેઠળ ગ્રામ પંચાયતો, તાલુકા પંચાયતો અને જિલ્લા પંચાયતોને સોંપેલ કાર્યો અને ફરજો એક જ વિષયને લગતા હોય ત્યારે કાર્યો અને ફરજો બેવડાય નહિ તે માટે અથવા આવું કોઇ કાર્ય અથવા ફરજ બજાવવા માટેની એક પંચાયતની જવાબદારી, કંઇપણ સંદિગ્ધતા અથવા ગેરસમજૂતિને કારણે બીજી પંચાયત પર નાંખી દેવામાં ન આવે તે માટે, રાજ્ય સરકાર લેખિત હુકમ દ્વારા, કાર્યો આવી રીતે બેવડાય નહિ તે માટે, અથવા જવાબદારી નાખવાનું ટાળવા માટે પોતાને આવશ્યક જણાય તેવા આદેશો સઘળી પંચાયતોને અથવા તે પૈકી કોઇ પંચાયતને વખતોવખત આપી શકશે અને ઉકત પંચાયત આવા આદેશો અનુસાર પોતાની સત્તા વાપરવાને અને પોતાના કાર્યો અને ફરજો બજાવવાને બંધાયેલી રહેશે.

આદેશો કાઢવાની સરકારની સત્તા.

**૨૪૧.** (૧) પેટા-કલમ (૨)ની જોગવાઇઓને અધીન રહીને, જે કોઇ કામ અથવા, વિકાસ યોજના પંચાયત, આ અધિનિયમ હેઠળ પોતાનાં કાર્યો અને ફરજોના ભાગ તરીકે હાથ પર લેવા ઇચ્છતી હોય તે કામ અથવા વિકાસ યોજના આવાં કામ અથવા વિકાસ યોજનાના ખર્ચનો વિગતવાર અંદાજ પંચાયતે મંજૂર કર્યો હોય અને તેનો નકશો ઠરાવેલા અધિકારીએ મંજૂર કર્યો હોય તે સિવાય, શરૂ કરી શકાશે નહિ.

કામ અથવા યોજનાઓ, સહાયક ગ્રાન્ટ તથા મિલકતના સંપાદન વિગેરેમાં વહીવટી મંજૂરીની આવશ્યકતા.

(૨) નિયમોથી તે અર્થે ઠરાવવામાં આવે તેવા અધિકારી, કોઇ કામ કે વિકાસ યોજના, અને સહાયક ગ્રાન્ટ માટે પૂર્વમંજૂરી આપે નહિ, તો આવું કામ કે વિકાસ યોજના, પંચાયતથી શરૂ કરી શકાશે નહિ, તેમજ પોતાના ફંડમાંથી કંઇપણ સહાયક ગ્રાન્ટ પંચાયતથી આપી શકાશે નહિ.

(૩) ઠરાવવામાં આવે તે અપવાદોને અધીન રહીને, ઠરાવવામાં આવે તેવા અધિકારીની પૂર્વમંજૂરી મળી ન હોય તો, પંચાયત કોઇપણ મિલકત સંપાદન કરી શકશે નહિ.

**૨૪૨.** (૧) આ અધિનિયમમાં અન્યથા ઠરાવ્યું હોય તે સિવાય, કોઇ વ્યક્તિ અથવા સંસ્થાને સ્પર્શતા ગ્રામ પંચાયત અથવા તાલુકા પંચાયતના કોઇ હુકમ અથવા નિર્ણય વિરુધ્ધ જિલ્લા પંચાયતને અપીલ થઇ શકશે.

ગ્રામ પંચાયતના હુકમ વિરુધ્ધ અપીલો.

(૨) આવી અપીલ, હુકમ અથવા નિર્ણયની તારીખથી ત્રીસ દિવસની મુદતની અંદર કરવી જોઇશે.

(૩) જિલ્લા પંચાયત અપીલમાં પોતાને ન્યાયી અને યોગ્ય લાગે તેવા હુકમ કરી શકશે અને અપીલમાં કરાયેલો હુકમ છેવટનો ગણાશે.

**૨૪૩.** (૧) કલમ ૧૪૫માં ગમે તે મજકૂર હોય તે છતાં, કલમો ૧૦૪, ૨૦૦ અને ૨૪૧ હેઠળ જિલ્લા પંચાયતને સોંપેલી અપીલ સત્તા, જિલ્લા પંચાયતની અપીલ સમિતિ વાપરશે, જે પંચાયતના પ્રમુખ અને પંચાયત પોતાના સભ્યોમાંથી પસંદ કરે તેવા પંચાયતના બીજા ચાર સભ્યોની બનશે.

અપીલ સમિતિએ, જિલ્લા પંચાયતની અપીલી સત્તા વાપરવા બાબત.

(૨) પંચાયતોના પ્રમુખ, અપીલ સમિતિના હોદ્દાની રૂએ અધ્યક્ષ રહેશે.

(૩) અપીલ સમિતિની મુદત બે વર્ષની રહેશે.

(૪) અપીલ સમિતિમાં પસંદ કરાયેલો કોઇ સભ્ય, અધ્યક્ષને પોતાનું રાજીનામું મોકલાવીને, સમિતિના સભ્યપદેથી રાજીનામું આપી શકશે.

(૫) પોતાની અપીલ સત્તા વાપરતી વખતે અપીલ સમિતિએ અનુસરવાની કાર્યરીતિનું નિયમન કરવા માટે, રાજ્ય સરકાર, આ અધિનિયમ સાથે સુસંગત નિયમો કરશે અને એવા નિયમોથી નીચેની બાબતો માટે જોગવાઇ કરી શકાશે:--

(ક) પ્રમુખે અથવા તે અધિકૃત કરે તેવા સમિતિના બીજા કોઇ સભ્યે રચેલી બેન્ચોનાં સમિતિના સભ્યોની બેઠકો; અને

(ખ) બેન્ચના સભ્યો વચ્ચે પડતા મતભેદો પતાવવાની રીત.

(૬) ઉપર જણાવેલી અપીલ સત્તામાં અપીલનો નિકાલ ન થતાં સુધી કામચલાઉ મનાઈ હુકમ આપવાની અથવા જેની સામે અપીલ કરવામાં આવી હોય તે નિર્ણય અથવા હુકમની અમલ બજવણી મોકૂફ રાખવાની અથવા ન્યાયી અને યોગ્ય લાગે તેવા બીજા વચગાળાના હુકમો કરવાની સત્તાનો સમાવેશ થશે અને અપીલ સમિતિના અધ્યક્ષ એવી સત્તા વાપરી શકશે.

(૭) આ કલમથી તેને મળેલી સત્તાની રૂએ અપીલ સમિતિએ આપેલો નિર્ણય, જિલ્લા પંચાયતનો નિર્ણય છે એમ ગણાશે.

અપીલ કોને સંબોધીને કરી શકાશે વગેરે, બાબત.

**૨૪૪.** જિલ્લા પંચાયતને કરવાની અપીલ લેખિત હોવી જોઈએ અને જિલ્લા વિકાસ અધિકારીને સંબોધીને કરેલી હોવી જોઈએ. જિલ્લા વિકાસ અધિકારીને, રજિસ્ટર્ડ ટપાલથી તે મોકલી શકાશે અથવા તેને જાતે આપી શકશે. એવી દરેક અપીલ સાથે જેની સામે અપીલ કરવામાં આવી હોય તે નિર્ણય કે હુકમ અથવા તેની પ્રમાણિત નકલ સામેલ રાખવી જોઈએ.

કાર્યવાહી વગેરે મંગાવવાની સત્તા.

**૨૪૫.** (૧) જિલ્લા પંચાયતને–

(ક) પોતાના તાબાની કોઈ પંચાયતની કોઈ કાર્યવાહી અથવા તેમાંથી કોઈ ઉતારો, પોતાના તાબાની એવી કોઈ પંચાયતના કબજામાંનો અથવા તાબામાંનો કોઈ ચોપડો અથવા દસ્તાવેજ અને જે કોઈ પત્રક, વિવરણ પત્રક, હિસાબ અથવા રિપોર્ટ આવી પંચાયતે પૂરા પાડવા જોઈએ એમ જિલ્લા પંચાયતને યોગ્ય લાગે તે પત્રક, વિવરણ પત્રક, હિસાબ અથવા રિપોર્ટ મંગાવવાની; અને

(ખ) (૧) આવી કોઈ તાબાની પંચાયત જે કોઈ કાર્ય કરવાની તૈયારીમાં હોય અથવા કરતી હોય તે કરવા સામે, જિલ્લા પંચાયતને જે કાંઈ વાંધો જણાતો હોય તે વાંધો, અથવા

(૨) જિલ્લા પંચાયત જે કોઈ માહિતી પૂરી પાડી શકે અને જે પરથી આવી તાબાની પંચાયતે અમુક બાબત કરવાની છે એમ જિલ્લા પંચાયત જણાય તેવી માહિતી વિચારમાં લેવાનું અને એવી વસ્તુ કરતા અટકાવવા માટે અથવા નહિ કરવા માટે પોતાનાં જે કારણો હોય તે જણાવીને લેખિત જવાબ વાજબી સમયની અંદર જિલ્લા પંચાયતને મોકલી આપવાનું ફરમાવવાની,

સત્તા રહેશે.

(૨) આ અર્થે રાજ્ય સરકારે સામાન્ય અથવા ખાસ હુકમથી અધિકૃત કરેલા અધિકારીને, પોતાના તાબાની પંચાયતના સંબંધમાં, પેટા-કલમ (૧) હેઠળ જિલ્લા પંચાયતને જે સત્તા હોય છે તે જ સત્તા રહેશે.

દાખલ થવાની સત્તા.

**૨૪૬.** (૧) જિલ્લા પંચાયત, પોતાના પ્રમુખ, ઉપપ્રમુખ અથવા સેક્રેટરીને કોઈ તાબાની પંચાયતના ભોગવટાની કોઈ સ્થાવર મિલકતમાં અથવા તેના આદેશ મુજબ ચાલતા હોય એવા કોઈ કામની જગ્યામાં બધા વાજબી વખતે દાખલ થવાને અને નિરીક્ષણ કરવાને અથવા દાખલ કરાવવાને અને નિરીક્ષણ કરાવવાને અને એવી કોઈ પંચાયતની કચેરીમાં દાખલ થવાને અથવા દાખલ કરાવવાને પણ અને તેમાં રાખેલા કોઈ દફતર, રજિસ્ટર અને બીજા દસ્તાવેજોનું નિરીક્ષણ કરવાને અથવા નિરીક્ષણ કરાવવાને પણ અધિકૃત કરી શકશે અને આવી રીતે નિરીક્ષણ કરનાર વ્યક્તિએ, કોઈ નિરીક્ષણ નોંધ કરી હોય તો તેનું એવી પંચાયતે પાલન કરવું જોઈશે.

(૨) રાજ્ય સરકારે એવી રીતે સત્તા આપી હોય, તો તાલુકા પંચાયત, પોતાના પ્રમુખ, ઉપપ્રમુખ અથવા સેક્રેટરીને કોઈ તાબાની પંચાયત ભોગવટાની કોઈ સ્થાવર મિલકતમાં અથવા તેના આદેશ મુજબ ચાલતા હોય તેવી કોઈ કામની જગ્યામાં બધા વાજબી સમયે દાખલ થવાને અને નિરીક્ષણ કરવાને અથવા દાખલ કરાવવાને અને નિરીક્ષણ કરાવવાને અધિકૃત કરી શકશે અને એવી કોઈ પંચાયતની કચેરીમાં દાખલ થઈ અથવા દાખલ કરાવીને પણ અને તેમાં રાખવામાં આવતા કોઈ દફતર, રજિસ્ટર અને બીજા દસ્તાવેજોનું નિરીક્ષણ કરવાને અથવા નિરીક્ષણ કરાવવાને પણ અધિકૃત કરી શકશે અને એવી રીતે નિરીક્ષણ કરનાર વ્યક્તિએ, કોઈ નિરીક્ષણ નોંધ કરી હોય તો તેનું એવી પંચાયતે પાલન કરવું જોઈશે.

નિરીક્ષણ કરવા અંગે રાજ્ય સરકારના અધિકારીની સત્તા.

**૨૪૭.** રાજ્ય સરકારે, આ અર્થે સામાન્ય અથવા ખાસ હુકમથી અધિકૃત કરેલા કોઈ અધિકારી, પંચાયતના ભોગવટાની કોઈ સ્થાવર મિલકત ઉપર તેના આદેશ મુજબ ચાલતી હોય તેવી કોઈ કામની જગ્યામાં બધા વાજબી સમયે દાખલ થઈ શકશે અને નિરીક્ષણ કરી શકશે અથવા દાખલ કરાવી શકશે અને નિરીક્ષણ કરાવી શકશે અને કોઈ પંચાયતની કચેરીમાં દાખલ થઈને પણ અને તેમાં રાખવામાં આવતા કોઈ દફતર, રજિસ્ટર અને બીજા દસ્તાવેજોનું નિરીક્ષણ કરી શકશે અને એવા અધિકારીએ કોઈ નિરીક્ષણ નોંધ કરી હોય તો તેનું એવી પંચાયતે પાલન કરવું જોઈશે.

**૨૪૮.** (૧) પોતાના તાબાની કોઈ પંચાયત, અધિકારીઓ અથવા નોકરો તરીકે નિભાવતી હોય તેવી વ્યકિતઓની સંખ્યા અથવા આવી વ્યકિતઓને પંચાયત દ્વારા અપાતું અથવા આપવા ધારેલું મહેનતાણું વધુ પડતું છે એવો જિલ્લા પંચાયતનો અભિપ્રાય થાય, તો તે પંચાયત, જિલ્લા પંચાયત ફરમાવે એટલે, તેવી સંખ્યા અથવા મહેનતાણું ઘટાડશે. મહેકમમાં ઘટાડો કરવા બાબત.

(૨) પેટા-કલમ (૧) હેઠળ કરેલી કોઈ માંગણી સામે પંચાયત, રાજ્ય સરકારને અથવા તેણે આ અર્થે અધિકૃત કરેલા અધિકારીને અપીલ કરી શકશે અને રાજ્ય સરકારનો અથવા આવી રીતે અધિકૃત કરેલા અધિકારીઓનો નિર્ણય છેવટનો ગણાશે.

**૨૪૯.** (૧) જો તાલુકા પંચાયતના તાબા હેઠળની કોઈ પંચાયતના કોઈ હુકમ અથવા ઠરાવની અમલ બજવણી કરવાથી અથવા પંચાયત જે કોઈ કાર્ય કરવાની તૈયારીમાં હોય અથવા કરતી હોય અથવા તેના વતી જે કોઈ કાર્ય કરવાની તૈયારીમાં હોય અથવા કરવામાં આવતી હોય તે કરવાથી, તાલુકા વિકાસ અધિકારીના અભિપ્રાય પ્રમાણે, તે પ્રમાણે કરવું તે કાયદા વિરૂધ્ધ હોય, તો તે પોતાના સહીવાળા લેખિત હુકમથી તેની અમલ બજવણી મોકૂફ રાખી શકશે અથવા તે કરવાનો પ્રતિબંધ કરી શકશે. હુકમની અમલ બજવણી મોકૂફ રાખવા બાબત.

(૨) તાલુકા વિકાસ અધિકારી, પેટા-કલમ (૧) હેઠળ કોઈ હુકમ કરે, ત્યારે તેણે તે હુકમની એક નકલ, તે કરવાના કારણોના નિવેદન સહિત, તે હુકમથી જેને અસર થતી હોય તેવી પંચાયતને તરત મોકલવી.

(૩) આ કલમ હેઠળ આવતા દરેક કેસનો રિપોર્ટ, તાલુકા વિકાસ અધિકારી, તરત જિલ્લા વિકાસ અધિકારીને સાદર કરશે અને જિલ્લા વિકાસ અધિકારી, તે કેસમાં કરેલો કોઈ હુકમ સુધારી શકશે અથવા તેમાં ફેરફાર કરી શકશે અને તેના સંબંધમાં તાલુકા વિકાસ અધિકારી જે બીજો કોઈ હુકમ કરી શકયો હોત તે હુકમ કરી શકશે.

(૪) પેટા-કલમો (૧), (૨) અને (૩) હેઠળ ગ્રામ પંચાયતના સબંધમાં, તાલુકા વિકાસ અધિકારીને જે સત્તા હોય છે તે જ સત્તા, તાલુકા પંચાયતના અથવા ગ્રામ પંચાયતના સંબંધમાં, જિલ્લા વિકાસ અધિકારીને રહેશે. માત્ર એટલો ફેર રહેશે કે તેણે પેટા-કલમ (૩) હેઠળ રાજ્ય સરકારને રિપોર્ટ સાદર કરવો પડશે. રાજ્ય સરકાર તે અંગે પોતાને યોગ્ય લાગે તેવો હુકમ કરી શકશે.

(૫) આ કલમ હેઠળ તાલુકા પંચાયતના સંબંધમાં જિલ્લા વિકાસ અધિકારીને જે સત્તા હોય તે સત્તા રાજ્ય સરકારે આ અર્થે સામાન્ય અથવા ખાસ હુકમથી અધિકૃત કરેલા અધિકારીને જિલ્લા પંચાયતના સંબંધમાં રહેશે.

(૬) જો કોઈ પંચાયતના કોઈ હુકમ અથવા ઠરાવની અમલ બજવણી કરવાથી અથવા એવી પંચાયતે જે કોઈ કાર્ય કરવાની તૈયારીમાં હોય અથવા કરતી હોય અથવા તેના વતી જો કોઈ કાર્ય કરવાની તૈયારી હોય અથવા કરવામાં આવતી હોય તે કરવાથી, કલેકટરના અભિપ્રાય પ્રમાણે લોકોને ઈજા અથવા હેરાનગતિ થતી હોય, અથવા થવાનો સંભવ હોય અથવા સુલેહનો ભંગ થાય એવો સંભવ હોય, તો કલેકટર, પોતાના સહીવાળા લેખિત હુકમથી તેની અમલ બજવણી મોકૂફ રાખી શકશે અથવા તે કરવાનો પ્રતિબંધ કરી શકશે અને તેણે તરત જ—

(ક) હુકમથી અસર થતી હોય તેવી પંચાયતને, તે હુકમની નકલ, તે કરવાના કારણોના નિવેદન સહિત મોકલવી જોઈશે; અને

(ખ) રાજ્ય સરકારને તે અંગે રિપોર્ટ સાદર કરવો જોઈશે.

**૨૫૦.** (૧) તાકીદના પ્રસંગે, જે કોઈ કામ અથવા કાર્ય કરવાનો તાલુકા પંચાયતના તાબા હેઠળની પંચાયતને સત્તા હોય અથવા જે કામ અથવા કાર્ય તાલુકા વિકાસ અધિકારીના અભિપ્રાય પ્રમાણે લોકોના સ્વાસ્થ્ય અથવા સલામતી માટે તાત્કાલિક કરવું જરૂરનું હોય તે કામ અથવા કાર્ય કરવાનો તે પ્રબંધ કરી શકશે અને તે કામ અથવા કાર્ય કરવાનું ખર્ચ પંચાયતે તરત આપવું એવો આદેશ તે કરી શકશે. તાકીદના પ્રસંગે કામ કરાવવા બાબત.

(૨) જો ખર્ચ, એ રીતે આપવામાં ન આવે, તો તાલુકા વિકાસ અધિકારી, જે તિજોરીમાં પંચાયતનું ફંડ રાખ્યું હોય, તે તિજોરીનો હવાલો ધરાવનાર અધિકારીને, તેના હસ્તક હેઠળનાં એવા ફંડની સિલકમાંથી એવું ખર્ચ અથવા શક્ય હોય તેટલો તેનો ભાગ, આપવાનો આદેશ કરી શકશે અને તિજોરીનો હવાલો ધરાવનાર અધિકારીએ, આવા આદેશનું પાલન કરવું પડશે.

(૩) જે પ્રસંગે તાલુકા વિકાસ અધિકારી, પેટા-કલમ (૧) હેઠળ પોતાની સત્તા વાપરે તે દરેક પ્રસંગનો રિપોર્ટ તેણે તરત જિલ્લા વિકાસ અધિકારીને મોકલવો જોઈશે.

(૪) પેટા-કલમો (૧), (૨) અને (૩) હેઠળ ગ્રામ પંચાયતના સંબંધમાં, તાલુકા વિકાસ અધિકારીને જે સત્તા હોય છે તે જ સત્તા, તાલુકા પંચાયતના અથવા ગ્રામ પંચાયતના સંબંધમાં જિલ્લા વિકાસ અધિકારીને રહેશે, માત્ર એટલો જ ફેરફાર રહેશે કે તેણે પેટા-કલમ (૩) હેઠળ રાજ્ય સરકારને રિપોર્ટ સાદર કરવો જોઈશે.

(૫) આ કલમ હેઠળ તાલુકા પંચાયતના સંબંધમાં, જિલ્લા વિકાસ અધિકારીને જે સત્તા હોય છે તે જ સત્તા, રાજ્ય સરકારે આ અર્થે સામાન્ય અથવા ખાસ હુકમથી અધિકૃત કરેલા અધિકારીને, જિલ્લા પંચાયતના સંબંધમાં રહેશે.

પોતાની હદની બહારના વિસ્તારમાં પંચાયતે પોતાની સેવા વગેરેનું વિસ્તરણ કરવા બાબત.

**૨૫૧.** (૧) આગ અથવા ચેપી રોગચાળો ફાટી નીકળવાથી અથવા અન્ય કોઈ કુદરતી આફતથી અસર પામેલા કોઈ વિસ્તારમાં જાનમાલનું રક્ષણ કરવા માટે તાત્કાલિક પગલાં લેવાના હેતુ માટે જિલ્લા વિકાસ અધિકારીને એવી ખાતરી થાય કે જેના માટે પંચાયત રચવામાં આવી હોય તે વિસ્તારની અંદર કોઈ પંચાયત દ્વારા અપાતી અથવા નિભાવતી કોઈ સેવા, સાધન-સામગ્રી અથવા સ્ટાફની માંગણી કરવાનું જરૂરી છે, તો આવા અધિકારી, લેખિત હુકમ દ્વારા તેમાં નિર્દિષ્ટ કરવામાં આવે તે હેતુ માટે અને તેટલી મુદત માટે આવી સેવા, સાધનસામગ્રી અને સ્ટાફ એવી રીતે અસરગ્રસ્ત વિસ્તારમાં પૂરા પાડવા માટે પંચાયતને આદેશ કરી શકશે અને પંચાયત, તે આદેશનું પાલન કરવાને બંધાયેલી રહેશે.

(૨) પેટા-કલમ (૨) હેઠળ પંચાયત ઉપર કોઈ આદેશ કાઢવામાં આવ્યો હોય, ત્યારે પેટા-કલમ (૩)ની જોગવાઈઓને અધીન રહીને, પંચાયત, આદેશ અનુસાર સેવા, સાધનસામગ્રી અને સ્ટાફ પૂરા પાડવાના ખર્ચ માટે હકદાર રહેશે.

(૩) (ક) પેટા-કલમ (૨) હેઠળ ખર્ચ તરીકે પંચાયતને ચૂકવવાની રકમ, પેટા-કલમ (૧) હેઠળ માગણી કરનાર અધિકારીએ નક્કી કરવી જોઈએ.

(ખ) જે વિસ્તાર માટે સેવા, સાધનસામગ્રી અને સ્ટાફ એવી રીતે પૂરા પાડ્યા હોય તે વિસ્તાર, કોઈ મ્યુનિસિપલ કોર્પોરેશન, નગરપાલિકા અથવા અન્ય કોઈ પંચાયતની સ્થાનિક હદની અંદરનો હોય, તો યથાપ્રસંગ, આવા કોર્પોરેશન, નગરપાલિકા, અથવા પંચાયત, જેના ઉપર પેટા-કલમ (૧) હેઠળ હુકમ કરવામાં આવ્યો હોય તો પંચાયતને, ખંડ (ક) હેઠળ નક્કી કરાયેલી રકમ ચૂકવવા માટે જવાબદાર રહેશે અને રકમ નક્કી કરનાર અધિકારી જણાવે તેટલી મુદતની અંદર, પંચાયતને તે રકમ તેણે ચૂકવવી પડશે અને અન્ય કોઈ દાખલામાં, ખંડ (ક) હેઠળ નક્કી કરાયેલી રકમ, રાજ્ય સરકારે પંચાયતને ચૂકવવી જોઈશે.

(૪) મ્યુનિસિપલ કોર્પોરેશન, નગરપાલિકા અથવા પંચાયતની સ્થાનિક હદની અંદર આવેલો ન હોય તેવા કોઈ વિસ્તારને આગથી, ચેપી રોગચાળો ફાટી નીકળવાથી અથવા અન્ય કોઈ કુદરતી આફતથી અસર થઈ હોય અને પંચાયતને એવી ખાતરી થાય કે વિસ્તારના જાનમાલના રક્ષણ માટે, તે વિસ્તાર માટે તેની કોઈ સેવા, સાધન-સામગ્રી અને સ્ટાફ પહોંચાડવા માટે તાત્કાલિક પગલાં લેવાનું જરૂરી છે, તો પેટા-કલમો (૧), (૨) અથવા (૩)માં ગમે તે મજકૂર હોય તે છતાં, અને પેટા-કલમ (૧) હેઠળ માંગણી કરી હોય કે ન હોય તો પણ, વિના ખર્ચે તેમ કરવાનું પંચાયત માટે કાયદેસર ગણાશે.

ફરજ બજાવવામાં કસૂર.

**૨૫૨.** (૧) જો કોઈપણ વખતે, જિલ્લા પંચાયતને એમ જણાય કે, આ અધિનિયમથી અથવા તે હેઠળ તેના પર નાંખેલી કોઈ ફરજ અદા કરવામાં પોતાના તાબા હેઠળની કોઈ પંચાયતે કસૂર કરી છે, તો નિર્દિષ્ટ કરેલી મુદતમાં ફરજ બજાવવાનો તે હુકમ કરી શકશે અને જો નિર્દિષ્ટ કરેલી મુદતમાં તો ફરજ બજાવવામાં ન આવે તો, તે બજાવવા માટે જિલ્લા પંચાયત કોઈ વ્યક્તિને નીમી શકશે અને તે બજાવવાનો ખર્ચ, કસૂર કરનાર પંચાયતે જિલ્લા પંચાયત નક્કી કરે તેવી મુદતની અંદર આપવો એવો આદેશ કરી શકશે.

(૨) જો ખર્ચ એ રીતે આપવામાં ન આવે, તો પંચાયતનું ફંડ જે વ્યક્તિની કસ્ટડીમાં હોય તે વ્યક્તિને તેના હસ્તકની નીચેના આવા ફંડની સિલકમાંથી આવું ખર્ચ આપવાનો અથવા શક્ય હોય તેટલો તેનો ભાગ આપવાને, આદેશ જિલ્લા પંચાયત કરી શકશે અને આવી વ્યક્તિએ આવું ખર્ચ અથવા તેના ભાગ તદ્‌નુસાર આપવો જોઈશે.

(૩) જો કોઈપણ વખતે, રાજ્ય સરકારને અથવા આ અર્થે રાજ્ય સરકારે અધિકૃત કરેલા કોઈ અધિકારીને એમ જણાય કે પંચાયતે કોઈ ફરજ બજાવવામાં કસૂર કરી છે અને જિલ્લા પંચાયત પેટા-કલમ (૧) હેઠળ પગલાં લેવાને ચૂકી છે અથવા એવાં પગલાં લેવામાં તેણે ગફલત કરી છે, તો રાજ્ય સરકાર યથાપ્રસંગ, અથવા અધિકૃત કરેલા અધિકારી, પેટા-કલમ (૧) અને (૨) હેઠળ જિલ્લા પંચાયત જે પગલાં લઈ શકી હોત, તે પગલાં લઈ શકશે.

(૪) આ કલમ હેઠળ આવતા દરેક કેસનો રિપોર્ટ યથાપ્રસંગ, જિલ્લા પંચાયતે અથવા અધિકૃત કરેલા અધિકારીએ તરત જ રાજ્ય સરકારને મોકલવો અને રાજ્ય સરકાર તે કેસમાં કરેલો હુકમ સુધારી શકશે અથવા તેમાં ફેરફાર કરી શકશે અને તેનાં સંબંધમાં જિલ્લા પંચાયત બીજો કે કોઈ હુકમ કરી શકી હોત એવો હુકમ કરી શકશે.

(૫) આ અર્થે રાજ્ય સરકારે સામાન્ય અથવા ખાસ હુકમથી અધિકૃત કરેલા અધિકારીને, જિલ્લા પંચાયતના સંબંધમાં, આ કલમ હેઠળ પોતાના તાબા હેઠળની પંચાયતના સંબંધમાં જિલ્લા પંચાયતને જે સત્તા છે તે જ સત્તા રહેશે.

**૨૫૩.** (૧) જો રાજ્ય સરકારનો એવો અભિપ્રાય થાય કે કોઈ પંચાયત તેની સત્તા બહાર ચાલે છે અથવા તેની સત્તાનો દુરુપયોગ કરે છે અથવા આ અધિનિયમની કોઈ જોગવાઈ હેઠળ અથવા જે તે સમયે અમલમાં હોય તેવા બીજા કોઈ કાયદાથી અથવા તે હેઠળ તેના ઉપર નાંખવામાં આવેલી ફરજો અથવા તેને સોંપવામાં આવેલા કાર્યો બજાવી શકે તેમ નથી અથવા બજાવવામાં દુરાગ્રહપૂર્વક કસૂર કરે છે અથવા આ અંગેની વરિષ્ઠ કક્ષાની પંચાયતે અથવા રાજ્ય સરકારે અથવા તેણે આ અધિનિયમ હેઠળ અધિકૃત કરેલ કોઈ અધિકારીએ, આ અધિનિયમ હેઠળ કરેલા કોઈ હુકમનું પાલન કરવા ચૂક કરે છે અથવા રાજ્ય સરકારના કોઈ હુકમની દુરાગ્રહપૂર્વક અવજ્ઞા કરે છે તો રાજ્ય સરકાર જિલ્લા પંચાયતના તાબા હેઠળની પંચાયતના દાખલામાં, જિલ્લા પંચાયત સાથે વિચાર વિનિમય કર્યા પછી અને પંચાયતને ખુલાસો આપવાની તક આપ્યા પછી, રાજપત્રમાં હુકમ પ્રસિદ્ધ કરીને, — કસૂર બદલ, પંચાયતનું વિસર્જન અથવા તેની પદચ્યુતિ.

(૧) આવી પંચાયતનું વિસર્જન કરી શકશે, અથવા

(૨) હુકમમાં નિર્દિષ્ટ કરેલી મુદત માટે આવી પંચાયતને પદચ્યુત કરી શકશે :

પરંતુ આવી મુદત છ મહિના અથવા આવી પંચાયતની બાકીની મુદત એ બેમાંથી જે ઓછી હોય તેના કરતાં વધુ હોવી જોઈશે નહિ :

વધુમાં રાજ્ય સરકાર અગાઉના પરંતુકને અધીન રહીને, પોતાને જરૂરી લાગે તેવી તપાસ કર્યા પછી, રાજપત્રમાં હુકમ પ્રસિદ્ધ કરીને, એવી પંચાયતની પદચ્યુતિની મુદત હુકમમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવી તારીખ સુધી વધારી શકશે અથવા તે જ હુકમથી પદચ્યુતિના મુદત ઘટાડી શકશે.

(૨) કોઈ પંચાયતનું વિસર્જન કરવામાં આવે અથવા તેને પદચ્યુત કરવામાં આવે ત્યારે, પંચાયતના સઘળા સભ્યોએ, હુકમમાં નિર્દિષ્ટ કરેલી તારીખથી, એવા સભ્યો તરીકેના પોતાના હોદ્દા ખાલી કરવા જોઈશે.

(૩) કોઈ પંચાયતનું વિસર્જન કરવામાં આવે અથવા તેને પદચ્યુત કરવામાં આવે ત્યારે, આ અધિનિયમમાં ઠરાવેલી રીતે તેની પુનર્રચના કરવી જોઈશે.

(૪) કોઈ પંચાયતનું વિસર્જન કરવામાં આવે અથવા પદચ્યુત કરવામાં આવે તો,

(ક) તેના વિસર્જન અથવા યથાપ્રસંગ તેની પદચ્યુતિની મુદત દરમ્યાન, પંચાયતની સઘળી સત્તા તથા ફરજો, રાજ્ય સરકારે તે અર્થે વખતોવખત જે વ્યક્તિ અથવા વ્યક્તિઓને નીમે તે વ્યક્તિ અથવા વ્યક્તિઓ વાપરશે અથવા બજાવશે, અને

(ખ) પંચાયતને પ્રાપ્ત થયેલી અથવા સઘળી મિલકત, પંચાયતનું વિસર્જન અથવા યથાપ્રસંગ, પદચ્યુતિ દરમિયાન રાજ્ય સરકારને પ્રાપ્ત થશે; અને

(ગ) વિસર્જન થયેથી અથવા યથાપ્રસંગ, પદચ્યુતિની મુદત પૂરી થયેથી, આ અધિનિયમમાં ઠરાવેલી રીતે પંચાયતની પુનર્રચના કરવી જોઈશે અને હોદ્દા ખાલી કરતી વ્યક્તિઓ ફરીથી ચૂંટાવાને પાત્ર થશે.

**૨૫૪.** (૧) સંવિધાનની કલમ ૨૪૩ના ખંડ (જ) હેઠળના જાહેરનામાથી, કોઈ ગામની હદમાં એવી રીતે ફેરફાર કરવામાં આવે કે, જેથી— ગામ હદમાં ફેરફાર કરવાના પરિણામો.

(ક) તે ગામમાં કોઈ વિસ્તારનો સમાવેશ થાય, અથવા

(ખ) તે ગામમાં કોઈ વિસ્તારને બાકાત રાખવામાં આવે, ત્યારે રાજ્ય સરકાર આ અધિનિયમમાં અથવા તે સમયે અમલમાં હોય તેવા કોઈપણ કાયદામાં ગમે તે મજકૂર હોય તે છતાં, રાજપત્રમાં પ્રસિદ્ધ કરેલા હુકમ દ્વારા નીચેની સઘળી અથવા તે પૈકી કોઈ બાબત માટે જોગવાઈ કરી શકશે.—

(૧) ખંડ (ક) હેઠળ આવતા દાખલામાં, રાજ્ય સરકારે, વધારાના સભ્યો નીમીને ગ્રામપંચાયતના સભ્યોની સંખ્યામાં વચગાળાનો વધારો કરવા માટે;

(૨) ખંડ (ખ) હેઠળ આવતા દાખલામાં, રાજ્ય સરકારના અભિપ્રાય પ્રમાણે ગ્રામપંચાયતના જે સભ્યો, યથાપ્રસંગ, ગામમાંથી બાકાત રાખેલા વિસ્તારનું પ્રતિનિધિત્વ ધરાવતાં હોય તે સભ્યોને દૂર કરવા માટે;

પરંતુ એવી રીતે બાકાત રાખેલા વિસ્તારનો કોઈપણ બીજા ગામમાં સમાવેશ કરવામાં આવ્યો હોય, ત્યારે તેવી રીતે દૂર કરેલા સભ્યોને આવા ગામની પંચાયતના વધારાના સભ્યો તરીકે નીમવા જોઈશે;

(૩) જે મુદત સુધી એવી રીતે નીમેલા વધારાના સભ્યોએ હોદ્દો ધારણ કરવો જોઈએ તે મુદત માટે અને પ્રસંગોપાત ખાલી પડેલી જગાઓ ભરવાની રીત માટે;

(૪) હદમાં ફેરફાર કરવાથી જે પંચાયતને અસર થઈ હોય તે પંચાયતોના કોઈ અધિકારી અથવા નોકરની ફાળવણી કરવા માટે,

(૨) ગામ માટે રચાયેલી અને હદમાં ફેરફાર કરવામાં આવે તેની તરત જ પહેલા કાર્ય કરતી પંચાયત, હોય તો તે પેટા-કલમ (૧) હેઠળ સભ્યોમાં વધારો કરવાની અથવા સભ્યોનો બાકાત રાખવાની બાબતને અધીન રહીને, આ અધિનિયમ હેઠળ તેની મુદત પૂરી ન થાય ત્યાં સુધી, કાર્ય કરતી ચાલુ રહેશે અને આવી મુદત પૂરી થાય એટલે, આ અધિનિયમમાં જોગવાઈ કરેલી રીતે તેની પુનર્રચના કરવામાં આવશે.

(૩) જો કોઈ ગામની હદમાં ફેરફાર કરતી વખતે, તેમાંથી બાકાત રાખેલ વિસ્તારનો કોઈ બીજા ગામમાં સમાવેશ કરવામાં આવ્યો હોય, તો–

(ક) જે ગામમાંથી તે વિસ્તારને એવી રીતે બાકાત રાખવામાં આવ્યો હોય તે ગામના ગામ ફંડ, દેવાં, દાયિત્વ અને બીજી મિલકતોની રાજ્ય સરકાર લેખિત હુકમ દ્વારા આદેશ કરે તેટલો ભાગ, જે ગામમાં આવા વિસ્તારનો સમાવેશ કરવામાં આવ્યો હોય તે ગામની પંચાયતને સ્વત્વાર્પિત કરવામાં આવશે અને તેને પ્રાપ્ત થશે;

(ખ) એવી રીતે બાકાત રાખેલ વિસ્તારમાં ઉપસ્થિત થતાં તેના સંબંધી કોઈપણ કરાર, કબૂલાત અને બીજી બાબતો અને વસ્તુઓને લગતા પંચાયતના હકો અને જવાબદારીઓ, જે ગામમાં વિસ્તારનો એવી રીતે સમાવેશ કરવામાં આવ્યો હોય તે ગામની પંચાયતને પ્રાપ્ત થશે;

(ગ) એવી રીતે બાકાત રાખેલ વિસ્તારના સંબંધમાં કાઢેલ, નાંખેલ, આપેલ અથવા કરેલ કોઈપણ નોટિસ, વેરો, ફી, ઉપકર, હુકમ લાયસન્સ, પરવાનગી, નિયમ અથવા ઉપનિયમ, જે પંચાયતમાં વિસ્તારનો એવી રીતે સમાવેશ કરવામાં આવ્યો હોય તે પંચાયતના સંબંધમાં કાઢેલ, નાંખેલ, આપેલ અથવા રદ કરેલ છે તેમ ગણાશે અને તેને લાગુ પડતા કાયદાની જોગવાઈઓ હેઠળ તેને રદ કરવામાં ન આવે ત્યાં સુધી તે અમલમાં ચાલુ રહેશે.

(ઘ) ગામમાંથી બાકાત રાખેલ વિસ્તારને લગતી અને આવી રીતે વિસ્તાર બાકાત રાખ્યાની તારીખે, પંચાયત સમક્ષ અનિર્ણિત હોય તેવી તમામ કાર્યવાહીઓ જે ગામમાં તે વિસ્તારનો સમાવેશ કરવામાં આવ્યો હોય તે ગામની પંચાયતને તબદીલ કરવામાં આવશે અને તેણે તેનો નિકાલ કરવો.

કોઈ વિસ્તાર ગામમાંથી બાકાત કરવામાં આવે ત્યારે તેની અસર.

**૨૫૫.** સંવિધાનની કલમ ૨૪૩ના ખંડ (જ) હેઠળના જાહેરનામાથી કોઈ ગામનો ભાગ હોય તેવા કોઈ સ્થાનિક વિસ્તારને તેવા ગામમાંથી બાકાત કર્યો હોય અને તે વિસ્તારને કોઈ ગામમાં સમાવિષ્ટ કર્યો ન હોય અથવા તેને ગામ તરીકે જાહેર કર્યો ન હોય, ત્યારે તે વિસ્તાર જે ગામનો ભાગ હોય તે ગામની પંચાયતને હસ્તકના ગ્રામ ફંડ અને બીજી મિલકતોનો, રાજ્ય સરકાર લેખિત હુકમથી ફરમાવે તેટલો ભાગ, તે વિસ્તારના ફાયદા માટે રાજ્ય સરકારને યોગ્ય જણાય તે રીતે વાપરવા સારું, રાજ્ય સરકારમાં નિહિત થશે.

કોઈ વિસ્તાર ગામ તરીકે બંધ થાય ત્યારે તેની અસર.

**૨૫૬.** સંવિધાનની કલમ ૨૪૩ના ખંડ (જ) હેઠળના કોઈપણ જાહેરનામાની રૂએ કોઈ વિસ્તાર, ગામ તરીકે બંધ થયે–

(ક) પંચાયતનું વિસર્જન થશે અને પંચાયતના બધા સભ્યોએ જાહેરનામાની તારીખથી પોતાના હોદ્દા ખાલી કરવા પડશે;

(ખ) પંચાયત ફંડમાં ખર્ચાયા વિનાની સિલક તથા પંચાયતને હસ્તકની મિલકત (પાછલી બાકી અથવા દર કરવેરા અને ફી સહિત) રાજ્ય સરકારને હસ્તક રહેશે અને રાજ્ય સરકારને યોગ્ય લાગે તેવી રીતે સદરહુ વિસ્તારોના રહેવાસીઓના લાભ માટે તે વાપરવી.

પંચાયતની પુનર્રચના કરવા માટે ચૂંટણી ન કરવામાં આવે ત્યારે, અધિકારીઓ નીમવાની રાજ્ય સરકારની સત્તા.

**૨૫૭.** (૧) પંચાયતની મુદત પૂરી થવાને લીધે તેની પુનર્રચના કરવાની હોય તેના સંબંધમાં, રાજ્ય સરકારને એવી ખાતરી થાય કે કોઈપણ કુદરતી આફતને લીધે, પંચાયતની પુનર્રચના કરવા માટેની સદરહુ મુદત પૂરી થાય તે પહેલાં ચૂંટણીઓ કરવી શક્ય નથી તો, આ અધિનિયમમાં અથવા તે હેઠળ કરેલા નિયમોમાં ગમે તે મજકૂર હોય તે છતાં, રાજ્ય સરકાર, રાજ્યપત્રમાં જાહેરનામા દ્વારા તે મતલબની જાહેરાત કરી શકશે.

(૨) [1][* * * * * * * * *] કમી કરી.

(૩) પેટા-કલમ (૧) હેઠળ જાહેરનામું બહાર પાડ્યે, પંચાયતની તમામ સત્તા અને ફરજો, જે મુદત દરમિયાન જાહેરનામું અમલમાં રહે તે મુદત સુધી, રાજ્ય સરકાર, હુકમ કરીને લેખિતમાં નિર્દિષ્ટ કરે તેવા અધિકારી વાપરશે અને બજાવશે.

પંચાયતના અધિકારીઓએ કરવાની તપાસ.

**૨૫૮.** (૧) રાજ્ય સરકાર, વખતોવખત કોઈ પંચાયતના સંબંધમાં અથવા તેને લગતી બાબતોના સંબંધમાં અથવા જે બાબતોના સંબંધમાં રાજ્ય સરકારની મંજૂરી, સંમતિ, અનુમતિ અથવા હુકમની આ અધિનિયમ હેઠળ જરૂરિયાત હોય તે કોઈ બાબતોના સંબંધમાં, તેના અધિકારીઓ પૈકી કોઈ અધિકારી મારફત તપાસ કરાવી શકશે.

સન ૧૯૦૮નો ૫મો.

(૨) આવી તપાસ કરનાર કોઈ અધિકારીને, તપાસના હેતુઓ સારૂ પુરાવો લેવાની અને સાક્ષીઓને ફરજિયાત હાજર કરવાની અને દસ્તાવેજો રજૂ કરવાની દીવાની કાર્યરીતિ અધિનિયમ, ૧૯૦૮ હેઠળ કોર્ટની સત્તા રહેશે.

(૩) રાજ્ય સરકાર, પેટા-કલમ (૧) હેઠળની તપાસના ખર્ચના સંબંધમાં અને કયા પક્ષકારોએ અને કયા ફંડમાંથી એ આપવો તેનાં સંબંધમાં હુકમો કરી શકશે અને આવો કોઈ હુકમ, રાજ્ય સરકારની અથવા તેમાં જણાવેલી કોઈ વ્યક્તિની અરજી પરથી, જાણે તે દીવાની કોર્ટનું હુકમનામું હોય તેમ બજાવી શકશે.

રાજ્ય સરકાર કાર્યવાહીઓ મંગાવી શકશે.

**૨૫૯.** જે કોઈ હુકમ કરવામાં આવ્યો હોય તેની કાયદેસરતા અથવા ઔચિત્ય વિષે પોતાની ખાતરી કરવાના હેતુ સારૂ, રાજ્ય સરકાર કોઈ પંચાયતની અથવા તેની કોઈપણ સમિતિની અથવા કોઈપણ અધિકારીની કાર્યવાહીના કાગળો મંગાવી શકશે અને તપાસી શકશે અને ન્યાયી જણાય તે પ્રમાણે તે હુકમ સુધારી શકશે અથવા તેમાં ફેરફાર કરી શકશે.

## પ્રકરણ-૧૫મું

### નગર પંચાયતોને ગામ પંચાયતમાં ફેરવવા માટે અને પંચાયતોના એકત્રીકરણ અને વિભાજન માટેની જોગવાઇઓ.


| | |
|---|---|
| ૨૬૦ | અર્થઘટન |
| ૨૬૧ | નગર પંચાયતને ગામ પંચાયતમાં ફેરવવામાં આવે તેની અસર. |
| ૨૬૨ | ગામોના એકત્રીકરણની અસર |
| ૨૬૩ | ગામનું વિભાજન વગેરેની અસર |
| ૨૬૪ | જિલ્લા અથવા તાલુકાની હદમાં ફેરફાર કરવાના પરિણામો. |

## પ્રકરણ ૧૫મું

### નગર પંચાયતોને ગ્રામ પંચાયતમાં ફેરવવા માટે અને પંચાયતોના એકત્રિકરણ અને વિભાજન માટેની જોગવાઈઓ

**૨૬૦.** આ પ્રકરણના હેતુઓ સારૂ, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય તો,– અર્થઘટન.

સન ૧૯૬૪નો ગુજરાતનો ૩૪મો.

(ક) 'મ્યુનિસિપલ બરો' એટલે ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ના અર્થ મુજબ મ્યુનિસિપલ બરો;

સન ૧૯૬૪નો ગુજરાતનો ૩૪મો.

(ખ) 'નગર પંચાયત' એટલે મ્યુનિસિપલ બરો માટે રચાયેલ નગર પંચાયત અને તેમાં ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ (જેનો આમાં હવે પછી "મ્યુનિસિપલ અધિનિયમ" કરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ ૨૬૩ હેઠળ નગરપાલિકાની સત્તા વાપરવા અને કાર્યો બજાવવા માટે અધિકૃત કરેલ વ્યકિત અથવા વ્યકિતઓનો સમાવેશ થાય છે;

(ગ) "પંચાયત"માં, કલમ ૨૫૩ હેઠળ પંચાયતની સત્તા વાપરવાને તથા કાર્યો બજાવવાને નીમેલી વ્યકિત અથવા વ્યકિતઓનો સમાવેશ થશે.

**૨૬૧.** (૧) કોઈ સ્થાનિક વિસ્તારને સંવિધાનની કલમ ૨૪૩ના ખંડ (જ) હેઠળ ગામ તરીકે જાહેર કરવામાં આવે અને આવી જાહેરાતની તરત જ પહેલાં તે સ્થાનિક વિસ્તાર મ્યુનિસિપલ બરોની હદ જેટલો જ હોય અથવા મ્યુનિસિપલ બરોના બનેલા કોઈ વિસ્તારનો તેમજ બીજા કોઈ વિસ્તારનો તેમાં સમાવેશ થયેલ હોય ત્યારે જે તારીખે આવા સ્થાનિક વિસ્તારને, તેવી રીતે ગામ તરીકે જાહેર કરવામાં આવે તે તારીખ (જેનો આ કલમમાં "સદરહુ તારીખ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે તારીખ)થી મ્યુનિસિપલ કાયદામાં ગમે તે મજકૂર હોય તે છતાં, નીચેના પરિણામો આવશે, એટલે કે,– નગર પંચાયતને ગ્રામ પંચાયતમાં ફેરવવામાં આવે તેની અસર.

(ક) આવા સ્થાનિક વિસ્તારમાં અથવા તેના ભાગમાં કાર્ય કરતી નગરપંચાયત અસ્તિત્વમાં હોતી બંધ થશે;

---

૧. સન ૨૦૦૧ના ૬ઠ્ઠા અધિનિયમની કલમ ૨થી કલમ ૨૫૩ની પેટા-કલમ (૨) કમી કરેલ છે.

(ખ) તે સમયે અમલમાં હોય તેવા કોઈ કાયદામાં ગમે તે મજકૂર હોય તે છતાં, ગામ માટે નગર પંચાયતના સભ્યો અથવા તેની સમિતિના સભ્યો તરીકે હોદ્દો ખાલી કરતી વ્યકિતઓની બનેલી એક વચગાળાની ગ્રામ પંચાયત રચવામાં આવશે અને નગર પંચાયતના પ્રમુખ તથા ઉપપ્રમુખ અનુક્રમે વચગાળાની ગ્રામ પંચાયતના સરપંચ અને ઉપસરપંચ ગણાશે:

પરંતુ આવી રીતે નગર પંચાયત અસ્તિત્વમાં હોતી બંધ થાય તેની તરત જ પહેલાં, મ્યુનિસિપલ અધિનિયમની કલમ ૨૬૩ હેઠળ નગર પંચાયતની સત્તા વાપરવા અને તેની ફરજો બજાવવા માટે નિમાયેલી કોઈ વ્યકિત અથવા વ્યકિતઓ હોય, તો તે સ્થાનિક વિસ્તાર માટે એક વચગાળાની ગ્રામ પંચાયત થશે અને એવી રીતે નિમાયેલી વ્યકિત અથવા વ્યકિતઓ આવી વચગાળાની ગ્રામ પંચાયતની બધી સત્તા વાપરવા માટે અને બધી ફરજો બજાવવા માટે, કલમ ૨૫૩ની પેટા-કલમ (૪)ના ખંડ (ક) હેઠળ નિમાયેલી વ્યકિત અથવા વ્યકિતઓ ગણાશે.

(ગ) નગર પંચાયતની માલિકીની નગર ફંડની બિનવપરાયેલી સિલક તથા કરવેરા, અને ફીની બાકી સહિત તેની માલિકીની મિલકત અને આવા જાહેરનામા પહેલા નગર પંચાયતને પ્રાપ્ત થયેલા હક અને સત્તા, તેમને લગતા સઘળા બોજા અને જવાબદારીઓને અધીન રહીને, આ અધિનિયમની જોગવાઈઓ હેઠળ નવી પંચાયત રચવામાં ન આવે ત્યાં સુધી, ગામ ફંડ તરીકે પ્રાપ્ત થશે;

(ઘ) આવા સ્થાનિક વિસ્તારના સંબંધમાં, સદરહુ તારીખની તરતજ પહેલાં, મ્યુનિસિપલ કાયદા હેઠળ કરેલ, કાઢેલ, નાંખેલ અથવા આપેલ કોઈ નિમણૂક, જાહેરનામું, નોટિસ, કર, ફી, ઉપકર, હુકમ, યોજના, લાઈસન્સ પરવાનગી, નિયમ, ઉપનિયમ અથવા નમૂનો આ અધિનિયમ હેઠળ કરેલ, કાઢેલ નાંખેલ અથવા આપેલ બીજી કોઈપણ નિમણૂક, જાહેરનામું, નોટિસ, કર, ફી, ઉપકર હુકમ, યોજના, લાઈસન્સ, પરવાનગી, નિયમ, ઉપનિયમ, અથવા નમૂનાથી રદ કરવામાં ન આવે અથવા તેમાં ફેરફાર કરવામાં ન આવે ત્યાં સુધી, તે અમલમાં ચાલુ રહેશે અને ગામના સંબંધમાં તે કરેલ, કાઢેલ, નાંખેલ અથવા આપેલ છે એમ ગણાશે;

(ચ) આવા સ્થાનિક વિસ્તારના સંબંધમાં, સદરહુ તારીખની તરત જ પહેલાં, મ્યુનિસિપલ કાયદા હેઠળ કરેલ અથવા પ્રમાણિત કરેલ સઘળાં અંદાજપત્રો, આકારણીઓ, આકારણીની યાદીઓ, મૂલ્યાંકન અથવા માપો, આ અધિનિયમ હેઠળ કરેલ અથવા પ્રમાણિત કરેલ છે એમ ગણાશે;

(છ) સદરહુ તારીખની તરત જ પહેલાં કરેલ અથવા લીધેલ અને સદરહુ તારીખે ચાલુ હોય એવા નગર પંચાયતે અથવા તેના વતી કરેલ સઘળાં દેવાં તથા લીધેલ સઘળી જવાબદારીઓ તથા કરેલ કરાર, વચગાળાની ગ્રામ પંચાયતે, આ અધિનિયમથી અથવા તે હેઠળ પોતાને મળેલી સત્તા વાપરીને, કરેલ અથવા લીધેલ છે એમ ગણાશે;

(જ) સદરહુ તારીખની તરત જ પહેલાં નગર પંચાયતમાં નોકરીમાં હોય તેવા સઘળા અધિકારીઓ અને નોકરો, આ અધિનિયમ હેઠળ વચગાળાની ગ્રામ પંચાયતના અધિકારીઓ અને નોકરો ગણાશે અને આ અધિનિયમની જોગવાઈઓ અનુસાર બીજી જોગવાઈ કરવામાં ન આવે ત્યાં સુધી તેવી તારીખે, તેઓ જે પગાર અને ભથ્થાં મેળવવાને હકદાર હોય તે પગાર અને ભથ્થાં મેળવશે અને એવી તારીખે તેઓ નોકરીની જે શરતોને અધીન હોય, તે શરતોને અધીન રહેશે :

પરંતુ વચગાળાની ગ્રામ પંચાયતના અભિપ્રાય પ્રમાણે કોઈ અધિકારી અથવા નોકર જરૂરનો ન હોય અથવા જે વચગાળાની ગ્રામ પંચાયતની સેવાની જરૂરિયાતો પ્રમાણે યોગ્ય ન હોય, તેને તેની નોકરીની શરતોથી આપવાની જરૂર હોય એવી નોટિસ આપ્યા પછી, રાજ્ય સરકારની પૂર્વમંજૂરીને અધીન રહીને, વચગાળાની ગ્રામ પંચાયત તેવા અધિકારીની અથવા નોકરની સેવા બંધ કરવા સક્ષમ ગણાશે અને જે દરેક અધિકારી અથવા નોકરની સેવા બંધ કરવામાં આવે તે અધિકારી અથવા નોકર, સેવામાંથી અસમર્થ થયે, પોતે રજા, પેન્શન, પ્રોવિડન્ટ ફંડ અને ગ્રેજ્યુઈટી લેવા અથવા મેળવવાને હકદાર હોય તે રજા, પેન્શન પ્રોવિડન્ટ ફંડ અને ગ્રેજ્યુઈટી, તે જે નગરપંચાયતની નોકરીમાં હોય તે નગરપંચાયત જાણે અસ્તિત્વમાં હોતી બંધ ન થઈ હોત તેમ લેવા અથવા મેળવવાને હકદાર રહેશે;

(ઝ) નગર પંચાયત સમક્ષ સદરહુ તારીખે અનિર્ણિત હોય તેવી તમામ કાર્યવાહીઓ, વચગાળાની ગ્રામ પંચાયતને તબદીલ કરવામાં આવી છે અને તેણે ચાલુ રાખી છે એમ ગણાશે;

(ટ) નગર પંચાયત સમક્ષ સદરહુ તારીખે અનિર્ણિત હોય તેવી સઘળી અપીલનો નિકાલ, વ્યવહારુ હોય તો, તે અપીલો કરવામાં આવી હોય, ત્યારે તેવા સ્થાનિક વિસ્તારનો ગામમાં સમાવેશ કરવામાં આવ્યો હોય તે રીતે કરવો;

(ઠ) નગર પંચાયતે અથવા નગર પંચાયતની વતી માંડેલી સઘળી ફરિયાદો તથા આવી નગર પંચાયતે અથવા આવી નગર પંચાયતના કોઈ અધિકારીએ માંડેલા અથવા નગરપંચાયત અથવા નગરપંચાયતના અધિકારી સામે માંડેલા સદરહુ તારીખે અનિર્ણિત હોય તેવા બધા દાવા અથવા બીજી કાનૂની કાર્યવાહીઓ, આવી ફરિયાદો, દાવા અથવા કાર્યવાહીઓ, માંડવામાં આવી હોય ત્યારે આવા સ્થાનિક, વિસ્તારનો ગામમાં સમાવેશ કરવામાં આવ્યો હોય તે રીતે વચગાળાની ગ્રામ પંચાયતે અથવા વચગાળાની ગ્રામ પંચાયત સામે, ચાલુ રાખવા.

(ડ) (મ્યુનિસિપલ કાયદા સિવાયનો બીજો) કોઈ કાયદો અથવા આવા કાયદા હેઠળ કાઢેલ કોઈ નિયમ, ઉપનિયમ, જાહેરનામું અથવા હુકમ, કે જે સંવિધાનની કલમ ૨૪૩ના ખંડ (જ) હેઠળ તે સ્થાનિક વિસ્તારને ગામ તરીકે જાહેર કરવામાં આવ્યું તેની તરત જ પહેલા તેને લાગુ પડતો હતો અને તેમાં અમલમાં હતો તે, જ્યાં સુધી તેને રદ કરવામાં ન આવે ત્યાં સુધી, તે સ્થાનિક વિસ્તારમાં લાગુ પડવાનું અને અમલમાં હોવાનું ચાલુ રહેશે.

(૨) વચગાળાની ગ્રામપંચાયતની મુદત, નગર પંચાયત અસ્તિત્વમાં રહી હોત તેટલી અથવા બીજી ગ્રામ પંચાયતો સાથે વચગાળાની ગ્રામ પંચાયતની પુનર્રચના માટે ચૂંટણી કરવામાં ન આવે ત્યાં સુધી, એ બેમાંથી જે ઓછું હોય, તેટલી રહેશે.

(૩) વચગાળાની ગ્રામ પંચાયતમાં નિહિત થયેલ દરો, વેરા અને ફીની તમામ બાકી, જાણે કે આ અધિનિયમ હેઠળ દરો, વેરા અને ફી નાંખવામાં અને વસૂલ કરી શકાય તેમ હોય તેમ આ અધિનિયમની જોગવાઈઓ હેઠળ વસૂલ કરવાને પાત્ર ગણાશે.

(૪) બીજી બાબતોમાં, આ અધિનિયમની જોગવાઈઓ, જોઈતા ફેરફારો સાથે વચગાળાની ગ્રામ પંચાયત અને તેના સભ્યોને લાગુ પડશે.

(૫) (૧) અનુગામી વચગાળાની ગ્રામ પંચાયતની રચના કરવામાં, અથવા

(૨) આ કલમની જોગવાઈઓ અમલમાં લાવવામાં,

કોઈ મુશ્કેલી ઊભી થાય તો, રાજ્ય સરકાર, હુકમ કરીને, પ્રસંગોપાત ફરમાવે તે મુજબ, આ અધિનિયમમાં અથવા મ્યુનિસિપલ અધિનિયમમાં ગમે તે મજકૂર હોય તે છતાં, મુશ્કેલી દૂર કરવા માટે જરૂરી જણાય તેવું કોઈપણ કૃત્ય કરી શકશે.

ગામોના એકત્રિકરણની અસર.

**૨૬૨.** (૧) જ્યારે બે અથવા વધારે ગામો, ગામો તરીકે બંધ થાય અને જે સ્થાનિક વિસ્તારોના આવાં ગામો બનેલાં હોય તે સ્થાનિક વિસ્તારનું એકત્રિકરણ કરવામાં આવે અને સંવિધાનની કલમ ૨૪૩ના ખંડ (જ) હેઠળના જાહેરનામાની રૂએ તેમને એક ગામ (જેનો આમાં હવે પછી આ કલમમાં, ''એકત્રિત ગામ '' તરીકે ઉલ્લેખ કર્યો છે તે) તરીકે જાહેર કરવામાં આવે, ત્યારે જે તારીખે આવું જાહેરનામું કાઢવામાં આવે તે તારીખ (જેનો આમાં હવે પછી આ કલમમાં ''સદરહુ તારીખ '' તરીકે ઉલ્લેખ કર્યો છે તે તારીખ)થી નીચેના પરિણામો આવશે, એટલે કે:—

(ક) આવા સ્થાનિક વિસ્તારોની પંચાયતો અસ્તિત્વમાં હોતી બંધ થશે અને આવી પંચાયતોના સઘળા સભ્યો હોદ્દા ખાલી કરશે.

(ખ) આવી પંચાયતોની બધી સત્તા અને ફરજો, રાજ્ય સરકાર આ અર્થે નીમે તે વ્યક્તિ અથવા વ્યક્તિઓ (જેનો આમાં હવે પછી ''વહીવટદાર '' અથવા ''વહીવટદારો '' તરીકે ઉલ્લેખ કર્યો છે તે) વાપરશે અને બજાવશે.

(ગ) આવી પંચાયતોની માલિકીની ગ્રામફંડની બિનવપરાયેલ સિલક તથા કરવેરા અને ફીની બાકી સહિત તેની માલિકીની સઘળી મિલકત, અને સદરહુ તારીખ પહેલા આવી પંચાયતોને નિહિત થયેલ બધા હક અને સત્તા, તેમને લગતા બધા બોજા અને જવાબદારીઓને અધીન રહીને, ગ્રામફંડ તરીકે :—

(૧) એકત્રિત ગામ માટે પંચાયત સ્થપાય અને કલમ ૫૨ની પેટા-કલમ (૧) હેઠળ તેની પહેલી બેઠક ભરે ત્યાં સુધી વહીવટદાર અથવા વહીવટદારોને નિહિત થશે;

(૨) ત્યાર પછી, એકત્રિત પંચાયતને નિહિત થશે;

(ઘ) ગ્રામફંડની બિનવપરાયેલી સિલક તથા (દર, અને ફીની બાકી સહિત) બધી મિલકત એકત્રિત પંચાયત સ્થપાય અને તે તેની પહેલી બેઠક ભરે ત્યાં સુધી, વહીવટદાર અથવા વહીવટદારોને યોગ્ય લાગે તેવી રીતે આવા સ્થાનિક વિસ્તારના રહેવાસીઓના લાભાર્થે વાપરવામાં આવશે;

(ચ) આવા સ્થાનિક વિસ્તારના સંબંધમાં કરેલ, કાઢેલ, નાખેલ અથવા આપેલ અને સદરહુ તારીખે અમલમાં હોય એવી કોઈ નિમણૂક, જાહેરનામું, નોટિસ, કર, ફી, ઉપકર, હુકમ, યોજના, લાઈસન્સ, પરવાનગી, નિયમ, ઉપનિયમ, અથવા નમૂનો, આ અધિનિયમ હેઠળ કરેલ, કાઢેલ, નાંખેલ અથવા આપેલ કોઈપણ નિમણૂક જાહેરનામું, નોટિસ, કર, ફી, ઉપકર, હુકમ, યોજના, લાઈસન્સ, પરવાનગી, નિયમ, ઉપનિયમ, અથવા નમૂનાથી રદ કરવામાં ન આવે અથવા તેમાં ફેરફાર કરવામાં ન આવે ત્યાં સુધી, તે અમલમાં ચાલુ રહેશે અને એકત્રિત ગામના સંબંધમાં તે કરેલ, કાઢેલ, નાખેલ અથવા આપેલ છે એમ ગણાશે:

(છ) સદરહુ તારીખની તરત જ પહેલાં આવી પંચાયતે કરેલ અથવા પ્રમાણિત કરેલ બધા જ અંદાજપત્ર, આકારણી, આકારણીની યાદી, કિંમતની આંકણી અથવા માપ, આ અધિનિયમ હેઠળ એકત્રિત ગામના સંબંધમાં કરેલ અથવા પ્રમાણિત કરેલ છે એમ ગણાશે;

(જ) સદરહુ તારીખની તરત પહેલાં કરેલ અને સદરહુ તારીખે ચાલુ હોય એવા આવી પંચાયતે અથવા તેના વતી કરેલ બધાં દેવા, વહોરેલ સઘળી જવાબદારીઓ તથા કરેલ બધા કરારો એકત્રિત પંચાયતે, આ અધિનિયમથી પોતાને મળેલી સત્તા વાપરીને કરેલ તથા વહોરેલ છે એમ ગણાશે;

(ઝ) સદરહુ તારીખની તરત જ પહેલાં આવી પંચાયતોની નોકરીમાં હોય તેવા સઘળા અધિકારીઓ અને નોકરો, એકત્રિત પંચાયતના અધિકારીઓ અને નોકરો ગણાશે અને આ અધિનિયમ અનુસાર બીજી જોગવાઈ કરવામાં ન આવે ત્યાં સુધી, તેવી તારીખે જે પગાર અને ભથ્થાં મેળવવાનો તેમને હક હોય તે પગાર અને ભથ્થાં તેમને મળશે અને એવી તારીખે તેઓ નોકરીની જે શરતોને અધીન હોય તે શરતોને તેઓ અધીન રહેશે:

પરંતુ વહીવટદાર અથવા વહીવટદારોના અથવા એકત્રિત પંચાયતના અભિપ્રાય પ્રમાણે જે કોઈ અધિકારી અથવા નોકર જરૂરનો ન હોય અથવા જે એકત્રિત ગામની સેવાની જરૂરિયાતો મુજબ યોગ્ય ન હોય તેને તેની નોકરીની શરતોની રૂએ આપવાની જરૂર હોય એવી નોટિસ આપ્યા પછી, રાજ્ય સરકારની પૂર્વમંજૂરી લઈને, વહીવટદારને અથવા વહીવટદારોને અથવા એકત્રિત પંચાયતને તે અધિકારીની અથવા નોકરની સેવા ચાલુ નહીં રાખવા સક્ષમ ગણાશે અને જે દરેક અધિકારી અથવા નોકરની સેવા ચાલુ રાખવામાં આવે નહીં તે અધિકારી અથવા નોકર, સેવામાંથી અસમર્થ થયે, પોતે રજા, પેન્શન, પ્રોવિડન્ટ ફંડ અને ગ્રેજ્યુઈટી લેવા અથવા મેળવવાનો તે હકદાર થયો હોય તે રજા, પેન્શન, પ્રોવિડન્ટ ફંડ અને ગ્રેજ્યુઈટી તે જે પંચાયતની નોકરીમાં હોય તે પંચાયત, જાણે અસ્તિત્વમાં હોતી બંધ થઈ ન હોય તેમ લેવા અથવા મેળવવાને હકદાર રહેશે;

(ટ) આવી પંચાયતો સમક્ષ સદરહુ તારીખે અનિર્ણિત હોય એવી સઘળી કાર્યવાહીઓ, યથાપ્રસંગ, વહીવટદારને અથવા વહીવટદારોને અથવા એકત્રિત પંચાયતને તબદીલ કરવામાં આવી છે અને તેમણે ચાલુ રાખી છે એમ ગણાશે;

(ઠ) આવી પંચાયતો સમક્ષ સદરહુ તારીખે અનિર્ણિત હોય એવી સઘળી અપીલનો નિકાલ, વ્યવહારૂ હોય તો વહીવટદારે અથવા યથાપ્રસંગ, વહીવટદારોએ અથવા એકત્રિત પંચાયતે કરવો;

(ડ) આવી પંચાયતોએ અથવા પંચાયતો વતી માંડેલી અને સદરહુ તારીખે અનિર્ણિત હોય તેવી સઘળી ફરિયાદો તથા આવી પંચાયતોએ અથવા આવી પંચાયતના કોઈ અધિકારીએ માંડેલા અથવા આવી પંચાયતો અથવા આવી પંચાયતોના કોઈ અધિકારી સામે માંડેલા બધા દાવા અથવા બીજી કાનૂની કાર્યવાહીઓ એકત્રિત પંચાયત ચાલુ રાખશે અથવા એકત્રિત પંચાયત સામે ચાલુ રહેશે.

(૨) સદરહુ તારીખના ચાર મહિનાની અંદર આ અધિનિયમની જોગવાઈઓ અનુસાર એકત્રિત ગામની પંચાયત રચવી અને તેની મુદત રાજ્ય સરકાર, જે જિલ્લામાં એકત્રિત ગામ આવેલ હોય તે જિલ્લામાં ગ્રામ પંચાયત માટેની બાકીની મુદતને ધ્યાનમાં લઈને, રાજપત્રમાં જાહેરનામા દ્વારા નિર્દિષ્ટ કરવામાં આવે તેટલી રહેશે.

ગામનું વિભાજન વગેરેની અસર.

**૨૬૩.** (૧) સંવિધાનની કલમ ૨૪૩ ખંડ (જ) હેઠળ કાઢેલા કોઈ જાહેરનામાની રૂએ, કોઈ ગામ, ગામ તરીકે બંધ થાય અથવા ગામને બે અથવા વધારે ગામોમાં તેનું વિભાજન કરવામાં આવે, તે પ્રસંગે, જે તારીખે તે ગામનું વિભાજન કરવામાં આવે તે તારીખ (જેનો આમાં હવે પછી આ કલમમાં "સદરહુ તારીખ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે તારીખ)થી નીચેના પરિણામો આવશે, એટલે કે:–

(ક) આવા સ્થાનિક વિસ્તારોના સંબંધમાં રચવામાં આવેલી પંચાયતનું વિસર્જન થયેલું ગણાશે અને પંચાયતના તમામ સભ્યો હોદ્દા ખાલી કરશે;

(ખ) સંબંધિત નવા ગામ માટે ગામ પંચાયતની રચના કરવામાં ન આવે ત્યાં સુધી, રાજ્ય સરકાર, નવા ગામ માટે સંબંધિત પંચાયતની સત્તા વાપરવાને અને તેના કાર્યો બજાવવાને વહીવટદાર અથવા વહીવટદારો નીમશે;

(ગ) વિસર્જન કરેલી પંચાયતની માલિકીના ગામ ફંડની બિન વપરાયેલી સિલક અને દર, વેરા અને ફીની બાકી સહિત તેની માલિકીની બધી મિલકત, તેને અસર કરતા બધા ચાર્જો અને જવાબદારીઓને અધીન રહીને, રાજ્ય સરકાર આદેશ કરે તેવા પ્રમાણમાં અને તેવી રીતે નવા ગામની સંબંધિત પંચાયતને નિહિત થશે:

પરંતુ નવા ગામ માટે સંબંધિત પંચાયતની રચના કરવામાં ન આવે અને કલમ ૫૧ની પેટા-કલમ (૧) હેઠળ તે પ્રથમ બેઠક ન ભરે ત્યાં સુધી, પંચાયતને નિહિત થતી ફંડની બિન વપરાયેલી સિલક અને બીજી મિલકતો નવા ગામના વહીવટદારે ધરાવવી અને તેને યોગ્ય લાગે તેવી રીતે નવા ગામના રહેવાસીઓના લાભ માટે તેનો ઉપયોગ કરવો;

(ઘ) વિસર્જન કરેલી પંચાયતની હકૂમતના વિસ્તારના સંબંધમાં કરેલ, કાઢેલ, નાંખેલ અથવા આપેલ અને સદરહુ તારીખે અમલમાં હોય એવી કોઈ પણ નિમણૂક, જાહેરનામું, નોટિસ, કર, ફી, ઉપકર, હુકમ, યોજના, લાઈસન્સ, પરવાનગી, નિયમ, ઉપનિયમ અથવા નમૂનો, તે અંગે લાગુ પડતા હોય તેવા કાયદા હેઠળ કરેલ, કાઢેલ, નાંખેલ અથવા આપેલ કોઈપણ નિમણૂક, જાહેરનામું, નોટિસ, કર, ફી, ઉપકર, હુકમ, યોજના, લાઈસન્સ, પરવાનગી, નિયમ, ઉપનિયમ, અથવા નમૂનાથી રદ કરવામાં ન આવે અથવા તેમાં ફેરફાર કરવામાં ન આવે ત્યાં સુધી, તે અમલમાં ચાલુ રહેશે અને સદરહુ વિસ્તારના બનેલા નવા ગામના સંબંધમાં તે કરેલ, કાઢેલ, નાખેલ અથવા આપેલ છે એમ ગણાશે;

(ચ) સદરહુ તારીખની તરત જ પહેલાં વિસર્જન કરેલી પંચાયતે કરેલ અથવા પ્રમાણિત કરેલા સઘળા અંદાજપત્રો, આકારણી, આકારણીની યાદીઓ, કિંમતની આંકણી અથવા માપ, જ્યાં સુધી તે, નવા ગામ સાથે સંબંધ ધરાવે છે ત્યાં સુધી, નવા ગામના સંબંધમાં કરેલ અથવા પ્રમાણિત કરેલ છે એમ ગણાશે;

(છ) વિસર્જન કરેલ પંચાયતે અથવા તેના વતી, સદરહુ તારીખની તરત જ પહેલાં કરેલ હોય અને સદરહુ તારીખે ચાલુ હોય, એવા બધાં દેવાં અને વહોરેલ જવાબદારીઓ અને કરેલા સઘળા કરારો જ્યાં સુધી તે, વિસર્જન કરેલ પંચાયતની હકૂમતમાંના વિસ્તારના બનેલા ગામ સાથે સંબંધ ધરાવે છે ત્યાં સુધી, નવા ગામની પંચાયતે વહોરેલ દેવાં, જવાબદારીઓ અને કરેલા કરારો ગણાશે;

(જ) સદરહુ તારીખની તરત જ પહેલાં વિસર્જન કરેલી પંચાયતની નોકરીમાં હોય તેવાં સઘળા અધિકારીઓ અને નોકરોને રાજ્ય સરકાર પોતે આદેશ કરે તેવી રીતે નવા ગામોની પંચાયતમાં ફાળવશે અને આ અધિનિયમ અનુસાર બીજી જોગવાઈ કરવામાં ન આવે ત્યાં સુધી, સદરહુ તારીખે જે પગાર અને ભથ્થાં મેળવવાનો તેમને હક હોય તે પગાર અને ભથ્થાં તેઓ મેળવશે અને સદરહુ તારીખે સેવાની જે શરતોને તેઓ અધીન હોય તે શરતોને તેઓ અધીન રહેશે;

(ઝ) વિસર્જન કરેલી પંચાયત સમક્ષ સદરહુ તારીખે અનિર્ણિત હોય તેવી (અપીલ સહિતની) બધી કાર્યવાહીઓ તે કાર્યવાહીઓ માંડવામાં આવી હતી ત્યારે નવા ગામની રચના કરવામાં આવી હોત, તો જેની સમક્ષ તે માંડવામાં આવી હોત તે નવા ગામની પંચાયતને તબદીલ કરવામાં આવી છે અને તેણે તે ચાલુ રાખી છે એમ ગણાશે:

પરંતુ નવા ગામ માટે પંચાયતની રચના કરવામાં ન આવે ત્યાં સુધી, નવા ગામ માટે નિમાયેલો વહીવટદાર આવી કાર્યવાહી સંબંધી કામકાજ કરી શકશે અને તેનો નિકાલ કરી શકશે;

(ટ) વિસર્જન કરેલી પંચાયત અથવા તેના કોઈ અધિકારીએ અથવા તેમના વતી માંડેલ અને સદરહુ તારીખે અનિર્ણિત હોય તેવી સઘળી ફરિયાદો અને વિસર્જન કરેલી પંચાયતે અથવા તેના કોઈ અધિકારીએ માંડેલ અથવા તેમની સામે માંડેલ અને સદરહુ તારીખે અનિર્ણિત હોય તેવા સઘળા દાવા અથવા બીજી કાનૂની કાર્યવાહીઓ જ્યારે ફરિયાદો, દાવાઓ અથવા બીજી કાનૂની કાર્યવાહીઓ માંડવામાં આવી હતી ત્યારે નવા ગામની રચના કરવામાં આવી હોત તો નવા ગામની જે પંચાયતથી, જેના વતી અથવા જેની સામે તે માંડવામાં આવી હોય તે પંચાયતે ચાલુ રાખેલી ગણાશે અથવા તેની સામે ચાલુ રહેશે અને આવી પંચાયતની રચના કરવામાં ન આવે ત્યાં સુધી નવા ગામ માટે નીમેલા વહીવટદારે ચાલુ રાખવી અથવા તેની સામે ચાલુ રહેશે.

(૨) સદરહુ તારીખના ચાર મહિનાની અંદર કોઈ નવા ગામ માટેની સંબંધિત પંચાયતની રચના, આ અધિનિયમની જોગવાઈઓ અનુસાર કરવી અને તેની મુદત, રાજ્ય સરકાર જે જિલ્લામાં સંબંધિત ગ્રામ પંચાયત આવેલી હોય તેમાં ગ્રામપંચાયત માટેની બાકીની મુદતને ધ્યાનમાં લઈને રાજપત્રમાં જાહેરનામા દ્વારા નિર્દિષ્ટ કરે તેટલી રહેશે.

**૨૬૪.** (૧) જમીન મહેસૂલ અધિનિયમ હેઠળ નવો જિલ્લો અથવા તાલુકો રચવાના કારણે અથવા બીજા કોઈ કારણોસર યથાપ્રસંગ, કોઈ જિલ્લાની હદમાં અથવા તાલુકાની હદમાં જિલ્લા પંચાયત અથવા યથાપ્રસંગ, તાલુકા પંચાયતના સભ્યોની હોદ્દાની મુદત દરમિયાન એવો ફેરફાર કરવામાં આવે કે જેથી- **જિલ્લા અથવા તાલુકાની હદમાં ફેરફાર કરવાના પરિણામો.**

(ક) તેમાં કોઈ વિસ્તાર ઉમેરાય, અથવા

(ખ) તેમાંથી કોઈ વિસ્તાર બાકાત રખાય, ત્યારે રાજ્ય સરકાર, આ અધિનિયમમાં અથવા તે સમયે અમલમાં હોય તેવા કોઈ કાયદામાં ગમે તે મજકૂર હોય તે છતાં, રાજપત્રમાં હુકમ પ્રસિદ્ધ કરીને, નીચેની તમામ અથવા કોઈપણ બાબત માટે જોગવાઈ કરી શકશે:-

(૧) ખંડ (ક) હેઠળ આવતા દાખલામાં જિલ્લા પંચાયત અથવા યથાપ્રસંગ, તાલુકા પંચાયતના સભ્યોની સંખ્યામાં વચગાળાનો વધારો કરવા માટે અને એ રીતે ઉમેરાયેલ વિસ્તારમાંથી આ અધિનિયમની જોગવાઈઓ હેઠળ સભ્યો તરીકે ચૂંટવાની લાયકાત ધરાવતી વ્યકિતઓમાંથી વધારાના સભ્યોની નિમણૂક કરવા માટે;

(૨) ખંડ (ખ) હેઠળ આવતા દાખલામાં જિલ્લા પંચાયત અથવા યથાપ્રસંગ, તાલુકા પંચાયતના સભ્યોની સંખ્યામાં વચગાળાનો ઘટાડો કરવા માટે અને એ રીતે બાકાત રાખેલા વિસ્તારમાંથી આવા સભ્યો તરીકે ચૂંટાયા હોય તેવા જિલ્લા પંચાયત અથવા યથાપ્રસંગ, તાલુકા પંચાયતના ચૂંટાયેલા સભ્યોના હોદ્દાની સમાપ્તિ માટે;

(૩) એવી રીતે નિમાયેલા વધારાના સભ્યો જે મુદત સુધી હોદ્દો ધરાવશે તે મુદત અને આવા સભ્યોની પ્રસંગોપાત ખાલી પડતી જગાઓ ભરવાની રીત માટે;

(૪) હદોમાં ફેરફાર કરવાથી અસર પામેલી પંચાયતના કોઈ અધિકારી અથવા નોકરની ફાળવણી કરવા માટે;

(૫) ખંડ (ક) અથવા ખંડ (ખ)માં ઉલ્લેખેલા કોઈ ફેરફારના કારણે ઉપસ્થિત થતી કોઈ મુશ્કેલી દૂર કરવા માટે.

(૨) હદોમાં ફેરફારની તુરત પહેલાં કાર્ય કરતી હોય તે જિલ્લા પંચાયત અથવા તાલુકા પંચાયત, પેટા-કલમ (૧) હેઠળ સભ્યોના વધારા અથવા ઘટાડાને અધીન રહીને આ અધિનિયમ હેઠળ તેની મુદત પૂરી ન થાય ત્યાં સુધી, કાર્ય કરવાનું ચાલુ રાખશે અને તે મુદત પૂરી થયે આ અધિનિયમમાં જોગવાઈ કરેલી રીતે તેની પુનર્રચના કરવામાં આવશે.

(૩) કોઈ જિલ્લા અથવા તાલુકાની હદોના ફેરફારને પરિણામે તેમાંથી બાકાત રાખેલા વિસ્તારને અન્ય જિલ્લા અથવા તાલુકામાં ઉમેર્યો હોય તો --

(ક) જિલ્લા અથવા તાલુકા ફંડનો એવો ભાગ અને જેમાંથી તે વિસ્તારને એવી રીતે બાકાત રાખ્યો હોય તે જિલ્લાની જિલ્લા પંચાયતની અથવા તે તાલુકાની તાલુકા પંચાયતની અન્ય મિલકત, જેમાં આવા વિસ્તાર ઉમેરાયો હોય તે જિલ્લાની જિલ્લા પંચાયત અથવા યથાપ્રસંગ, તે તાલુકાની તાલુકા પંચાયતમાં, રાજ્ય સરકાર, લેખિત હુકમ ફરમાવે તે પ્રમાણે નિહિત થશે અને તેને તબદીલ થશે;

(ખ) જેમાંથી તે વિસ્તારને એવી રીતે બાકાત રાખ્યો હોય તે જિલ્લાની જિલ્લા પંચાયત અથવા તે તાલુકાની તાલુકા પંચાયતના એવી રીતે બાકાત રાખેલા વિસ્તારમાં ઉપસ્થિત થતાં અથવા તેને લગતા કોઈ કરાર, કબૂલાત અને બીજી બાબત તથા વસ્તુઓ અંગેના હકો, અસ્કયામતો અને જવાબદારીઓ તે વિસ્તાર જેમાં ઉમેરાયો હોય તે જિલ્લાની જિલ્લા પંચાયત અથવા તે તાલુકાની તાલુકા પંચાયતમાં નિહિત થશે અને તેને તબદીલ થશે;

(ગ) એવી રીતે બાકાત રાખેલા વિસ્તારના સંબંધમાં, જિલ્લા અથવા તાલુકા પંચાયતે કાઢેલ, નાંખેલ, કરેલ અથવા આપેલ કોઈ જાહેરનામું, નોટિસ કર, ફી, ઉપકર, નિયમ, ઉપનિયમ, હુકમ અથવા લાઈસન્સ અથવા પરવાનગી, જેમાં તે વિસ્તાર એવી રીતે ઉમેરાયો હોય તે જિલ્લાની જિલ્લા પંચાયત અથવા તે તાલુકાની તાલુકા પંચાયતે કાઢેલ, નાંખેલ, કરેલ અથવા આપેલ છે એમ ગણાશે અને કાયદા અનુસાર રદ કરવામાં ન આવે ત્યાં સુધી, અમલમાં ચાલુ રહેશે;

(ઘ) જિલ્લા અથવા તાલુકામાંથી બાકાત રાખેલા વિસ્તારને લગતી અને વિસ્તાર બાકાત રાખ્યાની તારીખે પંચાયત સમક્ષની નિકાલ બાકી તમામ કાર્યવાહી, જેમાં તે વિસ્તાર ઉમેરાયો હોય તે જિલ્લાની જિલ્લા પંચાયત અથવા તે તાલુકાની તાલુકા પંચાયતને તબદીલ કરવામાં આવશે અને તેનો તે નિકાલ કરશે.

## પ્રકરણ-૧૬

## પ્રકીર્ણ જોગવાઇઓ.


| | |
|---|---|
| ૨૬૫ | બે અથવા વધારે સ્થાનિક મંડળોની સંયુકત સમિતિ. |
| ૨૬૬ | પંચાયતો માટે રાજય કાઉન્સિલની રચના તેનાં કાર્યો વગેરે. |
| ૨૬૭ | નુકસાન, બગાડ અથવા ગેર ઉપયોગ માટે સભ્યોની જવાબદારી |
| ૨૬૮ | દફતર મેળવવાની અને નાણા વસૂલ કરવાની અધિકૃત અધિકારીની સત્તા. |
| ૨૬૯ | પંચાયતની મિલકતના અનધિકૃત ભોગવટા અથવા કબજા બદલ ભાડુ આપવાની જવાબદારી |
| ૨૭૦ | પંચાયત, વગેરે સામે કાર્યવાહી કરવા ઉપર પ્રતિબંધ તથા કાર્યવાહી માંડતા પહેલાં અગાઉથી નોટિસ અપવા બાબત. |
| ૨૭૧ | સત્તા સોંપવા બાબત. |
| ૨૭૨ | પંચાયતોના સભ્યો વગેરે અને નોકરો વગેરે રાજય સેવકો ગણાશે. |
| ૨૭૩ | સરપંચ, અધ્યક્ષ, પ્રમુખ વગેરે સામે ફરિયાદ માંડવા માટે પૂર્વમંજૂરી મેળવવા બાબત. |
| ૨૭૪ | નિયમો કરવાની સરકારની સત્તા. |
| ૨૭૫ | ઉપનિયમો |
| ૨૭૬ | રદ કરવા બાબત અને અપવાદ |
| ૨૭૭ | કાયદાઓ સુસંગત કરવાની રાજય સરકારની સત્તા. |
| ૨૭૮ | મુશ્કેલીઓ દૂર કરવા બાબત. |
| ૨૭૮-ક | રાજયના અનુસૂચિત વિસ્તારોને અધિનિયમ લાગુ પાડવા બાબત. |
| ૨૭૮-કક | રાજયના અનુસૂચિત વિસ્તારોને લાગુ પડતા અમુક અધિનિયમો સુધારવા બાબત. |
| ૨૭૯ | વચગાળાની જોગવાઇ |
| | અનુસૂચિ-૧ |
| | અનુસૂચિ-૨ |
| | અનુસૂચિ-૩ |
| | અનુસૂચિ-૪ |

## પ્રકરણ ૧૬મું

## પ્રકીર્ણ જોગવાઈઓ

બે અથવા વધારે સ્થાનિક મંડળોની સંયુક્ત સમિતિ.

૨૬૫. (૧) પંચાયત, વખતોવખત, બીજી કોઈ પંચાયત સાથે અથવા કોઈ સ્થાનિક મંડળ સાથે અથવા આવા એક કરતાં વધારે સ્થાનિક મંડળ સાથે નીચેની બાબતોમાં સહમત થઈ શકશે :-

(ક) જે હેતુમાં તેઓ સંયુકત રીતે હિત સંબંધ ધરાવતા હોય તે હેતુ સારું પોતપોતાના મંડળોમાંથી એક સંયુકત સમિતિ નીમવા બાબત તથા એવી સમિતિનો અધ્યક્ષ નીમવા બાબત;

(ખ) કોઈ સંયુકત બાંધકામ કરવા અને તે ભવિષ્યમાં નિભાવવાના સંબંધમાં એવા દરેક મંડળને બંધનકર્તા થાય તેવી શરતો ઘડવાની સત્તા તેમજ આવાં બે અથવા વધારે મંડળો પૈકી કોઈ મંડળ વાપરી શકે એવી સત્તા એવી કોઈ સમિતિને સોંપવા બાબત; અને

(ગ) એવી કોઈ સમિતિની કાર્યવાહીનું નિયમન કરવા અને સમિતિ જે હેતુ સારું નિયુકિત કરવામાં આવી હોય તે હેતુને લગતો પત્રવ્યવહાર ચલાવવા માટે નિયમો ઘડવા અને તેમાં ફેરફાર કરવા બાબત.

(૨) પંચાયત, ઓક્ટ્રોય ડ્યૂટી વસૂલ કરવા સારુ રાજ્ય સરકારની મંજૂરીને અધીન રહીને, બીજી કોઈ પંચાયત સાથે અથવા સ્થાનિક મંડળ સાથે અથવા એવા કોઈ મંડળના સમૂહ સાથે વખતોવખત એવી કબૂલાત કરી શકશે કે જેનાથી એ રીતે કરાર કરનાર મંડળો પોતે જે ઓક્ટ્રોય ડ્યૂટી અનુક્રમે વસૂલ કરે તે સદરહુ મંડળોના નિયંત્રણ હેઠળના વિસ્તારની હેઠળના વિસ્તારની હદમાં જુદી જુદી વસૂલ કરવાને બદલે, ભેગી વસૂલ કરી શકાય.

(૩) કોઈપણ બાબતના સંબંધમાં કોઈ પંચાયતે, પેટા-કલમ (૧) અથવા (૨)ની જોગવાઈઓ હેઠળ બીજી કોઈ સ્થાનિક મંડળની સહમતી માટે વિનંતી કરી હોય અને આવા બીજા સ્થાનિક મંડળે સહમતી આપવાની ના પાડી હોય ત્યારે, ઉપર કહેલી બાબતમાં રાજ્ય સરકાર (કેન્ટોન્મેન્ટ સત્તાધિકારી ન હોય એવા) બીજા સ્થાનિક મંડળને સહમતિ આપવાનું ફરમાવતો, પોતાને યોગ્ય લાગે તેવો હુકમ કરી શકશે અને એવા બીજા સ્થાનિક મંડળે આવા હુકમોનું પાલન કરવું પડશે.

(૪) આ કલમ હેઠળ કામ કરતાં સ્થાનિક મંડળો વચ્ચે કોઈ મતભેદ ઊભો થાય, તો તે પર રાજ્ય સરકારનો અથવા રાજ્ય સરકાર, આ અર્થે નીમે તે અધિકારીનો નિર્ણય, છેવટનો ગણાશે:

પરંતુ સ્થાનિક મંડળો પૈકી એક મંડળ કેન્ટોન્મેન્ટ સત્તાધિકારી હોય ત્યારે, રાજ્ય સરકારનો અથવા કોઈ અધિકારીનો નિર્ણય, કેન્દ્ર સરકારની સહમતીને અધીન રહેશે.

પંચાયતો માટે રાજ્ય કાઉન્સિલની રચના, તેનાં કાર્યો, વગેરે.

૨૬૬. (૧) પંચાયતો માટે નીચેના સભ્યોની બનેલી એક રાજ્ય કાઉન્સિલ રહેશે :-

(ક) અધ્યક્ષ

(૧) રાજ્યના પંચાયત તંત્ર સાથે સંબંધ ધરાવતા વિભાગનો હવાલો ધરાવતા મંત્રી;

(ખ) ઉપાધ્યક્ષ

(૨) રાજ્યનું પંચાયત તંત્ર સંભાળનાર રાજ્યમંત્રી અથવા રાજ્યમંત્રી ન હોય તો, આવું તંત્ર સંભાળનાર નાયબ મંત્રી અથવા આવા બંને મંત્રીઓની ગેરહાજરીમાં, આવું તંત્ર સંભાળનાર સંસદીય સચિવ:

પરંતુ આવા હોદ્દા પૈકી કોઈ હોદ્દો વ્યક્તિ ધરાવતી ન હોય, તો કાઉન્સિલે પોતાના સભ્યોમાંથી ઉપાધ્યક્ષ ચૂંટવો જોઈશે;

(ગ) સભ્યો

(૩) જિલ્લા પંચાયતોના પ્રમુખો;

(૪) પંચાયતોના વિકાસમાં રસ લેતી વ્યક્તિઓમાંથી રાજ્ય સરકારે નીમવાના સાત સભ્યો, આ સભ્યોમાંથી એક સ્ત્રી હોવી જોઈશે અને એક અનુસૂચિત જાતિઓમાંની વ્યક્તિ હોવી જોઈશે અને ખંડ (૩)માં નિર્દિષ્ટ કરેલા સભ્યો પૈકી કોઈ સભ્ય અનુસૂચિત આદિજાતિની વ્યક્તિ ન હોય તો, એક અનુસૂચિત આદિજાતિમાંની વ્યક્તિ હોવી જોઈશે;

(૫) રાજ્ય સરકારે નીમવાના ત્રણ અધિકારીઓ;

(૬) ગુજરાત વિધાનસભાના સભ્યોએ પોતાનામાંથી ચૂંટવાના ત્રણ સભ્યો.

(૨) રાજ્ય સરકાર આ અર્થે નીમે તેવા અધિકારીએ કાઉન્સિલના સેક્રેટરી તરીકે કામ કરવું જોઈશે.

(૩) તેવી રીતે રચેલી કાઉન્સિલનાં કાર્યો નીચે પ્રમાણે રહેશે :-

(ક) પંચાયતોને લગતા તમામ સામાન્ય પ્રશ્નો પર રાજ્ય સરકારને સલાહ આપવાનું;

(ખ) પંચાયતોના સેક્રેટરીઓ અને બીજા નોકરોને તાલીમ આપવા માટેની યોજનાઓ સંબંધમાં, રાજ્ય સરકારને સલાહ આપવાનું;

(ગ) પંચાયતોના વહીવટની પુનઃવિચારણા કરવાનું અને રાજ્યમાં પંચાયતોની પ્રવૃત્તિઓનું સંકલન કરવાના માર્ગો સૂચવવાનું;

(ઘ) રાજ્યમાં પંચાયતોએ તેમના વહીવટમાં અનુભવેલી મુશ્કેલીઓ દૂર કરવાના ઉપાયો અને સાધનો સૂચવવાનું;

(ચ) પોતાની મેળે પંચાયતોના વહીવટને લગતી કોઈ બાબતના સંબંધમાં રાજ્ય સરકારને ભલામણ કરવાનું;

(છ) રાજ્ય સરકાર, તેના અભિપ્રાય માટે લખી મોકલે તેવી બાબતો પર રાજ્ય સરકારને રિપોર્ટ કરવાનું;

(૪) રાજ્ય સરકાર, સામાન્ય અથવા ખાસ હુકમ દ્વારા નીચેની બાબતો સારુ જોગવાઈ કરી શકશેઃ–

(ક) કાઉન્સિલની બેઠકો બોલાવવા તથા બેઠકોની કાર્યરીતિ બાબત;

(ખ) કાઉન્સિલના સેક્રેટરીની ફરજો બાબત;

(ગ) કાઉન્સિલની પેટા-સમતિઓ બાબત;

(ઘ) કાઉન્સિલના નિયુક્ત કરેલા સભ્યોના હોદ્દાની મુદત બાબત, કાઉન્સિલના સભ્યોને મુસાફરી ભથ્થું તથા દૈનિક ભથ્થું આપવા બાબત અને તેના દર બાબત.

(પ) ગુજરાત વિધાનસભાના સભ્યોએ ચૂંટેલા સભ્યોની હોદ્દાની મુદત, ગુજરાત વિધાનસભાના સભ્ય તરીકેની તેની મુદત પૂરી થયેથી અથવા જો તે બીજી રીતે એવા સભ્ય તરીકે બંધ થાય તો સમાપ્ત થશે.

(૬) કાઉન્સિલનો કોઈ ચૂંટાયેલો કે નિમાયેલો સભ્ય, અધ્યક્ષને પોતાનું રાજીનામું લેખિત મોકલાવીને સભ્ય તરીકે રાજીનામું આપી શકશે અને જે તારીખે અધ્યક્ષને આવું રાજીનામું મળે તે તારીખથી તેનો અમલ થશે અને અધ્યક્ષે ખાલી જગાની જાણ-

(ક) નિમાયેલા સભ્યનું રાજીનામું હોય તો, રાજ્ય સરકારને; અને

(ખ) ગુજરાત વિધાનસભાએ ચૂંટેલા સભ્યનું રાજીનામું હોય તો, ગુજરાત વિધાનસભાના સચિવને, કરવી જોઈશે.

નુકસાન, બગાડ અથવા ગેર-ઉપયોગ માટે સભ્યોની જવાબદારી.

૨૬૭. (૧) પંચાયતનો અથવા તેની સમિતિનો દરેક સભ્ય, પંચાયતના કાંઈ નાણાં અથવા બીજી મિલક્તના જે નુકસાન, બગાડ અથવા ગેરઉપયોગમાં સામેલ હોય અથવા જે નુકસાન, બગાડ અથવા ગેરઉપયોગ તેની ગેરવર્તણૂકથી અથવા સભ્ય તરીકેની તેની ફરજ પ્રત્યેની ગંભીર ગફલતથી થયા હોય અથવા સુગમ થયા હોય તેવા નુકસાન, બગાડ અથવા ગેરઉપયોગ બદલ અંગત રીતે જવાબદાર રહેશે.

(૨) જો સંબંધિત સભ્યને, વિરુદ્ધનું કારણ દર્શાવવાની વાજબી તક આપ્યા પછી, રાજ્ય સરકારે અધિકૃત કરેલા અધિકારીને, એવી ખાતરી થાય કે પંચાયતનાં કોઈ નાણાં અથવા બીજી મિલકતનું નુકસાન, બગાડ અથવા ગેરઉપયોગ, સભ્યોની ગેરવર્તણૂક અથવા ગંભીર ગફલતનું સીધું પરિણામ છે, તો એવી રીતે અધિકાર આપેલા અધિકારીએ, લેખિત હુકમ કરીને, આવા સભ્યને એવો આદેશ કરવો કે આવાં નુકસાન, બગાડ અથવા ગેરઉપયોગ બદલ પંચાયતને ભરપાઈ કરવા સારું જોઈતી રકમ, તેણે નક્કી કરેલી તારીખ પહેલાં પંચાયતને આપવી જોઈશે.

(૩) એવી રીતે રકમ આપવામાં ન આવે, તો તે રકમ જમીન મહેસૂલની બાકી તરીકે વસૂલ કરવી જોઈશે અને સંબંધ ધરાવતી પંચાયતના ફંડ ખાતે જમા કરવી જોઈશે.

(૪) એવી રીતે અધિકૃત કરેલા અધિકારીના નિર્ણય અથવા પગલાંથી નારાજ થયેલી કોઈ વ્યકિત, તેની ફરિયાદના નિવારણ માટે તેટલા જ સમયની અંદર, કલમ ૧૨૧ની પેટા-કલમ (૬) માં ઠરાવ્યા પ્રમાણે, જિલ્લા કોર્ટને અરજી કરી શકશે અને તે કોર્ટ, તે અંગે તે પેટા-કલમ હેઠળ કરી શકે તેવો કોઈ હુકમ કરી શકશે.

દફતર મેળવવાની અને નાણાં વસૂલ કરવાની અધિકૃત અધિકારીની સત્તા.

૨૬૮. (૧) રાજ્ય સરકારે આ અર્થે અધિકૃત કરેલા અધિકારીનો એવો અભિપ્રાય થાય કે પંચાયતના સભ્ય, અધિકારી, નોકર અથવા સેક્રેટરી તરીકેની હેસિયતથી કોઈ વ્યકિતના હવાલામાં પંચાયતને લગતા કોઈ દફતર, નાણાં અથવા બીજી મિલકત હતા અને તે વ્યક્તિ, યથાપ્રસંગ, તેની નિવૃત્તિ પછી, તેને હોદ્દા પરથી દૂર કર્યા પછી અથવા તેને નોકરીમાં મોકૂફ કર્યા પછી, આવાં દફતર અથવા મિલકત સોંપે અથવા આવાં નાણાં ભરે એવો સંભવ નથી, તો એવી રીતે અધિકૃત કરેલો અધિકારી, લેખિત હુકમ કરીને, એવું ફરમાવી શકશે કે એવી રીતે અટકાવી રાખેલા દફતર, મિલકત અથવા નાણાં તરત જ પંચાયતને સોંપવા અથવા ભરવાં;

(૨) ઉપર જણાવેલી આવી કોઈ વ્યક્તિ, એવી રીતે ફરમાવ્યા પ્રમાણે દફતર અથવા મિલકત સોંપે નહિ અથવા નાણાં ભરે નહિ, તો આવી રીતે અધિકૃત કરેલા અધિકારી, તેને પકડાવી શકશે અને જ્યાં સુધી તે દફતર અથવા મિલકત સોંપે નહિ અથવા નાણાં ભરે નહિ ત્યાં સુધી, દીવાની જેલમાં બંધનમાં રાખવા માટે ઠરાવવામાં આવે તેવા નમૂનામાં વોરન્ટ સાથે તેને મોકલી શકશેઃ

પરંતુ આવી કોઈ વ્યકિતને, એક અંગ્રેજી મહિના કરતાં વધુ મુદત સુધી એવી રીતે કેદમાં રાખી શકાશે નહિ.

(૩) (ક) આવા કોઈ નાણાં વસૂલ કરવા માટે, આવી રીતે અધિકૃત કરેલા અધિકારી જમીન મહેસૂલની બાકી તરીકે આવા નાણાં વસૂલ કરવાનો આદેશ કરે તે કાયદેસર ગણાશે અને એવો આદેશ આપવામાં આવે એટલે, આવાં નાણાં, આવી વ્યકિત પાસેથી જમીન મહેસૂલની બાકી તરીકે વસૂલ કરવામાં આવશે;

સન ૧૯૭૪નો ૨જો. (ખ) આવાં કોઈ દફતર અથવા મિલકત પાછાં મેળવવા માટે, આવી રીતે, અધિકૃત કરેલો અધિકારી, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ના પ્રકરણ ૭ની જોગવાઈઓ હેઠળ ઝડતીનું વોરન્ટ કાઢે અને તે અંગે મેજિસ્ટ્રેટ કાયદેસર રીતે વાપરી શકે તેવી બધી સત્તા વાપરે તે કાયદેસર ગણાશે.

(૪) પેટા-કલમો (૧), (૨) અથવા (૩) હેઠળનું કોઈ પગલું સંબંધ ધરાવતી વ્યકિતને, એવું પગલું તેની સામે શા માટે લેવું ન જોઈએ તે માટે કારણ દર્શાવવાની વાજબી તક આપ્યા સિવાય, લઈ શકાશે નહિ.

સ્પષ્ટીકરણ :- આ કલમમાં, ''સભ્ય'' એ શબ્દમાં, પંચાયતના સરપંચ, ઉપસરપંચ, પ્રમુખ અને ઉપપ્રમુખનો સમાવેશ થાય છે.

૨૬૯. (૧) જે કોઈ વ્યકિત તે અર્થે યોગ્ય રીતે અધિકૃત કરાયેલી ન હોઈને, પંચાયતને પ્રાપ્ત થયેલી અથવા તેના નિયંત્રણ હેઠળની કોઈ મિલકતનો ભોગવટો કરે અથવા તેનો કબજો ધરાવે તે વ્યકિત, આ અધિનિયમ હેઠળ બીજા જે કોઈ પગલાં લઈ શકાય તેને બાધ આવ્યા સિવાય, પંચાયતે તે મિલકત ભાડે આપી હોત તો, તેવા ભોગવટા અથવા કબજાની મુદત માટે પંચાયતને ભાડાની જે રકમ આપવાની થઈ હોય તેનાથી ચારગણી રકમ સુધીની રકમ પંચાયતને આપવાને પાત્ર થશે. પંચાયતની મિલકતના અનધિકૃત ભોગવટા અથવા કબજા બદલ ભાડું આપવાની જવાબદારી.

(૨) આવી રીતે આપવાની રકમ પંચાયતે ઠરાવેલી રીતે નકકી કરવી જોઈશે અને ત્યાર પછી તે રકમ, પંચાયતની લેણી થશે અને પ્રકરણ ૧૦ની જોગવાઈઓ જોઈતા ફેરફારો સાથે તેની વસૂલાતને લાગુ પડશે.

૨૭૦. (૧) આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા કોઈ નિયમ અથવા ઉપનિયમ હેઠળ શુધ્ધબુદ્ધિથી કરવામાં આવેલા કોઈ કાર્યના સંબંધમાં કોઈ પંચાયત પોતાના આદેશ હેઠળ કામ કરતા તેના કોઈ સભ્ય, અધિકારી, નોકર અથવા એજન્ટ અથવા પંચાયતની સમિતિના કોઈ સભ્ય સામે કાર્યવાહી કરી શકાશે નહિ. પંચાયત વગેરે, સામે કાર્યવાહી કરવા ઉપર પ્રતિબંધ તથા કાર્યવાહી માંડતાં પહેલાં અગાઉથી નોટિસ આપવા બાબત.

(૨) કોઈ પંચાયત પોતાના આદેશ હેઠળ કામ કરતા તે પંચાયતના કોઈ સભ્ય, અધિકારી, નોકર અથવા એજન્ટ અથવા પંચાયતની સમિતિના કોઈ સભ્ય સામે, આ અધિનિયમ મુજબ કરેલા અથવા તે રૂએ કરેલાં જણાતાં કોઈ કાર્ય માટે કશી કાર્યવાહી પંચાયતના કાર્યાલયમાં તેમજ તેના જે સભ્ય, અધિકારી, નોકર અથવા એજન્ટ સામે કાર્યવાહી કરવા ધાર્યું હોય તે સભ્ય, અધિકારી, નોકર અથવા એજન્ટના નિવાસસ્થાને લેખિત નોટિસ મૂકી જવામાં અથવા પહોંચાડવામાં આવી હોય તે પછી એક મહિનો પૂરો ન થાય ત્યાં સુધી, કરી શકાશે નહિ. નોટિસમાં દાવાનું કારણ, માંગેલી દાદનો પ્રકાર, માંગણી કરેલી વળતરની રકમ અને જે વ્યકિત કાર્યવાહી કરવા માંગતી હોય તે વ્યકિતનું નામ અને રહેવાનું સ્થળ જણાવવાં જોઈએ.

(૩) આવી દરેક કાર્યવાહી, કાર્યવાહી કરવા માટેનું કારણ ઉપસ્થિત થયા પછી, છ મહિનાની અંદર શરૂ કરવી જોઈશે અને ત્યાર પછી શરૂ કરી શકાશે નહિ.

(૪) જે પંચાયત અથવા વ્યકિતને પેટા-કલમ (૨) મુજબ નોટિસ આપવામાં આવી હોય તે પંચાયત અથવા વ્યકિત, તેની સામે કાર્યવાહી કરવામાં આવે તે પહેલાં, વાદીને પૂરતાં નાણાં આપશે અને એવી રીતે આપેલાં નાણાં કોર્ટને ભરશે, વાદીએ એવી રીતે આપેલાં નાણાં કરતાં વધારે રકમ વસૂલ કરવી નહિ. આવી રીતે નાણાં આપ્યા પછી, પ્રતિવાદીને થયેલું તમામ ખર્ચ વાદીએ આપવું જોઈશે.

૨૭૧. (૧) રાજય સરકાર, રાજપત્રમાં જાહેરનામું પ્રસિદ્ધ કરીને, આ અધિનિયમ હેઠળ રાજય સરકાર વાપરી શકે તેવી નિયમો કરવાની સત્તા સિવાય, કોઈ સત્તા વાપરવાને સરકારના કોઈ અધિકારીને અધિકૃત કરી શકશે. સત્તા સોંપવા બાબત.

(૨) રાજય સરકાર, વખતોવખત કાઢે તે સામાન્ય અથવા ખાસ હુકમોને અધીન રહીને, આ અધિનિયમ મુજબ પોતે વાપરી શકે તેવી કોઈ સત્તા-

(૧) જિલ્લા પંચાયત, જિલ્લા વિકાસ અધિકારીને સોંપી, શકશે;

(૨) તાલુકા પંચાયત, તાલુકા વિકાસ અધિકારીને સોંપી શકશે; અને

(૩) યોગ્ય સત્તાધિકારી પોતાનાં તાબા હેઠળના કોઈપણ અધિકારીને સોંપી શકશે.

સન ૧૮૬૦નો ૪૫મો, ૨૭૨. પંચાયતના અથવા તેની સમિતિનો દરેક સભ્ય તથા પંચાયતે રાખેલો અથવા નોકરીમાં રાખેલો દરેક અધિકારી તથા નોકર ભારતના ફોજદારી કાયદાની કલમ ૨૧ના અર્થ મુજબ રાજય સેવક ગણાશે. પંચાયતોના સભ્યો વગેરે અને નોકરો વગેરે, રાજય સેવકો ગણાશે.

સરપંચ, અધ્યક્ષ, પ્રમુખ વગેરે સામે ફરિયાદ માંડવા માટે પૂર્વમંજૂરી મેળવવા બાબત.

૨૭૩. જે કોઈ વ્યકિત કોઈ પંચાયતના સરપંચ, ઉપસરપંચ, પ્રમુખ અથવા ઉપપ્રમુખ અથવા જિલ્લા પંચાયતની શિક્ષણ સમિતિના અધ્યક્ષ હોય અથવા અગાઉ થયેલી હોય તે વ્યકિત, અધિકારીની રુએની પોતાની ફરજ અદા કરતી વખતે અથવા અદા કરતી હોવાનું જણાતી હોય તે વખતે, તેણે કોઈ ગુનો કર્યાનું કહેવાતું હોય તેવો આરોપ મૂકવામાં આવે ત્યારે, કોઈ કોર્ટે રાજય સરકારની અથવા રાજય સરકારે આ અર્થે અધિકૃત કરેલા કોઈ અધિકારીની પૂર્વમંજૂરી લીધા સિવાય, આવા ગુનાની વિચારણા કરવી નહિ.

નિયમો કરવાની સરકારની સત્તા.

૨૭૪. (૧) રાજય સરકાર, રાજપત્રમાં જાહેરનામું પ્રસિધ્ધ કરીને, આ અધિનિયમના હેતુઓ સિધ્ધ કરવા સારૂ નિયમો કરી શકશે.

(૨) ખાસ કરીને અને પૂર્વવર્તી સત્તાની વ્યાપકતાને બાધ આવ્યા સિવાય, આવા નિયમોમાં નીચે પ્રમાણે જોગવાઈ કરી શકાશે :-

(ક) સમગ્ર ગુજરાત રાજય અથવા તેના કોઈ ભાગ માટે અને તમામ અથવા કોઈ પંચાયત માટે;

(ખ) આ અધિનિયમની રુએ, નિયમોથી ઠરાવવાનું સ્પષ્ટપણે ફરમાવેલું હોય અથવા છૂટ આપેલી હોય તેવી તમામ બાબતો સારું જોગવાઈ કરવાને; અને

(ગ) કલમ ૨૦૦ની પેટા-કલમ (૨) અથવા કલમ ૨૧૨ની પેટા-કલમ (૧) હેઠળ કોઈ કર અથવા ફી ભરવાને પાત્ર હોય તેવી કોઈ વ્યકિતની ફરજો અને જવાબદારી ઠરાવતા, કોઈ નિયમના ઉલ્લંઘન બદલ, બસો રૂપિયા સુધીના દંડની શિક્ષા થઈ શકશે અને ઉલ્લંઘન ચાલુ રહે તો પ્રથમ ઉલ્લંઘન માટે, ગુનો સાબિત થયા પછી જે દિવસે ઉલ્લંઘન ચાલુ હોય તે દરેક દિવસ માટે પચ્ચીસ રૂપિયા સુધીના દંડની શિક્ષા થઈ શકશે એવું ઠરાવવાને.

(૩) આ અધિનિયમ હેઠળ કાઢેલા કોઈ દસ્તાવેજ અથવા આ અધિનિયમ હેઠળ અથવા તેના હેતુઓ સારૂ જાળવેલા કોઈ રેકર્ડ તપાસવા અથવા શોધવા માટે અને એવા દસ્તાવેજ કે રેકર્ડમાંથી નકલો અથવા ઉતારો કરવા માટે ફી લેવા સારું અને એવી ફીના દર માટે એવા નિયમોમાં પણ જોગવાઈ કરી શકાશે.

(૪) કલમ ૬૫ની પેટા-કલમ (૪) અને કલમ ૭૯ની પેટા-કલમ (૫) અને કલમો ૧૨૫ અને ૧૪૮ હેઠળ નિયમો દ્વારા નક્કી કરવી પડતી બાબતોના સંબંધમાં નિયમો કરવાની સત્તા ભવિષ્યલક્ષી અને પાછલી તારીખથી વાપરી શકાશે.

(૫) પ્રકરણ ૧૩માં નિર્દિષ્ટ કરેલી બાબતો પૈકી કોઈ બાબત માટે નિયમોમાં ઠરાવવામાં આવે તે સિવાય, આ કલમની રુએ મળેલી નિયમો કરવાની સત્તા, પૂર્વ પ્રસિધ્ધિ પછી, નિયમો કરવા એવી શરતને અધીન છે.

(૬) આ કલમ હેઠળ કરેલા તમામ નિયમો, તે કરવામાં આવ્યા પછી જેમ બને તેમ જલદી રાજય વિધાનમંડળ સમક્ષ ઓછામાં ઓછા ત્રીસ દિવસ સુધી મૂકવામાં આવશે અને જે સત્રમાં તે એવી રીતે મૂકવામાં આવે તે સત્ર અથવા ત્યાર પછીના તરતના સત્ર દરમિયાન રાજય વિધાનમંડળ તેમાં જે કાંઈ ફેરફાર કરે તેને તે અધીન રહેશે.

(૭) રાજય વિધાનમંડળે એવી રીતે કરેલો કોઈ ફેરફાર, રાજપત્રમાં પ્રસિધ્ધ કરવામાં આવશે અને તેમ થયે તે અમલમાં આવશે.

ઉપનિયમો.

૨૭૫. (૧) જિલ્લા પંચાયત, રાજય સરકારની પૂર્વમંજૂરી લઈને, સામાન્ય રીતે આ અધિનિયમના હેતુઓ સિધ્ધ કરવા માટે ગ્રામ પંચાયત સારૂ ઉપનિયમો કરી શકશે.

(૨) પૂર્વવર્તી જોગવાઈની વ્યાપકતાને બાધ આવ્યા સિવાય, જિલ્લા પંચાયત નીચેના હેતુઓ સારૂ ઉપનિયમો કરી શકશે:-

(૧) પીવા માટે વપરાતું પાણી જે સ્થાનોએથી લેવામાં આવતું હોય તે સર્વ સ્થાનો સ્વચ્છ રાખવાં તથા પાણી બગાડાતું અટકાવવા સારૂ અને પાણીના પુરવઠાનું નિયમન કરવા સારૂ;

(૨) કોઈ પણ ઝરો, બાંધેલા તળાવ, કૂવા અથવા બીજી જગ્યાએથી પીવાનું પાણી લાવવાથી અથવા વાપરવાથી લોકોને રોગ થાય અથવા થવાનો સંભવ હોય અથવા લોકોની તંદુરસ્તી બગડે અથવા બગડવાનો સંભવ હોય, તો એ ઝરા, બાંધેલા તળાવ, કૂવા અથવા બીજી જગાએથી પીવાનું પાણી લાવવાનો અથવા વાપરવાનો પ્રતિષેધ કરવા સારૂ તથા એ તળાવ અથવા કૂવો પૂરી દઈને અથવા ઢાંકી દઈને અથવા સલાહ ભર્યું જણાય તેવી બીજી કોઈપણ રીતે પાણી લાવવાનું અથવા વાપરવાનું અટકાવવા સારૂ;

(૩) લોકોની તંદુરસ્તી, સુખ અથવા સગવડને હાનિ થાય એવી રીતે અથવા એવી જગામાં ખાતર, કચરો અથવા, બીજી દુર્ગંધ મારનારી ચીજો રાખવાની અથવા એકઠી કરવાની મનાઈ કરવા સારૂ;

(૪) ઉપદ્રવકારક પદાર્થોને લગતા ધંધા અથવા વ્યાપારનું નિયમન કરવા સારૂ;

(૫) મુડદાંને બાળીને અથવા દાટીને તેમની વ્યવસ્થા કરવા સારૂ;

(૬) પડોશમાં રહેતા લોકોની તંદુરસ્તીને નુકસાનકારક અથવા પીડાકારક હોય એવી જમીન ખોદી કાઢવા સારૂ તથા એવા ખાડાઓ તથા બેસી ગયેલી જમીન પૂરી દેવા સારૂ;

(૭) નુકસાનકારક વનસ્પતિ લઈ જવા સારૂ;

(૮) જોખમ ભરેલા અથવા બિસ્માર હાલતમાં હોય એવાં મકાનોની મરામત કરાવવા તથા તેમને પાડી નંખાવવા સારૂ;

(૯) પૂરતા હવા ઉજાસની તજવીજ કર્યા સિવાય ઘર બાંધવાને અટકાવવા સારૂ, અથવા રસ્તાઓ આંકવા તથા તેની જગા નક્કી કરવા સારૂ;

(૧૦) હાટો તથા બજારો ઉપર નિયંત્રણ રાખવા સારૂ તથા મારકીટો, કતલખાનાં અને ગાડાં ઊભા રાખવાની જગાઓનું નિયંત્રણ કરવા સારૂં;

(૧૧) વેચાણ માટે ખુલ્લા મૂકેલા ખાવાલાયક ન હોય તેવા ખોરાકની તથા પીવાલાયક ન હોય તેવા પીણાની તપાસ કરવા તથા તેનો નાશ કરવા સારૂં;

(૧૨) આરોગ્ય સંબંધી વ્યવસ્થા કરવાનું તથા સફાઈ કામ કરવાનું અને મૃત પ્રાણીઓનાં મુડદાંઓનાં નિકાલ કરવા માટે સામાન્ય રીતે નિયમન કરવા સારૂં;

(૧૩) કોઈ સાર્વજનિક રસ્તા અથવા જગા પર કામચલાઉ બાંધકામ અથવા આગળ પડતું બાંધકામ કરવા અથવા તેનો કામચલાઉ ભોગવટો કરવા સારૂં;

(૧૪) અનુસૂચિ ૧માં નિર્દિષ્ટ કરેલી કોઈ બાબત માટે લાઈસન્સ કે પરમિટ કાઢીને અથવા બીજી કોઈપણ રીતે નિયમન કરવા સારૂં;

(૩) આ કલમ હેઠળ કરેલા કોઈ ઉપનિયમમાં, ઠરાવેલી કોઈ બાબતના સંબંધમાં ફી લેવા માટે તે ઉપનિયમમાં જોગવાઈ કરી શકાશે.

(૪) આ કલમ હેઠળ કરેલા કોઈ ઉપનિયમમાં, એવી જોગવાઈ કરી શકાશે કે તેનું કોઈપણ ઉલ્લંઘન કરવામાં આવે, તો :-

(ક) બસો રૂપિયા સુધીના દંડની;

(ખ) ઉલ્લંઘન ચાલુ રહે તો, પહેલી વખત ઉલ્લંઘન કર્યા માટે ગુનો સાબિત થયા પછી, એવું ઉલ્લંઘન કરવાનું જેટલા દિવસ ચાલુ રહે તે દરેક દિવસના પચ્ચીસ રૂપિયા સુધીના દંડની શિક્ષા થશે.

૨૭૬. (૧) આ કલમમાં સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય તો,- રદ કરવા બાબત અને અપવાદ.

(ક) "નક્કી કરેલ દિવસ" એટલે, રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામા દ્વારા નક્કી કરે તે તારીખ;

(ખ) "વિદ્યમાન પંચાયત" એટલે નક્કી કરેલ દિવસની તરત પહેલાં અસ્તિત્વ ધરાવતી ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત અથવા જિલ્લા પંચાયત, અને જ્યારે આવી કોઈપણ પંચાયતને પદચ્યુત કરી હોય અથવા તેનું વિસર્જન કર્યું હોય ત્યારે, તેમાં આવી પંચાયતની સત્તા વાપરવા અથવા કાર્યો બજાવવા માટે નીમેલ કોઈપણ વ્યક્તિ અથવા વ્યક્તિઓનો સમાવેશ થાય છે.

(ગ) "અનુગામી પંચાયત" એટલે વિદ્યમાન ગામ પંચાયત, તાલુકા પંચાયત અથવા જિલ્લા પંચાયતના સંબંધિત સ્થાનિક વિસ્તારને તત્સમાન હોય તેવા સ્થાનિક વિસ્તાર માટે, આ અધિનિયમ હેઠળ રચાયેલ ગામ પંચાયત, તાલુકા પંચાયત અથવા જિલ્લા પંચાયત.

(૨) નક્કી કરેલ દિવસે અને તે દિવસથી, ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૬૧ રદ થયેલો ગણાશે અને નીચેના પરિણામો આવશે:-

(ક) નક્કી કરેલ દિવસની તરત જ પહેલાં કોઈ વિદ્યમાન પંચાયતને પ્રાપ્ત થયેલી સઘળી સ્થાવર અને જંગમ મિલકત, અને મિલકતમાં ગમે તે સ્વરૂપના અને પ્રકારના તમામ હિતસંબંધ, નક્કી કરેલા દિવસની તરત જ પહેલાં અમલમાં હોય અથવા ચાલુ હોય તેવી સઘળી મર્યાદા, શરતોને અને કોઈ વ્યકિત, મંડળ અથવા અધિકારીના હક અથવા હિતસંબંધને અધીન રહીને, અનુગામી પંચાયતને તબદીલ થયેલ ગણાશે અને તેને પ્રાપ્ત થશે;

(ખ) (કોઈ કબૂલાત અથવા કરાર હેઠળ ઉપસ્થિત થતા તમામ હકો, જવાબદારીઓ અને દાયિત્વો સહિત) કોઈ વિદ્યમાન પંચાયતના તમામ હકો, જવાબદારીઓ અને દાયિત્વો અનુગામી પંચાયતના હકો, અને જવાબદારીઓ અને દાયિત્વો છે એમ ગણાશે;

(ગ) જમીન મહેસૂલ અધિનિયમ અને ઉપકરની વસૂલાતને લગતા કાયદા હેઠળ જમીન મહેસૂલ અને ઉપકર વસૂલ કરવાને લગતા કોઈપણ કાર્યો, જિલ્લા શાળા મંડળોનાં કોઈપણ કાર્યો, ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ હેઠળના કોઈપણ કાર્યો અથવા કોઈપણ અધિનિયમ હેઠળના રાજય સરકારના કોઈપણ કાર્યો અથવા રદ કરેલ અધિનિયમ હેઠળ વિદ્યમાન પંચાયતને તબદીલ કરેલ રાજય સરકારના બીજા કોઈપણ કાર્યો આ અધિનિયમ હેઠળ વિદ્યમાન પંચાયતને તબદીલ કરેલ રાજય સરકારના બીજા કોઈપણ કાર્યો આ અધિનિયમ હેઠળ અનુગામી પંચાયતને તબદીલ કરવામાં આવ્યા હોવાનું ગણાશે; સન ૧૯૬૨નો ગુજરાતનો ૧૦મો.

(ઘ) કોઈ કર અંગે અથવા બીજી રીતે વિદ્યમાન પંચાયતની લેણી નીકળતી સઘળી રકમો, અનુગામી પંચાયત દ્વારા વસૂલ કરી શકાશે અને આવી વસૂલાતના હેતુ માટે, નક્કી કરેલ દિવસની તરત પહેલાં વિદ્યમાન પંચાયત અથવા તેનાં કોઈ સત્તાધિકારી જે કોઈ પગલું લઈ શક્યો હોત અથવા જે કંઈ કાર્યવાહી કરી શક્યો હોત તેવું કોઈ પગલું લેવાને અથવા તેવી કોઈ કાર્યવાહી કરવાની અનુગામી પંચાયતને સત્તા રહેશે;

(ચ) રદ કરેલ અધિનિયમ હેઠળ રચાયેલ ગ્રામ ફંડ, તાલુકા, ફંડ, જિલ્લા ફંડ, અથવા યથાપ્રસંગ, જિલ્લા કુટુંબ કલ્યાણ ફંડની બિન વપરાયેલી સિલક અને વિદ્યમાન પંચાયતની લેણી નીકળતી અને રાજય સરકાર ફરમાવે તેવા બીજા કોઈ મંડળ અથવા મંડળોની રકમો આ અધિનિયમ હેઠળ રચાયેલ અનુગામી પંચાયતના અનુક્રમે ગામ ફંડ, તાલુકા ફંડ, જિલ્લા ફંડ અથવા યથાપ્રસંગ, જિલ્લા કુટુંબ કલ્યાણ ફંડનો ભાગ બનશે અને તેમાં ભરવામાં આવશે;

(છ) રદ થયેલ અધિનિયમ હેઠળ સ્થાપેલ રાજય સમકારી ફંડ, જિલ્લા સમકારી ફંડ જિલ્લા ગ્રામ પ્રોત્સાહન ફંડ અને જિલ્લા વિકાસ ફંડમાંની બિન વપરાયેલી સિલક, આ અધિનિયમ હેઠળ સ્થાપેલ તત્સમાન ફંડનો ભાગ બનશે અને તેમાં ભરવામાં આવશે;

(જ) વિદ્યમાન પંચાયત સાથે કરેલા તમામ કરારો અને તેના વતી કરી આપેલા તમામ લેખો, અનુગામી પંચાયત સાથે કરેલા અથવા તેની સાથે અથવા તેને અથવા તેના વતી લખી આપેલા ગણાશે અને તેનો તદનુસાર અમલ થશે;

(ઝ) નક્કી કરેલા દિવસની તરત જ પહેલાં રદ કરેલ અધિનિયમ હેઠળ કોઈ વિદ્યમાન પંચાયત અથવા કોઈ વિદ્યમાન પંચાયતના કોઈ અધિકારી સમક્ષ ચાલુ હોય તેવી સઘળી કાર્યવાહીઓ અને બાબતો, અનુગામી પંચાયતને અથવા અનુગામી પંચાયત આદેશ કરે તેવા સત્તાધિકારીને વર્ગ થયેલી ગણાશે;

(ટ) નક્કી કરેલા દિવસે ચાલુ હોય તેવા સઘળા દાવા અને કાનૂની કાર્યવાહીઓમાં અથવા જેના સંબંધમાં કોઈ વિદ્યમાન પંચાયત પક્ષકાર હોય ત્યાં, અનુગામી પંચાયતને તેને બદલે પક્ષકાર તરીકે દાખલ કરેલ ગણાશે;

(ઠ) રદ કરેલ અધિનિયમ હેઠળ અને નક્કી કરેલા દિવસની તરત પહેલાં અમલમાં હોય તેવી વિદ્યમાન પંચાયત સ્થાનિક વિસ્તારના સંબંધમાં કરેલ, કાઢેલ, નાંખેલ અથવા મંજૂર કરેલ કોઈપણ નિમણૂક, જાહેરનામું, નોટિસ, કર, ફી, હુકમ, યોજના, લાઈસન્સ, પરવાનગી, નિયમ, ઉપનિયમ, વિનિમય અથવા નમૂનો, જેટલે સુધી આ અધિનિયમની જોગવાઈઓ સાથે અસંગત ન હોય તેટલે સુધી, આ અધિનિયમ હેઠળ કરેલ, કાઢેલ, નાંખેલ, અથવા આપેલ કોઈપણ નિમણૂક, જાહેરનામું, નોટિસ, કર, ફી, હુકમ, યોજના, લાઈસન્સ, પરવાનગી, નિયમ, ઉપનિયમ, વિનિયમ અથવા નમૂનો રદ કરવામાં અથવા ફેરફાર કરવામાં ન આવે ત્યાં સુધી, જાણે તે આ અધિનિયમ હેઠળ અનુગામી પંચાયતના તત્સમાન સ્થાનિક વિસ્તારના સંબંધમાં કરેલ, કાઢેલ, નાંખેલ અથવા આપેલ હોય તેમ અમલમાં ચાલુ રહેશે;

(ડ) રદ કરેલ અધિનિયમ હેઠળ અને નક્કી કરેલ દિવસની તરત જ પહેલાં અમલમાં હોય તેવી વિદ્યમાન પંચાયતે અથવા તેના સંબંધમાં કરેલ અથવા પ્રમાણિત કરેલ તમામ અંદાજપત્રો, આકારણીઓ, આકારણી યાદીઓ, મૂલ્યાંકન અથવા માપણીઓ, જેટલે સુધી આ અધિનિયમની જોગવાઈઓ સાથે અસંગત ન હોય તેટલે સુધી, અનુગામી પંચાયતે કરેલ અથવા પ્રમાણિત કરેલા ગણાશે;

(ઢ) નક્કી કરેલ દિવસની તરત જ પહેલાં, વિદ્યમાન પંચાયતની નોકરીમાંના તમામ અધિકારીઓ અને નોકરો આ અધિનિયમની જોગવાઈઓને અધીન રહીને, અનુગામી પંચાયતની સેવામાં તબદીલ થયેલા ગણાશે;

(ત) રદ કરેલ અધિનિયમની જોગવાઈઓને લગતાં અથવા તે હેઠળ રચેલા, ચૂંટેલા અથવા નીમેલા કોઈ સત્તા અધિકારીને લગતા કોઈ કાયદા અથવા કોઈ લેખમાંના કોઈ ઉલ્લેખનો અર્થ, જુદો ઈરાદો જણાતો હોય તે સિવાયના, આ અધિનિયમની તત્સમાન જોગવાઈઓને અથવા યથાપ્રસંગ, આ અધિનિયમ હેઠળ રચેલા ચૂંટેલા અથવા નીમેલા તત્સમાન સત્તાધિકારીને લગતા ઉલ્લેખ નક્કી કરવા જોઈશે.

કાયદાઓ સુસંગત કરવાની રાજ્ય સરકારની સત્તા.

૨૭૭. (૧) આ રાજયના પ્રદેશમાં અમલમાં હોય તેવા કોઈ કાયદાની જોગવાઈઓનો આ અધિનિયમની જોગવાઈઓ સાથે સુમેળ સાધવાના હેતુ સારૂ, રાજય સરકાર, રાજપત્રમાં હુકમ પ્રસિધ્ધ કરીને, જરૂરી અથવા ઈષ્ટ જણાય તે પ્રમાણે આવા કાયદામાં અમુક બાબતો રદ કરીને અથવા તેમાં સુધારો કરીને તે કાયદામાં સુધારાઓ અને ફેરફારો કરી શકશે અને એવી જોગવાઈઓ કરી શકશે કે હુકમમાં નિર્દિષ્ટ કરવામાં આવે તે તારીખથી, એવી રીતે કરેલ સુધારાઓ અને ફેરફારોને અધીન રહીને, કાયદાનો અમલ થશે અને આવા કોઈ સુધારા અથવા ફેરફાર સામે કોઈ કોર્ટમાં વાંધો ઉઠાવી શકાશે નહિ.

(૨) પેટા-કલમ (૧)માંના કોઈ મજકૂરથી,--

(ક) આ કલમની શરૂઆતથી ચાર વર્ષ પૂરા થયા પછી, કોઈ કાયદામાં કોઈ સુધારા અથવા ફેરફાર કરવા માટે રાજય સરકારને અધિકાર મળે છે એમ ગણાશે નહિ; અથવા

(ખ) આ કલમ હેઠળ રાજય સરકારે સુધારેલા અથવા ફેરફાર કરેલા કોઈ કાયદાને રદ કરવામાં અથવા તેમાં ફેરફાર કરવામાં રાજય વિધાનમંડળને અથવા બીજા યોગ્ય સત્તાધિકારીને બાધ આવે છે એમ ગણાશે નહિ;

**સ્પષ્ટીકરણ :-** આ કલમમાં, "અમલમાં હોય તેવો કાયદો" એ શબ્દ પ્રયોગમાં, તે કાયદો અથવા તેના ભાગો તે વખતે રાજયનાં સઘળા વિસ્તારોમાં અથવા કોઈ અમુક વિસ્તારમાં અમલમાં ન હોય તેમ છતાં, આ કલમના આરંભ પહેલાં રાજયમાંના રાજય વિધાનમંડળે અથવા બીજા યોગ્ય સત્તાધિકારીએ પસાર કરેલા અથવા કરેલા અને અગાઉ રદ કરેલા ન હોય તેવા કાયદાનો સમાવેશ થશે.

મુશ્કેલીઓ દૂર કરવા બાબત.

૨૭૮. આ અધિનિયમની જોગવાઈઓનો અથવા કોઈ અનુસૂચિનો અમલ કરવામાં કંઈ મુશ્કેલી ઉપસ્થિત થાય તો રાજય સરકાર, પ્રસંગની જરૂરિયાત અનુસાર, મુશ્કેલી દૂર કરવાના હેતુ માટે, હુકમ દ્વારા, તેને જરૂરી જણાય તે, બધું કરી શકશે.

રાજયના અનુસૂચિત વિસ્તારોને અધિનિયમ લાગુ પાડવા બાબત.

[૧] ["૨૭૮ક. આ અધિનિયમ, ભારતના સંવિધાનની કલમ ૨૪૪ના ખંડ (૧)માં ઉલ્લેખેલ રાજયના અનુસૂચિત વિસ્તારોને અનુસૂચિ ૪માં નિર્દિષ્ટ કરેલા ફેરફારોને અધીન રહીને, લાગુ પડશે.

રાજયના અનુસૂચિત વિસ્તારોને લાગુ પડતા અમુક અધિનિયમો સુધારવા બાબત.

૨૭૮કક. અનુસૂચિ-૫માં નિર્દિષ્ટ કરેલા અધિનિયમો, ભારતના સંવિધાનની કલમ ૨૪૪ના ખંડ (૧)માં ઉલ્લેખેલ રાજયના અનુસૂચિત વિસ્તારોને લાગુ પાડતી વખતે, કોલમ ૩માં દર્શાવેલ પ્રમાણમાં સુધારવા જોઈશે.".]

સન ૧૯૯૨નો ગુજરાતનો ૧૮મો.

વચગાળાની જોગવાઈ.

૨૭૯. ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૬૧ હેઠળ રચાયેલ પંચાયતની મુદત, સંવિધાન (તોંતેરમાં સુધારા) અધિનિયમ, ૧૯૯૨ના આરંભથી એક વર્ષની અંદર પૂરી થાય ત્યારે અથવા સદરહુ અધિનિયમ હેઠળ રચાયેલ પંચાયતનું વિસર્જન કરવામાં આવ્યું હોય ત્યારે, આ અધિનિયમ હેઠળ પ્રથમવાર પંચાયતની યોગ્ય રીતે રચના કરવામાં આવે નહિ અને તેની પ્રથમ બેઠક મળે નહિ ત્યાં સુધી, રાજય સરકાર લેખિતમાં હુકમ કરીને નીમે તેવી વ્યકિત, પંચાયતની સત્તા, કાર્યો અને ફરજો બજાવશે.

---

૧. સન ૧૯૯૮ના ૫મા અધિનિયમની કલમ ૨થી, કલમ ૨૭૮ પછી નવી કલમો ૨૭૮ક અને ૨૭૮કક દાખલ કરેલ છે.

## અનુસૂચિ-૧

(જૂઓ કલમ – ૯૯)

### જે બાબતોના સંબંધમાં જોગવાઈ કરવાની ગ્રામ પંચાયતોની ફરજ છે તે બાબતો

**૧. સ્વાસ્થ્ય અને સફાઈના ક્ષેત્રે–**

(ક) ઘરના વપરાશ માટે અને ઢોર માટે પાણી પૂરું પાડવા બાબત;

(ખ) જાહેર રસ્તાઓ, મોરી, તળાવો, પુસ્તા અને સિંચાઈ માટે વપરાતા હોય તેવાં તળાવ તથા કૂવા સિવાયના બીજા તળાવ તથા કૂવા તથા જાહેર જગાઓ બાંધવા અને સાફ કરવા બાબત;

(ગ) આરોગ્ય રક્ષણ કરવા બાબત, ગામની સ્વચ્છતા જાળવવા બાબત અને રોગોના ઉપદ્રવને અટકાવવા બાબત;

(ઘ) લોકસ્વાસ્થ્ય જાળવવા તથા તેમાં સુધારો કરવા બાબત, સાર્વજનિક ચિકિત્સાલયો અને દવાખાનાં સ્થાપવા તથા નિભાવવા બાબત અને સાર્વજનિક વૈદ્યકીય રાહત પૂરી પાડવા બાબત;

(ચ) ચા, કોફી અને દૂધની દુકાનોના લાઇસન્સ આપીને અથવા બીજી રીતે તેનું નિયમન કરવા બાબત;

(છ) સ્મશાન અને કબ્રસ્તાનની જગાઓની જોગવાઇ, જાળવણી અને નિયમન કરવા બાબત;

(જ) મૃત પશુઓના પધ્ધતિસર નિકાલ થાય એ દ્દષ્ટિએ નિયમન, એ હેતુ માટે નિશ્ચિત જગા તથા સાધનોની જોગવાઇ તથા ઢોર અને માણસના નધણિયાતાં શબની વ્યવસ્થા કરવા બાબત;

(ઝ) સાર્વજનિક જાજરૂઓ અને મૂતરડીઓ બાંધવા અને નિભાવવા બાબત;

(ટ) કોઇપણ ચેપી રોગ ફાટી નીકળતો, પ્રસરતો અને ફરીથી આવતો અટકાવવા પગલાં લેવા બાબત;

(ઠ) અનારોગ્ય વિસ્તારોને નવસાધ્ય કરવા બાબત;

(ડ) કચરાના ઢગલા, જંગલનું ઉત્પન્ન, કાંટાળા થુવેર દૂર કરવા બાબત, ઉપયોગમાં ન લેવાતા કૂવા, અનારોગ્ય તળાવો, ખાબોચિયા, ખાડીઓ, અથવા પોલાણો પૂરવા બાબત, સિંચાઈ કરેલા વિસ્તારોમાં પાણી એકઠું થતું અટકાવવા બાબત અને આરોગ્યની જાળવણી તથા વૃધ્ધિની દ્દષ્ટિએ ઘટતાં અન્ય પગલાં લેવા બાબત;

(ઢ) પ્રસૂતિ અને બાળ-કલ્યાણ બાબત;

(ત) માંણસોંને શીતળા કઢાવવા અને પશુઓને રસી મૂકાવવા માટે ઉત્તેજન આપવા બાબત;

(થ) ગળતિયા, ખાતરના ખાડાઓની જોગવાઈ અને જાળવણી કરવા બાબત;

(દ) ઢોર રાખવા અંગેનું નિયમન કરવા બાબત અને રખડતાં ઢોર તથા કૂતરાં સામે જરૂરી પગલાં લેવા બાબત;

(ધ) ઉપદ્રવકારક અથવા જોખમકારક ધંધાઓ અથવા વ્યવસાયોનું નિયમન કરવા, અંકુશમાં રાખવા તથા તે દૂર કરવા બાબત;

(ન) સાર્વજનિક રસ્તાઓ અને જગાઓ ઉપર પાણી છાંટવા બાબત;

(પ) સાર્વજનિક રસ્તાઓ, જગાઓ અને ગટરો તથા ખાનગી મિલકત ન હોય પણ લોકોના ઉપયોગ માટે ખુલ્લી હોય એવી સઘળી જગાઓ, પછી તે પંચાયતમાં નિહિત થઈ હોય કે ન હોય થઇ હોય અથવા તે સાફ કરવા બાબત, ઉપદ્રવકારક ઝાડપાલો કાઢી નાંખવા બાબત અને સઘળાં લોકોપકારક કૃત્યો ઓછાં કરવા બાબત;

(ફ) આગ ઓલવવા બાબત અને જ્યારે આગ લાગે ત્યારે જિંદગી તથા મિલકતનું રક્ષણ કરવા બાબત;

(બ) સાર્વજનિક રસ્તાઓ અથવા જગાઓમાંથી તથા ખાનગી મિલકત ન હોય પણ લોકોના ઉપયોગ માટે ખુલ્લી હોય એવી જે જગાઓ પંચાયતને પ્રાપ્ત થઇ હોય અથવા સરકારના કબજામાં હોય તેમાંની નડતરો અને બહાર નીકળતા કોઈપણ બાંધકામો કાઢી નાંખવા બાબત;

(ભ) જોખમકારક મકાનો અથવા જગાઓ, સુરક્ષિત કરવા અથવા કાઢી નાખવા બાબત;

(મ) સાર્વજનિક રસ્તાઓ, ગરનાળા, પંચાયતના હદ નિશાનો, બજારો, કતલખાનાં, પાયખાનાં, જાજરાં, મૂતરડીઓ, નીકો, ગટરો, પાણીના નિકાલ માટેના કામો, ગટર કામો, નાહવાની જગાઓ, ધોવાની જગાઓ, પાણી પીવાના ફુવારા, તળાવો, કુવાઓ, બંધો અને તેવાં બીજા કામો બાંધવા, તેમાં ફેરફાર કરવા અને નિભાવવા બાબત;

(ય) પાણીનો વર્તમાન પુરવઠો અપૂરતો અથવા રોગકારક હોવાને લીધે રહેવાસીઓનાં સ્વાસ્થ્યને થતું જોખમ અટકાવવા માટે પાણીનો યોગ્ય અને પૂરતો પુરવઠો અથવા વધારાનો પુરવઠો, જ્યારે વાજબી ખર્ચે મળી શકે એમ હોય ત્યારે તે આપવા બાબત;

(ર) આ અધિનિયમના હેતુઓ સારુ અથવા પંચાયતની કોઈપણ મિલકતના રક્ષણ સારું, પંચાયતોને જોઈતા પોલીસ અથવા રક્ષકો બદલ વેતન તથા આકસ્મિક ખર્ચ આપવા બાબત;

(લ) પંચાયતના સફાઈ માટેના સ્ટાફ સારું નિવાસસ્થાનો બાંધવા તથા નિભાવવા બાબત;

(વ) દુષ્કાળ અથવા અછત વખતે પંચાયતની હદમાંના નિરાધાર લોકોને રાહત આપવા બાબત તથા તેઓ માટે રાહતના કામો સ્થાપવા તથા નિભાવવા બાબત;

**૨. જાહેર બાંધકામ ક્ષેત્રે—**

(ક) સાર્વજનિક શેરી અથવા જગાઓમાંથી અને ખાનગી મિલકત ન હોય અને જનતાને માટે ખુલ્લા હોય તે ઘરથાળ પંચાયતને પ્રાપ્ત થયાં હોય અથવા સરકારના કબજામાં હોય તો તેમાંથી પણ નડતરો અને રસ્તા ઉપર બહાર નીકળતા બાંધકામો દૂર કરવા બાબત;

(ખ) જાહેર રસ્તા, મોરી, પુસ્તા અને પૂલોનાં બાંધકામ, નિભાવ અને મરામત બાબતઃ

પરંતુ આ રસ્તા, મોરી, પુસ્તા અને પૂલો બીજા કોઈપણ સાર્વજનિક સત્તામંડળને હસ્તક હોય ત્યાં આવાં કામો, તે સત્તા મંડળની સંમતિ સિવાય હાથ ધરવા નહિ.

(ગ) પંચાયતને પ્રાપ્ત થયેલ મકાનો, અથવા પંચાયતના નિયંત્રણ હેઠળ હોય તેવાં સરકારી મકાનો, ગૌચરો, ભારત વન અધિનિયમ, ૧૯૨૭ની કલમ ૨૮ મુજબ સોંપેલી જમીન સહિતની જંગલની જમીન અને (સિંચાઈ માટે વપરાતાં હોય તે સિવાયના) તળાવો તથા કૂવાઓ નિભાવવા તથા તેમના વપરાશનું નિયમન કરવા બાબત; સન ૧૯૨૭નો ૧૬મો.

(ઘ) ગામમાં દીવાબત્તીની વ્યવસ્થા કરવા બાબત;

(ચ) મેળા માટેના, બજાર માટેના, ટાંગા તથા ગાડી ઊભી રાખવાની જગાઓ માટેના નિયંત્રણો બાબત;

(છ) કતલખાનાં બાંધવા અને નિભાવવા અથવા તેમનું નિયંત્રણ કરવા બાબત;

(જ) બજારના રસ્તાઓ ઉપર અને બીજી સાર્વજનિક જગાઓમાં ઝાડ રોપવા બાબત અને તેમના નિભાવ અને સંરક્ષણ બાબત;

(ઝ) ધર્મશાળાઓ બાંધવા અને તેમને નિભાવવા બાબત;

(ટ) જેની બીજા કોઈ અધિકારી વ્યવસ્થા કરતા ન હોય તેવા નાહવાના અને ધોવાના ઘાટોની વ્યવસ્થા અને નિયંત્રણ બાબત;

(ઠ) બજારો સ્થાપવા અને તેને નિભાવવા બાબત;

(ડ) પંચાયતના સફાઈ કામદારો અને ગામના નોકરોના મકાનોના બાંધકામ અને જાળવણી બાબત;

(ઢ) તંબૂ બાંધવાની જગાઓનો પ્રબંધ કરવા અને તેને નિભાવવા બાબત;

(ત) ઢોર પૂરવાના ડબ્બાની સ્થાપના, નિયંત્રણ અને વ્યવસ્થા બાબત;

(થ) ખાસ કરીને અછતના સમયમાં બેરોજગાર લોકોને રોજી મળે તેવાં બાંધકામોનો પ્રબંધ કરવા બાબત;

(દ) ગામના ઘરથાળને વિસ્તૃત કરવા બાબત અને ઠરાવી શકાય તેવા સિધ્ધાંતો અનુસાર મકાનોનું અને ગૃહનિર્માણ યોજનાનું નિયમન કરવા બાબત;

(ધ) વખારો, દુકાનો, ખરીદ કેન્દ્રો અને ઇત્યાદિનાં મકાનોના બાંધકામ અને નિભાવ બાબત;

(ન) સામૂહિક ઉપયોગ માટેનાં મકાનોનાં અને વિકાસની દૃષ્ટિએ જરૂરી મકાનોનાં બાંધકામ અને તેના નિભાવ બાબત;

(પ) વિદ્યુત શકિતના ઉત્પાદન, વહેંચણી અને પુરવઠો અને તેની સાથે સંકળાયેલી બીજી બાબતો.

**૩. શિક્ષણ અને સંસ્કાર ક્ષેત્રે—**

(ક) શિક્ષણનો ફેલાવો કરવા બાબત;

(ખ) અખાડા, ક્રીડાંગણો, કલબો અને સ્ત્રીઓ તથા યુવકો માટે આનંદપ્રમોદનાં બીજાં કેન્દ્રોની સ્થાપના અને નિભાવ બાબત;

(ગ) કળા અને સંસ્કાર-અભિવૃધ્ધિ માટે નાટ્યગૃહોની સ્થાપના અને તેના નિભાવ બાબત;

(ઘ) પુસ્તકાલયો અને વાંચનાલયોની સ્થાપના અને તેના નિભાવ બાબત;

(ચ) નશાબંધી-પ્રચાર, અસ્પૃશ્યતા નિવારણ, પછાત વર્ગની સ્થિતિ સુધારણા, લાંચરૂશ્વતની નાબૂદી અને જુગાર તથા બીજી અસંસ્કારી પ્રવૃત્તિઓને ઉત્તેજન ન આપવા સહિત સામાજિક અને નૈતિક શિક્ષણનો કાર્યક્રમ હાથ ધરવા અને પાર પાડવા બાબત;

(છ) રાજ્યે કરેલા આયોજન પ્રમાણે પ્રાથમિક શિક્ષણ ફરજિયાત દાખલ કરવામાં મદદ કરવા બાબત;

(જ) શાળા માટે મકાનના અને શિક્ષણ માટે જરૂરી સાધન સામગ્રીની જોગવાઇ કરવા બાબત;

(ઝ) પૂર્વ-પ્રાથમિક શિક્ષણ તેમજ બાળ-કલ્યાણની પ્રવૃત્તિ બાબત;

(ટ) શાળાના મકાનોની મરામત તથા નિભાવ બાબત;

(ઠ) શાળા ફંડનો વહીવટ કરવા બાબત;

(ડ) વિદ્યાર્થીઓને તેમના અભ્યાસમાં જરૂરી આર્થિક સહાય કરવા બાબત;

(ઢ) શાળાના ઉત્સવો ઉજવવા અને સમારંભો યોજવા બાબત;

(ત) લોકશિક્ષણની દ્રષ્ટિએ સંસ્કાર-કાર્યક્રમો યોજવા બાબત;

(થ) શાળાનાં બાળકો માટે શક્ય હોય તો આહાર-ઉપાહારની સગવડ કરવા બાબત;

(દ) માધ્યમિક શાળાઓની સ્થાપના, બાંધકામ અને નિભાવ.

**૪. આત્મરક્ષણ અને ગ્રામ રક્ષણના ક્ષેત્રે–**

(ક) ગામની સીમના પાકની સંભાળ અને રક્ષણ કરવા તથા તે માટે સ્વયંસેવક દળ કે અન્ય સંગઠનો રચવા, તેને ઉત્તેજન તથા મદદ આપવા બાબત;

(ખ) આત્મરક્ષણ તથા ગ્રામરક્ષણની કક્ષાએ ગામના યુવાનોને યોગ્ય તાલીમ મળી રહે તેવો પ્રબંધ કરવા અને સરકાર તરફથી યોજાતી આવી તાલીમમાં સહાય કરવા બાબત;

(ગ) આગ અટકાવવા બાબત, આગ ઓલવવામાં મદદ કરવા બાબત તથા આગ લાગે ત્યારે જાનમાલનું રક્ષણ કરવા બાબત.

**૫. આયોજન તથા વહીવટના ક્ષેત્રે–**

(ક) ગામના વિકાસ માટે આયોજન કરવા બાબત;

(ખ) રાજ્ય સરકારનાં જમીન સુધારણાની યોજનાના અમલમાં સહાય કરવા બાબત;

(ગ) ગામની આર્થિક મોજણી કરતાં, બેકાર કે અર્ધબેકાર ગામવાસીઓને રોજગારી મળી રહે તેવો પ્રબંધ કરવા બાબત;

(ઘ) અંદાજપત્રો બનાવવા, હિસાબો એકત્રિત કરી રાખવા, ફંડોની સંભાળ રાખી તેનો ઉપયોગ કરવો, કરો નાંખવા અને ઉઘરાવવા અને હિસાબી નિયમો પ્રમાણે કામ કરવા બાબત;

(ચ) ગામના કોઈપણ હેતુ સારુ કેન્દ્રિય અથવા રાજ્ય સરકારે આપેલી મદદનો ઉપયોગ કરવા બાબત;

(છ) ગામની સ્વતંત્ર મોજણી કરવા બાબત અથવા કેન્દ્ર કે રાજ્ય સરકાર તરફથી હાથ ધરાતી મોજણીમાં સહાય કરવા બાબત;

(જ) પંચાયત દ્વારા નોકરીમાં રાખવાના સ્ટાફની ભરતી, તાલીમ અને તે અંગે વ્યવસ્થા કરવા બાબત;

(ઝ) ગામનો ગોંદરો, ખળાવાડ, ગૌચર અને સામૂહિક જમીનની વ્યવસ્થા કરવા બાબત;

(ટ) મેળા, યાત્રાળુઓ, તથા ઉત્સવો યોજવા, નિભાવવા તથા તેનું નિયમન કરવા બાબત;

(ઠ) પંચાયતો જે ફરિયાદોનો નિકાલ ન કરી શકે તે ફરિયાદો યોગ્ય અધિકારીઓને જણાવવા બાબત;

(ડ) પંચાયતના દફતરો તૈયાર કરવા, તે નિભાવવા તથા તે વ્યવસ્થિત રાખવા બાબત;

(ઢ) રાજ્ય સરકાર આ અર્થે કોઇ સામાન્ય કે ખાસ હુકમથી ફરમાવે તેવા નમૂનામાં અને તેવી રીતથી જન્મ, મરણ અને લગ્નની નોંધણી કરવા બાબત;

(ત) મકાનોને નંબર આપવા બાબત.

**૬. સામૂહિક વિકાસ ક્ષેત્રે–**

(ક) અપંગ, અકિંચન અને માંદા માણસોને રાહત આપવા બાબત;

(ખ) કોઈપણ કુદરતી આપત્તિ આવી પડે ત્યારે સંકટગ્રસ્તોને સહાય આપવા બાબત;

(ગ) આર્થિક અને સામાજિક ક્ષેત્રે સહકારી પ્રવૃત્તિનું સંગઠન કરવા, તેને ઉત્તેજન અને સહાય આપવા બાબત;

(ઘ) કુટુંબ નિયોજનનો પ્રચાર કરવા બાબત;

(ચ) સામૂહિક કામો અને ગ્રામોધ્ધારના કામો માટે ગામની શ્રમ શકિતનું ઐચ્છિક ધોરણે સંગઠન કરવા બાબત;

(છ) વાજબી ભાવની દુકાનો ખોલવા બાબત.

**૭. ખેતીવાડી, જંગલ અને ગૌચરના સંરક્ષણ ક્ષેત્રે–**

(ક) ખેતીવાડીની સુધારણા માટે આયોજન કરવા બાબત;

(ખ) ખેતી ઉત્પાદન વધારવાના હેતુથી ગામમાં વાવેતરનું ઓછામાં ઓછું ધોરણ ઠરાવવા બાબત;

(ગ) ખેતી માટે પ્રયોગાત્મક ક્ષેત્રોની સ્થાપના તથા વ્યવસ્થા કરવા બાબત;

(ઘ) અનાજની વખારોની સ્થાપના તથા નિભાવ બાબત;

(ચ) રાજ્ય સરકારે પંચાયતને સુપરત કરેલ પડતર અને ખરાબાની જમીન ખેતીલાયક બનાવવા માટે યોગ્ય પ્રબંધ કરવા બાબત;

(છ) ખાતરના સાધનોની જાળવણી કરવા બાબત, મિશ્ર ખાતર તૈયાર કરવા બાબત તથા ખાતરના વેચાણ બાબત;

(જ) સુધારેલું બિયારણ પ્રાપ્ત કરવા, સુધારેલા બિયારણના કેન્દ્રની સ્થાપના કરવા તથા સુધારેલ બિયારણનો ઉપયોગ વધે એવો પ્રબંધ કરવા બાબત;

(ઝ) ખેતી માટે સુધારેલા ઓજારોનો પ્રચાર કરવા તથા એવાં ઓજારો સરળતાથી મળે તેવો પ્રબંધ કરવા બાબત;

(ટ) સહકારી ખેતીની અભિવૃધ્ધિ કરવા બાબત;

(ઠ) પાકના અખતરા અને પાકનું રક્ષણ કરવા બાબત;

(ડ) નાની સિંચાઈના કામો તથા ખેતરના નાના બંધારા બાંધવા અને નિભાવવા તથા પાણીની યોગ્ય વહેંચણી માટે યોગ્ય પ્રબંધ કરવા બાબત;

(ઢ) ગામના વગડા, ગૌચર અને ફળઝાડની વાડીના વિકાસ, રક્ષણ અને સુધારણા કરવા બાબત;

(ત) ખેતીને નુકસાન કરતાં જાનવરોનો ખેતી-રક્ષાની દ્રષ્ટિએ યોગ્ય પ્રબંધ કરવા બાબત.

**૮. પશુ સંવર્ધન ક્ષેત્ર –**

(ક) પશુ અને પશુ સંવર્ધનની સુધારણા હાથ ધરવા બાબત;

(ખ) પશુની સામાન્ય સુખાકારી કરવા બાબત;

(ગ) પશુ સંવર્ધનના હેતુઓ માટે સારી ઓલાદની વણખૂંટની વ્યવસ્થા અને નિભાવ બાબત;

(ઘ) દૂધની ડેરીના ઉદ્યોગને ઉત્તેજન આપવા બાબત.

**૯. ગ્રામોદ્યોગ ક્ષેત્ર –**

(ક) ગામની ઔદ્યોગિક અને રોજગારી શકિતની મોજણી અને આયોજન કરવા બાબત;

(ખ) હાથકંતામણ, હાથવણાટ, રંગાટકામ, છાપકામ, ભરતકામ, સિવણ, ઘાણી ઉદ્યોગ, ચર્મોદ્યોગ, માટી ઉદ્યોગ, સુથારકામ, લુહારકામ, ખેતીના કાચા માલનું પાકા માલમાં રૂપાંતર કરવાના ઉદ્યોગ, અન્ય ઉદ્યોગોને તથા ગામની કોઈ વિશિષ્ટ કળા કારીગરી હોય તો તેને સજીવન કરવા અને એની સુધારણા કરવા તથા વિકાસ કરવા માટે જરૂરી રક્ષણ, ઉત્તેજન અને સહાય આપવા બાબત;

(ગ) ગ્રામોદ્યોગ તથા કળા કારીગરી માટે જોઈતા કાચા માલનો યોગ્ય પ્રબંધ કરવા બાબત;

(ઘ) ગ્રામોદ્યોગ માટે આધુનિક અને સુધારેલા ગામના સાધનો કારીગરો અપનાવે અને વસાવે એ માટે પ્રયત્નો કરવા અને આવા સાધનો એમને સરળતાથી મળી રહે એવો પ્રબંધ કરવા બાબત;

(જ) ગ્રામોદ્યોગ અને હસ્તકળા કારીગરીનાં શિક્ષણ માટે કારીગરોને યોગ્ય ઉત્તેજન અને સહાય આપવા બાબત;

(છ) સહકારી ધોરણે ગ્રામોદ્યોગ સંગઠન, સંચાલન અને વિકાસ થાય એવો પ્રબંધ કરવા બાબત.

**૧૦. જમીન મહેસૂલની વસૂલાત ક્ષેત્રે –**

(ક) કલમ ૧૬૮ મુજબ રાજ્ય સરકારે સત્તા આપી હોય ત્યાં જમીન મહેસૂલની વસૂલાત કરવા બાબત;

(ખ) જમીન મહેસૂલને લગતા કોઈપણ કાયદાથી અથવા તે હેઠળ વખતોવખત ઠરાવવામાં આવે તેવી રીતે અને તેવા નમૂનામાં જમીન મહેસૂલને લગતાં દફતરની જાળવણી કરવા બાબત.

## અનુસૂચિ-૨

## (જૂઓ કલમ ૧૩૦)

### ભાગ-૧

### જે બાબતોના સંબંધમાં પ્રબંધ કરવાની તાલુકા પંચાયતની ફરજ છે તે બાબતો

**૧. સ્વાસ્થ્ય અને સફાઈ ક્ષેત્રે–**

(ક) શીતળા અને રોગચાળો ઉપર કાબૂ મેળવવા અને આરોગ્ય સેવાઓનું વિસ્તરણ અને નિભાવ કરવા બાબત;

(ખ) કુટુંબ નિયોજન બાબત;

(ગ) પીવા માટે સ્વચ્છ પાણીની સગવડ કરવા બાબત;

(ઘ) ઔષધિ-ભંડારો, દવાખાનાઓ, ઔષધાલયો, પ્રસૂતિગૃહો અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ચલાવવા અને તેની દેખરેખ રાખવા બાબત;

(ચ) સ્વાસ્થ્ય તથા સફાઈની જાળવણી માટે નીચેની બાબતોમાં લોકમત કેળવવા બાબત :-

(૧) પોષણ ;

(૨) પ્રસૂતિ અને બાળકલ્યાણ;

(૩) ચેપી રોગો પર અંકુશ અને તેમની નાબૂદી;

(છ) રોગચાળામાં લોકોને યોગ્ય સહાય અને રક્ષણ આપવાની વ્યવસ્થા કરવા બાબત;

**૨. બાંધકામ ક્ષેત્રે–**

(ક) એક ગામથી બીજે ગામ જતા રસ્તા, બાંધવા અને નિભાવવા બાબત;

(ખ) મોટા રસ્તાઓને મળતા નાના ગ્રામ રસ્તાઓનાં બાંધકામ તથા સંભાળ માટે જે જે મદદની જરૂર પડે તે આપવા બાબત.

**૩. શિક્ષણ અને સંસ્કાર ક્ષેત્રે –**

(ક) પ્રાથમિક શાળાઓની સ્થાપના અને સંચાલન કરવા બાબત;

(ખ) પ્રાથમિક શાળા માટે મકાનો બાંધવાનો કાર્યક્રમ યોજવા અને તેને અમલમાં મૂકવા બાબત;

(ગ) ગ્રામ પંચાયત કક્ષાએ થતી શૈક્ષણિક પ્રવૃત્તિને મદદ કરવા બાબત;

(ઘ) તાલુકામાં ફરજિયાત પ્રાથમિક શિક્ષણ કાયદાનો અમલ કરવા બાબત;

(ચ) પુસ્તકાલય, વાંચનાલય અને બીજી સંસ્કાર-પ્રવૃત્તિઓ ચલાવવા અને તેવી પ્રવૃત્તિઓને ઉત્તેજન આપવા બાબત;

(છ) પૂર્વ-પ્રાથમિક શિક્ષણના પ્રચારમાં મદદ કરવા બાબત.

**૪. સમાજ શિક્ષણના ક્ષેત્રે–**

લોકોમાં નવી દૃષ્ટિ પેદા કરવી, તેમને સ્વાશ્રયી, ઉદ્યમી અને સામૂહિક રીતે કામ કરતા કરવા અને ખાસ કરીને–

(ક) માહિતી કેન્દ્રો, સામૂહિક શિક્ષણ કેન્દ્રો, અને વિશ્રાંતિ કેન્દ્રોની સ્થાપના અને નિભાવ કરવા બાબત;

(ખ) યુવક મંડળો, મહિલા મંડળો અને ખેડૂત મંડળો જેવી સંસ્થાઓની સ્થાપના કરવા અને આવી કોઈપણ સંસ્થાઓ અગાઉ સ્થાપવામાં આવી હોય તો, તેને ઉત્તેજન આપવા બાબત;

(ગ) ગ્રામ રક્ષક દળની સ્થાપના કરવા બાબત;

(ઘ) શારીરિક અને સંસ્કાર પ્રવૃત્તિઓને ઉત્તેજન આપવા બાબત;

(ચ) મરજિયાત આરોગ્ય મંડળો સ્થાપવા બાબત;

(છ) ગ્રામ સેવકોને તાલીમ આપવા બાબત અને તેઓની સેવાઓનો ઉપયોગ કરવા બાબત;

(જ) ગ્રામલક્ષ્મીઓ અને ગ્રામસેવિકાઓને તાલીમ આપવા અને તેમને સેવાઓનો ઉપયોગ કરવા બાબત;

(ઝ) બાલ પ્રવૃત્તિ વિકસાવવા બાબત.

**૫. સામૂહિક વિકાસના ક્ષેત્રે—**

(ક) વધારે રોજગારી તથા ઉત્પાદનની સગવડો ઉભી કરવા માટે આયોજન કરવા તેમજ ગ્રામ સંસ્થાઓનું સંકલન કરવા બાબત;

(ખ) અરસપરસ સહકારની ભાવનાના સિધ્ધાંત ઉપર રચાયેલી ગ્રામ સમૂહમાં સ્વાવલંબનની ભાવના અને આત્મનિર્ભરતા કેળવવા બાબત;

(ગ) સામૂહિક લાભ માટે ગામડાઓની વણવપરાતી શક્તિ, સાધન અને વખતનો ઉપયોગ કરવા બાબત;

(ઘ) રાજ્ય સરકાર પોતે વિકાસના જે જે કાર્યક્રમ સોંપે તેનો અમલનો પ્રબંધ કરવા બાબત.

**૬. ખેતીવાડી અને સિંચાઇના ક્ષેત્રે –**

(ક) તાલુકા કક્ષાએ ખેતીવાડીની સુધારણા માટે આયોજન કરવા બાબત;

(ખ) જમીન અને પાણીના સાધનોનો ઉપયોગ અને છેલ્લામાં છેલ્લા સંશોધનની રીતે ખેતીવાડીની સુધારણાનું વિસ્તરણ કરવા બાબત;

(ગ) તાલુકામાં સિંચાઇનાં કામોનું બાંધકામ અને નિભાવ કરવા બાબત;

(ઘ) તાલુકામાં ખેતીવાડી માટે જમીન નવસાધ્ય કરવા અને જમીનનું સંરક્ષણ કરવા બાબત;

(ચ) તાલુકામાં બિયારણ વૃધ્ધિ કેન્દ્રોનો નિભાવ, નોંધાયેલા બી-ઉત્પાદકોને મદદ અને બિયારણની વહેંચણી કરવા બાબત;

(છ) ફળ અને શાકભાજીનું ઉત્પાદન વધારવા બાબત;

(જ) ખાતરના સાધનોની જાળવણી કરવા બાબત, સેન્દ્રિય અને મિશ્ર ખાતર તૈયાર કરવા બાબત તથા તેની સુલભ પ્રાપ્તિ માટે યોગ્ય પ્રબંધ કરવા બાબત;

(ઝ) ખેતી માટે સુધારેલા ઓજારોનો પ્રચાર કરવા તથા એવા ઓજારો સરળતાથી મળે તેવો પ્રબંધ કરવા બાબત;

(ટ) પાક, ફળઝાડ, અને છોડોના રોગો સામે સંરક્ષણ કરવા બાબત;

(ઠ) ખેતી માટે પ્રયોગાત્મક ક્ષેત્રોની સ્થાપના તથા વ્યવસ્થા કરવા બાબત;

(ડ) સિંચાઇ અને ખેતીના વિકાસ માટે બીજી સગવડો અને ધીરાણ આપવા બાબત;

(ઢ) કૂવાઓ સુધારી તથા નવા બનાવી ખાનગી, તળાવો સુધારી તથા ખોદી અને નાની સિંચાઇ કામો શરૂ કરી અને પાણી આપતી નહેરોની દેખરેખ રાખી જેમ બને તેમ વધારે જમીન સિંચાઇ નીચે લાવવા બાબત;

(ત) પાતાળકૂવાઓ ખોદી પાતાળના પાણીનો ઉપયોગ વધારવા અને પાતાળ કૂવાઓ વગેરેના કામ માટે મદદ આપવા બાબત;

(થ) સિંચાઇ યોજનાઓની નહેરોનાં પાણીને સમયસર અને યોગ્ય વહેંચણી થાય તેનો પૂરેપૂરો ઉપયોગ થાય તેવો પ્રબંધ કરવા બાબત.

**૭. પશુ સંવર્ધન ક્ષેત્રે –**

(ક) ઓલાદી વણખૂંટ [illegible]ખલ કરી, બીજા રેઢા આખલાની ખસી કરી અને કૃત્રિમ ગર્ભાધાન કેન્દ્રો સ્થાપી, ચલાવી પશુની ઓલાદ સુધારવા બાબત;

(ખ) ઢોર, ઘેટા, મરઘાં વગેરેની સારી ઓલાદ દાખલ કરી, તેના માટે મદદ આપવા અને નાના સંવર્ધન કેન્દ્રો ચલાવવા બાબત;

(ગ) ચેપી રોગોને નિયંત્રિત કરી કાબૂમાં રાખવા બાબત;

(ઘ) સુધારેલા ઘાસ અને ચારો દાખલ કરવા અને ઘાસ-સંગ્રહની વ્યવસ્થા કરવા બાબત;

(ચ) પ્રાથમિક સારવાર કેન્દ્રો અને પશુ ચિકિત્સાલયો શરૂ કરવા અને ચલાવવા બાબત;

(છ) દૂધના પુરવઠાની વ્યવસ્થા કરવા બાબત;

(જ) રખડતાં નકામાં ઢોરોનો પ્રશ્ન હલ કરવા બાબત.

**૮. ગ્રામોદ્યોગ અને નાના ઉદ્યોગના ક્ષેત્રે –**

વધારે રોજગારી આપવા માટે તથા લોકોનું જીવન ધોરણ ઊંચુ લઇ જવા માટે, કુટિર, ગ્રામ અને નાના પાયાના ઉદ્યોગોના વિકાસ કરવા અને ખાસ કરીને –

(ક) ઉત્પાદન અને તાલીમ કેન્દ્રો સ્થાપવા અને સંભાળવા બાબત;

(ખ) કારીગરોની કામગીરીમાં સુધારો કરવા બાબત;

(ગ) સુધારેલાં ઓજારો લોકપ્રિય કરાવવા બાબત.

(ઘ) ખાદી અને ગ્રામોદ્યોગ બોર્ડ અને અખિલ ભારત મંડળોની સહાયથી ચાલતા કુટિર, ગ્રામ અને નાના પાયાના ઉદ્યોગોના વિકાસ માટેની યોજનાઓના અમલની વ્યવસ્થા કરવા બાબત;

(ચ) તાલુકાક્ષેત્રે ઔદ્યોગિક નગરો વસાવવા બાબત;

(છ) ઉન ઉદ્યોગોના વિકાસ બાબત.

**૯. સહકારના ક્ષેત્રે –**

જીવનના વિવિધ ક્ષેત્રે સહકારી ભાવનાનો પ્રચાર કરવા તથા આર્થિક અને સામાજિક ક્ષેત્રે સહકારી સંસ્થાઓનું સંગઠન કરવા અને તેમને ઉત્તેજન આપવા બાબત અને ખાસ કરીને –

(ક) સહકારી ધોરણે ધીરાણ, વેચાણ, ઉદ્યોગ, સિંચાઇ, અને ખેતીવાડી માટે વિવિધલક્ષી સમિતિઓ સ્થાપવા અને તેના વિકાસને ઉત્તેજન આપવા બાબત;

(ખ) કરકસર, નાની બચત અને વીમા યોજના મારફત બચતને ઉત્તેજન આપવા બાબત.

**૧૦. સ્ત્રી કલ્યાણના ક્ષેત્રે –**

સ્ત્રી અને બાળ કલ્યાણ માટેની યોજનાઓનાં અમલ કરવા અને સ્ત્રી કલ્યાણ અને બાળ કલ્યાણ કેન્દ્રો, શિક્ષણ કેન્દ્રો, હુન્નર અને કપડાં બનાવવાના કેન્દ્રો, વગેરેનો નિભાવ કરવા બાબત.

**૧૧. સમાજ કલ્યાણના ક્ષેત્રે –**

(ક) પછાત કોમો અને અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓના વિદ્યાર્થીઓ માટે છાત્રાલયોની વ્યવસ્થા કરવા બાબત;

(ખ) ગ્રામ રહેઠાણની યોજનાઓનો અમલ કરવા બાબત;

(ગ) રોગગ્રસ્ત ભિખારીઓનો નિભાવ કરવા બાબત;

(ઘ) મરજિયાત સામાજિક કલ્યાણ કરતી સંસ્થાઓનું પુરસ્કૃત કરવા અને એમની પ્રવૃત્તિઓનું સંકલન કરવા અને તેમને મદદ કરવા બાબત;

(ચ) નશાબંધી અને વ્યસનમુક્તિ માટે પ્રચાર કરવા બાબત.

**૧૨. મદદના ક્ષેત્રે –**

પૂર, આગ, રોગચાળો અને બીજી નાની મોટી કુદરતી આફતોના પ્રસંગે, તાત્કાલિક મદદ પહોંચાડવા બાબત.

**૧૩. આંકડા ભેગા કરવાના ક્ષેત્રે –**

ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત અથવા જિલ્લા પંચાયત અથવા રાજ્ય સરકારને જરૂર લાગે તેવા આંકડા ભેગા કરવા અને તેનું સંકલન કરવા બાબત.

**૧૪. ટ્રસ્ટના ક્ષેત્રે –**

તાલુકા ફંડમાંથી થઇ શકે તેવા કોઇ કામના ઉદ્દેશ પૂરા બર લાવવા માટે ટ્રસ્ટનો વહીવટ કરવા બાબત.

**૧૫. જંગલના ક્ષેત્રે–**

ગ્રામ જંગલો અને ગૌચરના વિકાસને ઉત્તેજન આપવા બાબત.

**૧૬. ગ્રામ વસવાટના ક્ષેત્રે–**

ગ્રામજનોના સહયોગથી ગામતળનો વિકાસ અને ગામ રહેઠાણોનું આયોજન બાબત.

**૧૭. માહિતીના ક્ષેત્રે–**

(ક) સામૂહિક રીતે રેડિયો સાંભળવાની યોજના બાબત ;

(ખ) પ્રદર્શનો યોજવા બાબત;

(ગ) પ્રકાશનો પ્રસિધ્ધ કરવા બાબત.

**ભાગ - ૨**

**(જુઓ કલમ ૧૩૦)**

**તાલુકા પંચાયતના કાર્યો અને ફરજો**

તાલુકા પંચાયતની નીચે પ્રમાણે ફરજો રહેશે :-

(ક) શૈક્ષણિક મોજણી કરવામાં અને તપાસવામાં તાલુકા પંચાયતને મદદ કરવાની અને તેને સોંપાયેલ પ્રાથમિક શિક્ષણ સંબંધી અને અન્ય તમામ શૈક્ષણિક પ્રવૃત્તિઓના વિકાસ માટે પંચવર્ષિય યોજના તૈયાર કરવામાં અને તેના અમલ કરવામાં તાલુકા પંચાયતને મદદ કરવાની :

(ખ) પ્રાથમિક શાળાઓ માટે પૂરતી જગાની સગવડ અને સાધનસામગ્રી માટે જોગવાઇ કરવાની;

(ગ) જિલ્લા પંચાયતની મંજૂરીથી જે જિલ્લાઓમાં જરૂર હોય ત્યાં નવી પ્રાથમિક શાળાઓ ખોલવાની;

(ઘ) પ્રાથમિક શાળાઓનું ચોક્કસ સ્થળ નક્કી કરવાની;

(ચ) તમામ પ્રાથમિક શાળાઓનાં કામકાજ પર દેખરેખ રાખવાની અને જિલ્લા પંચાયત, વખતોવખત નક્કી કરે તે પંચાયતના નિયંત્રણ હેઠળની એવી અન્ય શૈક્ષણિક સંસ્થાઓના કામકાજ પર દેખરેખ રાખવાની;

(છ) પ્રાથમિક શાળાઓમાં જિલ્લા પંચાયતના નિયંત્રણ હેઠળની અન્ય શૈક્ષણિક સંસ્થાઓમાં નોકરીએ રાખેલ સ્ટાફ પર, વખતોવખત તેને સોંપવામાં આવે તેવી સત્તા ચલાવવાની;

(જ) તાલુકા પંચાયતની હકૂમતમાંની ગ્રામ પંચાયતોની પ્રવૃત્તિ પર દેખરેખ રાખવાની, આવી દરેક પંચાયત પોતાનો ફાળો શાળાના ફંડમાં હોય તો તેમાં ભરે છે તેની ખાતરી કરવાની અને જિલ્લાના શિક્ષણ નિરીક્ષકના ધ્યાન પર કસૂર સંબંધી કેસો ચલાવવાની અને સામાન્ય રીતે તેમના તાબામાં હોય તેવી પ્રાથમિક શાળા અથવા શાળાઓ નિભાવવા અને સુધારવા તેમને માર્ગદર્શન આપવાની;

(ઝ) ફરજિયાત પ્રાથમિક શિક્ષણના અમલ માટે જવાબદાર રહેવાની અને પૂર્વવર્તી જોગવાઇઓની સામાન્યતાને બાધ આવ્યા સિવાય --

૧. જિલ્લા પંચાયતના સત્તા ધરાવતા અધિકારીની ભલામણ પરથી મુંબઇ પ્રાથમિક શિક્ષણ અધિનિયમ, ૧૯૪૭ના હેતુઓ માટે માન્ય કરાયેલ શાળાથી બાળકના રહેઠાણ સુધી, નજીકમાં નજીકના માર્ગ પ્રમાણે આપેલું અંતર કેટલું હોવું જોઇએ તે નક્કી કરવાની;

૨. જે બાળક માન્ય કરાયેલ શાળા સિવાય, બીજી શાળામાં શિક્ષણ લેતું હોય તે બાળકને ઉપરોક્ત સત્તા ધરાવતા અધિકારીની ભલામણ પરથી માન્ય કરેલી શાળામાં હાજરી આપવામાંથી માફી આપવાની;

(ટ) પ્રાથમિક શાળાઓમાં હાજરી આપતા વિદ્યાર્થીઓની જન્મ તારીખ અને નામોમાં ફેરફારને મંજૂરી આપવાની;

(ઠ) પ્રાથમિક શાળાઓ માટે નવા મકાનો બંધાવવાની અને ખાસ મરામત હાથ ધરવાની;

(ડ) શિક્ષણ અંગેની તેમની સ્થાયી સમિતિઓ માટે ગ્રામપંચાયતોને સહાયક ગ્રાન્ટ મંજૂર કરવાની;

(ઙ) સામાન્ય રીતે પ્રાથમિક શિક્ષણ સાથે સંકળાયેલી તમામ બાબતો અંગે અને તાલુકામાં જિલ્લા પંચાયતે હાથ ધરેલ અન્ય શૈક્ષણિક પ્રવૃત્તિઓ અંગે જિલ્લા પંચાયતને માહિતી આપવાની અને જરૂર જણાય તો સલાહ આપવાની;

(ત) સામાન્યતઃ શિક્ષણના અને ખાસ કરીને પ્રાથમિક શિક્ષણના વિકાસ અને સુધારા માટે તાલુકામાં પ્રચાર કરવાની; અને

(થ) જિલ્લા પંચાયત, વખતોવખત તેને સોંપે તેવી બીજી સત્તા વાપરવાની અને તેવી બીજી ફરજો બજાવવાની;

(દ) તાલુકા પંચાયતની મંજૂરીથી, વાજબી ભાડેથી પ્રાથમિક શાળાઓ માટે મકાનો ભાડે રાખવાની, જેને માટે યોગ્ય સત્તાધિકારીએ પ્રમાણપત્ર આપવું;

(ધ) પ્રત્યેક પ્રાથમિક શાળા પર દેખરેખ રાખવાની;

(ન) મુંબઈ પ્રાથમિક શિક્ષણ અધિનિયમ, ૧૯૪૭ અને તે હેઠળ કરેલ નિયમો અથવા હુકમોનો અમલ કરાવવાની.

## અનુસૂચિ - ૩

### ભાગ-૧

### (જૂઓ કલમ ૧૫૪)

### જે બાબતોના સંબંધમાં જોગવાઈ કરવાની જિલ્લા પંચાયતની ફરજ છે તે બાબતો

**૧. સ્વાસ્થ્ય અને સફાઈના ક્ષેત્રે**

(ક) દવાખાના સ્થાપવા અને ચલાવવા બાબત;

(ખ) પીવાના પાણી પુરવઠાનો પ્રબંધ કરવા તથા જાળવવા બાબત;

(ગ) લોકોનું આરોગ્ય અને લોકોની સુખસગવડ વગેરે વધારવા માટે જે તે કામો કે પગલાં જરૂરી જણાય તેનો પ્રબંધ કરવા બાબત;

(ઘ) પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો સ્થાપવા અને ચલાવવા બાબત;

(ચ) કુટુંબ નિયોજનમાં સહાય કરવા બાબત;

(છ) ઓછી આવકવાળા કુટુંબોના બાળકોને અને માતાઓને દૂધ વહેંચવા બાબત;

(જ) દાયણોને તાલીમ આપવાનો પ્રબંધ કરવા બાબત;

(ઝ) ડિપ્થેરીયા, મોટી ઉધરસ અને ધનુર્વા અંગે રક્ષણ આપવા બાબત;

(ટ) આયુર્વેદિકના અને હોમિયોપેથિક દવાખાના સ્થાપવા અને ચલાવવા બાબત;

(ઠ) આયુર્વેદિક અને હોમિયોપેથિક કેન્દ્રો મારફત વૈદ્યકિય સગવડ પૂરી પાડવા બાબત;

(ડ) માન્ય કરવામાં આવેલાં દવાનાં રાહત કેન્દ્રોને સહાય આપવા બાબત;

(ઢ) નર્સોની તાલીમનો યોગ્ય પ્રબંધ કરવા બાબત.

**૨. બાંધકામ ક્ષેત્રે –**

(ક) રસ્તા બાંધવા અને નિભાવવા બાબત;

(ખ) રસ્તાની બંને બાજુએ ઝાડો રોપવા અને ઉછેરવા બાબત;

(ગ) રાજ્ય સરકાર તરફથી જે બાંધકામો સોંપવામાં આવે તેનો અમલ કરવા બાબત;

(ઘ) જિલ્લા પંચાયતને સુપરત થયેલા મકાનોની સંભાળ, મરામત અને જાળવણી બાબત;

(ચ) જિલ્લા પંચાયતની પ્રવૃત્તિ માટે જરૂરિયાત મુજબના મકાનો બાંધવા અને જાળવવા બાબત.

**૩. શિક્ષણ અને સંસ્કાર ક્ષેત્રે –**

(ક) પોતાને સોંપાયેલી સમગ્ર શિક્ષણ પ્રવૃત્તિ કરવા બાબત;

(ખ) રાષ્ટ્રની નીતિ અને રાષ્ટ્રની યોજનાના માળખામાં રહીને જિલ્લામાં શિક્ષણનું આયોજન કરવા બાબત;

(ગ) શિક્ષણ કાર્યની યોજણી અને મૂલ્યાંકન કરવા બાબત;

(ઘ) પ્રાથમિક શિક્ષણ અંગેની સરકારી મદદ તાલુકા પંચાયતોને વહેંચી આપવા બાબત;

(ચ) પોતાના વિસ્તારમાં ખાનગી શૈક્ષણિક સંસ્થાઓને માન્યતા આપવા બાબત;

(છ) અભ્યાસક્રમો અંગે ભલામણો કરવા બાબત;

(જ) પાઠ્ય પુસ્તકોની પસંદગી કરવા બાબત;

(ઝ) રાજ્ય સરકાર તરફથી માધ્યમિક શિક્ષણ અંગે જે કાર્યક્રમ સોંપવામાં આવે તેનો અમલ કરવા બાબત;

(ટ) તાલુકા પંચાયતો દ્વારા ચાલતી પ્રાથમિક શાળાઓનું નિરીક્ષણ અને તેની પરીક્ષા લેવા બાબત;

(ઠ) શિક્ષણ અંગે ફંડ સ્વીકારવા અને તેનો વહીવટ કરવા બાબત;

(ડ) જિલ્લાની સમગ્ર શૈક્ષણિક પ્રવૃત્તિને મદદ, દોરવણી અને ઉત્તેજન આપવા બાબત;

(ઢ) જિલ્લામાં ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતના સભ્યો માટે શિબિરો, પરિષદો અને સંમેલનો યોજવા બાબત.

**૪. વહીવટી ક્ષેત્રે –**

(ક) જરૂરી માલ-સામાન અને સામગ્રી ભેગી કરવા બાબત;

(ખ) પંચાયતોની પ્રવૃત્તિઓને લગતી આંકડાની અને બીજી હકીકતની પ્રસિધ્ધિ કરવા બાબત;

(ગ) ગ્રામ પંચાયતો, તાલુકા પંચાયતો અને જિલ્લા પંચાયતોની પ્રવૃત્તિઓ અંગે જરૂરી આંકડા અને અન્ય માહિતીનું સંકલન અને ઉપયોગ કરવા બાબત;

(ઘ) જિલ્લામાંની જુદી જુદી પંચાયતોને સુપરત થયેલી યોજના અને કાર્યક્રમોનું અવારનવાર અવલોકન તથા મૂલ્યાંકન કરવા બાબત;

(ચ) જે હેતુઓ માટે ફંડ ઉભું કરવામાં આવેલ હોય તે હેતુને આગળ ધપાવવા અંગે દાન સ્વીકારવા બાબત.

**૫. સામૂહિક વિકાસ ક્ષેત્રે –**

(ક) જિલ્લાના તમામ તાલુકાઓની વિકાસ યોજનાઓનું સંકલન અને સંગઠન કરવા અને આખા જિલ્લાની યોજના તૈયાર કરવા બાબત;

(ખ) જિલ્લાના બે કે તેથી વધારે તાલુકાને સ્પર્શતા પ્રોજેક્ટસ, પરિયોજનાઓ અને યોજનાઓ કરવા બાબત;

(ગ) (૧) પંચાયતોની સ્થાપનાને ઉત્તેજન અને તેના વિકાસ બાબત;

(૨) જિલ્લાની તાલુકા પંચાયતોનું નિરીક્ષણ, નિયમન અને નિયંત્રણ કરવા બાબત;

(૩) જે કોઈ કાયદાની રુએ જે જે કાર્યો સોંપવામાં આવે તે અને વખતોવખત રાજ્ય સરકાર સોંપે તેવાં બધાં કાર્યો બજાવવા બાબત.

(ઘ) રાજ્ય સરકાર જે જે વિકાસ કાર્યક્રમ સોંપે તેનો અમલ કરવા બાબત;

(ચ) ગ્રામ પંચાયતો, તાલુકા પંચાયતો અને જિલ્લા પંચાયતો વચ્ચે કામનું વિભાજન કરવા અને સંકલન કરવા બાબત.

**૬. ખેતીવાડી ક્ષેત્રે –**

(ક) ડાંગર, ઘઉં, બાજરી, જુવાર, મગફળી અને કપાસ, વગેરેની પથદર્શક સઘન યોજનાઓ હાથ ધરવા બાબત;

(ખ) બિયારણ વહેંચણી કેન્દ્રોનાં મકાનોનાં બાંધકામ અને નિભાવ કરવા બાબત;

(ગ) ખાતરની યોજનાઓનો અમલ કરવા બાબત;

(ઘ) નાળિયેરીનો વિકાસ કરવા બાબત;

(ચ) છોડવાના રક્ષણ અંગેના જરૂરી સાધનની ખરીદી અને વેચાણ માટે યોગ્ય વ્યવસ્થા કરવા બાબત;

(છ) જંતુનાશક દવાઓની ખરીદી અને વેચાણ માટે યોગ્ય વ્યવસ્થા કરવા બાબત;

(જ) આદર્શ કૃષિ કેન્દ્રો સ્થાપવા અને ચલાવવા બાબત;

(ઝ) સારી જાતનાં બી મંગાવવા અને વહેંચવા બાબત;

(ટ) ખેતી ઉત્પાદન અને ખેતી વિકાસની યોજનાઓનો અમલ કરવા બાબત;

(ઠ) ખેતીવાડી વિકાસ તથા પશુ સંવર્ધનની દૃષ્ટિએ પ્રદર્શનો, હરિફાઈઓ ઈત્યાદિ અન્ય કાર્યક્રમો યોજવા બાબત.

**૭. પશુ સંવર્ધન ક્ષેત્રે –**

(ક) પશુ સંવર્ધન અંગે પૂરક કેન્દ્રો સ્થાપવા અને ચલાવવા બાબત;

(ખ) માન્ય સંસ્થાઓ તરફથી ચલાવવામાં આવતાં પશુસંવર્ધન કેન્દ્રોને ઉત્તેજન અને સહાય આપવા બાબત;

(ગ) આધાર-ગ્રામ ( Key Village ) યોજનાનો અમલ કરવા બાબત;

(ઘ) ગૌશાળા વિકાસ યોજનાનો અમલ કરવા બાબત;

(ચ) ઓલાદી વાછરડાંના ઉછેર માટે યોગ્ય પ્રબંધ કરવા બાબત;

(છ) ઘાસિયા જમીનનો વિકાસ કરવા બાબત;

(જ) ઘાસના સંગ્રહની યોજનાને ઉત્તેજન અને સહાય આપવા બાબત;

(ઝ) મરઘાં-સંવર્ધનની યોજનાનો અમલ કરવા બાબત;

(ટ) પશુ સંવર્ધનની યોજનાઓનો અમલ કરવા બાબત;

(ઠ) પશુ દવાખાનાં તથા ચિકિત્સાલયો સ્થાપવા અને નિભાવવા બાબત.

**૮. ગ્રામોદ્યોગ અને નાના ઉદ્યોગોના ક્ષેત્રે –**

(ક) જિલ્લામાં ગ્રામોદ્યોગ અને નાના ઉદ્યોગની શક્યતા તપાસી તેનો પુનર્જીવન, સંગઠન અને વિકાસ માટે યોજનાઓ તૈયાર કરી તેનો અમલ, કરવા-કરાવવા બાબત;

(ખ) ગ્રામોદ્યોગના અને નાના ઉદ્યોગના ગ્રામ કારીગરોને, તેમના ઉદ્યોગ અને વ્યવસાયિક તાલીમ અને ઉદ્યોગમાં જરૂરી સહાય અને ઉત્તેજન મળી રહે તેવો પ્રબંધ કરવા બાબત;

(ગ) માધ્યમિક, વ્યવસાયિક અને ઔદ્યોગિક શાળાઓ સ્થાપવા, ચલાવવા અને વધારવા અને તેને સહાય કરવા બાબત.

**૯. સમાજ કલ્યાણના ક્ષેત્રે –**

(ક) સમાજસેવા આપતી સંસ્થાઓને એમના કાર્યમાં જરૂરી સહાય અને ઉત્તેજન મળી રહે તેવો પ્રબંધ કરવા બાબત;

(ખ) સમાજ કલ્યાણની દૃષ્ટિએ જિલ્લા કક્ષાએ આવશ્યક પ્રવૃત્તિઓ ચલાવવા બાબત;

(ગ) રાજ્ય સરકાર તરફથી થતા મેળા અને ઉત્સવો બાદ કરતાં, બાકીના મેળા અને ઉત્સવોનો યોગ્ય પ્રબંધ કરવા બાબત.

**૧૦. મદદના ક્ષેત્રે –**

દુષ્કાળ અને અછત, રેલ, આગ અને ધરતીકંપ જેવી કુદરતી આફતોના પ્રસંગે રાહત કેન્દ્રો સ્થાપવા અને ચલાવવા બાબત.

**૧૧. નાની જળસિંચાઈ યોજના ક્ષેત્રે –**

(ક) તળાવો અને બંધારાથી નહેર દ્વારા સિંચાઈ કરવા બાબત;

(ખ) પાતાળકૂવાની યોજનાનો અમલ કરવા બાબત;

(ગ) સિંચાઈ માટે નવા કૂવાઓનું ખોદાણ અને જૂના કૂવાની મરામત કરવા બાબત;

(ઘ) પાણી માટે પંપના સેટ તથા યંત્રો ખરીદી માટે સહાય કરવા બાબત;

(ચ) સુધરેલા કોસનો પ્રચાર અને પ્રબંધ કરવા બાબત;

(છ) કૂવા માટે ટોટા તથા સારકામ (બોરિંગ)નો યોગ્ય પ્રબંધ કરવા બાબત;

(જ) સહકારી ધોરણે સિંચાઈની યોજનાઓને ઉત્તેજન અને સહાય આપવા બાબત.

## ભાગ - ૨

## (જૂઓ કલમ ૧૪૫ (૧) (૩))

## જિલ્લા પંચાયતની શિક્ષણ સમિતિના કાર્યો અને ફરજો

**જિલ્લા પંચાયતની શિક્ષણ સમિતિની નીચે પ્રમાણે ફરજ રહેશે :**

(ક) સઘળી શૈક્ષણિક પ્રવૃત્તિઓ હાથ ધરવાની;

(ખ) રાષ્ટ્રીય નીતિ અને રાષ્ટ્રીય યોજનાના માળખામાં રહીને, જિલ્લામાં શિક્ષણનું આયોજન હાથ ધરવાની;

(ગ) શૈક્ષણિક પ્રવૃત્તિઓની મોજણી અને મૂલ્યાંકન કરવાની;

(ઘ) પ્રાથમિક શિક્ષણ પંચાયત હસ્તક સોંપવાના સંબંધમાં રાજ્ય સરકાર વતી સાધન તરીકે કામ કરવાની;

(ચ) રાજ્ય સરકાર નક્કી કરી શકે તે માટે અભ્યાસક્રમ સંબંધી સૂચનો કરવાની;

(છ) રાજ્ય સરકાર દ્વારા થતી પાઠ્ય પુસ્તકોની પસંદગી બાબત સૂચનો કરવાની;

(જ) રાજ્ય સરકારે જિલ્લા પંચાયતને સોંપેલા માધ્યમિક શિક્ષણના સંબંધમાં કોઇપણ કાર્યક્રમનો અમલ કરવાની;

(ઝ) જેની તાલુકા પંચાયત દ્વારા વ્યવસ્થા થતી હોય તેવી પ્રાથમિક શાળાઓના નિરીક્ષણ માટે વ્યવસ્થા કરવાની અને શાળાઓની પરીક્ષા લેવાની;

(ટ) સઘળી પ્રાથમિક શાળાઓના અને પંચાયત વખતોવખત નક્કી કરે તેવી જિલ્લા પંચાયતોના નિયંત્રણ હેઠળની એવી બીજી શૈક્ષણિક સંસ્થા ઉપર દેખરેખ રાખવાની;

(ઠ) દરેક ગ્રામ પંચાયત શાળા ફંડમાં પોતાનો ફાળો આપે છે કે કેમ તે જોવા સારું જિલ્લા પંચાયતની હકૂમતમાંની ગ્રામ પંચાયતની પ્રવૃત્તિ પર દેખરેખ રાખવાની અને જિલ્લાના શિક્ષણ નિરીક્ષકના ધ્યાનમાં કસૂરના કેસો લાવવાની અને પોતપોતાના ચાર્જ હેઠળની પ્રાથમિક શાળા અથવા શાળાઓ નિભાવવા અને સુધારવાને તેમને સામાન્ય માર્ગદર્શન આપવાની;

(ડ) શૈક્ષણિક ફંડ સ્વીકારવાની અને તેની વ્યવસ્થા કરવાની;

(ઢ) જિલ્લામાં તમામ શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં મદદ કરવાની, તેમજ ઉત્તેજન આપવાની અને તે સંબંધી માર્ગદર્શન આપવાની;

(ત) જો જિલ્લા પંચાયતો માધ્યમિક અને અન્ય શિક્ષણ માટે પ્રબંધ કરે તો નીચેની ફરજો અદા કરવાની--

(૧) જે ગ્રામ વિસ્તારોમાં ખાનગી સાહસ ઉપલબ્ધ ન હોય તે ગ્રામ વિસ્તારોમાં વિવિધ અભ્યાસક્રમોની જોગવાઇ કરતી માધ્યમિક શાળાઓ ચલાવવાની અને ગ્રામ વિસ્તારોમાં ગરીબ અને લાયક વિદ્યાર્થીઓ માટે માધ્યમિક શાળા શિષ્યવૃત્તિઓ દાખલ કરવાની;

(૨) માધ્યમિક શાળા માટે તેમજ ધોરણ પાંચથી સાતના વિદ્યાર્થીઓ માટે છાત્રાલયો ચલાવવાની;

(૩) જે બાળકો આશરે અગિયાર વર્ષની ઉંમર સુધીમાં શાળા છોડી જતા હોય તે બાળકોના અને જે બાળકોની ઉંમર અગિયારથી ચૌદ વર્ષ સુધીની હોય અને પૂરેપૂરા નિરક્ષર હોય તે બાળકો માટે અંશ:કાલિન શિક્ષણની જોગવાઇ કરવાની;

(૪) ગ્રામીણ વિસ્તારોમાં વ્યવસાયિક શિક્ષણ માટે વ્યવસ્થા કરવાની;

(૫) સામાજિક શિક્ષણ વર્ગોની, ગ્રામ પુસ્તકાલયોની અને પૂર્વ પ્રાથમિક શિક્ષણની યોજના આગળ ધપાવવાની;

(૬) વ્યાયામશાળાઓ માન્ય કરવાની અને તેમને મદદ કરવાની અને મનોરંજન કેન્દ્રો અને હોલી-ડે અને સ્કૂલ કેમ્પનું સંગઠન કરવાની;

## [1]["અનુસૂચિ ૪

(જુઓ કલમ ૨૭૮ક)

**(જે ફેરફારોને અધીન રહીને આ અધિનિયમ, રાજ્યના અનુસૂચિત વિસ્તારોને લાગુ પડશે તે ફેરફારો.)**

**૧.** કલમ ૨માં, ખંડ (૧૯) પછી, નીચેનો ખંડ દાખલ કરવો :–

"(૧૯ક) "અનુસૂચિત વિસ્તારો" એટલે ભારતના સંવિધાનની કલમ ૨૪૪ના ખંડ (૧)માં ઉલ્લેખેલ રાજ્યના અનુસૂચિત વિસ્તારો,".

**૨.** કલમ ૪ને બદલે, નીચેની કલમ મૂકવી :–

"૪ (૧) આ અધિનિયમથી અથવા તે હેઠળ જોગવાઈ કરી હોય તેવા કાર્યો કરવા માટે, ગામ માટે ગ્રામ સભા હોવી જોઈશે. ગ્રામસભા.

(૨) તે ગામના મતદાર વિભાગોના મતદારોની યાદીમાં જેમના નામો સમાવિષ્ટ કર્યા હોય તેવી વ્યક્તિઓની તે બનશે.

(૩) ગ્રામ સભા નીચેના વધારાના કાર્યો કરશે :–

(ક) ગ્રામ સભાએ, ગામના રહેવાસીઓની પ્રણાલીઓ અને રિવાજો, તેમની સાંસ્કૃતિક ઓળખ, સામૂહિક સાધનો અને તકરારની પતાવટની રૂઢિગત રીત સાચવી રાખવાનો અને જાળવવાનો પ્રયત્ન કરવો.

(ખ) ગ્રામસભાઓ–

(૧) સામાજિક અને આર્થિક વિકાસ માટેની યોજનાઓ, કાર્યક્રમો અને પરિયોજનાઓનો ગ્રામ પંચાયત અમલ હાથ ધરે તે પહેલાં, એવી યોજનાઓ, કાર્યક્રમો અને પરિયોજનાઓ મંજૂર કરવી જોઈશે,

(૨) ગામમાં ગરીબી નિવારણ અને બીજા કાર્યક્રમો હેઠળ હિતાધિકારી તરીકે વ્યક્તિઓની ઓળખ અથવા પસંદગી માટે તે જવાબદાર રહેશે."

**૩.** કલમ ૭માં, પેટા-કલમ (૧)માં નીચેનો પરંતુક ઉમેરવો :–

"પરંતુ અનુસૂચિત વિસ્તારમાંના સ્થાનિક વિસ્તારના સંબંધમાં, ભલામણ કરતી વખતે, એવી ખાતરી કરવી જોઇશે કે તે સ્થાનિક વિસ્તાર સામાન્ય રીતે રહેવાસી અથવા રહેવાસીઓનો સમૂહ અથવા નાના ગામ અથવા નાના ગામોના સમૂહનો બનેલો છે અને પ્રણાલીઓ અને રિવાજો અનુસાર પોતાના કામકાજની વ્યવસ્થા કરે છે.".

**૪.** કલમ ૯માં, પેટા-કલમ (૫)માં, ખંડ (ક)માં પેટા ખંડ (૧) પછી, નીચેનો પેટા-ખંડ દાખલ કરવો :-

"(૧ ક) સમગ્ર સ્થાનિક વિસ્તાર, કોઇપણ અનુસૂચિત વિસ્તારનો બનેલો હોય તેવી ગ્રામ પંચાયતની બાબતમાં, પેટા-ખંડ (૧) હેઠળ અનુસૂચિત આદિજાતિઓ માટે અનામત રાખેલી બેઠકોની સંખ્યા, એવી રીતે વધારવી જોઇશે કે જેથી કરીને આવી સંખ્યા, ગ્રામ પંચાયતમાંની બેઠકોની કુલ સંખ્યાના અડધા કરતાં ઓછી થાય નહિ.".

**૫.** કલમ ૧૦માં, પેટા-કલમ (૫)માં, ખંડ (ક)માં, પેટા ખંડ (૧) પછી, નીચેનો પેટા-ખંડ દાખલ કરવો :-

"(૧-ક) સમગ્ર સ્થાનિક વિસ્તાર, કોઇપણ અનુસૂચિત વિસ્તારનો બનેલો હોય તેવી તાલુકા પંચાયતની બાબતમાં, પેટા-ખંડ (૧) હેઠળ અનુસૂચિત આદિજાતિઓ માટે અનામત રાખેલી બેઠકોની સંખ્યા, એવી રીતે વધારવી જોઇશે કે, જેથી કરીને, તાલુકા પંચાયતમાંની બેઠકોની કુલ સંખ્યાના અડધા કરતાં ઓછી થાય નહિ.".

---

**૧. સન ૧૯૯૮ના ૫માં અધિનિયમની કલમ ૩થી અનુસૂચિ ૩ પછી, નવી અનુસૂચિ ૪ અને ૫ ઉમેરી છે.**

૬. કલમ ૧૧માં, પેટા-કલમ (૫)માં, ખંડ (ક)માં, પેટા ખંડ (૧) પછી, નીચેનો પેટા-ખંડ દાખલ કરવો :-

''(૧-ક) સમગ્ર સ્થાનિક વિસ્તાર, કોઈપણ અનુસૂચિત વિસ્તારોનો બનેલો હોય તેવી જિલ્લા પંચાયતની બાબતમાં, ખંડ (૧) હેઠળ અનુસૂચિત આદિજાતિઓ માટે અનામત રાખેલી બેઠકોની સંખ્યા, એવી રીતે વધારવી જોઇશે કે જેથી કરીને તે સંખ્યા, જિલ્લા પંચાયતમાંની બેઠકોમાંની કુલ સંખ્યાના અડધા કરતાં ઓછી થાય નહિ.''.

૭. કલમ ૧૧ પછી, નીચેની કલમ દાખલ કરવી :-

અનુસૂચિત આદિજાતિના સભ્યો નિયુક્ત કરવા બાબત.

''**૧૧ક.** કોઈ કારણોસર, ચૂંટણીમાં તાલુકા પંચાયત અથવા જિલ્લા પંચાયતમાં અનુસૂચિત આદિજાતિનો કોઇ સભ્ય ચૂંટાય નહિ તો, રાજ્ય સરકાર, ચૂંટાવા માટે યોગ્ય હોય તેવા અનુસૂચિત આદિજાતિના સભ્યોમાંથી તે પંચાયતમાં ચૂંટાયેલા કુલ સભ્યોના એક દશાંશ કરતાં વધે નહિ તેટલી સંખ્યાના સભ્યો નિયુક્ત કરી શકશે.''.

૮. કલમ ૫૧માં, પેટા-કલમ (૨)માં,--

(૧) ખંડ (ક)ને બદલે, નીચેનો મજકૂર મૂકવો :-

''(ક) રાજ્યની તમામ ગ્રામ પંચાયતોના સરપંચના હોદા, અનુસૂચિત આદિજાતિઓ માટે રાજ્ય સરકારે અનામત રાખવા જોઇશે.

**સ્પષ્ટીકરણ :-** આ ખંડના હેતુઓ માટે, ''ગ્રામ પંચાયત'' એટલે ગ્રામ પંચાયત, જેનો સમગ્ર સ્થાનિક વિસ્તાર, અનુસૂચિત વિસ્તારનો બનેલો હોય.'';

(૨) ખંડ (ખ)માં, --

(ક) પેટા-ખંડ (૧) માં, ''અને'' શબ્દ કમી કરવો.

(ખ) પેટા-ખંડ (૨) કમી કરવો.

૯. કલમ ૬૩માં, પેટા-કલમ (૨)માં,--

(૧) ખંડ (ક)ને બદલે,નીચેનો મજકૂર મૂકવો :-

''(ક) રાજ્યની તમામ તાલુકા પંચાયતોના પ્રમુખના તમામ હોદા, અનુસૂચિત આદિજાતિ માટે રાજ્ય સરકારે અનામત રાખવા જોઇશે.

**સ્પષ્ટીકરણ :-** આ ખંડના હેતુઓ માટે, ''તાલુકા પંચાયત'' એટલે તાલુકા પંચાયત, જેનો સમગ્ર સ્થાનિક વિસ્તાર, અનુસૂચિત વિસ્તારનો બનેલો હોય.'';

(૨) ખંડ (ખ)માં, --

(ક) પેટા-ખંડ (૧) માં, ''અને'' શબ્દ કમી કરવો.

(ખ) પેટા-ખંડ (૨) કમી કરવો.

૧૦. કલમ ૭૭માં, પેટા-કલમ (૨)માં,--

(૧) ખંડ (ક)ને બદલે,નીચેનો મજકૂર મૂકવો :-

''(ક) રાજ્યની તમામ જિલ્લા પંચાયતોના પ્રમુખના હોદા, અનુસૂચિત આદિજાતિ માટે રાજ્ય સરકારે અનામત રાખવા જોઇશે.

**સ્પષ્ટીકરણ :-** આ ખંડના હેતુઓ માટે, ''જિલ્લા પંચાયત'' એટલે જિલ્લા પંચાયત, જેનો સમગ્ર સ્થાનિક વિસ્તાર, અનુસૂચિત વિસ્તારનો બનેલો હોય.'';

(૨) ખંડ (ખ)માં, --

(ક) પેટા-ખંડ (૧) માં, ''અને'' શબ્દ કમી કરવો.

(ખ) પેટા-ખંડ (૨) કમી કરવો.

**૧૧.** કલમ ૧૦૮માં, પેટા-કલમ (૪) પછી, નીચેની પેટા-કલમ ઉમેરવી :–

"(૫)(ક) આ અધિનિયમના હેતુઓ માટે, તે ગામની હકૂમતમાં આવેલ હોય તેવાં (રાષ્ટ્રીય ઉપવનો અથવા અભયારણ્યોના વિસ્તારમાંથી મળી આવેલ હોય તે સિવાયના) વન વિસ્તારમાંથી મળી આવેલ ગૌણ વન પેદાશ ગ્રામ પંચાયતમાં નિહિત થશે.

(ખ) ગૌણ વન પેદાશની વેચાણ ઊપજ ગામના ફંડમાં ભરવી જોઇશે અને તે તેનો ભાગ બનશે.

(ગ) ખંડ (ક)માંના કોઇપણ મજકૂરનો અર્થ, ખંડ (ક)માં ઉલ્લેખેલ વન વિસ્તારની જમીન ગ્રામ પંચાયતમાં નિહિત થાય છે તેવો કરી શકાશે નહિ.

**સ્પષ્ટીકરણ :**–પેટા-કલમના હેતુઓ માટે, "ગૌણ વન પેદાશ" એ શબ્દપ્રયોગનો અર્થ, ગુજરાત ગૌણ વન પેદાશ વ્યાપાર રાષ્ટ્રીયકરણ અધિનિયમ, ૧૯૭૯ની કલમ ૨ના ખંડ (૯)માં તેનો જે અર્થ આપ્યો છે તે જ થશે.".

**૧૨.** કલમ ૧૧૨માં, પેટા-કલમ (૧) પછી, નીચેની પેટા-કલમ દાખલ કરવી :–

"(૧ક) તે પંચાયતે, કલમ ૪ની પેટા-કલમ (૩)ના ખંડ (ખ)ના પેટા-ખંડ (૧)માં ઉલ્લેખેલ યોજનાઓ, કાર્યક્રમો અને પરિયોજનાઓ માટે, પંચાયત દ્વારા ફંડના ઉપયોગ માટેનું પ્રમાણપત્ર ગ્રામ સભા પાસેથી મેળવવું જોઈશે.".

**૧૩.** કલમ ૧૩૨ પછી, નીચેની કલમ ઉમેરવી :–

"૧૩૨ક. તાલુકા પંચાયત સાથે– **જમીન સંપાદન પહેલા અને અસર પામેલ વ્યકિતઓના પુર્નવસવાટ પહેલાં તાલુકા પંચાયત સાથે વિચાર વિનિમય કરવા બાબત.**

(ક) કોઈપણ વિકાસ પરિયોજના માટે તાલુકામાં આવેલી કોઈપણ જમીનનું જમીન સંપાદન અધિનિયમ, ૧૮૯૪ હેઠળ સંપાદન કરતાં પહેલાં; **સન ૧૮૯૪નો ૧ લો.**

(ખ) આવી પરિયોજનાથી અસર પામેલી વ્યક્તિઓના પુનઃસ્થાપન અથવા પુનર્વસવાટ કરતાં પહેલાં

વિચાર વિનિમય કરવો જોઈશે."

**૧૪.** અનુસૂચિ ૧માં,–

(૧) નોંધ ૧માં, પેટા-નોંધ (ટ) પછી, નીચેની નવી પેટા-નોંધ ઉમેરવી :–

"(ટ-ક) કેફી પદાર્થોના વેચાણ અને વપરાશ ઉપર પ્રતિબંધ મૂકવા અને તેનું નિયમન અથવા નિયંત્રણ કરવા બાબત.";

(૨) નોંધ ૭માં, પેટા-નોંધ (ડ) પછી, નીચેની નવી પેટા-નોંધ ઉમેરવી :–

"(ડ-૧) જળ સંસ્થાઓનું આયોજન અને વ્યવસ્થાપન બાબત.";

(૩) નોંધ ૧૦ પછી, નીચેની નોંધ ઉમેરવી :–

"૧૧ સામાજિક ક્ષેત્રના કાર્યક્રમમાં,

તમામ સામાજિક ક્ષેત્રોમાંની સંસ્થાઓ અને કર્મચારીઓ ઉપર નિયંત્રણ કરવાની સત્તા બાબત.".

**૧૫.** અનુસૂચિ ૨માં, ભાગ ૧માં, નોંધ ૫માં, પેટા-નોંધ (ઘ) પછી, નીચેની પેટા-નોંધ ઉમેરવી :–

"(ચ) સ્થાનિક યોજનાઓ અને આદિજાતિ પેટા-યોજનાઓ સહિત આવી યોજનાઓના સાધનો ઉપર નિયંત્રણ.".

# "અનુસૂચિ ૫

## સુધારેલા અધિનિયમો

(જુઓ કલમ ૨૭૮કક)

| અનુક્રમાંક ૧ | ટૂંકી સંજ્ઞા ૨ | કેટલે સુધી સુધાર્યો ૩ |
|---|---|---|
| ૧. | મુંબઈ જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯ (સન ૧૮૭૯નો મુંબઈનો ૫મો) | કલમ ૭૩કકમાં,–<br>(૧) પેટા-કલમો (૧) અને (૨)માં, "કલેક્ટર" એ શબ્દને બદલે, "જિલ્લા પંચાયત" એ શબ્દો મૂકવા.<br>(૨) પેટા-કલમ (૩)માં ખંડ (ક)માં,–<br>(ક) "અન્ય આદિવાસીને" એ શબ્દોને બદલે, "કોઈપણ વ્યક્તિને" એ શબ્દો મૂકવા.<br>(ખ) "કલેક્ટર" એ શબ્દો જે બે સ્થળે આવે છે તેને બદલે, "જિલ્લા પંચાયત" એ શબ્દો મૂકવા.<br>(૩) પેટા-કલમ (૪)માં, ખંડ (ક)માં "આ કલમની પેટા-કલમ (૧)નું અથવા" એ શબ્દો, કૌંસ અને આંકડા કમી કરવા.<br>(૪) સ્પષ્ટીકરણમાં, ખંડ(૧) પહેલાં નીચેનો ખંડ દાખલ કરવો :–<br>"(૧ક) "જિલ્લા પંચાયત" એટલે ભારતના સંવિધાનની કલમ ૨૪૪ના ખંડ (૧)માં ઉલ્લેખ્યા પ્રમાણેના રાજ્યના કોઈપણ અનુસૂચિત વિસ્તારના બનેલા જિલ્લાની જિલ્લા પંચાયત, જેમાં આદિવાસી કબજો ધરાવતો હોય તે.". |
| ૨. | મુંબઈનો નાણાંની ધીરધાર કરનારાઓ બાબતનો અધિનિયમ, ૧૯૪૬. (સન ૧૯૪૬નો મુંબઈનો ૩૧મો) | કલમ ૧૭ પછી, નીચેનો મજકૂર દાખલ કરવો :– |
| | **અનુસૂચિત આદિજાતિના સભ્યને નાણાં ધીરતા પહેલાં, ગ્રામ પંચાયતની અગાઉથી મંજૂરી મેળવવા બાબત.** | "૧૭ક. કોઈપણ નાણાંની ધીરધાર કરનાર, ભારતના સંવિધાનની કલમ ૨૪૪ના ખંડ (૧)માં ઉલ્લેખ્યા પ્રમાણેના રાજ્યના અનુસૂચિત વિસ્તારમાં રહેતા અનુસૂચિત આદિજાતિના કોઈપણ સભ્યને તે ગામની ગ્રામ પંચાયતની પૂર્વમંજૂરી સિવાય, કંઈપણ નાણાં ધીરી શકશે નહિ.".] |

---

વાય-૪૧૦-૧૭

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.